# મહેકતા ફુલ

# (ભાગ ૧)

## નહજુલ બલાગાહમાંથી હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામના નાના નાના સુગંધિત ફૂલો

-: ઈ-પ્રકાશક :-

HAJINAJI MEMORIAL TRUST
&
FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION

www.hajinaji.com

## -: કિતાબનું નામ :-

મહેકતા ફુલ (ભાગ-૧)

## -: તરજુમો અને તલખીસ :-

મૌલાના રિઝવાનઅલી પલસાણીયા સાહેબ

મૌલાના મોહમ્મદતકી હાફીઝ સાહેબ

## -: પ્રુફ રીડીંગ :-

મૌલાના મુરતુઝા ભારમલ સાહેબ

### -: નોંધ :-

⇨ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગઓન કરો.

⇨ કિતાબમાં કોઇ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

# પ્રસ્તાવના

**શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે મોટો દયાળુ અને કૃપાળુ છે.**

અલ્લાહના ફઝલો કરમ અને ચૌદ માઅસૂમીન અ.મુ.સ.ના વસીલાથી FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION હેઠળ ચાલતી દીની ખિદમતોમાં નહજુલ બલાગાહ મહેકતા ફૂલ ૨૧૫ હિકમત (ભાગ – ૧) આપની ખિદમતમાં હાજર છે, જેમાં નહજુલ બલાગાહના ત્રીજા ભાગમાં ઈમામ અલી અ.ના મુબારક ઝબાનથી નીકળેલા હિકમત ભર્યા કલામનો સરળ ભાષામાં તરજુમો અને તેની ટૂંકમાં તફસીર બયાન કરવામાં આવી છે. આ તરજુમા અને તફસીરમાં વધારે પડતો સહારો આયતુલ્લાહુલ ઉઝમા આકા એ નાસીર મકારીમ શીરાઝી મ.આ.ની શરહે નહજુલ

બલાગાહથી લીધેલ છે. આ તરજુમા અને તફસીરમાં શબ્દે શબ્દના તરજુમા કરતાં લોકો સુધી ઈમામના કલામનો અર્થ સમજાય તેના તરફ ધ્યાન આપવામાં આવ્યું છે. ઈમામ અ.સ.નો કલામ તમામ કલામનો ઈમામ છે. જે રીતે ઈમામ અલી અ.સ. તમામ લોકોના ઈમામ છે તે મુજબ તેમના શબ્દો, ખુત્બાઓ, બયાન અને હિકમતો પણ તમામના કલામ કરતાં બહેતરીન છે. જેનો કોઈ મુકાબલો નથી કરી શકતું.

નહજુલ બલાગાહનું બહેતરીન કલામ હોવું મુસલમાનો ઉપરાંત ગેરમુસ્લિમોમાં પણ મશહૂર છે. આ કિતાબને તૈયાર કરવાનો મકસદ એ છે કે ‘‘ઈમામ અ.સ.ના કલામને લોકો સમજે અને ઈમામ અ.સ.ના નૂરાની કલામથી લોકો પોતાના ઈમામ અ.સ.ની મારેફત

હાસિલ કરીને પોતાની જિંદગીમાં અમલમાં મૂકીને જિંદગી નૂરાની બનાવી શકે.''

અલ્લાહની બારગાહમાં ૧૪ માઅસૂમીન અ.મુ.સ.ના વસીલાથી દુઆ છે કે FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION હેઠળ તમામ દીની ખિદમતો કબૂલ ફરમાવે.

આ કિતાબ નહજુલ બલાગાહ મહેકતા ફૂલ ૨૦૦ હિકમત (ભાગ – ૧) માઅસૂમીન અ.મુ.સ. અને ખાસ કરીને ખાતૂને જન્નત, સુકુને સય્યદુલ અંબિયા, લખતે જિગરે રસૂલેખુદા સ.અ.વ. જ. ફાતેમા ઝહરા સ.અ.ની ખિદમતમાં હદિયો પેશ કરૂં છું. અલ્લાહ કબૂલ ફરમાવે.

# અનુક્રમણિકા


૦૦૧) ફિત્ના ફસાદથી દૂરી.........૦૨૨

૦૦૨) બેઇઝ્ઝત કરનાર

વસ્તુઓ.......................૦૨૩

૦૦૩) ખરાબ સિફતો...............૦૨૫

૦૦૪) સારી સિફતો સબ્ર, ઝોહદ,

તકવા, પરહેઝગારી.........૦૨૮

૦૦૫) ઈલ્મ, અદબ અને ચિંતન...૦૩૨

૦૦૬) ભેદોને છુપાવવા અને

સારો વ્યહવાર કરવો........૦૩૫

૦૦૭) ખુદપસંદી, સદકો અને

આખેરતમાં આમાલ ........૦૩૯

૦૦૮) અલ્લાહની કુદરતનો કમાલ .૦૪૫

૦૦૯) દુનિયાના બે રંગ ઇન્સાન

સાથે .........................૦૫૦

૦૧૦) લોકો તમને યાદ કરે.........૦૫૨

૦૧૧) દુશ્મન પર કામ્યાબીનો
શુક્ર.........................૦૫૪
૦૧૨) દોસ્તની અહેમિયત.........૦૫૭
૦૧૩) શુક્રથી નેઅમતને બાકી
રાખો.........................૦૫૯
૦૧૪) ખુદા હાથ પકડે.............૦૬૨
૦૧૫) ફિત્નામાં ફસાવવું અને
ઠપકો.........................૦૬૫
૦૧૬) તકદીર......................૦૬૮
૦૧૭) દાઢીને રંગ કરવો...........૦૭૧
૦૧૮) ઈમામની વાત ન માની મેદાનથી
ભાગનારા...................૦૭૩
૦૧૯) આશાઓ પાછળ દોડવું.....૦૭૫
૦૨૦) શરીફ માણસને માફ કરો....૦૭૭
૦૨૧) ખોટો ડર અને ખોટી શરમ.૦૭૯
૦૨૨) હક્કે અહલેબૈત (અ.મુ.સ.) ૦૮૩

૦૨૩) આમાલ અને હસબ નસબ (વંશવેલો) .................. ૦૮૬

૦૨૪) ગુનાહોનો કફ્ફારો............ ૦૯૦

૦૨૫) અલ્લાહે આપેલ મોહલતથી ડરતા રહો ........................ ૦૯૪

૦૨૬) દિલની વાત ઝબાન પર .... ૦૯૯

૦૨૭) બીમારીમાં હિંમત........... ૧૦૧

૦૨૮) સાચો ઝોહદ ................ ૧૦૪

૦૨૯) મૌતથી મુલાકાત ............ ૧૦૮

૦૩૦) સાવધાન.................... ૧૧૦

૦૩૧) ઈમાન ....................... ૧૧૨

૦૩૨) કુફ્રના ચાર સ્તંભ............ ૧૨૪

૦૩૩) નેકી કરનાર નેકીથી બહેતર છે ............................ ૧૨૭

૦૩૪) સખાવત અને ફુઝુલ ખર્ચ... ૧૩૦

૦૩૫) સાચો માલદાર .............. ૧૩૩

૦૩૬) લોકો સાથે ખરાબ વર્તાવનું
પરિણામ .................... ૧૩૭

૦૩૭) લાંબી આશાઓ ગુનાહોનું
ઘર .......................... ૧૪૧

૦૩૮) ખોટા રીત રિવાજ .......... ૧૪૪

૦૩૯) મહાન વસ્તુઓ અને દોસ્તી. ૧૫૭

૦૪૦) સુન્નત કામો ઝૂકાવટ ન
બને ......................... ૧૫૯

૦૪૧) હોંશિયાર અને મૂર્ખમાં ફર્ક... ૧૬૧

૦૪૨) અક્કલમંદી અને મૂર્ખતા..... ૧૬૩

૦૪૩) બીમારી અને મગફેરત ...... ૧૬૭

૦૪૪) સહાબી માટે દુઆ .......... ૧૭૧

૦૪૫) ખુશનસીબ .................. ૧૭૫

૦૪૬) અલી (અ.સ.)થી મોહબ્બત
અને ઈમાન................... ૧૮૦

૦૪૭) નેકીમાં ઘમંડ અને બરબાદી ૧૮૪

૦૪૮) હિમ્મત, સચ્ચાઈ અને
બહાદુરી .................... ૧૮૮
૦૪૯) કામ્યાબી.................... ૧૯૧
૦૫૦) ઇઝ્ઝતદાર અને નીચ ...... ૧૯૩
૦૫૧) દિલ જંગલી છે ............. ૧૯૬
૦૫૨) દુનિયાનું આવકારવું અને છોડી
દેવું.......................... ૧૯૮
૦૫૩) શક્તિ હોવા છતાં માફ
કરવું ....................... ૨૦૧
૦૫૪) સાચી સખાવત ............. ૨૦૫
૦૫૫) અક્કલ, અદબ અને મશવરો ૨૧૦
૦૫૬) સબ્ર......................... ૨૧૩
૦૫૭) ગરીબ અને અમીરની
જિંદગી...................... ૨૧૬
૦૫૮) સંતોષ ...................... ૨૧૯
૦૫૯) દૌલત અને વાસના ......... ૨૨૩

૦૬૦) નસીહત અને નસીહત કરનારની એહમિયત .................. ૨૨૫

૦૬૧) ઝબાન ...................... ૨૨૯

૦૬૨) સ્ત્રીની સિફ્ત ................ ૨૩૧

૦૬૩) નેકીનો જવાબ બહેતર નેકીથી ...................... ૨૩૫

૦૬૪) શફાઅત ..................... ૨૩૮

૦૬૫) ગફ્લત ...................... ૨૪૦

૦૬૬) દોસ્તને ખોવું ................ ૨૪૨

૦૬૭) હાથ ફેલાવવાની મઝમ્મત ... ૨૪૬

૦૬૮) ભલે થોડુ આપવું ........... ૨૫૦

૦૬૯) ગરીબી અને અમીરીની શોભા ....................... ૨૫૩

૦૭૦) મનગમતી વસ્તુ ન મળે તો.. ૨૫૫

૦૭૧) ઈફ્રાત અને તફ્રીત ........ ૨૬૦

૦૭૨) સંપૂર્ણ અક્કલની નિશાની ... ૨૬૪

૦૭૩) દુનિયાની બેવફાઈ.......... ૨૬૯
૦૭૪) મૌતની તૈયારી............. ૨૭૩
૦૭૫) ખતમ થવાની વસ્તુ......... ૨૭૫
૦૭૬) અંતની ખબર કેમ પડે?.... ૨૭૮
૦૭૭) દુનિયાથી દૂરી............... ૨૮૧
૦૭૮) કઝા કદ્ર .................. ૨૮૮
૦૭૯) હિકમત .................... ૨૯૩
૦૮૦) ઈલ્મની એહમિયત.......... ૨૯૫
૦૮૧) માણસની કિંમત કઈ રીતે ઓળખવી .................. ૨૯૭
૦૮૨) પાંચ કિંમતી નસીહતો ...... ૩૦૧
૦૮૩) વખાણની મઝમ્મત......... ૩૧૦
૦૮૪) નસલનું બાકી રહેવું......... ૩૧૪
૦૮૫) કહો, 'હું નથી જાણતો' ..... ૩૧૬
૦૮૬) મશવેરો અને હિંમત......... ૩૧૯
૦૮૭) ઈસ્તેગફાર .................. ૩૨૧

૦૮૮) અઝાબથી દૂર થવાના
કારણો ........................ ૩૨૩
૦૮૯) ત્રણ નસીહત................ ૩૨૬
૦૯૦) સંપૂર્ણ આલિમ.............. ૩૩૦
૦૯૧) થાકોડો દૂર કરવા............ ૩૩૩
૦૯૨) બહેતરીન અને બદતરીન
ઈલ્મ ........................... ૩૩૬
૦૯૩) પરીક્ષાની હિકમત........... ૩૪૦
૦૯૪) નેકી............................ ૩૪૫
૦૯૫) તકવાની તાકત.............. ૩૪૮
૦૯૬) કસોટી ........................ ૩૫૧
૦૯૭) કિંમત વગરનો અમલ....... ૩૫૬
૦૯૮) ખબર આપવા પહેલા
વિચારો ....................... ૩૬૧
૦૯૯) ઈન્ના લિલ્લાહી..નો અર્થ ... ૩૬૪
૧૦૦) વખાણ વખતે દુઆ......... ૩૬૭

૧૦૧) મદદ માટે ત્રણ બાબતો..... ૩૭૦
૧૦૨) ભવિષ્યવાણી............... ૩૭૩
૧૦૩) દુનિયા અને આખેરતના
રસ્તા......................... ૩૭૮
૧૦૪) ખુશનસીબ ઇન્સાન......... ૩૮૪
૧૦૫) શું કરવું, શું ન કરવું......... ૩૯૦
૧૦૬) લાભ કરતા નુકસાન વધારે.. ૩૯૬
૧૦૭) અમલ વગરનો આલિમ..... ૩૯૯
૧૦૮) દિલ......................... ૪૦૨
૧૦૯) હિદાયતનું મરકઝ........... ૪૦૭
૧૧૦) હકને લાગુ કરનાર........... ૪૧૨
૧૧૧) મોહબ્બતનો અસર......... ૪૧૬
૧૧૨) મોહબ્બતમા ઈમ્તેહાન...... ૪૧૮
૧૧૩) સારા ગુણો................... ૪૨૧
૧૧૪) સારો અને ખરાબ વિચાર .. ૪૩૪
૧૧૫) હાલ ચાલ પૂછવાનો જવાબ ૪૩૭

૧૧૬) બલા અને ઈમ્તેહાન......... ૪૪૧
૧૧૭) દોસ્ત અને દુશ્મન ........... ૪૪૫
૧૧૮) સમયની કિંમત.............. ૪૫૦
૧૧૯) દુનિયાની મિસાલ ........... ૪૫૩
૧૨૦) કુરૈશ કબીલાની ખાસ
સિફતો ...................... ૪૫૭
૧૨૧) બે પ્રકારના અમલ .......... ૪૬૦
૧૨૨) જનાઝા સાથે ચાલવું........ ૪૬૪
૧૨૩) સારા માણસની સિફતો ..... ૪૬૯
૧૨૪) ગયરત ...................... ૪૭૫
૧૨૫) ઈસ્લામની ઓળખાણ....... ૪૭૮
૧૨૬) ખરાબ સિફતો.............. ૪૮૩
૧૨૭) અમલમાં આળસ............ ૪૯૩
૧૨૮) ઠંડીની મોસમ................ ૪૯૭
૧૨૯) અલ્લાહની અઝમત......... ૪૯૯
૧૩૦) મૌતની તૈયારી .............. ૫૦૨

૧૩૧) દુનિયા સારી કે ખરાબ! .... ૫૦૭
૧૩૨) દરરોજ ફરિશ્તાનું પુકારવું ... ૫૧૫
૧૩૩) દુનિયામાં બે પ્રકારના લોકો . ૫૨૦
૧૩૪) સાચા દોસ્તની નિશાની ..... ૫૨૩
૧૩૫) દુઆ, તોબા, ઈસ્તેગ્ફાર,
શુક્ર ........................ ૫૨૬
૧૩૬) નમાઝ, રોઝા, હજ, ઔરતોની
જવાબદારી ................. ૫૩૨
૧૩૭) સદકો અને રોઝી............ ૫૩૫
૧૩૮) રાહે ખુદામાં દાન............ ૫૪૧
૧૩૯) ખર્ચ પ્રમાણે મદદ ........... ૫૪૪
૧૪૦) મધ્યમ ખર્ચ .................. ૫૪૮
૧૪૧) ઓછા બાળકો .............. ૫૫૦
૧૪૨) અડધી અક્કલ................ ૫૫૨
૧૪૩) ગમ ......................... ૫૫૪
૧૪૪) મુસીબત પર સબ્ર .......... ૫૫૮

૧૪૫) રૂહ વગરનો અમલ.......... ૫૬૩
૧૪૬) ઈમાન, માલ અને મુસીબત. ૫૬૬
૧૪૭) ઈલ્મ ........................ ૫૬૯
૧૪૮) માણસની ઓળખાણ ....... ૫૭૬
૧૪૯) પોતાને ઓળખવું ........... ૫૭૮
૧૫૦) કેવા ન બનો! ............... ૫૮૨
૧૫૧) સારો અને ખરાબ અંત..... ૫૮૯
૧૫૨) ફના થવું....................... ૫૯૪
૧૫૩) સબ્ર........................... ૫૯૮
૧૫૪) ગુનેહગારનો ભાગીદાર ...... ૬૦૧
૧૫૫) વચન પુરૂ કરવું.............. ૬૦૫
૧૫૬) કોની પેરવી કરવી .......... ૬૦૯
૧૫૭) હિદાયત....................... ૬૧૩
૧૫૮) બૂરાઈનો જવાબ............ ૬૧૭
૧૫૯) બદનામ જગ્યા............... ૬૨૧
૧૬૦) સત્તાનો દૂરઉપયોગ.......... ૬૨૫

૧૬૧) મશવેરો અને સલાહ સૂચન . ૬૩૦
૧૬૨) રાઝને છુપાવવું ............ ૬૩૪
૧૬૩) મોહતાજી .................. ૬૪૦
૧૬૪) હકને અદા કરવો............ ૬૪૬
૧૬૫) અલ્લાહની નાફરમાની ...... ૬૪૮
૧૬૬) હકને મેળવવો............... ૬૫૩
૧૬૭) સ્વાર્થી પણું ................. ૬૫૭
૧૬૮) મૌતની નજીક............... ૬૬૨
૧૬૯) સવારનું અંજવાળું .......... ૬૬૬
૧૭૦) તર્કે ગુનાહ અને તૌબા ...... ૬૬૮
૧૭૧) જમવાની લાલચ............ ૬૭૭
૧૭૨) નાદાનીનું નુકસાન........... ૬૮૦
૧૭૩) મશવેરો કરવો............... ૬૮૩
૧૭૪) દુશ્મન ઉપર કામ્યાબીનો રસ્તો........................ ૬૮૬
૧૭૫) ડરનો ઈલાજ ................ ૬૯૨

૧૭૬) સરદારની સિફ્ત ............ ૬૯૭
૧૭૭) બૂરાઈને દૂર કરવાની રીત... ૭૦૧
૧૭૮) દિલની સફાઈ ............... ૭૦૫
૧૭૯) જીદ ......................... ૭૦૯
૧૮૦) લાલચ ..................... ૭૧૩
૧૮૧) બેદરકારી .................. ૭૧૮
૧૮૨) બોલવું અને ચૂપ રહેવું...... ૭૨૧
૧૮૩) હક અને ગુમરાહી ........... ૭૨૫
૧૮૪) યકીન ....................... ૭૨૯
૧૮૫) સાચું બોલવું ................ ૭૩૪
૧૮૬) ઝાલિમનો પસ્તાવો ......... ૭૩૮
૧૮૭) દુનિયાની બેવફાઈ........... ૭૪૨
૧૮૮) હલાકત ...................... ૭૪૬
૧૮૯) સબર અને ઉતાવળ ........ ૭૪૯
૧૯૦) ખિલાફત..................... ૭૫૩
૧૯૧) દુનિયાની હાલત ............ ૭૫૬

૧૯૨) બીજાના ખઝાનચી .........૭૬૨
૧૯૩) મન લાગવું ..................૭૬૮
૧૯૪) બદલો લેવાથી બચો........૭૭૨
૧૯૫) દુનિયાની અવકાત..........૭૭૭
૧૯૬) ઈબ્રત .......................૭૮૩
૧૯૭) રૂહની તાજગી ..............૭૮૫
૧૯૮) હકના લિબાસમાં બાતિલ...૭૮૯
૧૯૯) ભીડ વિશે...................૭૯૩
૨૦૦) તમાશો જોનાર ..............૭૯૭
૨૦૧) હિફાઝત કરનાર ફરિશ્તા ....૮૦૧
૨૦૨) તલ્હા અને ઝુબૈરને જવાબ ૮૦૬
૨૦૩) ખુદાથી ડર અને મોત.......૮૧૦
૨૦૪) નાશુક્રી .......................૮૧૫
૨૦૫) ઇલ્મનું ઝર્ફ (વાસણ) વિશાળ
છે ...........................૮૨૦
૨૦૬) સહનશીલતા.................૮૨૪

૨૦૭) સબ્ર હાંસિલ કરવાની રીત..૮૨૭
૨૦૮) નફ્સનો હિસાબ કિતાબ....૮૩૨
૨૦૯) આખરી જમાનો ...........૮૩૭
૨૧૦) આખરી મંઝીલ.............૮૪૨
૨૧૧) અમુક સારી નસીહતો.......૮૪૬
૨૧૨) ખુદપસંદી...................૮૫૪
૨૧૩) સબ્રથી કામ લેવું...........૮૫૭
૨૧૪) નરમ મિજાઝ ...............૮૬૦
૨૧૫) મતભેદ.......................૮૬૩

# હિકમત ૧
# ફિત્ના ફસાદથી દૂરી

➩ ફિત્ના ફસાદના ઝમાનામાં એવી રીતે રહો જેમ ઊંટણીનું બે વરસનું બચ્ચું હોય છે, કે ન તો તેની ઉપર સવારી કરી શકાય કે ન તો તેનાથી દૂધ દોહી શકાય.

➩ (એટલે એ રીતે રહેવું કે ફિત્ના ફસાદના મૌકા પર લોકો તમને નકામો સમજીને નઝર અંદાજ કરી દે અને કોઈ ગ્રુપમાં લેવાની જરૂરત ન સમજે, કેમ કે ફિત્ના ફસાદના સમયે અલગ રહેવાના કારણે જ નુકસાનથી બચી શકાય છે, પરંતુ જ્યારે હક અને બાતિલની વાત આવે ત્યારે જ્યાં હક હોય તેનો સાથ આપવો જોઈએ, અને નાહકને ખતમ કરવા માટે કોશિશ કરવી જોઈએ, જે રીતે જંગે જમલ અને સિફ્ફીનમાં હકનો સાથ આપવો જરૂરી અને બાતિલ સામે જંગ કરવી જરૂરી હતી.)

# હિકમત ૨

## બેઇઝ્ઝત કરનાર વસ્તુઓ

⇨ જે લાલચી બની ગયો તેણે પોતાને ઝલીલ કર્યો, જેણે પોતાની તંગદસ્તી બીજા સામે જાહેર કરી તે પોતાને ઝલીલ કરવા માટે રાઝી કરી લીધો, અને જેણે પોતાની જીભને કાબૂમાં ન રાખી, તેણે પોતાની કિંમતને ઓછી કરી નાખી.

(નોટઃ- આ હદીસમાં ઈમામે ત્રણ વસ્તુ તરફ ઈશારો કર્યો છે જે ઝિલ્લતનું કારણ બને છે.)

(A) લાલચ, જ્યારે માણસ લાલચી બની જાય છે ત્યારે તે પોતાના મકસદને પૂરો કરવા માટે એટલા હદ સુધી પોતાને ઝલીલ કરીનાખે છે કે તે બીજાના સામે પોતાના હાથ લંબાવવામાં પણ શરમ મેહસૂસ કરતો નથી, લાલચના મુકાબલામાં કનાઅત એટલે સંતોષ આવે છે, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે ઈઝ્ઝત સંતોષમાં છે.

(B) જે કોઈ પોતાના દુખ-દર્દને ડોકટર સામે બયાન કરે તો તેનો ઈલાજ થશે, અગર કોઈ પોતાની તકલીફને સાચા દોસ્ત સામે બયાન કરશે તો તેની મદદ થશે, પરંતુ અગર કોઈ પોતાની તંગદસ્તીને બીજા લોકો સામે બયાન કરશે તો તે ચોક્કસ ઝલીલ થશે અને લોકો તેને બેવકૂફ સમજીને મજાક ઉડાવશે, અહીંયા ઈમામ (અ.સ.)એ ફરમાવે છે કે જે પોતાની પરેશાનીને બીજા સામે બયાન કરે તો તેને ઝલીલ થવા માટે તૈયાર રહેવું જોઈએ.

(C) અગર કોઈ પોતાની ઝબાનને આઝાદ છોડી દે જેમ ફાવે તેમ બોલે તો તેનાથી વધારે ભૂલો થવાની શક્યતા રહે છે, તેના લીધે ઘણા દોસ્તો અને સગાંવહાલાંઓ દુશ્મન બની જાય છે કેમ કે જે બોલવાનું ન હતું તે બોલાઈ જાય છે, અને તેનાથી બીજાને તકલીફ પહોંચે છે, તો અક્કલમંદ ઈન્સાન જીભને હંમેશા કાબૂમાં રાખે છે.

# હિકમત ૩

## ખરાબ સિફતો

➪ કંજૂસી બદનામી છે, ડરપોક હોવું કમજોરી છે, ગરીબી ડાહ્યા માણસને પણ મૂંગો કરી દે છે અને ગરીબ પોતાના દેશમાં પણ પરદેશી હોય છે.

➪ ઈમામ (અ.સ.)એ આ હદીસમાં ચાર અખ્લાકી અને સમાજિક કમજોરીઓ તરફ ઈશારો કર્યો છે અને તેના નુકસાનને બયાન ફરમાવ્યું છે,

(A) બધા જાણે જ છે કે કંજૂસી ખરાબ સિફત છે અને તેના મુકાબલા (વિરૂધ્ધ)માં સખાવત સારી સિફત છે. જે માણસ કંજૂસ હોય તેનાથી લોકો નફરત કરવા લાગે છે અને લોકો તેનાથી દૂર થઈ જાય છે. કંજૂસ માણસનું દિલ કઠણ હોય છે, જરૂરતમંદોની હાલત જોવા છતાં તેના ઉપર કોઈ અસર થતી નથી. તેથી તેમની મદદ કરતો નથી.

કંજૂસ માણસ પોતાના બાલ બચ્ચાઓ માટે પણ જરૂરી ખર્ચ નથી કરતો અને માલ ભેગો કરતો રહે છે, જેથી તેના પોતાના જ તેના માટે મૌતની તમન્ના કરે છે, કારણકે મોત પછી વારસામાં તેનો માલ મેળવી શકે. જ. માલિકે અશ્તરને ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું કે, કંજૂસ માણસથી મશવેરો ન કરજો.

(B) ડરપોક માણસમાં અલ્લાહ તઆલાએ આપેલી જે કાબેલિયત અને હોંશિયારી છે તેનાથી પણ ફાયદો નથી ઉઠાવી શકતો અને ડરના લીધે તે પોતાનું નુકસાન કરે છે.

(C) ગરીબ માણસ પાસે સચોટ દલીલ હોવા છતાં પણ પોતાના અંદર મેહસૂસ કરશે કે મારી વાતને કોઈ કબૂલ નહિ કરે તેથી તે ચૂપ રહે છે અને પોતાની હક વાતને પણ લોકો સામે બયાન નથી કરી શકતો, પરંતુ અમુક એવા લોકો પણ છે કે, જ.અબુઝર

જેવા જે જાહેરમાં ફકીર એટલે દુનિયા તેમના પાસે ન હોવા છતાં પણ બહાદૂરી સાથે લોકોને દીને ખુદા બતાવ્યો.

(D) ગરીબ પોતાના વતનમાં પણ અજનબી (અજાણ) હોય છે એટલે કોઈ તેને ઓળખતું નથી.

# હિકમત ૪
## સારી સિફતો સબ્ર, ઝોહદ, તકવા, પરહેઝગારી

⇨ કમજોરી મુસીબત છે, સબ્ર બહાદુરી છે, ઝોહદ (દુનિયાથી દૂરી) મોટી દૌલત છે, તકવા અને પરહેઝગારી મોટી ઢાલ છે, ઈન્સાનનો સૌથી સારો સાથી અલ્લાહની ખુશી પર ખુશ રહેવું છે.

(આ હદીસમાં ઈમામે પાંચ વસ્તુ તરફ ધ્યાન દોર્યું છે.)

(A) દરેક પ્રકારની કમજોરી અને લાચારી મુસીબત છે

⇨ ચાહે ઈલ્મમાં હોય કે શરીરમાં, માલમાં હોય કે વિચારમાં, લાચાર અને કમઝોર માણસ ઝલીલ અને કિમત વગરનો ગણવામાં આવે છે, તે માટે ઈસ્લામ કહે છે કે કોશિશ કરતા રહો જેથી દરેક પ્રકારની

લાચારી અને કમજોરીને પોતાનાથી દૂર કરી શકો, કોતાહી (બેકાળજી) અને આળસના લીધે ઈન્સાન મકસદથી દૂર રહી જાય છે. તેથી તાકત, માલ અને મુખ્ય ધ્યેય સુધી નથી પહોંચી શકતો.

(B) સબ્ર ચાહે તે ગુનાહોના મુકાબલામાં હોય, કે ખુદાની ઈતાઅતના મુકાબલામાં હોય કે પછી જિંદગીમાં આવતી મુસીબતોના સામે હોય, આવું દરેક પ્રકારનું સબ્ર બહાદૂરી કહેવાય છે. આ ઈમામની હદીસથી સાફ સમજાય છે કે,

⇨ સબ્ર એટલે ખૂણામાં બેસી રહેવું કે મજબૂરીનું નામ નથી. પરંતુ બહાદૂરી સાથે મુકાબલાનું નામ છે.

⇨ ગુનાહના સામે બહાદુરી એટલે નફ્સને કાબૂમાં રાખે, ઈતાઅતમાં બહાદુરી એટલે નફ્સને ભારે પડે છતાં ઈતાઅતે ખુદા કરે, મુસીબતોમાં બહાદુરી એટલે હિંમતને ભેગી

કરીને મુસીબતોનો મુકાબલો કરે.

(C) ઝોહદ એક મોટો ખઝાનો છે. જ્યારે માણસમાં આ સિફત આવી જાય ત્યારે તેનાથી મોટો બીજો કોઈ માલદાર નથી, ઘણી વખત માલદાર મોહતાજ અને ફકીર જેવા લગતા હોય છે, કેમ કે તેમની નજર બીજાઓના માલ ઉપર હોય છે, જ્યારે કે ઝાહીદ સંતોષી હોય છે અને તેનાથી મોટો કોઈ માલદાર નથી દેખાતો. ઝોહદ એટલે દુનિયાથી દિલ ન લગાવે, ચાહે તેના પાસે દુનિયા હોય કે ન હોય. એક હદીસમાં ઈમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે, "તમામ ભલાઈ એક ઘરમાં બંધ છે તેની ચાવી દુનિયામાં ઝોહદ ઈખ્તેયાર કરવામાં છે... ઈમાનની મીઠાસ તમારા દિલોમાં ત્યાં સુધી નથી આવતી જ્યાં સુધી દુનિયામાં ઝોહદ ઈખ્તેયાર ન કરો." એટલે કે દુનિયાથી દિલ ન લગાવો.

(D) ખરેખર તકવા અને પરહેઝગારી એક મજબૂત ઢાલ છે ગુનાહોના મુકાબલામાં, નફસની ખ્વાહેશાત (ઈચ્છાઓ)ના મુકાબલામાં અને શયતાનના મુકાબલામાં.

(E)અલ્લાાહે જે વસ્તુ મુકદ્દર કરેલી છે તેના ઉપર રાજી રહેવું અને મુસીબતોમાં વાવયલા અને કકળાટ ન કરવું એ ખુદાની ખુશીમાં ખુશ રહેવું છે. જ.મૂસા (અ.સ.)એ અલ્લાહની બારગાહમાં અરજ કરી કે, મને એવો અમલ તાલીમ આપ કે જેને હું અંજામ આપું તો તારી ખુશી મેળવી શકુ, અલ્લાહે વહી મોકલીને ફરમાવ્યું કે, મારી ખુશી એમાં છે કે જે હાલતમાં રાખું તેમાં ખુશ રહો.)

# હિકમત ૫
# ઈલ્મ, અદબ અને ચિંતન

⇨ ઈલ્મ કિંમતી વારસો છે, સારા અખ્લાક નવા નવા દાગીના (ઘરેણા) છે અને વિચાર (ચિંતન) સાફ સુથરો અરીસો છે.

⇨ (ઈમામ અ.સ.એ આમાં ત્રણ વસ્તુની ફઝીલત બતાવી છે.)

(A) ઈલ્મ કિંમતી વારસો છે. જેના પાસે જે વસ્તું કિંમતી હોય તે વારસામાં અપાય છે. ઈલ્મ એવો વારસો છે કે જેના ભાગ નથી થઈ શકતા. માલ માદ્દી અને ભૌતિક વારસો છે. જેને વાપરવાથી ખતમ થઈ જાય છે અને ઈલ્મ જેટલું વાપરવામાં આવે તેટલું વધે છે.

⇨ ઈલ્મ અંબિયાનો વારસો છે અને ઈલ્મ ખર્ચ કરવાથી વધે છે તે કોઈ દિવસ ખતમ થતું નથી અને હંમેશા બાકી રહે છે, તો આપણે ઈલ્મ હાંસિલ કરવું જોઈએ અને

તેને માટે જે પણ કુરબાની આપવી પડે તે આપવી જોઈએ.

(B) આદાબ (સારા અખ્લાક) જેનાથી લોકોની વચ્ચે માણસ ઈઝ્ઝતવાળો બને છે. નરમાંશ, અમાનત દારી, સચ્ચાઈ, મોહબ્બત, ખુશ રફ્તારી, મીઠુ અને સારૂ બોલવું...... જે ન તો જૂનું થાય છે કે ન તેની ખૂબસુરતી ઓછી થાય છે, જે રીતે કપડાં મેલા અને જૂના થઈ જાય છે અને ચોર, ચોરી પણ કરી શકે છે. પરંતુ સારા અખ્લાક હંમેશા નવા પોશાકની જેમ છે, જે કિંમતી હોવા સાથે લોકો પસંદ પણ કરે છે અને ચોરી થવાનો પણ ડર રહેતો નથી.

(C) ચિંતન એક સાફ અરીસો છે, અને અરીસાનું કામ સાચું અને હકીકત બતાવવું છે, તો ચિંતન સાચો રસ્તો બતાવે છે, દોસ્તને દુશ્મનથી અલગ કરે છે, હકને બાતિલથી જૂદું કરે છે.

⇨ આવું ચિંતન અરીસાનું કામ કરે છે, આવા ચિંતનની ઘણી ફઝીલત છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.અ.) ફરમાવે છે કે, ‘‘એક કલાક ચિંતન કરવું એ એક વરસની ઈબાદતથી બહેતર છે.’’ સારી ફિક્ર, સારા વિચાર દરેક નેક કામનું પહેલું પગથિયું છે. જો સારા વિચાર આવશે તો જ નેકી કરવાનું મન થાય છે.

# હિકમત ૬
# ભેદોને છુપાવવા અને સારો વ્યહવાર કરવો

⇨ અક્કલમંદની છાતી છુપી વાતોનો ખઝાનો છે, હસતા મોઢે મળવું મોહબ્બત અને દોસ્તીની જાળ છે, સબ્ર અને સહનશીલતા ખરાબ આદતોની કબ્ર છે અને સુલેહ શાંતી ખામીઓને છુપાવવાનું સાધન છે.

(A) જે રીતે માલદાર પોતાના કિંમતી ખઝાનાને છુપાવીને રાખે છે એ મુજબ અક્કલમંદ રાઝને બીજાઓથી છુપાવીને રાખે છે જો બીજાઓ સુધી રાઝ પહોંચી જાય છે તો ઘણી વખત મોટી મુશ્કેલીમાં આવી જાઈએ છે, ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે જ્યાર સુધી રાઝ રાઝ રહે છે ત્યાર સુધી તે આપણા

કાબૂમાં છે, અને જયારે રાઝને બીજાને બયાન કરી દીધો તો પછી આપણે તેના કાબૂમાં આવી જાઈએ છીએ. નબી સ.અ.વ.જયારે કોઈ જંગ માટે જવાનો ઈરાદો કરતા તો શરૂમાં તેને બિલકુલ છુપાવીને રાખતા હતા જેથી દુશ્મનને ખબર ન પડે, જો દુશ્મનને જાણ થઈ જશે તો દુશ્મન જંગની તૈયારી કરીને મુકાબલામાં આવી જશે, મક્કા ફતેહ કર્યું ત્યારે પણ એજ રીત અપનાવી અને છેલ્લે ખૂન ખરાબા વગર કામયાબ થઈ ગયા હતા. રાઝને બીજા સમાજ અથવા બીજા લોકો સામે છૂપું રાખવામાં જ ભલાઈ છે.

(B) હસતો ચહેરો બધાને ગમે છે અને તેવા માણસથી બધા દોસ્તી રાખે છે, અને ગુસ્સા વાળા માણસથી બધા દૂર ભાગે છે, અને લોકો તેવા માણસને પસંદ પણ નથી કરતા.

⇨ તેમજ હસતા મોઢે મુલાકાતનો સવાબ

પણ છે. ‘‘ઈમામ અલી અલય્હિસ્સલામ ફરમાવે છે કે જયારે મોમિનથી મળો ત્યારે મુસાફેહો કરો, ખુશીને જાહેર કરો, જયારે આ રીતે જુદા થશો તો ખુદા ગુનાહોને માફ કરશે,‘‘

⇨ બીજી હદીસમાં નબી સ.અ.વ. ફરમાવે છે કે ‘‘અય અબ્દુલ મુત્તલીબની ઔલાદ તમે બધાને તમારા માલથી ખુશ નથી કરી શકવાના (કેમ કે જરૂરતો વધારે છે અને માલ ઓછો છે) તે માટે તમે હસતા મોઢે અને સારા અખ્લાકથી લોકોની સાથે મુલાકાત કરો.’’

(C) આ હદીસમાં એ વસ્તું તરફ ઈશારો થયો છે કે ઘણા દોસ્ત અને સગાંવહાલાં અથવા ઓળખીતા, લોકોમાં એવા હોય છે કે જેમના ખરાબ વ્યહારથી મુશ્કેલીઓ ઉભી થતી હોય છે તો એવા લોકોને સહન કરવાથી ઘણી મુસીબતોથી છુટકારો મળે છે. અને

તેને સહન કરવાથી મોટી ફઝીલતો પણ મળે છે. અને આનાથી ઉલ્ટું જો સહન અને સબ્ર ન કરવામાં આવે તો ઘણા ફિત્ના અને ઝઘડા ઉભા થઈ જાય છે, સબ્ર અને સહન શીલતાથી ઘણી બૂરાઈઓ અને કોતાહીઓ છુપાઈ જાય છે. અને સુલેહ શાંતિથી ઘણી ખામીઓ છુપાઈ જાય છે.

# હિકમત ૭
# ખુદપસંદી, સદકો અને આખેરતમાં આમાલ

⇨ (ફક્ત) પોતાને જ પસંદ કરનાર ઈન્સાન બીજાઓ માટે નાપસંદ બની જાય છે, સદકો કામ્યાબ દવા છે. દુનિયામાં બંદાઓએ જે કર્મો કર્યા હશે તે આખેરતમાં તેઓની આંખોના સામે હશે.

⇨ આમાં ૩ વસ્તું બયાન થઈ છે.

(A) જે માણસ ફક્ત પોતાને પસંદ કરે છે અને બીજાઓનો એહતેરામ નથી કરતા તેવા માણસથી બીજોઓ પણ નફરત કરવા લાગે છે. જે માણસ પોતાની મોટાઈ જાહેર કરે છે તેમને લોકો ઈઝ્ઝત અને એહતેરામની નઝરથી નથી જોતા.

⇨ અને ઘમંડી સ્વભાવના લીધે તેનાથી લોકો નફરત કરવા લાગે છે, અને તેનો જે

એહતેરામ હોય છે તેટલી પણ ઈઝ્ઝત નથી મળતી, કેમકે આવા માણસ રાહ જોવે છે કે કોઈ મને સલામ કરે, મારી વાહ વાહ કરે, જયારે લોકો એના વખાણ ન કરે ત્યારે વખાણ ન કરનારની બૂરાઈ કરવા લાગે છે જેના કારણે લોકો તેનાથી નફરત કરવા લાગે છે, પરંતુ આના કરતાં બિલકુલ વિરૂધ્ધ જયારે કોઈ નરમાશ સાથે લોકોને ઈઝ્ઝત આપશે ત્યારે લોકો તેના તરફ ખેંચાય જશે અને લોકો તેની ઈઝ્ઝત પણ કરશે.

⇨ ખુદપસંદીના ઘણા નુક્સાન બયાન થયા છે તેની માટે એક રિવાયત બયાન કરૂં છું "એક વખત જ. મૂસા (અ.સ.)એ શયતાનને જોયા જે રંગબેરંગી કપડાં પહેરેલો હતો, મે પૂછ્યું કે શા માટે રગબેરંગી કપડાં પહેર્યા છે? શયતાને કહ્યું કે આનાથી આદમની ઔલાદને બહેકાવું છું, મને બતાવ કે બંદો કયો ગુનાહ કરે છે ત્યારે તને યકીન થઈ જાય

છે કે તું તેના ઉપર કાબૂ મેળવી લઈશ.

⇨ શયતાનઃ જયારે બંદો આ ૩ ગુનાહ કરે ત્યારે મને યકીન થઈ જાય છે કે તે મારા કાબૂમાં આવી ગયો છે.

૧) ખુદપસંદ માણસ,

૨) જે પોતાની નેકીઓને વધારે સમજે,

૩) જે ગુનાહને મામૂલી સમજવા લાગે.

⇨ આપણી જિંદગીમાં પોતાની પસંદના બદલે અલ્લાહ, રસૂલ (સ.અ.વ.) અને અહલેબયત (અ.મુ.સ.)ની પસંદ હોવી જોઈએ તો આપણને કામ્યાબી મળે, અને શયતાન દૂર થઈ જાય છે અને ઈઝ્ઝતમાં પણ વધારો થાય છે.

(B) હદીસોમાં સદકાના ઘણા પ્રકાર બતાવવામાં આવ્યા છે. ઈમામ (અ.સ.) સદકાને કામ્યાબ દવા બતાવી છે, કેમકે જયારે ઈન્સાન સદકા અને ખૈરાતથી મોહતાજો અને ગરીબોની મદદ કરે છે ત્યારે તેઓ

દિલના ઊંડાણથી તેના માટે સલામતી અને તંદુરસ્તી માટે દુઆઓ કરે છે જેથી તેના માટે શફાનું કારણ બને છે. નબી (સ.અ.વ.) ફરમાવે છે પોતાની બીમારીઓનો ઈલાજ સદકાથી કરો. સદકો આપવાથી જીવનમાં આવનારી બીમારીઓ અને બલાઓ દૂર થાય છે તેમજ સમાજમાંથી પણ બીમારીઓ (અમુક સામાજિક ખરાબીઓ) દૂર થાય છે,

⇨ એક બીજી હદીસમાં ફરમાવે છે કે પોતાની બીમારીઓનો ઈલાજ સદકાથી કરો અને બલાઓના દરવાઝાને દુઆથી બંધ કરો.

⇨ ‘‘ઈમામ કાઝિમ અલયહિસ્સલામ પાસે એક માણસ આવીને કહે છે કે અમારા ઘરમાં દસ માણસો છે અને બધા બીમાર રહીએ છીએ તેનો શું ઈલાજ?

⇨ ઈમામ (અ.સ.)એ જવાબ આપ્યો કે સદકાથી ઈલાજ કરો તેનાથી વધારે જલ્દી અસર કરનાર બીજી કોઈ વસ્તું નથી.‘‘

⇨ યાદ રાખવું જોઈએ કે સદકો જયારે મોહતાજના હાથમાં જાય છે ત્યારે તેનો અસર થાય છે.

⇨ સદકાથી ખરાબ મૌત દૂર થાય છે. સાતસો શયતાન દૂર રહે છે અને શયતાન માટે સદકાથી વધારે સખ્ત બીજી કોઈ વસ્તુ નથી, રાત્રે સદકો આપવો ખુદાના ગઝબને ઠંડો કરે છે તેમજ મોટા ગુનાહો માફ થઈ જાય છે, હિસાબમાં આસાની થાય છે, માલનો સદકો આપવાથી માલમાં અને જિંદગીમાં વધારો થાય છે.

(C) મૈદાને મેહશરમાં આમાલ લોકોના સામે જાહેર થશે જેને અકીદામા તજસ્સુમે આમાલ કહે છે. ઈન્સાન આ દુનિયામાં જે સારા અને ખરાબ કામ કરે છે તે આખેરતમાં તેની સાચી સૂરતમાં જોશે જેમ કે નમાઝ એક ખૂબસૂરત માણસના રૂપમાં હશે, અને ઝુલ્મ કાળા ધુંવાડાના રૂપમાં હશે, આ મુજબ

દરેક કાર્યો પોતાની સાચી સૂરતમાં આંખોના સામે આવશે ત્યારે તેનો કોઈ ઈન્કાર નહિ કરી શકે, અલ્લાહ સુ.વ.ત. કુરઆનમાં ફરમાવે છે જેને નાનામાં નાની નેકી કરી હશે તે તેનો નતીજો (ઈનામ)ને જોશે અને જે નાનામાં નાની બૂરાઈ કરી હશે તે તેનો નતીજો (સજા)ને પણ જોશે.

⇨ એવા કામો કરવા કે જેને જોઈને આખેરતમાં શરમથી માથું ન ઝૂકે, બલ્કે ફખર સાથે ઈમામના નજીક થઇ શકીએ.

# હિક્મત ૮

## અલ્લાહની કુદરતનો કમાલ

⇨ ઈન્સાનની બનાવટ કેવી અજબ પ્રકારની છે કે તે ચરબીથી જોવે છે, ગોશ્તના ટુકડાથી બોલે છે, હાડકાથી સાંભળે છે અને છીદ્ર (નાક)થી શ્વાસ લે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ બયાન એ સમયે ફરમાવ્યું હતું કે જયારે ટેક્નોલોજી પ્રગતિ ન કરી હતી. આનાથી આપણને સમજાય છે કે ઈમામ પાસે જે ઈલ્મ છે તે ખુદા તરફથી છે.

⇨ ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું હતું કે હું આ જમીન કરતા વધારે આસમાનના રસ્તાઓનું ઈલ્મ ધરાવું છું અને આજના ઝમાનામાં લોકો જાણે છે કે આસમાનની ઊંચાઈમાં વિમાનની અવર જવરના કારણે કેટલું ટ્રાફિક હોય છે. એ બધું જોતા ખબર પડે છે કે ઈમામે આ બધુજ સદીઓ પહેલા

જણાવ્યું હતું.

⇨ ઈમામે ચાર વસ્તું બયાન કરી જેનાથી ઈન્સાન નવાઈ પામે તેમ છે.

(A) કુદરતે માણસની દરેક વસ્તું નવાઈ પામે તેવી બનાવી છે અને ઈન્સાન જેટલો જેટલો પોતાને ઓળખતો જશે તેટલો ખુદાને ઓળખતો જશે. તેવામાં પણ જો આપણે આંખ તરફ નજર કરીએ તો તે એક ચરબીનો નાનો એવો ડોળો છે જેનાથી દરેક વસ્તું જોઈ શકાય છે રંગબેરંગી ચીજો જેવી છે એજ પ્રમાણે દેખાય છે. જેમાં પડદા અને અમુક પ્રકારના સાફ પાણી છે. દુનિયાના સારામાં સારા કેમેરા જેનાથી ફોટો ખેંચવામાં આવે છે તે આંખનો મુકાબલો નથી કરી શકતા જે આંખની સિસ્ટમ કુદરતે બનાવેલ છે તે અદભુત અને નવાઈ પમાડે એવી છે. મર્હુમ મુગનીયહ શરહે નહજુલ બાલાગાહમાં બયાન કરે છે કે આંખના ખાસ બે કામ છે

પહેલું કે બહારની વસ્તુઓ જોઈને દિલ સુધી પહોંચાડે છે અને આજુ બાજુની વસ્તુંઓ બતાવે છે. બીજું કે જે દિલમાં મોહબ્બત, દુશ્મની, પરેશાની, હોંશિયારી, ભલાઈ, બૂરાઈ વગેરે આંખોથી ખબર પડે છે જે ઈન્સાનની શરીરના અરીસાનું કામ કરે છે.

(B) કુદરતે બોલવા માટે કેટલી આસાની ફરમાવી છે જેમાં કોઈ પ્રકારની તકલીફ થતી નથી, અને એક જ જીભથી જાતજાતની અને ભાતભાતની વાતો અને પોતાના મકસદને સમજાવવા માટે શબ્દો અને અવાઝો નીકળે છે, ખરેખર અલ્લાહે એક જ ગોશ્તના ટુકડાથી કેવી અદભુત જીભને બનાવેલ છે, જીભ જો સુકાઈ જાય તો સરખી રીતે તેનાથી બોલી શકાતું નથી, તેના માટે પણ વ્યવસ્થા કરી કે જીભના નીચેથી પાણી જેવું પ્રવાહી નીકળતું રહે જેનાથી બોલવામાં આસાની થાય છે, જીભથી માણસ સારા

અને ખરાબના સ્વાદ પણ જાણી શકે છે તેમજ જેવી બોલવાની વ્યવસ્થા ઈન્સાના શરીરમાં છે તેવી બીજી મખલૂકના શરીરમાં નથી. શું કોઈ દિવસ ઊંટ, ઘોડા... વગેરેને ઈન્સાનના જેમ બોલતા જોયા? ના, આ શક્તિ ફક્ત ઈન્સાન માટે છે તો આ મોટી નેઅમતનો શુક્ર એ કહેવાશે કે ફક્ત ખુદા રાજી હોય ત્યાં વાપરવામાં આવે, ખુદાની નફરમાનીમાં ન વાપરવામાં આવે.

(C) ખરેખર અજબ થવા જેવું છે કે ઈન્સાન હાડકાથી સાંભળે છે. અવાજની લેહરો જયારે કાન સુધી પહોંચે છે ત્યારે તે ઉપર નીચે થઈને કાનના પડદા સુધી પહોંચે છે અને તે પડદા પાછળ નાના અને કમઝોર હાડકા હોય છે જયારે અવાઝ અંદર આવે છે ત્યારે તે હાડકા હરકતમાં આવે છે અને તે ઈન્સાનના દિમાગ સુધી પહોંચાડે છે, ક્યારેક અવાજ વધારે તો ક્યારેક ઓછો હોય છે તે દરેકને

મેનેજ કરી લે છે,

⇨ વાહ સુબ્હાનલ્લાહ! શું કોઈ દિવસ વિચાર્યુ કે કેવી અદભુત સિસ્ટમ અલ્લાહે આપણામાં રાખી છે.

(D) (છીદ્ર) નાકથી શ્વાસ લેવું એટલે નાકના બે સુરાખથી માણસ જાગતા તથા સૂતી વખતે શ્વાસ લે છે. ક્યારેક માણસ મોઢાથી પણ શ્વાસ લે છે, પરંતુ તેના માટે મોઢાને નથી બનાવ્યું. નાકના છીદ્રમાં કુદરતે નાના એવા વાળ ઉગાવ્યા જેથી ફેફસા સુધી શ્વાસ ચોખ્ખો પહોંચે અને તંદુરસ્તી રહે. તેમજ નાકથી સૂંઘીને સારી અને ખરાબ વસ્તુને પારખી શકાય છે.

# હિકમત ૯

## દુનિયાના બે રંગ ઈન્સાન સાથે

⇨ જયારે દુનિયા કોઈની તરફદાર બની જાય છે ત્યારે બીજાઓની ફઝીલતો પણ તેના ખાતામાં નાખી દે છે અને જયારે દુનિયા પીઠ કરે છે ત્યારે તેની પોતાની ફઝીલતો છીનવી લે છે.

⇨ ઈમામ (અ.સ.) તે ઈબ્રત તરફ ઈશારો કર્યો છે કે જયારે દુનિયા તેના તરફદાર હોય ત્યારે અને જયારે દુનિયા પીઠ ફેરવી લે ત્યારે શું અસર થાય છે. જયારે દુનિયા તરફદાર હોય ત્યારે જે કામ બીજાઓ અંજામ આપ્યા હોય તેનો સહેરો પણ તેના માથા ઉપર બાંધવામાં આવે છે, અને દુનિયાવાળા તેના કામને વધારે કરીને બયાન કરે છે અને બીજાઓની ફેઝીલતોનો હાર પણ તેના માથે બાંધી દે છે, અને જેના હાથથી દુનિયા જઈ રહી હોઈ અને ખરાબ ઝમાનો તેના ઉપર

છવાયેલો હોય.

⇨ ત્યારે તેની ફઝીલતો તથા તેના સારા કામોને લોકો નઝર અંદાઝ કરી દે છે અને તેનું નામ જીભ પર લાવું પસંદ નથી કરતા.

⇨ પરંતુ જે લોકોનું ઉઠવું બેસવું, ઈબાદત, સખવાત, તદબીર (યોજનાઓ).... અલ્લાહ માટે હોય છે તો તેમને કાંઈ ફરક નથી પડતો કે દુનિયાવાળા શું કહેશે, તેમનો મકસદ અલ્લાહની ખુશી સિવાય બીજો કાંઈ નથી હોતો.

# હિકમત ૧૦

# લોકો તમને યાદ કરે

➩ લોકો સાથે એ રીતે હળીમળીને રહો કે જ્યારે તમે ગુજરી જાવ ત્યારે તમારી મોહબ્બતમાં લોકો રોવે અને જીવતા હોવ ત્યારે તમારો સાથ તેઓને ગમે.

➩ ઈસ્લામમાં સમાજિક જીવનની ઘણી અહેમિયત છે.

➩ કુરાને મજીદમાં અને રિવાયતોમાં વિસ્તારથી બયાન કરવામાં આવેલ છે. લોકો સાથે મોહબ્બત અને દોસ્તીને નરમ સ્વભાવ અને સારા અખ્લાક તથા લોકોને મદદરૂપ બનીને મજબૂત કરો. જે લોકો બીજાઓ તરફ મદદનો હાથ લંબાવે છે, તેના જવા પછી તેની જગ્યા ખાલી હોય છે અને તેની મોહબ્બતમાં લોકો આંસુ વહાવે છે. એટલે ઈન્સાન માટે ઝરૂરી છે કે એવી જિંદગી વિતાવે કે કોઈને શિકાયત કરવાનો મોકો ન મળે અને

ન તેનાથી કોઈને નુકસાન પહોંચે જેથી જિંદગીમાં લોકો એનાથી મોહબ્બત કરે અને મરવા પછી તેને સારા શબ્દોથી યાદ કરે. લોકો સાથે સારો વ્યહવાર કરવો મુસલમાનની સિફત છે "નબી (સ.અ.વ.) ફરમાવે છે કે લોકો સાથે સારા અખ્લાકથી પેશ આવો જેથી મુસલમાન બની જાવ."

⇨ ઈમામ અલી (અ.સ.) : ભાઈઓ સાથે ભલાઈ કરો અને તેમની ભૂલોને માફ કરો.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) : જે દોસ્તો સાથે સારા અખ્લાકથી પેશ ન આવે અને જે દોસ્ત સાથે દોસ્તી ન નિભાવે તે અમારામાંથી નથી. (મોમીન નથી)

# હિકમત ૧૧

## દુશ્મન પર કામ્યાબીનો શુક્ર

➪ જયારે તમે તમારા દુશ્મન ઉપર કાબૂ મેળવી લ્યો ત્યારે તેને શુક્રના તૌર પર માફ કરી દો.

➪ જાણીએ છીએ કે દરેક નેએમત ઉપર શુક્ર અદા કરવો જોઈએ જો શુક્ર કરતા રહીએ તો તે નેએમત બાકી રહે છે અને તેમાં વધારો થાય છે, અને શુક્ર ન કરવાનાં બદલે નેએમતમાં કમી અથવા નેએમત ખત્મ થઈ શકે છે. શુક્ર ફક્ત ઝબાનથી નથી બલ્કે અમલથી પણ શુક્ર કરવો જોઈએ,

➪ અગર કોઈને ખુદાએ અમીર બનાવ્યો છે તો તેનો શુક્ર એ છે કે બીજાઓની મદદ કરે, જો કોઈને ખુદા બુલંદ મકામ આપેલો હોય તો તેનો શુક્ર એ છે કે તેનાથી જરૂરતમંદની તકલીફો દૂર કરે.

⇨ દુશ્મન ઉપર કામ્યાબી મળે તેનો બહેતરીન શુક્ર એ છે કે બદલો લેવાની તાકત હોવા છતાં દુશ્મનને માફ કરી દો. અને તાકત અને શક્તિ હોવા છતા માફ કરવું ઈન્સાનની ફઝીલત અને અલ્લાહની આપેલી નેમતના મુકાબલામાં શુક્રને જાહેર કરવું છે.

⇨ પ્યારા નબી (સ.અ.વ.) મક્કામાં દાખલ થયા એલાન કરાવ્યું કે આજે ''રહેમ કરવાનો દિવસ છે''

⇨ ઈમામ અલી (અ.સ.) જંગે સિફ્ફીનમાં દુશ્મનોથી નહેરને પાછી લઈ લીધી, પરંતુ તેઓ માટે પાણી બંધ ન કર્યું.

⇨ આ પ્રમાણે ઈન્સાનિયતથી શું આજના લોકો શીખશે ખરા? નબી (સ.અ.વ.) એક પ્યારી હદીસમાં દુનિયા અને આખેરતની સૌથી સારી ચાર વસ્તુઓને બતાવી છે.

(A) જે તમારા ઉપર ઝુલ્મ કરે તેને માફ કરો.

(B) જે તમારાથી સંબંધ તોડે તેનાથી સંબંધ જોડો.

(C) જે તમારા સાથે બૂરાઈ કરે તેની સાથે ભલાઈ કરો.

(D) જે તમને વંચિત (મેહરૂમ) કરે તેને અતા કરો.

⇨ યાદ રાખવું જોઈએ કે માફ કરવું બુઝદિલ યા ડરપોકની નિશાની નથી, બલ્કે એ સાચી બહાદુરી છે.

# હિકમત ૧૨

## દોસ્તની અહેમિયત

⇨ લોકોમાં સૌથી વધારે લાચાર એ છે જે પોતાની જિંદગીમાં દોસ્ત ન બનાવી શકે, અને તેનાથી પણ વધારે લાચાર એ છે જે દોસ્ત બનાવીને પછી ખોઈ દે.

⇨ એમાં કોઈ શક નથી કે જિંદગીમાં સાચા દોસ્ત એ કિંમતી મૂડી છે જે દુઃખ અને સુખમાં સહારો બને છે ગુમરાહીથી બચાવે અને દીન તરફ બોલાવે છે, અને સાચા દિલથી મોહબ્બત કરે છે, સારા અખ્લાક અને હસતા મોઢે બીજાઓને દોસ્ત બનાવવું આસાન છે, અને તેમના માટે વધારે કોશિશ કરવાની જરૂરત નથી.

⇨ દોસ્ત બનાવ્યા પછી દોસ્તીને બાકી રાખવી તો તેનાથી પણ વધારે આસાન છે, કેમકે દોસ્ત બનાવવા માટે કંઈ ન કંઈ મહેનતની જરૂર કરવી પડે છે પરંતુ દોસ્તીને

બાકી રાખવા માટે તો કોઈ પ્રકારની મહેનતની જરૂર પડતી નથી, જે માણસ દોસ્ત બનાવ્યા પછી જો ખોઈ દે તો તે વધારે બેચારો કહેવાશે.

⇨ ઈમામ અલી (અ.સ.)ની ગોરરૂલ હેકમમાં હદીસ છે કે જેનો કોઈ દોસ્ત નથી તેના પાસે ખઝાનો નથી. ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે દરેક વસ્તુની શોભા હોય છે અને ઈન્સાનની શોભા તેનો દોસ્ત છે.

# હિકમત ૧૩

## શુક્રથી નેઅમતને બાકી રાખો

⇨ જયારે તમને થોડીઘણી નેઅમતો મળે તો નાશુક્રી કરીને તેને તમારાથી દૂર ન કરો.

⇨ ઘણી વખત નેએમત ધીમે ધીમે બંદા સુધી પહોંચે છે હોંશિયાર માણસ તેને આવકારે છે, આવકારનો મતલબ કે તે નેઅમતનો શુક્ર કરે છે.નેઅમત મળવાથી જયારે દિલ, ઝબાન અને અમલથી શુક્ર કરે છે તો નેઅમતમાં ચોક્કસ વધારો થાય છે, અને જયારે બંદો દિલ, ઝબાન અને અમલથી શુક્ર કરવાનું બંધ કરી દે છે તો ધીમે ધીમે નેઅમતો ખતમ થઈ જાય છે. કુરાને મજીદમાં કૌમે સબાનો ઉલ્લેખ કર્યો છે જેમને બેહિસાબ નેએમતો આપી હતી, જેમના માટે ફરમાવ્યું કે "તમારા પરવરદિગારની આપેલી રોઝીને ખાવ અને તેનો શુક્ર બજાવી લાવો, શહેર પાકો પાકીઝા તમારા

ઈખ્તેયારમાં છે અને અલ્લાહ માફ કરવાવાળો છે. (સુ.સબા, આ.૧૫) એ લોકો કૂફ્રાને નેઅમત કર્યું (નેઅમતની નાશુક્રી કરી) અને જે મોટી દીવાલ એ લોકોના વચમાં હતી તે તૂટી ગઈ અને ખેતી ઘર અને પુરા શહેરમાં પાણી ફરી વળ્યું અને લોકોને એમના ઘર અને ઝમીન છોડીને જવું પડ્યું બધાજ વેરવિખેર થઈ ગયા. કુરાન આગળ ફરમાવે છે કે આ બધું એમના કૂફ્રાને નેઅમતના લીધે થયું.

⇨ આથી સમજાય છે કે અલ્લાહનો શુક્ર કરવો કેટલો જરૂરી છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે એક કૌમને અલ્લાહે નેએમતો આપી હતી, પરંતુ તેઓએ શુક્ર ન કર્યો તો નેએમતો તેમના માટે મુસીબતનું કારણ બની ગઈ અને એક કૌમ જે મુસીબતમાં હતી, પરંતુ તેઓ સબ્ર અને શુક્ર કર્યો તો ખુદાએ તેમની મુસીબતોને નેઅમતોમાં બદલી આપી.

⇨ શુક્રનો સાચો અર્થ શું છે?

૧) અલ્લાહે જે નેઅમતો આપેલી છે તેના ઉપર દિલથી રાજી રહે અને યાદ કરતો રહે.

૨) દિલથી જે રીતે રાજી છે તેને ઝબાનથી બયાન કરે.

૩) સૌથી વધારે અહમ અમલી શુક્ર છે અલ્લાહે જે કઈ આપ્યું છે તેને અલ્લાહના રસ્તામાં વાપરે, અલ્લાહે હોંશિયારી આપી છે તો તેને નેક કામમાં વાપરે શાયતાન માટે ન વાપરે, કોઈની ભલાઈ માટે વાપરે કોઈને હેરાન કરવામાં ન વાપરે, એજ પ્રમાણે અલ્લાહે દૌલત, તંદુરસ્તી, ઔલાદ અને તે સિવાય ઘણી બધી વસ્તું આપેલી છે તેને સારા કામમાં વાપરે ગુનાહ માટે નહિ.

⇨ જો કોઈ નેઅમતનો દુરૂપયોગ કરે છે તો જાણી લેવું જોઈએ કે તેને ખુદાનો એહતેરામ નથી કર્યો અને આઝાબનો હકદાર બનશે.

# હિકમત ૧૪

## ખુદા હાથ પકડે

⇨ જેને પોતાના છોડી દે તેને બીજા (મદદ કરવા માટે) મળી જાય છે.

⇨ ઈમામ (અ.સ.)નું આ બયાન નજીકના અને સગાંવહાલાંઓ માટે છે કે જેઓ પોતાના સગાંવહાલાંનો ખયાલ નથી રાખતા, તેઓને ખબર હોવી જોઈએ કે ખુદા મહેરબાન છે તેને એકલો નહી મૂકે, બીજાઓને તેની મદદ માટે મોકલશે, કહેવાય છે કે જો બંદા માટે એક રસ્તો બંધ થાય છે તો ખુદા તેના માટે કેટલાય રસ્તા ખોલી દે છે.

⇨ આનાથી ખબર પડે છે કે કુદરતની મહેરબાની સૌથી વધારે છે જેમનુ કોઈ નથી તેમનો ખુદા છે.

⇨ સગાવહાલા અને કુટુંબવાળાને પોતાની જવાબદારી નિભાવવી જોઈએ, નહિ તો

ખુદા તો બંદા ઉપર મહેરબાની કરશે જ.

⇨ આપણી માટે જરૂરી છે કે આપણે કોઈ પણ મોહતાજ યા મજબુર માણસનો ખયાલ રાખીએ, અને જો સગાંવહાલાં હોય તો જવાબદારી વધી જાય છે. અલ્લાહના પ્યારા રસૂલ (સ.અ.વ.) ફરમાવે છે કે જે પોતાના સગાંવહાલાં પાસે જાય અને માલથી સિલે રહેમ કરે તેને સો શહીદોનો સવાબ મળશે અને દરેક કદમના બદલે ૪૦ હઝાર નેકીઓ લખવામાં આવશે, ૪૦ હઝાર ગુનાહ માફ થશે, અને ૪૦ હઝાર દરજ્જા બુલંદ કરવામાં આવશે, અને તેની ઈબાદત એ રીતે ગણવામાં આવશે કે જાણે સો વરસ કરી હોય. (અમાલી શેખ સદૂક, પે.૪૪૨)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે જે માણસ ચાહે કે તેને મૌત આસાનીથી આવે તો તેને સિલે રહેમ કરવો જોઈએ, જે માં-બાપ સાથે નેકી કરશે ખુદા તેની જાન

નીકળવાની સખતી આસાન કરશે, ગરીબી તેનાથી દૂર થશે. (અમાલી શેખ સદૂક પે. ૩૮૯)

⇨ આ હદીસોથી જાણ થાય છે કે સગાંવહાલાંનું ધ્યાન રાખવાનો ફાયદો આપણને દુનિયા અને આખેરત બંનેમાં થાય છે,

⇨ આ ફાયદો ત્યારે મળશે જયારે એહસાન જતાવીને નેકીઓને બરબાદ ન કરી નાખે.

⇨ અને કોઈ પોતાના સગાંવહાલાંનું ધ્યાન નહિ રાખે તો પણ અલ્લાહ તો પોતાના બધા બંદાઓનું ધ્યાન રાખશે અને તેની માટે બીજા કોઈને મદદગાર બનાવીને મોકલી દેશે.

⇨ જેને નેકી કરવાનો મૌકો મળ્યો છે તો તેને આ મોકાનો ફાયદો ઊપાડવો જોઈએ.

# હિકમત ૧૫
# દરેક બલામાં ગિરફ્તાર ઠપકાને પાત્ર નથી હોતા

⇨ બલામાં ગિરફ્તાર દરેક લોકો ઠપકાને પાત્ર નથી.

આ હદીસના જુદા જુદા અર્થ બયાન કરવામાં આવ્યા છે.

⇨ ઘણી વખત મુસીબતમાં ફસાય તેનું કારણ એકદમ સૌથી જુદું જ હોય છે.

⇨ ક્યારેક આપણને ખબર હોય કે આ બધું આળસ, અહમિયત ન આપવું, ધ્યાન ન રાખવું યા સમયથી ફાયદો ન ઉઠાવવો વગેરે... કારણો હોય શકે, જો આ કારણો હોય ત્યારે તે માણસ ઠપકાના પાત્ર હોય છે, પરંતુ તે સિવાય ક્યારેક મુસીબત યા તકલીફનું કારણ ગુનાહોનો કફ્ફારો હોય શકે જેના લીધે ખુદા આ દુનિયામાં તેને પાક

કરવા ચાહતો હોય.

⇨ ગુનાહો કર્યા પછી તે ગુનાહો કરવાના બદલ ઠપકાનો હકદાર હતો પરંતુ જો તે અલ્લાહની મહેરબાની અને લુત્ફનો હકદાર બની જાય તો હવે તે ઠપકાનો હકદાર નથી રહેતો. જેમ કે સાચા દિલથી તૌબા કરી લે, પોતાના ગુનાહો ઉપર શરમિંદા થઈ જાય...

⇨ ક્યારેક મુસીબતથી ખુદા આજમાવે છે જેથી બંદો મજબૂત બને. સોનાને આગમાં ગરમ કરવામાં આવે છે જેથી સોનુ ચોખ્ખું થઈ જાય,

⇨ એજ પ્રમાણે બધા મુસીબતમાં ફસાએલા ઠપકાને પાત્ર નથી હોતા, ક્યારેક જાહિલ અને અજાણ હોવાના લીધે ફસાઈ જાય છે. તો ક્યારેક જાણી જોઈને મુશ્કેલમાં મુકાય છે જે જાણી જોઈને મુસીબતમાં ફસાઈ તો તે ચોક્કસ ઠપકાના પાત્ર છે.

⇨ આ હદીસનો કિતાબોમાં બીજો અર્થ

આ મુજબ બયાન કરવામાં આવ્યો છે.

⇨ જયારે સઅદ ઈબ્ને અબી વક્કાસ, મોહંમદ ઈબ્ને મુસ્લેમાં અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર જંગે જમલના સાથીઓના મુકાબલામાં આપનો સાથ દેવાથી ઈન્કાર કર્યો તે સમયે આપ (અ.સ.) આ રીતે ફરમાવ્યું હતું. કે આ લોકો મારાથી એવી રીતે ફરી ગયા છે કે તેઓ ઉપર ન મારી કોઈ પણ વાતનો અસર થાય છે કે ન તેઓ ઉપર મારા ઠપકા અને ધમકીનો કોઈ અસર થાય છે, અને જે ઈમામનો સાથ ન આપે તેનું ઠેકાણું દોઝખ છે.

# હિકમત ૧૬

## તકદીર

⇨ તમામ કામ કાજ તકદીરના પ્રમાણે ચાલે છે, એ માટે ક્યારેક આપણે યોજનાઓ પ્રમાણે ચાલતા હોય તો પણ મૌત આવી જાય છે.

⇨ તકદીર એટલે શું?

તકદીર એટલે કુદરત તરફથી આપણા માટે આપણી જિંદગીના કામો (આમાલ) મુજબ જિંદગી નક્કી કરવામાં આવે છે. એમાં અમુક વસ્તું જે ઈન્સાનના કાબૂમાં નથી જેમ ધરતીકંપ, દરિયાના તોફાન વગેરે..... આને કબૂલ કરવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.

⇨ તદબીર એટલે શું?

તદબીર એટલે પોતાની હોંશિયારી મુજબ યોજનાઓ (પ્લાન) બનાવી.

⇨ હદીસમાં ઈમામ ફરમાવે છે કે તકદીરના સામે તદબીરનું કઈ નથી ચાલતું, ઘણી વખત અલ્લાહ સામે ઈન્સાનના તમામ પ્લાન/યોજનાઓ ફેલ થઇ જાય છે. તો શું એનો અર્થ એ છે કે ઈન્સાન પોતાના પ્લાન અને યોજનાઓ પ્રમાણે કામ ન કરે? ના, એવું નથી, પરંતુ ઈન્સાનમાં તમામ હોંશિયારી હોવા છતાં યાદ રાખવું જોઈએ કે તે ખુદાના રહેમો કરમનો મોહતાજ છે.

⇨ દા.ત. ઘરેથી નીકળ્યા હતા પોતાના તમામ પ્લાન અને ટાઈમ ટેબલ તેમજ દરેક પ્રકારની સેક્યુરીટી સાથે તે છતાં રસ્તામાં જતાં જતાં અચાનક ગાડી ઉપર ઝાડ પડ્યું અને માણસને મૌત આવી ગઈ. આને કહેવાય કે માણસ પોતાની દરેક તદબીર (યોજના) હોવા છતાં મૌત આવીને ઘેરી લીધી. હદીસમાં છે કે સદકો અચાનક મૌતથી બચાવે છે.

⇨ ઈન્સાનને હંમેશા અલ્લાહની રહેમતનો સવાલ કરવો જોઈએ પોતાની હોંશિયારીથી તમામ કામો કર્યા પછી પણ હંમેશા ખુદાના રહેમો કરમની ઉમ્મીદ રાખવી જોઈએ, અને સદકો પોતાની હેસિયત પ્રમાણે હોવો જોઈએ.

⇨ એવું નથી કે કાંઈ કરે જ નહિ અને બસ ખ઼ુદા જે મુકદ્દરમાં લખેલુ હશે તે થશે એમ સમજીને ઘરમાં બેસી રહે, જો એવું હોય તો કુરાને મજીદની આયતમાં ખુદા ન ફરમાવત કે "ઈન્સાન માટે તેટલુંજ છે જેટલી કોશિશ કરે." (સુ.નજમ આ.૩૯) કોશિશ સાથે ખુદાના રહેમો કરમની ઉમ્મીદ રાખવી જોઈએ.

# હિકમત ૧૭
## દાઢીને રંગ કરવું

⇨ નબી (સ.અ.વ.)ના આ બયાન વિશે ‘‘ઘડપણને (ખિઝાબ કરીને) બદલી દો અને યહૂદીયો જેવા ન બનો, ‘‘કોઈએ ઈમામ અલી (અ.સ.)થી પૂછ્યું તો જવાબમાં આપ (અ.સ.) ફરમાવ્યું કે, નબી (સ.અ.વ.)નું આ બયાન તે સમય માટે હતું જયારે દીનદાર (મુસલમાન) ઓછા હતા, અને હવે તો ઈસ્લામ ફેલાય ચૂક્યો છે અને મજબૂત થઈ ગયો છે, એટલે હવે દરેકને તેના ઉપર અમલ કરવાનો ઈખ્તેયાર છે.

⇨ (મતલબ એ છે કે ઈસ્લામની શરૂઆતમાં મુસલમાનો ઘણા ઓછા હતા, તે માટે જરૂરી હતું કે મુસલમાનોના સંગઠનને જાળવી રાખવા માટે યહૂદીયોથી અલગ કરવામાં આવે, યહૂદીઓ ખિઝાબ કરતાં ન હતા. તે માટે નબી (સ.અ.વ.) ખિઝાબનો હુકમ

આપ્યો, જે યહૂદીયોના ત્યાં ન હતો, તે સિવાય એ પણ મકસદ હતો કે દુશ્મનના મુકાબલામાં જંગમાં કમઝોર અને ઘરડા ન દેખાય.)

# હિકમત ૧૮
# ઈમામની વાત ન માની મેદાનથી ભાગનારા

➩ ઈમામે મેદાને જંગથી દુર રહેનારાઓ વિશે ફરમાવ્યું, એ લોકોએ હકને પણ છોડી દીધો અને બાતિલને પણ મદદ ન કરી.

➩ ઈમામે એ લોકો વિશે ફરમાવ્યું છે, જે પોતાને એક પણ તરફ જાહીર કરતા ન હતા. જેમકે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, સાદ ઈબ્ને અબી વક્કાસ, અબુ મુસા અશરી, અહનફ ઈબ્ને કેસ, અનસ ઈબ્ને માલીક વગેરે. બેશક આ લોકો જાહેરમાં બાતિલની મદદ નથી કરી, પરંતુ હકની મદદથી પણ હાથ ઉઠાવી લીધો હતો, ઈમામ અલી (અ.સ.)નો સાથ ન આપ્યો. એ પણ એક પ્રકારનું બાતિલને તાકત પહોંચાડવું અને મદદ કરવા સમાન છે, તે માટે તેમની ગણતરી હકના


અનુક્રમણિકા
www.hajinaji.com

વિરોધીઓના ટોળામાં થશે.

⇨ ઘણી જગ્યાએ અમુક લોકો સત્ય જાણવા છતાં પણ સાથ નથી આપતા અને કહેતા હોય છે કે હું કોઈને સાથ નથી આપતો તો આવા માણસો જયારે હક અને બાતિલની વાત હોય ત્યારે તે કોઈ રીતે પોતાને તટસ્થ નથી રાખી શકતા, હકનો સાથ આપનાર હશે યા બાતિલના તરફદાર, જો બંનેને સાથ ન આપે તો તે બાતિલનો સાથી ગણાશે કેમ કે તે બાતિલની તાકતમાં વધારો કર્યો કહેવાય.

# હિકમત ૧૯

## આશાઓ પાછળ દોડવું

⇨ જે માણસ આશાઓ પાછળ દોડતો જાય છે, તે અંતમાં પોતાની મોત વડે ઠોકર ખાય છે.

⇨ ઈન્સાન જયારથી હોશ સંભાળે છે ત્યારથી આશાઓ પાછળ દોડવાનું ચાલુ કરે છે અને જયારે મૌત આવે ત્યારે બધી જ આશાઓ ખતમ થઈ જાય છે, ઉમ્મીદ અને આશા પાછળ દોડવું એ ખરાબ નથી કેમ કે "નબી સ. ફરમાવે છે કે ઉમ્મીદ મારી ઉમ્મત માટે રહેમત છે જો લોકોમાં આશા અને ઉમ્મીદ ન હોત તો માં પોતાના બચ્ચાને દૂધ ન પીવરાવત, ખેડૂત ઝાડને ન ઉગાવત." (બિહારૂલ અનવાર, ભા.૭૪, પે.૧૭૫)

⇨ એવી ઉમ્મીદ અને આશા જે ઈન્સાનને અલ્લાહ સુધી પહોંચાડે યકીનન તે રહેમત છે, પરંતુ તેવી ઉમ્મીદો કે જેના પાછળ ફક્ત

દુનિયા દારી હોય, ખુદા અને તેના દીનથી દૂર કરે તેવી આશાની મઝમ્મત (ટીકા) કરવામાં આવી છે. ‘‘ઈમામ અલી અ. ફરમાવે છે કે લાંબી લાંબી

➪ ઉમ્મીદો ઈન્સાનના આમાલ બરબાદ કરે છે અને મૌતને ભુલાવી દે છે.‘‘ (ગરરૂલ હકમ હદીસ ૭૨૫૨)

➪ પોતાની ઉમ્મીદ પૂરી કરવામાં એટલો મશગુલ થઈ જાય છે કે મૌતનો સમય આવી પહોંચ્યો છે તે પણ ધ્યાન નથી રહેતું અને આખેરતની કોઈ તૈયારી કર્યા વગર મૌતના મોઢામાં ચાલ્યો જાય છે.

➪ લાંબી ઉમ્મીદોથી બચવાં માટે ઈમામ હસન અ. ફરમાવે છે કે મૌતને યાદ કરતા રહો અને તેના માટે વિચારતા રહેશો તો ખોટી, ખરાબ અને લાંબી ઉમ્મીદોથી બચીને જશો.

# હિકમત ૨૦
# શરીફ (પરહેજગાર) માણસને માફ કરો

⇨ શરીફ માણસની ભૂલોને દરગુઝર કરો, કેમકે જયારે શરીફ માણસ ઠોકર ખાય છે તો ખુદા તેનો હાથ પકડી લે છે.

⇨ શરીફ તે માણસને કહેવામાં આવે છે જે ખુદાનો પસંદીદા બંદો હોય, જેમાં સારા અખ્લાક, પાક્દામની, લોકોની ખિદમત અને મદદની લાગણી હોય.

⇨ ઈન્સાન ભૂલને પાત્ર છે, કોઈ શરીફ માણસથી ભૂલ થઈ જાય તો તેને દરગુઝર કરવું જોઈએ, તેના વિશે બદ ગુમાનીથી કામ ન લે, તેની ઈઝ્ઝત પાયમાલ ન કરવામાં આવે.

⇨ બીજું કે જો સારા અખ્લાક અને સારી સિફતો હશે તો ખુદા તેને એકલો નહિં મૂકે,



અનુક્રમણિકા

www.hajinaji.com

બલ્કે પોતાના પસંદીદા બંદાનો હાથ પકડીને મદદ કરશે.

⇨ સારા અખ્લાક સાથે રહેવાથી દુનિયા અને આખેરત બંનેમાં લાભ પહોંચે છે.

# હિકમત ૨૧

## ખોટો ડર અને ખોટી શરમ

⇨ ડરનું પરીણામ નાકામી અને શરમનું પરીણામ મેહરૂમી (વંચિત) છે. ફુરસતનો સમય જલ્દી દોડનાર વાદળોના જેમ પસાર થઇ જાય છે, તેથી ભલાઈની તકને ન છોડો.

⇨ આ હદીસમાં ત્રણ વસ્તુઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

(A) ડર મકસદ સુધી પહોંચવામાં રૂકાવટ બને છે તેથી આવા ડરના કારણે ઘણી જગ્યા નાકામી અને નુકસાન ઉઠાવવું પડે છે, પરંતુ અલ્લાહનો ડર દરેક જગ્યા કામ્યાબ બનાવે છે, કેમ કે જે ખુદાથી ખૌફ રાખે છે તે પછી કોઈથી ડરતો નથી.

(B) શરમ પણ બે પ્રકારની છે એક સારી શરમ એટલે દરેકમાં હોવી જોઈએ જેમ કે ગુનાહ અને દરેક ખરાબ કામ કરવાથી શરમાવવું, અને જે અક્કલ અને દીને

ઈસ્લામના વિરૂધ્ધ હોય તેવા કામો કરવાથી શરમાવવું.

⇨ બીજા પ્રકારની શરમ જેની મઝમ્મત કરવામાં આવી છે જે વસ્તું લોકોને તો બરાબર ન દેખાતી હોય, પરંતુ હકીકતમાં એ ખરાબ યા ખોટું ન હોય, અને ન તો તેને ખામી ગણવામાં આવે તો આવા સમયે શરમાવું ન જોઈએ કેમકે આવી શરમના લીધે ઘણી વખત નુકસાન ઉઠાવવું પડે છે જેના લીધે દુનિયા અને આખેરતમાં અસફળ થવાય છે, મોટી સફળતાથી વંચિત (મેહરુમ) રહેવું પડતું હોય છે. દા.ત. જો કોઈ એમ વિચારે કે જો હું સવાલ પુછીશ તો લોકો મને જાહિલ કહેશે અને આના લીધે સવાલ ન પૂછે તો તેના ન પૂછવાના લીધે તેના ઈલ્મમાં યા દીનની માલુમાતથી વંચિત રહી જશે અને પૂરી જિંદગી જેહાલતમાં ગુજારશે જાહીલ રહેવા કરતા અથવા ન જાણવા કરતા બહેતર

છે કે સવાલ પૂછી લે. એક ઘરડો માણસ ઘડપણમાં ઈલ્મ હાંસિલ કરી રહ્યો હતો, કોઈએ કહ્યું આટલી મોટી ઉમરમાં તમને ઈલ્મ હાંસિલ કરવામાં શરમ નથી આવતી. તે માણસે ખુબસુરત જવાબ આપ્યો કે મને મારા ઘડપણમાં જાહિલ રહેવામાં શરમ ન આવી તો ઈલ્મ હાંસિલ કરવામાં કેવી શરમ? જે મસાઈલ શીખવા વાજિબ છે તેમાં શરમ ન કરવી જોઈએ. ઈમામ અલી અ. ફરમાવે છે કે જે હક વસ્તુને બયાન કરવામાં શરમાય તે એહમક (મૂર્ખ) છે.

(C) ઈમામે ત્રીજા વાક્યમાં ફરમાવ્યું કે ફુરસતનો સમય જલ્દી દોડનાર વાદળોના જેમ પસાર થઈ જાય છે, તેથી ભલાઈની તકને ન છોડો.

⇨ ફુરસત એટલે ભલાઈ કરવા માટે દરેક સગવડ હોય અને કોઈ પ્રકારની રૂકાવટ ન હોય, જો એક વિદ્યાર્થીને ભણવા માટે બુક્સ

(કિતાબો) હોય, સારી કોલેજ અને ઉસ્તાદ હોય પોતે પણ તંદુરસ્ત અને હોંશિયાર હોય અને સમય પણ હોય, આને કહેવાય ફુરસત. જો આવો સમય હાથથી નીકળી જાય તો ફરીથી તે સમય નથી આવતો, કોશિશ કરીએ જે સમય છે તેનો સારો લાભ ઉઠાવીએ.

⇨ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે ફુરસતથી ફાયદો ઉઠાવો એના પહેલાં કે પસ્તાવો થાય.

⇨ અલ્લાહ જે તંદુરસ્તી, જવાની બુઢાપો કે અમન અને શાંતિ આપેલી છે તેનાથી નેક ફાયદો ઉઠાવો જયારે આ સમય ચાલ્યો જશે ત્યારે પસ્તાવવા સિવાય બીજું કાંઈ નહિ હોય.

⇨ જિંદગીમાં સમય છે નેક અમલ અંજામ આપી દો મરવા પછી અમલ નથી ફક્ત હિસાબ છે.

# હિકમત ૨૨

## હક્કે અહલેબૈત (અ.સ.)

⇨ અમારો એક હક છે, જો તે અમને આપવામાં આવશે તો અમે લઈ લેશું, નહિ તો અમે ઊંટ ઉપર બેસીને ચલાવી લઈશું, ભલે મુસાફરી લાંબી જ કેમ ન હોય.

(આ હદીસના જુદા જુદા અર્થ બયાન કરવામાં આવેલા છે.)

⇨ આ બયાનને ચાહે સકીફા વિશે બયાન કર્યું હોય કે ઉમરની ખિલાફત પછી ૬ માણસોની શુરા (કમિટી) વિશે બયાન થયું હોય.

⇨ તેમાંથી એક અર્થ એ છે કે જો અમોને અમારો હક આપશો તો લઈ લેશું, જો નહી આપો તો તે સવારના જેમ નહિ રહીએ કે જે ઊંટની રસ્સી બીજાના હાથમાં આપી દે અને તે જ્યાં લઈ જવા ચાહે ત્યાં લઈ જાય, અથવા તમે ભલે તકલીફ આપો, પરંતુ અમો

અમારા હકને તલબ કરતા રહેશું ભલે સમય લાંબોજ કેમ ન થઈ જાય, અને ક્યારે પણ હક ગસબ કરવાવાળાઓના સામે માથું નહિ જૂકાવીએ.

⇨ અલ્લાહના રસુલ પછી ઈમામ અલી (અ.સ.)ના હકને ગસબ કરવામાં આવ્યો, જ.ફાતેમા ઝહરા (સ.અ.)ના હકને ગસબ કરવામાં આવ્યો. પ્યારા નબી (સ.અ.વ.) સવા લાખના મજમામાં ઈમામ અલી અ.ને છેલ્લી હજથી પાછા ફરતી વખતે ગદીર નામની જગ્યા પર સાફ અને સ્પષ્ટ શબ્દોમાં ઈમામ અલી (અ.સ.)ને મૌલા અને ખલીફા બનાવ્યા હતા અને પ્યારા નબી (સ.અ.વ.)ની આંખ બંધ થતા જ બધું ભુલાવી દેવામાં આવ્યું. જ. ફાતેમા ઝહરા (સ.અ.)એ ઈમામ અલી (અ.સ.)ના હકને લેવા માટે એટલી હદ સુધી કોશિશો કરી કે ઝાલીમોના ઝુલ્મનાં શિકાર બન્યા અને છેલ્લે

ભર જવાનીમાં શહીદ થયા.

અલ્લાહ લાનત કરે જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના કાતિલો ઉપર.

# હિકમત ૨૩

## આમાલ અને હસબ નસબ

➪ જેને તેના આમાલ (કર્મ) પાછળ ધકેલી દે, તેને તેનો હસબ નસબ (સારા ખાનદાનનું હોવું) આગળ નથી વધારી શકતું.

➪ જેના કામો અને આદતો સારી નહિ હોય તેનું ભલે ઊંચું ખાનદાન હશે તો પણ તેને આગળ નહિ વધારી શકે, કુરાને મજીદમાં આના તરફ ઈશારો ફરમાવ્યો છે કે ‘‘બેશક અલ્લાહના નજીક તમારામાં સૌથી વધારે ઈઝ્ઝત દાર એ લોકો છે જે પરહેઝગાર (મુત્તકી) છે.’’ (સુ. હોજોરાત આ.૧૩) જેનો જેટલો સારો કિરદાર અને સારા ગુણ હશે તે મુજબ લોકોમાં પસંદીદા હશે, અને એવા લોકો પણ છે કે જેમનું ખાનદાન એટલું ઈઝ્ઝતવાળું નથી, પરંતુ મહેનત અને કોશિશ કરીને બુલંદ થયા છે, અને એવા લોકો પણ છે જેઓ ખાનદાની છે, પરંતુ આળસ તેમજ



અનુક્રમણિકા

www.hajinaji.com

પોતાની હોંશિયારી ન વાપરવાના લીધે અને મહેનત ન કરવાનાં કારણે એક દમ ઝલીલ થઇ ગયા છે.

⇨ જયારે સુર ફૂંકવામાં આવશે અને કયામતનું મૈદાન હશે ત્યારે ખાનદાન કયું છે તેના વિશે સવાલ નહી થાય.

⇨ હાં એ પણ સાચું છે કે ખાનદાનથી નામ ઊંચું રહે છે, પરંતુ સાથે મહેનત અને સારી આદતો બહુ જરૂરી છે જયારે શાદી માટે હદીસમાં છે કે સારા ખાનદાનમાં ઔલાદની શાદી કરવાનું બયાન થયું છે. સારૂ ખાનદાન એટલે સારા ગુણ, સારા અખ્લાક વાળું ખાનદાન, જો માણસમાં સારા ગુણ હશે તો ખાનદાનમાં અને સમાજમાં ઈઝ્ઝત હશે,

⇨ પાંચમા ઈમામ (અ.સ.)ના પાસે તેમના એક સાથી જેમનું નામ સઅદ બીન અબ્દુલ મલિક જે બની ઉમય્યાના ખાનદાનમાંથી

હતા, પરંતુ તેઓ બહુજ નેક તથા ઈમામના સહાબી હતા, ઈમામના પાસે આવીને રોવા લાગ્યા, ઈમામે રોવાનું કારણ પૂછ્યું, મૌલા શા માટે ન રોવું? હું તે ખાનદાનમાંથી છું જેને કુરાને મજીદમાં શજરએ મલઉના (લાનત વાળું ઝાડ) કહેવામાં આવ્યું છે, અરે તું તેમાંથી નથી ભલે તારૂ કુટુંબ બની ઉમય્યા હોય, બલ્કે તું તો અમારા અહલેબયત (અ.મુ.સ.)માંથી છો. શું તમે કુરાને મજીદની આ આયતને નથી જોઈ જે નબી ઈબ્રાહીમ અ.ના બયાનને ફરમાવે છે કે "જે મારા કહેવા મુજબ ચાલશે તે મારામાંથી છે."

⇨ ત્યારપછી સઅદ બીન અબ્દુલ મલિકને સઅદુલ ખૈર કહીને લોકો પુકારતા હતા. (બિહારૂલ અનવાર, ભા.૪૬, પે.૩૩૭)

⇨ જો કુટુંબ કબીલો ખરાબ હોય અને નેક અમલ હોય તો સઅદુલ ખૈરના જેમ અહલેબયત અ.ના નજીક થઈ જાય છે.

⇨ જ.સલમાને ફારસી ઈરાનના હતા, પરંતુ નબી (સ.અ.વ.) ફરમાવ્યું સલમાન અમો અહલેબયત (અ.મુ.સ.)થી છે.

⇨ જો પોતાના અંદર ખૂબીઓ સજાવશો તો અલ્લાહ નેકીઓના લીધે બુલંદ કરશે, સારા અખ્લાક સારી સિફતો પોતાના અંદર હશે ખુદ અલ્લાહ મહાન બનાવશે.

# હિકમત ૨૪

## ગુનાહોનો કફ્ફારો

⇨ કોઈ પરેશાન માણસની મદદ કરવી અને મુસીબતમાં સપડાએલા માણસને મુસીબતથી છુટકારો અપાવવો મોટા મોટા ગુનાહોનો કફ્ફારો છે.

⇨ જયારે કોઈ ગુનાહ થાય તો અસ્તગફેરૂલ્લાહ અને અલ્લાહ તૌબા કહીને એમ સમજીએ છીએ કે આપણા ગુનાહો માફ થઈ ગયા છે, બેશક અલ્લાહ મોટો મહેરબાન અને ગુનાહોને માફ કરનાર છે, ઈમામ અ. ગુનાહો માફ થવાના બીજા ઘણા બધા રસ્તાઓ હદીસોમાં બયાન ફરમાવેલ છે, જો કોઈ માણસ મુસીબતમાં ફસાએલો હોય તો તેમની મદદ કરવાથી પણ મોટા મોટા ગુનાહો માફ થઈ જાય છે, તેમજ ઝાલીમના ઝુલ્મથી છુટકારો અપાવવો, બીમારની મદદ કરવી, જરૂરતમંદની જરૂરત

પૂરી કરવી, મોહતાજની મોહતાજી દૂર કરવી, કરઝદારના કરઝને અદા કરવું અથવા કોઈ મઝલુમ કૈદીને છોડાવવું અથવા બીજી કોઈ પણ પ્રકારની મુસીબતને દૂર કરવાથી અલ્લાહ ગુનાહોને માફ કરે છે. એનો મતલબ કે લોકોની તકલીફો અને પરેશાનીઓ દૂર કરવાથી બંદો અલ્લાહની રહેમતનો હકદાર બને છે અને અલ્લાહ બંદાના ગુનાહો માફ ફરમાવે છે. અને બીજાઓની તકલીફો દૂર કરવા બદલ અલ્લાહ આપણી મુસીબતોને દૂર કરે છે

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની હદીસમાં બયાન ફરમાવે છે કે અગર કોઈ મોમીન ભાઈની મદદ કરે તો અલ્લાહ તેની તોતેર (૭૩) મુસીબતો અને પરેશાની દૂર કરે છે એક દુનિયામાં અને બોતેર (૭૨) કયામતમાં, જયારે કે બધા પોત પોતાની મુસીબતોની

વ્યાધિમાં હશે, (કાફી ભાગ ૨ પેજ ૯૯)

⇨ હદીસોમાં ગુનાહોના કફફારા રૂપે જે વસીલાઓ બયાન થયા છે જેના કારણોથી અલ્લાહ ગુનાહને માફ કરે છે તે ઘણી વસ્તુઓ છે, તેમાંથી અમુક વસ્તું આ મુજબ છે.

- ગરીબી
- બીમારી
- ઝાલિમનો ખૌફ
- માલનું નુકસાન
- ગમ
- ખૌફ અને ડર
- લાંબા સજદા
- હજ ઉમરા
- માઅસૂમીન (અ.મુ.સ.)ના કબરોની ઝિયારત કરવી ખાસ કરીને ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત.
- મોહમ્મદ અને આલે મોહમ્મદ

(અ.મુ.સ.) ઉપર સલવાત મોકલવી. (મીઝાનુલ હિકમત, ૬૬૬૧-૬૬૯૯)

⇨ ઈમામ અલી રઝા (અ.સ.) ફરમાવે છે કે જે પોતાના ગુનાહોનો કફફારો અદા ન કરી શકતો હોય તો તેના માટે જરૂરી છે કે મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.સ.) ઉપર દુરૂદ મોકલીને ગુનાહોના બોજને હલકો કરે. (બિહારૂલ અનવાર, ભા.૯૧, પે. ૪૭)

# હિકમત ૨૫
# અલ્લાહે આપેલ મોહલતથી ડરતા રહો

⇨ અય આદમ (અ.સ.)ના ફરઝંદ! જયારે તું જોવે કે ગુનાહો કરવા છતા પરવરદિગારની નેઅમતો મુસલસલ (સતત) મળતી રહે તો તેનાથી ડરતા રહો.

⇨ વારંવાર ગુનાહો કરવા છતા જો મુસલસલ નેઅમતો મળતી રહે તો એમ ન સમજવું જોઈએ કે અલ્લાહ ખુશ છે અને આ અલ્લાહ તરફથી ખાસ નેએમતો છે, બલ્કે ઘણી વખત ગુનાહ અને નાફરમાનીમાં નેઅમતો મળવી ઈમ્તેહાન પણ હોઈ શકે છે, આવી હાલતમાં ડરતા રહેવું જોઈએ કે ક્યારે અને કેવી રીતે અલ્લાહનો અઝાબ નાઝિલ થાય અને તેની બધી નેઅમતો છીનવી લેવામાં આવે અને તેને અઝાબમાં નાખી દેવામાં આવે.

⇨ ગુનેહગાર ત્રણ પ્રકારના છે :

૧) જેમના ગુનાહ ઓછા અને નેક આમાલ વધારે, આવા માણસને ખુદા આ દુનિયામાં મુસીબતો આપીને પાક કરી દે છે જેથી આ દુનિયાથી જાય ત્યારે ગુનાહોથી પાક થઈને જાય.

૨) જેમના ગુનાહ વધારે હોય અને તેના લીધે અઝાબનો હકદાર થઈ ગયો છે ખુદા તૌબા કરવાનો હુકમ પણ આપેલો છે જો તેવો માણસ તૌબા કર્યા વગર મરી જાય તો આખેરતમાં સઝા ભોગવવી પડશે.

૩) જેના ગુનાહ એક દમ વધારે હોય અને તે ખુલ્લમ ખુલ્લા ખુદાની નાફરમાની કરી હોય તેને આ દુનિયામાં લાંબા સમય સુધી આહિસ્તા આહિસ્તા અઝાબ ચખાડે છે, આહિસ્તા આહિસ્તા અઝાબ એટલે ખુદા તેની મહેરબાનીને તેનાથી દૂર કરી દે છે અને તૌફીક તેના પાસેથી છીનવી લે છે, તેના

માટે બધા જ દરવાઝા ખુલ્લા કરે છે અને એક દમ તેની નેઅમતોમાં વધારો કરે છે જેથી તેના ગુનાહોનો બોજ વધતો જાય, અને અચાનક સખ્ત અઝાબ આવી પડે છે અને તેની હાલત ખરાબ થઈ જાય છે, જે માણસ નેએમતોમાં મોટો થયો હોય અને તેની નેઅમતો અચાનક ખતમ થઈ જાય તેના માટે સહન કરવું ઘણું મુશ્કિલ થઈ જાય છે,

⇨ સુ. અનઆમ ૪૪માં આવા અઝાબ તરફ ઈશારો ફરમાવ્યો છે, જે દરેક પ્રકારની ખુશીમાં રહેલો માણસ હોય અને અચાનક તેના પાસેથી બધી નેએમતો છીની લેવામાં આવે છે. તેના માટે આનાથી વધીને બીજી કંઈ મુસીબત હોય શકે!

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે જયારે અલ્લાહ કોઈ બંદાની ભલાઈ ચાહે છે ત્યારે જેવો તે ગુનાહ કરે તરત જ

તેને સઝા આપે છે જેથી તે તૌબા કરે, અને જયારે અલ્લાહ કોઈ બંદાને નથી ચાહતો તો તેને નેઅમતો આપે છે જેથી તેમાં જ લાગેલો રહે અને તૌબા કરવાનું ભૂલી જાય.

⇨ કુરાને મજીદમાં આ રીતે બયાન ફરમાવ્યું છે કે "અમે આહિસ્તા આહિસ્તા અઝાબ તરફ લઈ જશું જ્યાં તેમને ખબર પણ નહી હોય." (કાફી, ભા.૨, પે.૪૫૨)

કોશિશ કરવી જોઈએ કે ગુનાહ બિલકુલ ન થાય અને જો થઈ જાય તો તરત જ માફી માંગે અલ્લાહ માફ કરનાર અને મોટો મહેરબાન છે.

⇨ માઅસુમીન (અ.મુ.સ.) ગુનેહગાર ન હતા તે છતાં દરરોજ કમસે કમ ૭૦ વખત ઈસ્તેગફાર કરતા હતા. આપણે માઅસૂમ નથી તો કેટલી વખત ઈસ્તેગફાર કરવા જોઈએ?

બસ એટલું સમજી લેવું જોઈએ કે

ગુનાહોના કફ્ફારારૂપે જો પૂરી જિંદગી પણ સજદામાં ઈસ્તેગફાર કરતા પૂરી થઈ જાય તો પણ ઓછું છે.

# હિકમત ૨૬

## દિલની વાત ઝબાન પર

⇨ ઈન્સાન જે વાતને દિલમાં છુપાવવા માંગે છે તે તેની જીભ ઉપર અચાનક આવી જાય છે અને ચેહરાના હાવભાવથી ઝાહેર થઈ જાય છે.

⇨ ઈમામ આ હિકમતમાં તે લોકો વિશે બયાન ફરમાવે છે જેઓ દિલમાં કંઈક અને ઝબાન પર કંઈક, એટલે મુનાફીક જેવી હાલત હોય છે, પરંતુ જે વાત દિલમાં હોય ક્યારેક અચાનક ઝબાન પર આવી જાય છે જેનાથી સચ્ચાઈ સામે આવી જાય છે અને ખોટું બોલવાના લીધે માણસને શરમાવવું પડે છે, તેનો અસર સાફ ચહેરા પર દેખાય આવે છે.

⇨ સૂરએ મોહંમદ આયત ૨૯માં ખુદા ફરમાવે છે કે “શું જેમના દિલમાં બીમારી (નિફાક) છે એમ સમજે છે કે જે કિનો તેઓ

દિલોમાં છુપાવેલો છે એમને અલ્લાહ જાહેર નહી કરે?''

આ નાનકડા વાક્યમાં બતાવી દેવામાં આવ્યુ છે કે મુનાફીક ભલે ગમે તેમ દિલોમાં છે તેને છુપાવવાની કોશિશ કરે, પરંતુ એકને એક દિવસ જાહેર થઇ જશે.

આજે પણ ઘણા ચહેરો જોઈને લોકોના જૂઠને ઓળખી લે છે.

# હિકમત ૨૭

# બીમારીમાં હિંમત

⇨ બીમારીમાં જ્યાં સુધી હિંમત હોય હરતા ફરતા રહો.

મતલબ કે જ્યાં સુધી બીમારી વધી ન જાય ત્યાં સુધી તેને અહેમિયત ન આપવી જોઈએ, આજના ટેક્નોલોજીના ઝમાનામાં સાબિત થયું છે કે ઈન્સાનના અંદર બીમારીથી લડવાની તાકત અલ્લાહે રાખી છે જેના લીધે દવાની જરૂરત ન પણ પડે, અને જો શરીરમાં બીમારીથી લડવાની તાકત ન રહે તો દવાના ઉપયોગથી બીમારી દૂર કરે.

⇨ બીજી વસ્તું કે જો માણસ થોડી એવી બીમારીથી હાર માની લે અને બિસ્તર પર પડ્યો રહે તો બીમારી એને પકડી લે છે અને પછી તેની ખરાબ અસર તેના ઉપર પડે છે, અને જો તેને અહેમિયત ન દેવામાં

આવે અને હરતા ફરતા રહે તો તે બીમારી જલ્દીથી દૂર થઈ જાય છે,

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે જ્યાં સુધી ફરી શકતા હોય ત્યાર સુધી બીમારીના લીધે બિસ્તર ન પકડી લેવું જોઈએ. (બિહારૂલ અનવાર, ભા.૭૮, પે.૨૦૪)

⇨ એટલે પોતાના મનને પણ સમજાવતા રહેવું જોઈએ અને હિમ્મત રાખવી જોઈએ.

⇨ આજના ઝમાનામાં બધા જાણે છે કે દવા ફાયદાના સાથે બીજા અનેક નુકસાન પણ થાય છે, આ બાબતે ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ફરમાવે છે કે એવી કોઈ દવા નથી જે દર્દને વધારતી ન હોય, અને બીમારીમાં શરીર માટે પરહેઝીથી વધારે બીજી કોઈ વસ્તુ લાભદાયક નથી. (બિહારૂલ અનવાર, ભા.૫૯, પે.૬૮)

⇨ બીજી હદીસમાં ઈમામ કાઝીમ (અ.સ.)

ફરમાવે છે કે ''બીમારી સહન કરી શકાય ત્યાં સુધી ડોક્ટર પાસે જવાથી પરહેઝ કરો.'' (બિહારૂલ અનવાર, ભા.૫૯, પે.૬૩)

ઉપર બયાનનો મકસદ એ નથી કે ઈલાજ ન કરાવવો યા ડોક્ટર પાસે ન જવું, બલ્કે નાની એવી બીમારીમાં ડોક્ટર અને દવાખાના કરવા લાગે છે તેમને રોકવામાં આવ્યા છે અને દવા માટે ઉતાવળની મનાઈ કરેલી છે.

# હિકમત ૨૮
# સાચો ઝોહદ

⇨ દુનિયાની મોહબ્બતથી દિલ ન લગાડવું બહેતરીન ઝોહદ છે.

⇨ ઈસ્લામમાં ઝોહદ (દુનિયાથી દિલ ન લગાવવા)ની ઘણી ફઝીલત બયાન થઈ છે અને ઝાહીદનો મોટો મરતબો છે, કેમ કે તે અલ્લાહથી નજીક અને દુનિયાદારીથી દૂર હોય છે

⇨ ઝાહીદનો મતલબ હરગિઝ એ નથી કે તે જાહેરમાં રિયાકારી (દેખાવ) કરે, એટલે તે પોતાને ગરીબ જેવો દેખાડે, કપડાં એક દમ મામૂલી પ્રકારના પહેરે, જમવાનું એક દમ સાદું જમે, જેથી લોકો તેને જોઈને કહેવા લાગે કે બહુજ અલ્લાહવાળો માણસ છે, લોકો તેના આવા કાર્યથી મોટો ઝાહીદ અને અલ્લાહવાળો સમજે, હકીકતમાં આવા લોકો

ઝાહીદ નથી, પરંતુ સાચા અર્થમાં ઝાહીદ એ છે કે જે દુનિયાથી દિલ ન લગાવે અને તેનો અસીર ન બને, ઈમામ અલી (અ.સ.) ઝાહીદ વિશે કુરાને મજીદની આ આયત બયાન ફરમાવી “જે ચાલ્યું ગયું તેના પર અફસોસ ન કરો, અને જે છે તેનાથી ખુશ ન થાવ” (સુ. હદીદ, આ. ૨૩) આ બે શબ્દોમાં ઈમામે ઝોહદને સમજાવી દીધું.

⇨ ઝાહીદ જાહેરમાં લોકોના જેમ જ જિંદગી ગુજારતો હોય છે, પરંતુ તેનું દિલ દુનિયાદારીમાં લાગેલું નથી રહેતું.

⇨ ઝાહીદ એ પણ નથી કે જે દુનિયા મેળવવાં કોશિશ કરી અને દુનિયા હાથમાં ન આવી તો મસ્જિદ યા કોઈ દરગાહ પકડીને બાબા બની ગયા, આવું એટલા માટે કરતા હોય છે કે જાહીલ આવા લોકોને ઉચ્ચ મકામ પર પોતાની જેહાલતના હિસાબે અને અંધશ્રધ્ધાના લીધે બેસાડી દેતા હોય છે અને

બેસવા વાળાને પણ આરામની આવક ચાલુ થઇ જાય છે,

પરંતુ સાચા ઝાહીદ એ છે કે જેમના પાસે દુનિયા સામેથી આવી જાય તો પણ દુનિયાને ઠુકરાવી દે છે, અને ઓછી નેઅમતોમાં જીવવું પસંદ કરે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) ખુત્બા નંબર ૩૨માં ખોટા ઝાહીદો તરફ ઈશારો ફરમાવે છે અમુક લોકો એવા છે કે તેમની કમઝોર હિંમતે બુલંદ દરજ્જા સુધી ન પહોંચવા દીધા (એમના પાસે લાયકાત ન હતી) ચારો તરફથી જોયું કે દુનિયા તેમને નહી મળે તો પોતાને સંતોષી હોવાનો અને ઝાહીદો જેવા લિબાસ પહેરીને ડોળ કરવા લાગ્યા જયારે કે તેઓ ન તો રાત્રે કે ન તો દિવસે ક્યારે પણ સાચા ઝાહીદોના રસ્તા ઉપર હતા.

⇨ ટૂંકમાં જાણીએ કે સાચા ઝાહીદ આજની દુનિયામાં ઘણા ઓછા છે અને

જે દુનિયાથી દિલ લગાવે તે કોઈ દિવસ ઝાહીદ નથી હોઈ શકતો.

# હિકમત ૨૯

## મૌતથી મુલાકાત

⇨ શું તુંએ મૌતથી પીઠ ફેરવી લીધી છે ? એવી હાલતમાં કે મૌત તારી સામે આવી રહી છે! તેની મુલાકાત માટે તૈયાર થઈ જાવ.

⇨ ઈન્સાનનો જ્યારથી જન્મ થાય છે ત્યારથી જિંદગીની એક એક ઘડી ઓછી થઈ રહી છે, દરેક શ્વાસ જિંદગીને ટૂંકી કરી રહ્યો છે, અને ઝીંદગીની મૂડી ઓછી થઈ રહી છે, જયારે તેની નક્કી કરેલી મુદ્દત પૂરી થઈ જશે ત્યારે એક પલ માટે કોઈ રોકી નહિ શકે, અને છેલ્લે તે મૌતને ભેટી પડશે.

⇨ ભલે આપણે ગાફેલ હોઈએ, પરંતુ મૌત જે કારણોથી આવે છે તે તમામ કારણ કામ કરી રહ્યા છે, તે અચાનક બનાવ હોય જેમ કે ધરતી કંપ, તોફાન, વાવાજોડું, વગેરે... યા બીમારી, ઉંમર વીતવા સાથે કમઝોરી, વગેરે... તો માણસને યાદ રાખવું જોઈએ કે

તેના પાછળ કોઈ ન કોઈ રીતે મૌત દોડી રહી છે, અને એક સમય એવો આવશે કે એક બીજા ભેટી પડશે અને ઈન્સાનની જિંદગી પુરી થઈ જશે.

⇨ ઈમામ અલી (અ.સ.) નહજુલ બલાગાહમાં પત્ર ૨૭માં ફરમાવે છે કે "તમારા પાછળ મૌત લાગેલી છે જો ઉભા રહેશો તો તમને પકડી લેશે અને ફરાર કરશો તો પણ એકને એક દિવસ તમારા સુધી પહોંચી જશે, મૌત પરછાયાના જેમ તમારા સાથે જ છે, અને તમારા કપાળના વાળથી ચોટેલી છે, અને દુનિયાએ તમને ઘેરી લીધેલ છે, મતલબ કે હવે તમારી જિંદગી ખતમ થવા પર છે."

આ બધી વસ્તુઓથી ખબર પડે છે કે દુનિયા હંમેશા માટે નથી, તેથી ગફલતથી કામ ન લેવું જોઈએ, અને આખેરત હંમેશા માટે છે તો તેના માટે ભાતું તૈયાર કરવું જોઈએ.

# હિકમત ૩૦

## સાવધાન

⇨ સાવધાન! સાવધાન થઈ જાવ! ખુદાની કસમ, અમુક વખતે એટલી હદ સુધી તમારા ગુનાહોને છુપાવે છે કે તમે એમ સમજી લ્યો છો કે "અલ્લાહે તમને માફ કરી દીધા છે."

⇨ અલ્લાહની એક સિફત સત્તારૂલ ઓયુબ એટલે ભૂલોને છુપાવનાર, અલ્લાહ એટલો મહેરબાન છે કે તે બંદાઓના ગુનાહોને છુપાવે છે.

⇨ ઈમામે આ હદીસમાં એ વાત તરફ ઈશારો કરેલ છે કે ખુદા ગુનાહોને છુપાવે છે જેથી બંદાની આબરૂ દોસ્ત અને સગાંવહાલાં સામે ખતમ ન થઈ જાય, ખુદાનું જલ્દી સઝા ન આપવી તે મોહલત છે કે શાયદ બંદો તૌબા કરે અને ગુનાહોની માફી માંગે, પરંતુ ઘણા લોકો ખુદાની અપાર રહેમત અને મોહલતનો દુરૂપયોગ કરે છે, ગુનાહોની

માફી માંગવાની જગ્યા એમ સમજવા લાગે છે કે હું તો ગુનાહ કર્યા જ નથી અથવા ગુનાહ તો કર્યા છે, પરંતુ માફી માગ્યા વગર ખુદાએ માફ કરી દીધો છે.

⇨ ઈન્સાનને ત્યારે વધારે ચેતીને રહેવું જોઈએ અને ડરવું જોઈએ જયારે ગુનાહોની સઝા ન મળે, બલ્કે કુદરત તરફથી સઝા આવે તેના પહેલાં ઈન્સાનને પસ્તાવો કરવો જોઈએ, ગફલતમાં ન રહેવું જોઈએ.

# હિકમત ૩૧-૧
# ઈમાન

⇨ હઝરત અલી (અ.સ.)થી ઈમાન વિશે સવાલ પૂછવામાં આવ્યો (સવાલ પૂછનાર કોણ હતું તેના વિશે મતભેદ છે વધારે કરીને જ. અમ્મારે યાસીર સવાલ પૂછ્યા હતા.) તો આપે જવાબમાં ઈમાન વિશે તફસીલથી ફરમાવ્યુંઃ ઈમાનના ચાર સ્તંભ છે.

(૧) સબ્ર, (૨) યકીન, (૩) અદલ અને (૪) જેહાદ.

આ ચારે અખ્લાક વિશેની પાયાની વસ્તુ છે. જેના લીધે અખ્લાક મુકમ્મલ થાય છે.

⇨ આ બયાનમાં ઈમામે ઈમાન વિશે જેટલી તફસીલથી બયાન ફરમાવી છે તેવી બીજા કોઈ બયાનમાં નથી.

⇨ ઈમાનમાં અકીદા, અમલ અને રહેણી કરણીને પણ શામીલ કરેલ છે, તેમજ આ

હદીસમાં ઈમાનના અનુંસંધાનમાં કુલ સોળ પાયાની વસ્તું બયાન ફરમાવી છે, અગર કોઈ યકીન સાથે આ સોળ વસ્તુઓ પોતાની જિંદગીમાં ઉતારે તો તેનું ઈમાન બુલંદ દરજજાનું થઈ જશે, જે દુનિયામાં અમનો અમાન, અદલો ઈન્સાફને કાયમ કરશે અને ખુદાના નજીક બુલંદ મરતબા સુધી પહોંચશે.

(૧) સબ્રના ચાર ભાગ.

(A) શોખ :– જેને જન્નતમાં જવાનો શોખ છે તેના માટે જરૂરી છે કે પોતાને શહેવત, વાસના ખોટી ઈચ્છાઓથી દૂર રાખે.

(B) ડરઃ જે જહન્નમથી ડરે છે તે હરામથી દૂર રાખે.

(C) દુનિયાથી દૂરીઃ જે દુનિયાથી દુરી ઈખ્તેયાર કરશે તે મુસીબતોને આસાન સમજશે.

(D) મૌતનો ઈન્તેઝારઃ જે મૌતનો ઈન્તેઝાર કરશે તે નેક કામોમાં ઉતાવળ કરશે.

(ઘડપણમાં યા મુસીબત વખતે અમુક લોકો મૌતનો ઈન્તેઝાર કરતા હોય છે તો તેમના માટે મૌતનો ઈન્તેઝાર સાચા અર્થમાં ત્યારે કહેવાશે કે જે જિંદગી બાકી છે તેને નેકીઓમાં ગુજારે, જેથી આમાલ નામું નેકીઓથી ભારે થઈ જાય.)

(૨) યકીનના ચાર ભાગ

જયારે આ ચાર વસ્તું હશે તો યકીન મુકમ્મલ ગણાશે.

(A) સાચી સમજણ: જે ઈલ્મ અને જાણકારી મેળવશે તેના સામે ઈલ્મ અને અમલના રસ્તા ખુલતા જશે અને સાચી સમજણ આવી જશે.

(B) હકીક્ત સુધી પહોંચવું: જેના પાસે સાચી સમજણ હશે તે હકીક્ત સુધી પહોચશે.

(C) ઈબ્રત હાંસિલ કરવી: જે હકીક્ત સુધી પહોંચશે તે ઈબ્રત હાંસિલ કરશે.

(D) અગાઉ જીવન વીતાવેલ લોકોની

રીતભાતઃ જે ઈબ્રતથી સબક લેશે તે એવો છે કે જાણે આગલા લોકો સાથે રહ્યો હોય.

(જયારે આ ચાર વસ્તું આવી જાય ત્યારે સાચું યકીન હાંસિલ થાય છે)

(૩) અદલ અને ઈન્સાફના ચાર ભાગ

(જે ઈન્સાફ કરે તેના માટે પુરે પૂરી રીતે ફેંસલો કરવાની કાબેલિયત (લાયકાત) હોવી જોઈએ, ઈમામ અલી અ.સ.એ જ.માલિકે અશતરને ખાસ ભલામણ કરી હતી કે જે બુલંદ અને મહાન હોય તેવા માણસને ફેંસલા કરવા માટે નક્કી કરજો.)

ઈન્સાફ માટે આ ચાર ભાગને હોવું જરૂરી છે.

(A) મૂળ (હકીકત) સુધી પહોંચાડે તેવી ફિકરઃ તો જેઓ વિચાર કરશે તે હકીકતની જાણકારી સુધી પહોંચી જશે.

(B) ઉંડી જાણકારીઃ જેના પાસે હકીકત મુજબ ઉંડી જાણકારી હોય.

(C) સારી સમજણ શક્તિઃ જે મામલાને સારી રીતે સમજીને શરીઅત મુજબ ફેંસલો આપે.

(D) સહન શક્તિઃ જે સહાનુભૂતિ અને સહનશક્તિથી કામ લેતો હોય નાદાનોનું અયોગ્ય વર્તન તેના ઈન્સાફ કરવામાં રૂકાવટ ન બને આવા જ ઈન્સાન અને લોકો દરમિયાન નેક નામીની જિંદગી વિતાવે છે.

(૪) જેહાદના ચાર ભાગ

⇨ ઈમામ (અ.સ.)એ ફક્ત જંગમાં જઈને દુશ્મને ઈસ્લામની સામે ઈસ્લામના બચાવ માટે લડાઈ કરવાને જ જેહાદ નથી કીધું, પરંતુ તેનો વિશાળ અર્થ બયાન ફરમાવ્યો છે, (કોશિશ કરવી) ક્યારેક દિલથી જેહાદ, ક્યારેક ઝબાનથી તો ક્યારેક હથિયારથી મેદાને જંગમાં, આ તમામ વસ્તું જેહાદ શબ્દમાં શામીલ થઈ ગઈ છે.

(A) ભલાઈની દાવત આપવીઃ જેને નેકીની

દાવત આપી તેને મોમીનની પીઠ મજબૂત કરી.

(B) બુરાઈથી રોકવું: જેને બુરાઈથી રોક્યો તેને કાફીરોને ઝલીલ કર્યો.

(C) તમામ જગ્યા સાચું બોલવું: જે દરેક સંજોગોમાં સાચું બોલ્યો તેને પોતાની ફરજ અદા કરી.

(D) બુરાઈથી નફરત કરવી: અને જે ફાસીકોને ખરાબ સમજે અને અલ્લાહ ખાતર તેઓ ઉપર ગઝબ કરશે તો અલ્લાહ પણ તેના ખાતર બીજાઓ ઉપર ગઝબ કરશે, તેમજ અલ્લાહ કયામતના દિવસે તેની ખુશી માટે સગવડો કરશે.

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે "નેકીનો હુકમ કરવો અલ્લાહના બંદાઓમાં મોટી નેકી છે." (ગરરૂલ હકમ હદીસ નં. ૭૬૩૨)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.)થી

રિવાયત છે કે ખુદા તરફથી બે ફરિશ્તાઓને એક શહેર ઉપર અઝાબના લીધે ઉંધુ કરવા મોકલ્યા, ફરિશ્તાઓ એ જોયું કે એક બુઝુર્ગ ખુદાની બારગાહમાં રડી રડીને દુઆઓ કરે છે એક ફરિશ્તો બીજાને કહે છે કે આ બુઝુર્ગ દુઆ કરે છે તો આપણે અઝાબ ન કરીએ, બીજા એ કહ્યું કે ચાલો ખુદાની બારગાહમાં પૂછીએ, ખુદા એ ફરીથી કહ્યું કે જાવ અને વસ્તીને ઊંધી કરી દો, પૂછ્યું કે અય અલ્લાહ! બધાના સાથે આ બુઝુર્ગ ઉપર અઝાબ શા માટે? આ તો નેક માણસ છે, અલ્લાહે ફરમાવ્યું કે આ માણસ જયારે બીજાઓને ગુનાહોમાં જોવે છે તો તેમના ગુનાહોના લીધે તેમનાથી નારાઝ નથી થતો. (કાફી, ભા.૫, પે.૫૮)

⇨ એટલે જો પોતે નેક હોય, પરંતુ બીજાઓને નેક રસ્તા ઉપર ન લાવીએ અથવા બીજાઓના ગુનાહો કરવાના કારણે

તેઓથી નારાજ ન થાય તો અલ્લાહના અઝાબના હકદાર બની શકે છે.

# હિકમત ૩૧- ૨

## કુફ્રના ચાર સ્તંભ

➪ કુફ્ર આ ચાર સ્તંભ ઉપર કાયમ છે.

જો આ ચાર વસ્તું આવી ગઈ તો તે માણસ હક સુધી નથી પહોંચી શકતો.

(૧) હદથી વધારે ચિંતન-મનન કરવું:

જે અયોગ્ય બાબતમાં હદથી વધારે તપાસ કરે છે તે હક સુધી નથી પહોંચી શકતો. (જે ખુદાની ઝાતમાં વિચાર કરે તો તે હદથી વધી ગયો ગણાશે, રિવાયતમાં છે કે ખુદાની ઝાતમાં બહેસ ન કરો, બલ્કે ખુદાની સિફત અને તેની મખ્લુક ઉપર વિચાર કરો.)

(૨) વાદ વિવાદ કરવો:

જે જેહાલતના લીધે અવાર નવાર વાદ વિવાદ કરતો હોય તે હકથી દૂર થઈ જાય છે. -હકને સમજી શકતો નથી- જેમ જેમ વાદ વિવાદમાં આગળ વધે તેમ પોતાની બાતિલ વાતને હક સમજવા લાગે છે.

(૩) હકથી ફરી જવું અને મનની ઈચ્છા મુજબ અમલ કરવોઃ

જે હકથી મોઢું ફેરવી લે તે નેકીને બુરાઈ અને બુરાઈને નેકી સમજી લે છે અને ગુમરાહીના નશામાં બેહોશ પડ્યો રહે છે.

(૪) હક સાથે દુશ્મની કરવીઃ

જે હક સાથે દુશ્મની કરે છે તેના માટે હક તરફ જવાનો રસ્તો એક ડરામણો અને મુસીબતોથી ભરેલા રસ્તા જેવો હોય છે કારણકે તેની હઠધર્મી તેના હક તરફ જવાનો રસ્તો બંધ કરી દે છે.

⇨ શકના ચાર ભાગ છે જેમાં આ ચાર વસ્તું આવી ગઈ તે શકના અંધારામાં ડૂબતો રહે છે.

(૧) ખોટી જીદ

જે ખોટી બહેસ અને વાતચીતમાં સમય વેડફે તેના શકના અંધારાને દિવસનું અજવાળું પણ યકીન નથી અપાવી શકતું.

(૨) ખૌફ (જેને રિસર્ચ કરવામાં ડર લાગે તે શકથી નથી નીકળી શકતો.)

જેને સામેની વસ્તુઓ ડરાવી દે તે મક્સદ સુધી નથી પહોંચી શકતો,

(૩) વારંવાર બદલવું (વસવસા કરવા)

જે વારંવાર પોતાના ફેંસલાને શકની બીના પર બદલે તેને શયતાન કચડી નાંખે છે આવો માણસ પૂરી જિંદગી ગુમરાહીથી બહાર નથી નીકળી શકતો.

(૪) બાતિલ સામે માથું જુકાવું (બાતિલના શક અને શુબહા સામે ચૂપ ચાપ માથું જુકાવી લે તેના મુકાબલા માટે ન ઉભો થાય તે હલાક થઈ જાય છે.)

જેના લીધે દુનિયા અને આખેરતમાં હલાક થવાઈ છે. જો તેના સામે માથું જુકાવી લીધું તો બંને જગ્યાએ હલાક થાય છે.

ઈન્સાન અને જિન્નાતમાં એવા લોકો હોય છે જેઓ અકીદા અને દીનના પાયા

ઉપર એવી રીતે હમલો કરે છે કે જે દીનને વધારે ન જાણતો હોય તેના દિલમાં શક અને શુબહ આવી જતો હોય છે, સૌની જવાબદારી છે કે પોતાના અકીદાને દલીલ અને ઈલ્મથી એવા મજબૂત કરે કે બીજાઓના બહેકાવવામાં ન આવે.

આ હદીસ બહુજ લાંબી હોવાથી સય્યદ રઝી ર.અ. આટલું બયાન કરીને સંતોષ માન્યો છે.

# હિકમત ૩૨

## નેકી કરનાર નેકીથી બહેતર છે.

⇨ નેકી કરનાર તેની નેકીથી બહેતર છે, બુરાઈ કરનાર તેની બુરાઈથી (બદતર) ખરાબ છે.

⇨ કેવી રીતે નેકી કરનાર તેની નેકીથી બહેતર યા બદી કરનાર તેની બુરાઈથી બદતર હોય શકે?

જે માણસ જે કઈ કરી રહ્યો છે સતત તે કામ કરવાને લીધે તે સિફત આદતમાં આવી ગઈ હોય છે જો તે નેકી કરનાર હોય છે તો નેકી જ કર્યા કરે છે, જો તેમાં બુરાઈ કરવાની સિફત હોય તો તે બુરાઈ જ કર્યા કરે છે.

દા.ત. જો કોઈમાં યતીમને મદદ કરવાની સિફત હોય તો તેમાં આ નેકીની સિફત હોવાના લીધે આ પ્રકારના હજારો નેક કામ અંજામ આપશે. જ્યાં આવા નેક કામ દેખાશે ત્યાં તરતજ અંજામ આપવા

દોડશે, એજ મુજબ જે માણસમાં બુરાઈ કરવાની આદત હશે તે તેના તરફ જલ્દી કરશે.

⇨ બીજી દલીલ કે શા માટે નેકી કરનાર નેકીથી બહેતર છે તો જે નેકી કરતો હોય ઘણી વખત તેને ઉમ્મીદ હોય કે તેનાથી બહેતર કરૂં, પરંતુ તેના પાસે સગવડો ન હોવાના કારણે તે નેકી નથી કરી શકતો, તેની નિય્યત નેકી કરવાની છે છતાંપણ નેકી અંજામ નથી આપી શકતો અને નેકી ન કરવા બદલ અફસોસ કરે છે, એ પ્રમાણે બુરાઈ કરનારને હજુ વધારે ખરાબી કરવી હતી છતાંપણ સગવડો ન હોવાના લીધે ન કરી શક્યો.

⇨ આ વિશે ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે ''મોમીનની નિય્યત તેના અમલથી બહેતર છે, કેમ કે નેકી કરવાની નિય્યત દિલમાં છે છતાંપણ તેને કરવાની

તાકત તેના પાસે નથી, કાફીરની નિય્યત તેના અમલથી બદતર છે કેમ કે બુરાઈ કરવાની નિય્યત છે છતાંપણ તેને કરવાની તાકત તેના પાસે નથી.'' (બિહારૂલ અનવાર, ભા.૬૭, પે.૧૯૦)

બેશક અલ્લાહ મોટો મહેરબાન છે જે નેક નિય્યતનો સવાબ આપે છે, હંમેશા નેક કામ કરતા રહેવું અને નેક કામ કરવાની તાક્ત ન હોય તો નિય્યત કરે, ખુદા અજર આપે છે.

# હિકમત ૩૩

## સખાવત અને ફુઝુલ ખર્ચ

⇨ સખી બનો ઈસરાફ ન કરો, દરમિયાની રહો અને કંજૂસ ન બનો.

⇨ આ હદીસમાં ઈમામે કહ્યું ન ઈસરાફ કરો, ન કંજૂસ બનો, બલ્કે સખી માણસ બનો.

⇨ કુરાને મજીદ સુ.ઈસરા આયત ૨૭માં બયાન છે ''કે ઈસરાફ કરનાર શાયતાનના ભાઈ છે.''

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) એક સારી મિસાલ આપી ઈસરાફ અને કંજૂસાઈને સમજાવે છે, ''ઈમામે માટીને મુઠ્ઠીમાં લીધી અને મુઠ્ઠીને જોરથી દબાવી અને ફરમાવ્યું કે આને કંજૂસાઈ કહેવાય જેના વિશે ખુદા બયાન ફરમાવ્યું છે, પછી બીજી મુઠ્ઠી ભરી અને હાથને ખુલ્લો મૂકી દીધો જેથી બધી જ માટી પડી ગઈ, પછી ફરમાવ્યું કે આને

ઈસરાફ કહેવાય, ત્યાર પછી ફરીથી મુઠ્ઠી ભરી અને એ રીતે રાખી કે થોડી મુઠ્ઠીમાં રહી અને થોડીક માટી આંગળીયોના વચમાંથીનીકળી ગઈ, પછી ફરમાવ્યું કે આને 'કવામ' એટલે દરમિયાની કહેવાય કે જે કુરાને મજીદમાં બયાન થયું છે. (કાફી ભાગ ૪ પેજ ૫૪)

⇨ કુરાને મજીદની આયતો અને હદીસોથી ખબર પડે છે કે એ રીતે ઈન્ફાક કરો કે તમારા પાસે થોડું ઘણું રહે, એટલું આપી ન દો કે બિલકુલ મોહતાજ થઈ જાવ.

આ વિશે સૂરએ અસરા આયત ૨૯ નબી (સ.અ.વ.) ઉપર નાઝિલ થઈ જયારે નબી (સ.અ.વ.) પાસે ફક્ત એક જ લિબાસ હતો અને તે એક મંગનારને આપી દીધો અને નમાઝનો સમય થયો તો પ્યારા નબી (સ.અ.વ.) બીજા કપડાં ન હોવાના લીધે નમાઝ માટે ન પહોંચી શક્યા તે ઝમાનાના

મુનાફીકોને બોલવાનો મોકો મળ્યો અને જાત જાતની વાતો કરવા લાગ્યા સુતા હશે અથવા બેકાર કામોમાં મશગુલ હશે વગેરે... પરંતુ જયારે તેઓને હકીકત ખબર પડી ત્યારે શરમિંદા થયા.

⇨ આયત આવી કે “ન તો તમારા હાથ ગરદનથી બાંધી દો (કંજૂસાઈ) અને ન તો એક દમ છુટ્ટા મૂકી દો (ઈસરાફ), નહી તો તમને લોકો મલામત કરશે અને મોહતાજ થઈ જશો.”

અને એટલી પણ કંજૂસાઈ ન કરો કે પોતાના માલમાંથી કાંઈ ખર્ચ ન કરો અને ફક્ત ભેગું કરતા રહો,

⇨ ઈસ્લામ એવો સારો મઝહબ છે કે તમે પોતાનો ખયાલ રાખો અને સાથે બીજાઓનો પણ ખયાલ રાખો. પોતે જીવો અને બીજાની પણ મદદ કરો.

# હિકમત ૩૪
# સાચો માલદાર

⇨ મોટી તવંગરી (માલદારી) ઈચ્છાઓને તર્ક કરવું છે.

⇨ ઈમામના નુરાની શબ્દોમાં એ બયાન થઇ રહ્યું છે કે જ્યાં લાંબી લાંબી ઈચ્છા અને તમન્નાઓ હશે ત્યાં માણસ બીજાઓનો મોહતાજ બનશે, તેને બીજાઓની જરૂરત રહેશે, પછી તે શરીફ હોય કે ઝલીલ, નેક હોય કે બદ, બધાયના સામે પોતાની ઈચ્છા અને તમન્ના પૂરી કરવા માટે માથું જુકાવવું પડશે અને હાથ લંબાવવા પડશે, આવી માલદારી જેના લીધે જુકવું પડે એના કરતા બહેતર છે કે માણસ ઈચ્છાઓને ઓછી કરે, લાંબી આશાઓને ખતમ કરે, પરંતુ યાદ રહે કે આશા અને ઈચ્છા બે પ્રકારની છે.

⇨ એક શરીઅત અને અક્કલ મુજબ, આવી ઈચ્છા અને આશા રાખવાની

શરીઅત રજા આપે છે.

⇨ બીજી નકામી અને અર્થ વગરની ઈચ્છા જેના માટે આ હદીસમાં મૌલા બયાન ફરમાવે છે કે તર્ક કરવી જોઈએ.

⇨ ‘‘ઈમામ અલી (અ.સ.) હિકમત ૩૭૧માં આ વાત તરફ ઈશારો ફરમાવે છેઃ કે કોઈ ખઝાનો સંતોષથી વધારે નથી.‘‘ જ્યાં સંતોષ હશે ત્યાં લાંબી લાંબી તમન્નાઓ અને ઈચ્છાઓ નહી હોય.

⇨ ઈમામ હાદી અલીયુન નકી (અ.સ.)થી રિવાયત અલ્લામા મજલીસી (ર.) નકલ ફરમાવે છે કે ‘‘તવંગરી અને માલદારી એ છે કે ઈચ્છાઓ અને આશાઓને ઓછી રાખે, અલ્લાહે જે કઈ આપ્યું છે તેના પર રાઝી રહેવું, અને મોહતાજી અને ફકીરી એ છે કે જેનું મન ન ભરાતું હોય અને એકદમ નાઉમ્મીદ હોય. (બિહારૂલ અનવાર, ભા.૭૫, પે.૩૬૮)

⇨ ઈમામોની જિંદગીમાં સંતોષ એવો કે સામે મૌત પણ આવીને ઉભી હોય તો પણ પરેશાન નથી થતા, લાંબી લાંબી આશાઓની તો વાત જ નથી જે કઈ પણ મહેનત કરીને લાવે છે તે ગરીબો અને ફકીરોમાં વહેંચણી કરી દે છે.

⇨ લાંબી આશાઓ અને ઉમ્મીદો રાખનાર દુનિયાદારીમાં વધારે મશગુલ રહે છે અને અલ્લાહ પાસે જવામાં ડર લાગતો હોય છે.

⇨ ટૂંકમાં જેટલી આશાઓ અને ઈચ્છાઓ ઓછી હશે તે મુજબ અલ્લાહથી નજીક રહેશે અને રૂહાની પરેશાનીઓથી મુક્ત રહેશે.





www.hajinaji.com

# હિકમત ૩૫

# લોકો સાથે ખરાબ વર્તાવનું પરિણામ

⇨ જે કોઈ બીજાને ખરાબ નિસ્બતથી બોલાવશે તો સામેવાળો પણ એવા શબ્દો બોલશે જેનાથી ખરાબ લાગે.

⇨ કોઈને પણ ખરાબ શબ્દોથી બોલાવવામાં આવે તો તેને ખરાબ લાગશે અને જેના નતીજામાં તે પણ એવા શબ્દો બોલશે કે જેનાથી ખરાબ લાગે.

⇨ અગર કોઈની ખોટ જાહેર કરીને અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર કરે છે તો તે રીત ખોટી છે જો એમ કરવું હોય તો તેને છુપી રીતે એકલામાં તેની ભૂલ બતાવે જેથી તેને ખરાબ પણ ન લાગે.

⇨ કોઈને હક નથી પહોંચતો કે કોઈને એવા શબ્દોથી બોલાવે જેનાથી તેને ખરાબ લાગે,

જેના વિશે ખરાબ વાત બોલવામાં આવી હોય તે પછી પોતાના બચાવ માટે યા ગુસ્સામાં એવો જવાબ આપશે જે બરદાસ્તની બહાર હશે. ઈમામ આ નુરાની હદીસમાં બયાન ફરમાવે છે કે બીજાને કોઈ પણ પ્રકારના ખરાબ શબ્દો બોલવા નહી, અને એક બીજાના એહતેરામનો ખયાલ રાખવો, જો તમે ચાહતા હોય કે લોકો તમારો એહતેરામ કરે અને તમારૂં માન જાળવે તો તમને પણ બીજાનું માન જાળવવું જોઈએ.

⇨ ઈમામ અલી (અ.સ.) ખુત્બા એ વસીલામાં ફરમાવે છે કે જે બીજાની ભૂલો શોધતો ફરે છે તે પોતાની ઈઝ્ઝત તેમના હવાલે કરી, જે લોકોની ગીબત કરે તેનાથી લોકો દૂર જ રહે છે, અને તેના નજીકના જ તેના દુશ્મન બની જાય છે. (નહજુલ બલાગાહ, પે.૧૫૦)

⇨ બિહારૂલ અનવારની ભાગ ૭૨ની એક

હદીસમાં પ્યારા નબી (સ.અ.વ.) બીજાઓની ભૂલો કે ખોટને છુપાવવા વિશે બયાન ફરમાવે છેઃ કે "મદીનામાં અમુક લોકો જેમાં ઘણી ખોટ અને ભૂલો હતી, તેઓ બીજાની ખોટ કે ભૂલોને બયાન કરતા ન હતા અને ચૂપ રહેતા, જયારે તેઓ દુનિયાથી ગયા ત્યારે લોકો તેમને દરેક પ્રકારની ભૂલોથી પાક સાફ ગણતા હતા, અને આના વિરૂધ્ધમાં મદીનામાં એવા લોકો પણ હતા કે તેમાં તો કોઈ પ્રકારની ખોટ કે ભૂલ ન હતી તેઓ લોકોના અયબો કે ભૂલોને બીજાઓ સામે બયાન કરતા, અલ્લાહે એવું કર્યું કે જે લોકો બીજાની ભૂલો બયાન કરતા." (બિહારૂલ અનવાર, ભા.૭૨, પે.૨૧૩)

⇨ આ રિવાયતથી સમજાય છે કે જો બીજાની ભૂલો યા ખોટને બીજાને બયાન નહી કરો તો ખુદા મરતા સમયે તેને એ

ખરાબીથી પાક કરી દેશે અને જો તમારામાં બુરાઈ કે ભૂલ ન હોય અને બીજાની ભૂલોને લોકોમાં જાહેર કરશો તો એ ભૂલો કે બુરાઈઓ જ્યાર સુધી તમારામાં ન આવી જાય ત્યાર સુધી મૌત નહી આવે.

⇨ ખરેખર નીંદા, ગીબત, ચાડી ચુગલી વગેરે કરનારા વિચાર કરે કે આ લોકો પોતાનું કેટલું દુનિયા અને આખેરતનું નુકસાન કરી રહ્યા છે, જ્યાર સુધી બીજાની બુરાઈ કરનાર તે બુરાઈમાં ન ફસાઈ જાય ત્યાર સુધી મૌત નહિ આવે. એટલે આવા મોટા ગુનાહોનો બોજ સાથે લઈને મરશે.

# હિકમત ૩૬

## લાંબી આશાઓ ગુનાહોનું ઘર

⇨ જે લાંબી લાંબી આશાઓ રાખે તે બુરા કામ કરવા લાગે છે.

⇨ એમાં કોઈ શક નથી કે જો માણસના પાસે આશાઓ અને તમન્ના ન હોય તો દુનિયામાં તે જે પ્રગતિ કરી છે. તે ન કરી હોત, એક જવાનની તમન્ના હોય છે કે કંઈક શીખીને બુલંદ દરજ્જા સુધી પહોંચે, એક ખેડૂતને આશા હોય છે કે સારી એવી ખેતી કરે અને તેમાં પુષ્કળ ઉપજ આવે અને ઘણી કમાણી કરે.

⇨ આ બધી વસ્તુઓથી ખાસ જાણ થાય છે કે ઈન્સાનને જીવવા માટે તમન્ના અને આશાઓનું હોવું જરૂરી છે અને હદીસમાં પ્યારા નબી હઝરત મુહંમદ મુસ્તુફા (સ.અ.વ.) ફરમાવે છે કે તમન્ના અને આશા રાખવી રહેમત છે જો ઈન્સાન આશા ન

રાખતો હોત તો કોઈપણમાં પોતાના બાળકને દૂધ પણ ન પીવરાવત, કોઈ ખેડૂત ખેતી પણ ન કરત. (બિહારૂલ અનવાર, ભા.૭૪, પે.૧૭૫)

⇨ હવે સવાલ એ છે આ નુરાની હદીસમાં કઈ તમન્ના અને આશાઓની વાત થઈ રહી છે કે જેથી ઈન્સાન ગુનાહોના કામ કરવા લાગે છે, જયારે કે પ્યારા નબી (સ.અ.વ.) આશાને રહેમત કહે છે.

⇨ તો જે આશા અને તમન્નાઓ બંદાને હદથી વધારે કામો તરફ દોડવા માટે મશગુલ કરી દે જેના પછી તે દરેક વસ્તુને ભૂલીને પોતાની ઈચ્છા પૂરી કરવા દિવસ રાત મહેનત કરવા લાગે, અને આખેરતને ભુલાવી દે, અથવા પોતાની તમન્ના પૂરી કરવા જાએઝ કે નાજાએઝ રસ્તા અપનાવવા લાગે, અથવા બીજાના સામે પોતાની ઈચ્છા પૂરી કરવા ઝલીલ અને બેઈઝ્ઝત કરનારી હરકત

કરે, તો ઈમામે જે લાંબી ઈચ્છાઓ તરફ ઈશારો ફરમાવ્યો છે તે આવી ઈચ્છા અને તમન્નાઓ છે જે ઈન્સાનને બુરાઈ તરફ ખેંચે છે. તેના વિરૂધ્ધ જો બંદો પોતાની આશાઓ સાથે સાથે અલ્લાહતઆલા, રસુલ (સ.અ.વ.) અને અહલેબયત (અ.મુ.સ.)ના રસ્તા ઉપર ચાલે પોતાના સમયને દીનના રસ્તા ઉપર વાપરે, પોતાને ઝિક્રે ઈલાહીમાં મશગુલ રાખે, અને પોતાના બાલ બચ્ચાઓ માટે હલાલ રોઝી કમાવવા મહેનત કરે તો તે યકીનન મોટી ઈબાદત ગણાશે.

⇨ હદીસે કુદસીમાં અલ્લાહ જ.મુસા (અ.સ.)થી ફરમાવે છે "અય મુસા તમારી તમન્નાઓને દુનિયામાં લાંબી ન રાખો કેમ કે તેનાથી પથ્થર દિલ (સખત દિલ) થવાય છે અને જે માણસ પથ્થર દિલ હશે તે મારાથી દૂર થઈ જશે." (કાફી, ભા.૨, પે.૩૨૯)

⇨ જાહેર છે કે પથ્થર દિલ માણસ ખુદા, ક્યામત અને મૌતને ભુલી જાય છે કેમ કે તેઓ લાંબી આશાઓના લીધે બધું જ ભુલી જાય છે.

⇨ જેના કારણે તેના ઉપર શયતાન હાવી થઈ જાય છે, અને જયારે શૈતાન હાવી થઈ જાય ત્યારે તેના દરેક કામ શયતાનની મરજી મુજબ કરે છે, તે શયતાનનો ચેલો બની જાય છે, અને અલ્લાહના રસ્તાથી દૂર થઈ જાય છે. જેટલી ઓછી ઈચ્છા હશે તેટલો ખુદાથી વધુ નજીક હશે.

# હિકમત ૩૭
# ખોટા રીત રિવાજ

⇨ ઈમામ અલી (અ.સ.) સિરીયા તરફ જઈ રહ્યા હતા રસ્તામાં અંબારના ખેડુત લોકોથી મુલાકાત થઈ અને તેઓ પોતાની સવારીથી નીચે ઉતર્યા અને આગળ આગળ દોડવા લાગ્યા ત્યારે ઈમામે પૂછ્યું તમે લોકો આ શું કરી રહ્યા છો?

⇨ તેઓ કહ્યું કે આ અમારો રિવાજ છે હાકીમો અને રાજાઓના સામે આ મુજબ અમે તેમનો એહતેરામ બજાવી લાવીએ છીએ.

⇨ ઈમામે ફરમાવ્યું અલ્લાહની કસમ! તમારા આવા કામથી તમારા હાકીમોને કોઈ લાભ નથી પહોંચતો, પરંતુ હાં, તમે આ દુનિયામાં તેના લીધે પોતાને તકલીફ આપો છો અને આખેરતમાં બદબખતી મેળવો છો, તે તકલીફ કેટલી નુકસાનવાળી છે જેનું

પરિણામ આખેરતમાં અઝાબ છે, અને તે આરામ કેટલો ફાયદાવાળો છે જેનું પરિણામ દોઝખથી નજાત (અમાન) છે.

⇨ પહેલાના ઝમાનામાં રાજાઓના એહતેરામ માટે જાત જાતની રીતો હતી, એમાંથી એક રિવાજની મનાઇ ઉપરની હદીસમાં બયાન થયેલ છે અને તેવી રીતે જુદા-જુદા રસ્મો રિવાજની સાફ સાફ મનાઈ ફરમાવી કે આવા કામોથી કોઈને લાભ નથી, ન તો પ્રજાને કે ન તો હાકીમને, તે સિવાય બીજુ કારણ એ પણ હોય મનાઈ કરવાનું કે આમ કરવાથી મખલુકે ખુદાને ઝલીલ થવું પડે છે, અને હાકીમને આવા કામના લીધે ઘમંડ આવી શકે છે.

⇨ ઈસ્લામે ઈન્સાનને બીજા ઈન્સાનના સામે ઝલીલ થવાની રજા નથી આપી, બલ્કે ઈન્સાનને અલ્લાહે અશરફુલ મખલુકાત બનાવ્યો છે, અને ફરિશ્તાઓને દાદા આદમ

અ.ના સામે સજદો કરાવેલ છે, તો યોગ્ય નથી કે એક ઈન્સાન બીજાની સામે પોતાને ઝલીલ અને હલકો કરે, આવા ખોટા રિવાજથી કેટલું મોટું નુકસાન થાય છે તે વિચારવું જોઈએ, આમ દોડવામાં તે કમઝોર લોકો પણ શામીલ થતા હશે જેઓ દોડવાની તાકત નહી રાખતા હોય, અને છેલ્લે ઝમીન પર પછડાતા હશે, જેના લીધે બીજા લોકોના પગ નીચે આવીને તકલીફમાં ફસાઈ જતા હશે.

⇨ આજના ઝમાનામાં પણ જયારે કોઈ વી આય પી હસ્તી આવે છે ત્યારે આવું જ થતું હોય છે જે તદ્દન ખોટો અને ખરાબ રિવાજ છે તેને સમાજથી દૂર કરવો જોઈએ.

# હિકમત ૩૮

## મહાન વસ્તુઓ અને દોસ્તી

⇨ ઈમામ હસન (અ.સ.)ને ઈમામ અલી (અ.સ.)એ નસીહતમાં ફરમાવ્યું કે બેટા હસન! મારી ચાર વાતો અને (ત્યારપછી બીજી) ચાર વાતો યાદ રાખશો તો તમારા કામોમાં તમને કંઈ નુકસાન નહિં થાય.

૧) સૌથી મોટો ખઝાનો (માલ) અક્કલ છે.

૨) સૌથી મોટી ગરીબી મૂર્ખતા અને જેહાલત છે

૩) સૌથી મોટી તન્હાઈ (એકલા પણું) ઉજબ (પોતાને મોટું સમજવું) છે.

૪) સૌથી માનવંત શરાફત અને ઈઝ્ઝત સારા અખ્લાક છે.

૧– અય બેટા! મૂર્ખથી દોસ્તી ન કરજો કેમ કે તે તમને લાભ પહોંચાડવા ચાહશે તો પણ નુકસાન પહોંચાડશે.

૨- કંજૂસથી દોસ્તી ન કરજો કેમ કે જયારે તમને મદદની એકદમ જરૂરત હશે ત્યારે તમારાથી દૂર ભાગશે.

૩- બદકિરદાર (ફાજીર)થી દોસ્તી ન કરજો કેમ કે તે તમને થોડીક કિંમતમાં વેચી દેશે.

૪- જુઠા માણસથી દોસ્તી ન કરજો કેમ કે તે મૃગજળના (જે ગરમીઓમાં રણ યા વિરાન જગ્યાઓમાં દૂરથી પાણી જેવું દેખાય, પરંતુ નજીક જાવ ત્યારે પાણી નથી હોતુ) જેમ હોય છે જે તમોને દૂરની વસ્તુઓને નજીક અને નજીકની વસ્તુઓને દૂર કરીને દેખાડશે.

⇨ ઈમામ (અ.સ.) મુબારક હદીસમાં ઈમામ હસન (અ.સ.)ને મુખાતબ થઈને તમામ લોકોને પયગામ આપી રહ્યા છે.

⇨ બીજું કે આ નુરાની બયાનમાં ઈમામે શા માટે એમ ન ફરમાવ્યું કે આઠ વાતો બયાન

કરૂં છું તેને યાદ રાખી લો, બલ્કે ચાર અને પછી બીજી ચાર વાતો યાદ રાખો.

⇨ એનો જવાબ એમ છે કે ઈમામ આમ કહીને બંને વાતોને અલગ અલગ સમજાવવા માંગે છે.

⇨ બીજું કે પહેલી ચાર વસ્તુઓ અખ્લાક વિશે છે અને બીજી ચાર વસ્તુઓ રફ્તાર એટલે અમલ વિશે છે,

⇨ સૌથી પહેલી વસ્તું અક્કલ વિશે બયાન ફરમાવી કે ખરેખર જેના પાસે અક્કલ છે તે માઅનવી (રૂહાની) અને માદ્દી બંને રીતે કામ્યાબ છે, માઅનવી રીતે અક્કલ ખુદા, રસુલ અને અહલેબયત (અ.મુ.સ.) તેમજ સારા અખ્લાક અને સહીહ અકીદા તરફ લઈ જાય છે અને માદ્દી રીતે કામ્યાબ એટલા માટે છે કે તે પોતાની અક્કલથી પોતાને ઘણી બધી મુસીબતોથી નજાત આપે છે, સહીહ સમયે સારા એવા ફેંસલા કરીને

પોતાના સમયનો સદઉપયોગ કરે છે અને લોકોને સહીહ રસ્તા તરફ દાવત આપે છે. તે સિવાય ઘણા લાભ મળે છે. એથી જાણ થાય છે કે દુનિયા અને આખેરતની કામ્યાબી અક્કલમંદીમાં છે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે માણસની બુનિયાદ તેની અક્કલ છે જેના પાસે અક્કલ નથી તેના પાસે દીન નથી. (બિહારૂલ અનવાર, ભા.૧, પે.૯૪)

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે અક્કલ ઈલ્મની સવારી છે અને ઈલ્મ હિલ્મ (બરદાસ્ત-સબ્ર)ની સવારી છે. (ગોરરૂલ હેકમ, પે.૫૨, હદીસ ૪૩૭)

⇨ નબી (સ.અ.વ.) અક્કલ વિશે ફરમાવે છે કે અલ્લાહે તેના બંદાઓને અક્કલથી મોટી વસ્તું નથી આપી, તે માટે અક્કલમંદનું સુવુ પણ જાહીલની (રાતના) જાગીને ઈબાદત કરવા કરતા બહેતર છે. (કાફી, ભા.૧, પે.૧૨)

⇨ બીજી વસ્તુમાં ઈમામ બયાન ફરમાવે છે કે સૌથી મોટી ગરીબી મૂર્ખતા છે

⇨ બેશક મૂર્ખ માણસ પોતાની દુનિયા અને આખેરત બંને બરબાદ કરે છે તે થોડા એવા નફા માટે હંમેશા રહેનાર નફાને ખોઈ દે છે, તેથી તે કયામતના દિવસની ફિક્ર કર્યા વગર દુનિયાના થોડા લાભ માટે પોતાના આમાલ નામાને ગુનાહોથી કાળું કરે છે. શું આનાથી મોટો મૂર્ખ કોઈ હોય શકે ખરા?

⇨ મૂર્ખ માણસની એક મોટી તકલીફ એ પણ છે કે જે બીજા સારા માણસોની વાતો પણ માનવા તૈયાર નથી, મૂર્ખતા એવી બીમારી છે કે જેની કોઈ દવા નથી અને ન તો તે કોઈ પરહેઝ કરવા તૈયાર છે. તે દરેક માણસ પ્રત્યે બદ ગુમાન હોય છે જેના લીધે તે દુનિયાનું પણ ઘણું નુકસાન કરે છે.

⇨ મર્હુમ શેખે મુફીદ (અ.ર.) ઈખ્તેસાસ નામની કિતાબમાં ઈમામ જાફર સાદિક

અ.થી હદીસ બયાન ફરમાવે છે કે જ.ઈસા ઈબ્ને મરિયમ (અ.સ.) ફરમાવ્યું કે હું લાઈલાજ બીમારોને અલ્લાહના હુકમથી સાજા કર્યા, જન્મથી આંધળા, અને કોઢ જેવી બીમારી રાખનારને ખુદાના હુકમથી શફા આપી, અહીંયા સુધી કે મુર્દાઓને પણ ખુદાના હુકમથી જીવતા કર્યા, પરંતુ મૂર્ખતાનો ઈલાજ માટે ઘણી કોશિશ કરી તેને સુધારવામાં કામ્યાબ ન થઈ શક્યો. (મીઝાનુલ હિકમહ, હદીસ ૪૪૧૮)

⇨ આ હદીસની તફસીરમાં બયાન થયું છે કે પૂછવામાં આવ્યું કે મૂર્ખ કોણ છે? ફરમાવ્યું કે મૂર્ખ એ માણસ છે જે પોતાની વાતને અને પોતાથી વધારે બીજા કોઈને પસંદ ન કરે, એમ સમજે કે હું બધી ફઝીલતોનો માલિક છું અને બીજાઓને કાંઈ ન સમજે, આ એવો મૂર્ખ છે કે જેનો કોઈ ઈલાજ નથી.

⇨ રિવાયતોમાં માઅસૂમીન (અ.મુ.સ)થી

મૂર્ખ વિશે બયાન થયું છે અને ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે જે માણસ બીજાઓની ખામીઓને જોવે અને તેને ખરાબ સમજે છતાં એ ખામીઓને પોતે અંજામ આપે. ખરેખર આ માણસ મૂર્ખ છે. (હિકમત ૩૩૯)

⇨ હદીસો અને રિવાયતોથી ખબર પડી જાય છે કે શા માટે મૂર્ખ પોતાની દીન અને દુનિયાને બરબાદ કરે છે.

⇨ સાદા શબ્દોમાં એમ કહેવામાં આવે કે મૂર્ખ માણસ પોતાને સુધારવાની કોશિશ જ નથી કરતો. જે પોતાના માટે અને બીજાઓ માટે મુસીબતો ઉભી કરે છે.

⇨ ઈમામ (અ.સ.)એ ત્રીજા નુરાની બયાનમાં ફરમાવ્યું કે "સૌથી મોટી તન્હાઈ (એકલાપણું) ઉજબ (પોતાને મોટું સમજવું) છે."

⇨ જે પોતાને બીજાઓ કરતા મોટો

સમજવા લાગે તે

➪ દોસ્તોમાં અને સગાંવહાલાંઓમાં એકલો રહી જાય છે, આવા માણસો પાસે કોઈ બેસવા તૈયાર નથી થતું,

➪ એક હદીસમાં ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે અકલ માટે મુસીબત ખુદપસંદી છે. (ગોરરૂલ હેકમ, ૮૪૮)

➪ ખુદપસંદી અક્કલ ઓછી હોવાની દલીલ છે.

➪ ચોથી નસીહતમાં ઈમામે ફરમાવ્યું "સૌથી મોટો હસબ (શરાફત, ઈઝ્ઝત) સારા અખ્લાક છે."

➪ હસબ એ ફઝીલતને કહેવાય જે પોતાની હોય અને બાપ દાદાઓથી મળેલ હોય, સારા અખ્લાકથી લોકોને પોતાના ચાહવાવાળા બનાવી શકાય છે, સૌથી સારી શરાફત માં બાપથી મળે તે સારા અખ્લાક છે.

⇨ સારા અખ્લાક બાબતે આયત અને રિવાયતો બહુજ વધારે છે. જેમાં નબી (સ.અ.વ.)ની કામ્યાબીનું એક કારણ સારા અખ્લાક ગણાવેલ છે. –સૂરએ કલમ આ.૪માં ખુદા ફરમાવે છે "બેશક તમે મહાન અખ્લાકના માલિક છો."–

⇨ પ્યારા નબી (સ.અ.વ.)ને લોકો અખ્લાકના મોઅજીઝાથી પણ ઓળખે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે "સારા અખ્લાકથી રોઝીમાં વધારો થાય છે અને દોસ્તોમાં મોહબ્બત પૈદા કરે છે." (ગોરરૂલ હેકમ, હદીસ ૫૩૮૨)

⇨ અખ્લાકની ફઝીલતમાં એટલી બધી હદીસો અને રિવાયતો છે કે જેને અહીંયા બધી બયાન નથી કરી શકતા ફક્ત આ હદીસથી અંદાજો લગાવી શકીએ છીએ મૌલા અલી (અ.સ.) ફરમાવે છે "સારા અખ્લાકમાં રોઝીના ખઝાનાઓ છુપાએલા છે." (ગોરરૂલ હેકમ, હદીસ ૫૩૮૩)

⇨ ઈમામે ચાર હિકમત પછી દોસ્તી કોના સાથે ન કરવી તેવા ચાર સિફતોવાળા માણસો બતાવ્યા છે.

(A) મૂર્ખ માણસ સાથે દોસ્તી ન કરવી જો તે લાભ પહોંચાડવા ચાહશે તો પણ નુકસાન પહોંચાડશે.

⇨ તેને હકીકતમાં લાભ અને નુકસાનની સમજણ જ નથી! અને જો આવો માણસ દોસ્ત હશે તો નુકસાન થશે, જિંદગીમાં દોસ્તનો મોટો અસર હોય છે.

⇨ મૂર્ખ માણસ એ છે કે જે શકમાં જિંદગી ગુજારતો હોય છે, નેકને બદ અને બદને નેક સમજતો હોય છે, તે ફક્ત જાહેરને જોઈને ફેસલો આપી દે છે જયારે કે હકીકતથી ગાફીલ હોય છે, એને ખબર નથી હોતી કે આના પાછળ શું રમતો રમાઈ રહી છે, જેના લીધે દોસ્તોને મોટું નુકસાન ઉઠાવવું પડતું હોય છે, ઈમામે બયાન ફરમાવ્યું કે આવા લોકોથી

દોસ્તી જ ન કરો જેથી મુસીબતોમાં ન ફસાવ, મૂર્ખ માણસથી મશવેરો લેવાની પણ ઈમામ જાફર સાદિક (અ.સ.) મનાઈ ફરમાવે છે. (તોહફુલ ઓકુલ, પે.૩૧૫)

⇨ બીજી એક હદીસમાં ફરમાવ્યું કે ચાર વસ્તુંથી દિલ મુર્દા બની જાય છે એમાંથી એક છે મૂર્ખથી વાતો કરવી. (બિહારૂલ અનવાર, ભા.૭૦, પે.૩૪૯)

(B) કંજૂસથી દોસ્તી ન કરવી,

⇨ દોસ્તીમાં એક બીજાની કોઈ પણ રીતે જરૂરત પડે છે, પરંતુ જો દોસ્ત કંજૂસ હશે તો તે સખત મુસીબતમાં પણ તમારો સાથ નહી આપે, અને છોડીને ચાલ્યો જશે.

⇨ ઈમામ અલી (અ.સ.) જ.માલિકે અસ્તરને ફરમાવ્યું કે કંજૂસ માણસથી સલાહ મશવેરા ન લેતા, કેમ કે તે બીજાને મદદ કરવાથી રોકશે અને અને ગરીબ થઈ જશો કહીને ડરાવશે. (નહજુલ બાલાગાહ, પત્ર ૫૩)

(C) ફાસિક (ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર)થી દોસ્તી કરવાની મનાઈ ફરમાવી છે.

⇨ આવા લોકોને કોઈની પરવાહ નથી હોતી ફક્ત પોતાની ખ્વાહિશના તાબેદાર હોય છે જે પોતાની ઈચ્છા પૂરી કરવા એટલી હદ સુધી જઈ શકે છે કે તે પોતાના દોસ્તને પણ થોડાક એવા લાભ માટે વહેંચી દે.

(D) ખોટું બોલનારથી પણ દોસ્તી કરવાની મનાઈ કરી.

⇨ આપણે જાણીએ છીએ કે તેના કેટલા બધા નુકસાન છે, આવા માણસ સાચાને ખોટું અને ખોટાને સાચું કરીને હકીકતથી બહુજ દુર કરી દે છે, મકસદ સુધી પહોંચવામાં રૂકાવટ બને છે જેના લીધે ફક્ત નુકસાન ઉઠાવવું પડે છે.

⇨ હદીસમાં ઈમામ અલી (અ.સ.) જુઠા માણસથી મશવેરો લેવાની મનાઈ કરી છે.

તે મૃગજળના જેમ હોય છે, કેમ કે તે નજીકને દૂર અને દૂરને નજીકને કરે છે. (ગોરરૂલ હેકમ, હદીસ ૧૦૦૯૨)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) નુરાની હદીસમાં ફરમાવે છે કે યોગ્ય નથી કે ઈમાનદાર બેઈમાન (ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર), મૂર્ખ અને જુઠા લોકોથી ભાઈચારો (દોસ્તી) રાખે. (કાફી, ભા.૨, પેજ ૩૭૭)

⇨ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)થી પણ હદીસ મળે છે જેમાં પાંચ માણસોથી દોસ્તી કે સાથે મુસાફરી કરવાની મનાઈ ફરમાવી છે તેમાં ચાર ઉપરના બયાન મુજબ અને પાંચમું સગાંવહાલાં સાથે રિશ્તો તોડનાર (સિલે રહેમ ન કરનાર). કેમ કે કુરાને મજીદમાં ત્રણ જગ્યા ઉપર આવા માણસ ઉપર અલ્લાહે લાનત મોકલી છે. (સુરે મોહંમદ આયત ૨૨-૨૩, સુરે બકરા આયત ૨૭, સુરે રઅદ, આ.૨૫) (કાફી, ભા.૨, પે.૩૭૫)

# હિકમત ૩૯

# સુન્નત (મુસ્તહબ) કામો વાજીબ કામો માટે રૂકાવટ ન બને.

⇨ જો સુન્નત કામો કરવાથી વાજીબ કામોનું નુકસાન થતું હોય તો એવા સુન્નત કામોથી ખુદાના નજીક નહી પહોંચી શકાય.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની હદીસમાં બયાન ફરમાવે છે કે સૌથી પહેલા વાજીબાત તરફ ધ્યાન આપવાનું છે જો કોઈ સુન્નત કામ કરવાથી વાજીબ કામમાં રૂકાવટ બને તો તેવા સુન્નત અમલ થકી ખુદાના નજીક નહી પહોચી શકાય. (અલ્લાહની ખુશી હાંસિલ નહિં કરી શકાય.)

⇨ દા.ત.અગર કોઈ પૂરી રાત સુન્નત અમલ અંજામ આપ્યા અને તેના લીધે સુબહની નમાઝ કઝા થઈ જાય તો તે સુન્નત અમલ ખુદાથી નજીક નહી કરે.

➪ કોઈ વાજીબ રોઝાને છોડીને સુન્નત રોઝો રાખે તેની પણ કોઈ હેસિયત નથી.

➪ ઈમામ અલી (અ.સ.)ને પ્યારા નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું કે જયારે લોકો સુન્નત કામોમાં મશગુલ હોય ત્યારે તમે વાજીબાતને સંપૂર્ણ કરવા તરફ ધ્યાન આપજો.

➪ એટલું યાદ રાખવું જોઈએ કે વાજીબની જગ્યા બીજો કોઈ સુન્નત અમલ નથી લઈ શકતો.

➪ અલ્લાહના ત્યાં એજ અમલ કબૂલ છે જેનાથી અલ્લાહની નજીક થઈ શકીએ.

# હિકમત ૪૦
# હોંશિયાર અને મૂર્ખમાં ફર્ક

⇨ હોંશિયાર (અક્કલ મંદ)ની જીભ તેના દિલના પાછળ હોય છે અને મૂર્ખનું દિલ તેની જીભના પાછળ હોય છે,

⇨ ઈમામ (અ.સ.)એ નાના એવા વાક્યમાં હોંશિયાર અને મૂર્ખ કોણ છે સમજાવી દીધું.

⇨ જીભ દિલના પાછળનો અર્થ છે કે પહેલા વિચાર કરે કે બોલવું લાભદાયક છે કે નુક્સાનકારક? બોલવાથી કોઈ ફિત્નો કે ફસાદ તો ઉભો નહી થાયને? વિચાર કરે અને પછી બોલે, આને અક્કલમંદ કહેવાય છે. મૂર્ખ માણસ વિચાર કર્યા વગર બોલે છે અને પછી વિચાર કરે છે અને તેનાથી મોટા મોટા નુક્સાન થતા હોય છે જેની ભરપાઈ કરવું મુશ્કિલ બની જાય છે.

⇨ નબી (સ.અ.વ.) આ વાતને આ શબ્દોમાં બયાન ફરમાવે છે. મોમીનની જીભ તેના દિલ પાછળ છે જયારે કંઈ બોલવા ચાહે તો દિલથી વિચારીને બોલે છે, પરંતુ મુનાફીકની જીભ દિલના આગળ છે જયારે કંઈ બોલવા ચાહે તો વગર વિચારે બોલવા લાગે છે. (અલમહજજતુલ બયઝા ભાગ ૫ પેજ ૧૯૫)

⇨ માણસ જેટલું વિચારીને બોલશે તે પ્રમાણે તેની વાતમાં વજન રહેશે, અને પાછળથી પસ્તાવું નહી પડે.

⇨ વિચાર કર્યા વગર બોલનારને વારંવાર પસ્તાવો કરવો પડે છે અને જગ્યા જગ્યા શરમિંદા થવું પડે છે.

# હિકમત ૪૧

## અક્કલમંદી અને મૂર્ખતા

⇨ મૂર્ખનું દિલ તેના મોઢામાં છે અને અક્કલ મંદની ઝબાન તેના દિલમાં છે.

⇨ આ હિકમતનો મતલબ પણ હિકમત ૪૦ જેવોજ છે કે મૂર્ખ માણસ મોઢામાં જે આવે તે બોલી દે છે અને અક્કલમંદ બોલવા પહેલાં દિલથી સોચે છે કે આ વાત બરાબર છે કે નહી, આ વાત કરવાનો સારો સમય છે કે કેમ, વગેરે...

⇨ માણસ જેટલું વિચારીને બોલશે તેટલી ઓછી ભૂલો કરશે, અને તે પ્રમાણે કામ્યાબી મળશે,

⇨ ઈમામ અલી (અ.સ.) હિકમત ૩૯૨માં ફરમાવે છે કે બોલો જેથી તમોને ઓળખવામાં આવે, માણસ તેની ઝબાનની પાછળ છુપાએલો છે.

⇨ જયારે માણસ વાતચીત કરે ત્યારે ખબર પડે છે કે આલીમ છે કે જાહીલ, મોઢાથી ફૂલ ખરે છે કે આગ... માણસની ઓળખાણ તેની ઝબાનથી થાય છે.

# હિકમત ૪૨
# બીમારી અને મગફેરત

⇨ ઈમામ (અ.સ.)ના એક સાથી બીમાર થયા હતા જે બીમારીની શિકાયત કરી રહ્યા હતા ત્યારે ઈમામે આ મુજબ ફરમાવ્યું.

⇨ તું બીમારી વિશે શિકાયત કરો છો જયારે કે અલ્લાહે તારી બીમારી તારા ગુનાહોને ઓછા થવાનું માધ્યમ (વસીલો) બનાવેલ છે કારણકે બીમારીમાં અજર સવાબ નથી, બલ્કે ગુનાહો સાફ જરૂર થાય છે, જેવી રીતે ઝાડ પરથી પાંદડા સાફ થઈ જાય છે, કેમ કે અજરો સવાબ ઝબાનથી કંઈક બોલવાથી અથવા અમલથી કંઈક કરવાથી મળે છે, અલ્લાહ પાક નિય્યત અને દિલ સાફ હોવાના લીધે જેને ચાહે જન્નતમાં દાખલ કરે છે.

⇨ ઈમામ (અ.સ.) બીમારને ખુશખબરી આપે છે કે બીમારીથી ગુનાહો સાફ થાય છે, ઘણી મુસીબત, તકલીફો અને

બીમારીઓની હિકમતમાંથી એક એ પણ છે કે ગુનાહો સાફ થાય છે, ખુદા ચાહે છે કે નેક બંદાને તેની ભૂલો બદલ આ દુનિયામાં જ થોડીક મુસીબત આપીને પાક કરે જેથી કયામતમાં હિસાબથી બચી જાય અને બંદાને પોતાની ભૂલોનો એહસાસ પણ થઇ જાય.

⇨ બીજું કારણ એ પણ હોય શકે કે બીમારીમાં બંદો ખુદાને વધારે યાદ કરવા લાગે છે જેથી બંદો તૌબા કરીને ગુનાહોથી સાફ થઇ જાય.

⇨ હદીસમાં બીજી વસ્તું ફરમાવી છે કે બીમારીથી ગુનાહ તો સાફ થાય છે, પરંતુ તેનો કોઈ સવાબ નથી અને તેનું કારણ પણ બતાવ્યું કે અજર અને સવાબ કંઈક કરવાથી મળે છે ભલે પછી તે ઝબાનથી હોય કે પછી હાથ પગથી,

⇨ એક વખત રસૂલેખુદા (સ.અ.વ.)

જ.સલમાને ફારસીની અયાદત માટે ગયા અને ફરમાવ્યું કે અય સલમાન બીમારીમાં તમારા માટે ત્રણ (મોટા) ફાયદા છે.:

૧- અલ્લાહની યાદ આવશે,

૨- અલ્લાહ દુઆ કબૂલ કરશે,

૩- ગુનાહો સાફ થઈ જશે.

(મન લા યહઝરહુલ ફકીહ, ભા.૪, પે.૩૭૫)

⇨ યાદ રાખવું જોઈએ કે અમુક રિવાયતમાં મળે છે કે માણસ જયારે બીમારીમાં બિસ્તર પર હોય અને સલામતીના વખતે જે ઈબાદત કરતો હતો તે ન કરી શકે તો અલ્લાહ તેના ફઝલો કરમથી બીમારીમાં તંદુરસ્તી વખતે ઈબાદતનો સવાબ આપે છે, આ ખુદાનો તેના બંદા ઉપર ખાસ લુત્ફ છે, (કાફી, ભા.૩, પે.૧૧૩)

⇨ ઈમામ (અ.સ.)ના આ બયાન મુજબ આપણને ખાસ ધ્યાન રાખવાનું છે કે

બીમારીમાં શિકાયત કરવાના બદલે અલ્લાહનો શુક્ર બજાવી લાવીએ અને જે હાલતમાં રાખે રાજી રહીએ, જેથી ગુનાહો માફ થાય.

# હિકમત ૪૩

## સહાબી માટે દુઆ

⇨ ઈમામ અલી (અ.સ.) જ્યારે એક સહાબી ખુબ્બાબ બીન ઈર્તને યાદ કરીને ફરમાવ્યું:

⇨ અય અલ્લાહ ખુબ્બાબ ઈબ્ને ઈર્ત ઉપર રહેમત નાઝિલ ફરમાવ, મનથી ઈસ્લામ કબૂલ કર્યો, ઈતાઅતે ખુદામાં હીજરત કરી, અલ્લાહે જે આપ્યું હતું તેમાં સંતોષી હતા, અલ્લાહથી રાઝી રહેવાવાળા તેમજ પૂરી જિંદગી જેહાદ કર્યો.

⇨ ખુબ્બાબ ઈબ્ને ઈર્ત નબી (સ.અ.વ.) અને ઈમામ અલી (અ.સ.)ના સાથીઓમાંથી હતા, જે નબી સ.ના સાથે દરેક જંગમાં શરીક થયા, ઈમામ અલી (અ.સ.)ના સાથે દરેક જંગમાં હતા, અને છેલ્લે ખુબ્બાબ અને તેમની પત્ની અને પેટમાં જે બાળક હતું બધાને ખાવારીજ

લોકોએ ઈમામ અલી (અ.સ.)ની મોહબ્બતમાં શહીદ કરી દીધા.

⇨ જયારે ખુબ્બાબની કબ્ર તરફથી જવાનુ થયું તો પૂછ્યું કે આ કોની કબ્ર છે તો કહેવામાં આવ્યું કે ખુબ્બાબની કબ્ર છે ત્યારે ઈમામ (અ.સ.) રહેમતે ખુદાની દુઆ કરી પછી તેમની પાંચ ફઝીલતો બયાન ફરમાવી.

(A) ઈસ્લામને મનથી કબૂલ કર્યો હતો, ડર કે દુનિયાની લાલચ ન હતી અને ન કોઈએ કીધું તો ઈસ્લામ કબૂલ કર્યો બલ્કે સરખી રીતે સમજીને કબૂલ કર્યો, તેની દલીલ એ છે કે મુશરેકીન તેમને ઘણી તકલીફો આપી કે ઈસ્લામ અને નબી (સ.અ.વ.)થી ફરી જાય, તકલીફો તો સહન કરી, પરંતુ ઈસ્લામથી મોઢું ન ફેરવ્યું.

(B) મુહાજીર હતા, જે ખુદાની ઈતાઅતમાં હિજરત કરી હતી, અમુક લોકો જે મુશરીકોના ડરના લીધે અથવા લાલચના લીધે મક્કાથી

મદીના આવ્યા હતા, પરંતુ ખુબ્બાબ ફક્ત ખુદા માટે ઘર બાર છોડ્યું અને દરેક જગ્યા નબી (સ.અ.વ.) અને ઈમામ અલી (અ.સ.)ના સાથે રહ્યા.

(C) સંતોષી હતા, સાદી અને ઝાહીદો જેવી જિંદગી ગુજારતા હતા, અમીરો અને દૌલતમંદથી બેપરવાહ હતા અને તેમના સામે માથું ઝુકાવતા ન હતા, નબી (સ.અ.વ.)ની જિંદગી તેમના માટે નમૂનએ અમલ હતી.

(D) દરેક હાલમાં અલ્લાહથી ખુશ રહેતા, ઈસ્લામની શરૂઆતમાં ઘણી બધી તકલીફો ઉઠાવી, પરંતુ દરેક હાલમાં અલ્લાહથી રાઝી હતા, જેમ કુરાને મજીદમાં છે કે ખુદા તેમનાથી રાઝી અને તેઓ ખુદાથી રાઝી. (સુરે માએદા, આ.૧૧૯)

⇨ ઈમામ (અ.સ.)ના બયાનથી સમજવું જોઈએ કે જે ખરેખર અલ્લાહ, રસુલ અને

અહલેબયત (અ.મુ.સ.)ના કહેવા મુજબ જિંદગી ગુજારે છે તે ઈમામ (અ.સ.)ની દુઆઓનો હકદાર બને છે.

# હિકમત ૪૪
# ખુશનસીબ

⇨ ખુશ નસીબ છે તે માણસ જે કયામતને યાદ કરતો હોય, હિસાબના દિવસ માટે અમલ કરતો હોય, જરૂરત મુજબની ચીજવસ્તુઓ ઉપર સંતોષ માનતો હોય અને અલ્લાહથી ખુશ હોય.

⇨ ઈમામ ખુશનસીબની ચાર નિશાની બયાન ફરમાવી જેમાંથી ત્રીજી અને ચોથી હિકમત ૪૩માં બયાન કરી ચૂક્યા છીએ,

⇨ જયારે કયામતનો શબ્દ આવે ત્યારે આપણી નજર સામે એક એવી દુનિયા આવી જાય છે જ્યાં આમાલને પારખવામાં આવે, બધાના હાથમા આમાલનામું હશે, નેક લોકોના જમણા હાથમાં અને ગુનેહગારોના ડાભા હાથમા.

⇨ આ દેખાવને કુરાને મજીદ આ રીતે બયાન ફરમાવે છે કે ‘‘ગુનેહગાર આમાલ

નામું જોઈને ડરી જશે અને કહેશે કે હાય અમારી ઝિલ્લત! આ કેવું આમાલ નામું છે? જેમાંનાની કે મોટી કોઈ પણ વસ્તું છોડવામાં નથી આવી. (સુરે કહફ, આ.૪૯) ત્યાં દરેકનો ગવાહ તેમના હાથ પગ અને બીજા શરીરના અવયવો હશે. ફરિશ્તાઓને આમાલને લખવાં માટે પણ ગવાહીની જરૂરત નહી હોય.

⇨ જે કયામત ઉપર આ મુજબ યકીન રાખતો હશે તે ચોક્કસ પોતાને ગુનાહોથી દૂર રાખશે અને જો ગુનાહોમાં ડુબાયેલો હશે તો જરૂર અલ્લાહની બારગાહમાં માફી માંગશે જેથી પાક થઈ જાય.

⇨ સંતોષી રહેવા માટે એક નબી (સ.અ.વ.)નો બનાવ તમારી ખિદમતમાં પેશ કરૂં છું.

પ્યારા નબી હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પોતાના સાથીઓ સાથે

જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં એક ઊંટ ચરાવવાવાળો દેખાણો, નબી (સ.અ.વ.) પ્યાસને બુજાવવા અથવા થોડું પેટ ભરવા માટે દૂધ માંગ્યું, તે ઊંટ ચરાવનાર નબી સ.ને દૂધ ન આપ્યું, અને કહ્યું કે જે કંઈ સાઢણીઓમાં દૂધ છે તે ફક્ત અમારા કબીલાના ઘરે કામ આવે એટલું જ છે, વધારે નથી, નબી (સ.અ.વ.) દુઆ કરી કે અય અલ્લાહ તું આના માલ ઔલાદમાં વધારો કર, થોડાક આગળ વધ્યા તો બીજો ઊંટને ચરાવવાવાળો મળ્યો, તેના પાસે પણ દૂધ માંગ્યુ તો તે નબી (સ.અ.વ.) પાસે લઈને આવ્યો અને મફત આપી દીધું અહીંયા પણ નબી (સ.અ.વ.) દુઆ કરી કે અય અલ્લાહ જરૂરત જેટલું અતા ફરમાવ, જે સાથીઓ હતા તેઓ કહેવા લાગ્યા કે પહેલાવાળો કાઈ ન આપ્યું તો તેને દુઆઓ આપી અને આ ઈન્સાને દૂધ આપ્યું તો તેના માટે એવી

દુઆઓ ન આપી. નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે તે ઓછી રોઝી જે ઈન્સાનની જિંદગીમાં પૂરતી હોય તે વધારે રોઝીથી બહેતર છે જે રોઝી વડે માણસ અલ્લાહથી ગાફીલ બની જાય. (કાફી, ભા.૨, પે.૧૪૦)

⇨ અલ્લાહથી રાજી રહેવું એ મોટી નેકી છે ઝાબાનથી બધા કહે છે કે અલ્લાહ જે હાલમાં રાખે હું રાજી છું, શું સાચા દિલથી પણ રાજી છીએ? ખુશીમાં બધા રાજી હોય છે, પરંતુ જયારે થોડી એવી મુસીબત આવે ત્યારે ઝબાનથી અથવા અમલથી નારાજગી જાહેર થઈ જાય છે.

⇨ મોટી ખુશખબર એ લોકો માટે જેઓમાં આ ખૂબીઓ હોય.

# હિકમત ૪૫
# અલી (અ.સ.)થી મોહબ્બત અને ઈમાન

⇨ જો આ તલવારને મોમીનના નાક ઉપર મારૂ કે તે મારો દુશ્મન બની જાય, તો પણ તે મારો દુશ્મન નહી બને. અને જો હું પૂરી દુનિયા મુનાફીકને આપી દઉં કે તે મારાથી મોહબ્બત કરે તો પણ તે મોહબ્બત નહી કરે. કેમ કે આ અલ્લાહનો હુકમ નબી (સ.અ.વ.)ની ઝબાનથી જારી થયો છે. નબી (સ.અ.વ.) ફરમાવ્યું છે કે યા અલી મોમીન તારાથી દુશ્મની નહી કરે અને મુનાફીક તારાથી મોહબ્બત નહી કરે.

⇨ આ નુરાની હદીસ મોમીન અને મુનાફીકની પહેચાન છે, આ હદીસને ઘણા સુન્ની આલીમોએ પણ બયાન ફરમાવી છે.

⇨ મુનાફીકોમાં એટલા હદ સુધી કટ્ટર પંથી, દુશ્મની અને કિન્નો ભરેલા છે કે પૂરી દુનિયા આપો તો પણ એ અહલેબયત (અ.મુ.સ.)થી દુશ્મની છોડવા તૈયાર નથી.

⇨ ઈબ્ને મુલજીમ ઉપર લાનત થાય, એના માટે છે કે જયારે ઈબ્ને મુલજીમ મલઉને ઈમામ (અ.સ.)ને તલવાર મારી ત્યાર પછી એને કૈદ કરીને ઈમામના સામે પેશ કરવામાં આવ્યો તો ઈમામે ફરમાવ્યું કે અય દુશ્મને ખુદા શું હું તારા સાથે નેક વર્તાવ નથી કર્યો? જવાબ આપે છે હાં, ઈમામે ફરમાવ્યું તો શા માટે આટલો મોટો ગુનાહ કર્યો? ઈબ્ને મુલજીમ મલઉન કહે છે કે ચાલીસ દિવસ તલવારને તેઝ કરી અને ખુદાથી દુઆ કરી કે તારી મખલુકમાં સૌથી ખરાબ માણસને આનાથી કતલ કરૂં, ઈમામે ફરમાવ્યું કે તારી દુઆ કબૂલ થઈ તું આ તલવારથી કતલ થઈશ અને તું જ મખલૂકે ખુદામાં સૌથી

ખરાબ માણસ છે.

⇨ આ છે મુનાફીક પોતે કબૂલ પણ કરે છે કે ઈમામે મારા સાથે ભલાઈ કરી છે તે છતાં ઈમામની દિલમાં દુશ્મની છે. (શરહે નહજુલ બાલાગાહ અલ્લામા શુસ્તરી, ભા.૫, પે.૪૩૫)

⇨ એક બીજી દલીલ કે ઈમામ અલી (અ.સ.)ના સાથીઓમાં હારીસ બિન હસીરા બયાન કરે છે કે મદીનાની આજુ બાજુમાં કાળો હબશી માણસ જોયો જે ખેતરમાં પાણી આપી રહ્યો હતો, પરંતુ તેના હાથની આંગળીઓ કપાએલી હતી, પૂછ્યું કે તારી આંગળીઓ કોણે કાપી? દુનિયાના સૌથી સારા માણસે, પછી કહે છે કે અમે આઠ લોકો ચોરી કરી હતી, અમોને પકડવામાં આવ્યા અને ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)ના પાસે લઈ ગયા, અમે અમારા ગુનાહને કબૂલ કર્યો, ઈમામે

ફરમાવ્યું શું તમને ચોરી કરવી હરામ છે ખબર ન હતી? અમે કહ્યું કે ખબર હતી, હુકમ આપ્યો અને ચાર આંગળીઓ ચોરીની સજારૂપે કાપવામાં આવી, પછી ફરમાવ્યું કે ઘરમાં સારી રીતે ધ્યાન રાખવામાં આવે અને ઘી મધ (સારો ખોરાક) આપવામાં આવે જેથી ઝખમ જલ્દી ઠીક થઈ જાય, પછી અમોને ત્યાંથી બહાર લાવ્યા અને નવા કપડાં પહેરાવ્યા, પછી ફરમાવ્યું કે જો તમે તૌબા કરશો અને પોતાને સુધારશો તો તેમાં તમારો ફાયદો છે અને જન્નતમાં તમારી આંગળીઓ પાછી મળશે, જો નહી સુધરો તો દોઝખમાં જશો. (કાફી, ભા.૭, પે.૨૬૪)

⇨ આ બંને બનાવથી ખબર પડે છે કે મોમીન કોઈ દિવસ મોહબ્બત નહી છોડે અને મુનાફીક કોઈ દિવસ મોહબ્બત નહી કરે.

⇨ અહલે સુન્નતની કિતાબ અન્સાબુલ

અશરાફ ભાગ ૨ પેજ ૯૬માં બેલાઝરી, અને સોનને તિરમીઝીમાં મુનાફીકની નિશાની બતાવી છે કે અમો અન્સાર, મુનાફીકને અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)થી દુશ્મનીના કારણે ઓળખતા હતા.

⇨ આ મુજબ ઘણી હદીસો શીઆ અને સુન્ની કિતાબોમાં મૌજુદ છે.

⇨ અલી (અ.સ.)ની સાચી મોહબ્બત દુનિયામાં સુકુન અને આખેરતમાં જન્નત અપાવે છે.

# હિકમત ૪૬
# નેકીમાં ઘમંડ અને બરબાદી

⇨ જે ગુનાહ કર્યા પછી પસ્તાવો થાય તે બહેતર છે એ નેકીથી કે જેના પછી ઘમંડ આવી જાય છે.

⇨ પસ્તાવો થયા પછી માણસ તૌબા કરશે ભૂલને સુધારવાની કોશિશ કરશે અને જે નેકીઓ પર ઘમંડી બની ગયો તે રિયાકાર બની જાય છે અને તે ગુનાહો તરફ ચાલ્યો જાય છે.

⇨ હઝરત મોહંમદ મુસ્તુફા (સ.અ.વ.) ફરમાવે છે કે ''જે પોતાને ગુનેહગાર સમજે એ નેક માણસ છે.'' (શરહે નહજુલ બલાગાહ, ભા.૨૦, પે.૩૧૬)

⇨ જયારે બંદો પોતાને ગુનેહગાર સમજશે તો તે ખુદાના સામે તૌબા કરશે અને હંમેશા અલ્લાહના સામે પોતાને મામૂલી સમજશે. જો પોતાને મોટો સમજશે તો બીજી નેકી

કરવામાં આળસ કરશે, અને ઘમંડી બની જશે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે “અલ્લાહે જ.દાઉદ (અ.સ.) ઉપર વહી મોકલી કે ગુનેહગારોને ખુશખબરી આપો અને સિદ્દીકીન (સાચાઓ–નેક)ને ડરાવો, નબી દાઉદ અ.સ. નવાઈ પામ્યા અને અરજ કરી કે અય પરવરદિગાર આમ કેમ? અલ્લાહ ફરમાવ્યું કે ગુનેહગારને ખુશખબરી આપો કે હું તેમની તૌબાને કબૂલ કરૂં છું અને ગુનાહોને માફ કરૂં છું, અને સિદ્દિકીનને ડરાવો કે પોતાના નેક આમાલને વધારે સમજીને ઘમંડી ન બની જાય.” (કાફી, ભા.૨, પે.૩૧૪)

⇨ બંદાઓને વારંવાર ડરાવવામાં આવે છે કે પોતાની ઈબાદત પર ઘમંડી ન બને, કેમ કે એક દિવસ ઘમંડના લીધે તે ફાસિક બની શકે છે.

⇨ એક હદીસમાં છે કે "બે માણસો મસ્જિદમાં દાખલ થયા તેમાં એક આબીદ અને બીજો ફાસિક હતો, જયારે મસ્જિદમાંથી નીકળ્યા ત્યારે ફાસિક સિદ્દીક બની ગયો અને આબીદ ફાસિક બની ગયો, કારણ કે જયારે આબીદ મસ્જિદમાં દાખલ થયો ત્યારે તે પોતાની ઈબાદત પર ગર્વ કરતો હતો અને ફાસિક જયારે મસ્જિદમાં દાખલ થયો ત્યારે તે પોતાના ગુનાહો પર પસ્તાવો કરી રહ્યો હતો, અને ગુનાહોની માફી માંગી રહ્યો હતો." (કાફી, ભા.૨, પે.૩૧૪)

⇨ અલ્લાહ સુ.વ.ત. રસૂલે ખુદા (સ.અ.વ.)ને વહી મોકલી, કે "મારા અમુક બંદા મારી ઈબાદતમાં પોતાનું નરમ બિસ્તર છોડીને રાતના ઉઠીને ઈબાદત કરે છે મારી ઈબાદત માટે પોતાને તકલીફ આપે છે, પરંતુ ક્યારેક તેમને એક કે બે રાત એટલી નીંદમાં

રાખુ છું કે તે સવારે જાગે, તેથી તે સીધા રસ્તા ઉપર બાકી રહે, જયારે સુતા રહી જશે અને સવારે ઉઠશે તો પોતાની મલામત કરશે અને ઈબાદત ઉપર ઘમંડી નહી બને, અને હલાક નહી થાય.'' (કાફી, ભા.૨, પે.૬૦)

⇨ બંદો શા માટે થોડાક નેકીના કાર્યોમાં ઘમંડી બને છે જયારે કે જે કઈ છે તે અલ્લાહની તૌફીક છે, નેકીઓના શુક્ર માટે ઘમંડી ન બનવું જોઈએ, બલ્કે અલ્લાહના વધારે સજદા કરવા જોઈએ જેથી ખુદા આ તૌફીક પાછી ન છીનવી લે.

# હિકમત ૪૭
# હિમ્મત, સચ્ચાઈ અને બહાદુરી

⇨ દરેકની કિંમત તેની હિંમત પ્રમાણે છે, સાચું હોવું તેની ઈઝ્ઝત પ્રમાણે છે, શરાફત (બુઝુર્ગી) તેની ખુદ્દારી એટલે કે બીજા પ્રત્યે મદદની ઉમ્મીદ ન રાખાવામાં છે અને પાક દામની તેની ગયરત (સ્વાભીમાન)ના પ્રમાણે છે.

(A) હિંમત: એટલે અહમ કામો માટે પૂરતી કોશિશ કરવી.

⇨ જેના પાસે હિંમત હોય છે તેઓ જ કામ્યાબ બને છે રસ્તામાં હિંમત હારી જનાર કોઈ દિવસ કામ્યાબ નથી થતા,

– ઈમામ અલી (અ.સ.) નુરાની હદીસમાં ફરમાવે છે કે જેની હિંમત બુલંદ હશે તેની કિંમત વધારે છે. (ગોરરૂલ હેકમ, પે.૪૪૮)

⇨ માણસને બુલંદ હિંમત મહાન બનાવે છે, અને શહેવત બરબાદ અને ઝલીલ કરે છે. (ગોરરૂલ હેકમ, હ.૧૦૨૭૧)

⇨ જો માણસના શરીરની તાકત ઓછી હોય અને હિંમત બુલંદ હોય તો પણ મકસદ સુધી આરામથી પહોંચી જાય છે.

⇨ કહેવત પણ છે કે –હિંમતે મર્દા તો મદદે ખુદા–

(B) સચ્ચાઈ: કોઈ પણ ઈઝ્ઝત દાર નથી ચાહતો કે તેની ઈઝ્ઝત પામાલ થાય, ખોટું બોલનાર ભલે ગમે તેવી ચાલાકીથી ખોટું બોલે એક દિવસ તેનું ખોટું જાહેર થઇ જાય છે, ઈઝ્ઝતદાર માણસ નથી ચાહતો કે આગળ જતા ભવિષ્યમાં પણ તેની ઈઝ્ઝત ખરાબ થાય તો તે કોઈ દિવસ ખોટું નથી બોલતો.

⇨ ઈમામ બીજી હદીસમાં ફરમાવે છે કે "સાચું બોલવું ઈઝ્ઝતનું કારણ છે."

(C) શરાફત (બુઝુર્ગી): જયારે માણસ દુનિયા દારીમાં મશગુલ નહી હોય અને શહેવતનો કૈદી નહી હોય તો તે ફક્ત અલ્લાહ તરફ તવજ્જોહ રાખશે.

(D) ઈફ્ફત (ખરાબ કામોથી બચવું) ગયરત (દરેક પ્રકારના ઈલાહી યા ઈન્સાની હકનો બચાવ કરવો.) જે પોતાની મા બહેનો પ્રત્યે ગયરત રાખતો હશે એટલે પોતાની મા બહેનોની હિફાઝત કરવા માટે દરેક પ્રકારનો બચાવ કરતો હશે તે બીજાની ઔરતો પ્રત્યે પણ ખયાનત નહી કરે.

⇨ ઈમામ નુરાની હદીસમાં બયાન ફરમાવે છે કે જે પોતાના લોકો માટે ચાહતો હોય કે તેઓ પાક દામન રહે તો તેના અંદર જેટલી બચાવ કરવાની ગયરત હશે તે મુજબ બચાવ કરશે.

⇨ માણસ જેટલો પાક હશે એ તેની ઈબાદત ગણવામાં આવે છે.

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે "મોટી ઈબાદત પેટ અને શરમગાહને હરામથી બચાવવું છે." (કાફી ૨, પે.૭૯)

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે "ગયરત મંદ કોઈ દિવસ ઝીના નથી કરતો." (નહજુલ બલાગાહ, હિકમત ૩૦૫)

# હિકમત ૪૮

## કામ્યાબી

➩ કામ્યાબી કોઈ પણ કામ કરવા પહેલા લાંબો વિચાર કરવાથી મળે છે, અને લાંબા વિચારનું સહીહ હોવું સારા વિચાર ઉપર ટકેલું છે, અને સહીહ વિચારનો આધાર રાઝને રાઝ રાખવામાં છે.

➩ કોઈ પણ માણસની કામ્યાબીનો દારોમદાર કામ કરવા પહેલા ચારે બાજુની હાલત ઉપર વિચાર કરવામાં તથા પરીણામ ઉપર વિચાર કરવામાં છે. જે ફક્ત જાહેરી વસ્તુને જોઈને કોશિશ કરે છે તે અડધા રસ્તાથી પોતાના મકસદને છોડી દે છે, કામ્યાબી સુધી નથી પહોંચતા.

➩ એક માણસ નબી (સ.અ.વ.) પાસે આવે છે કહે છે કે મને કંઈક નસીહત કરો,

નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે જે હું કહું કબૂલ કરીશ? આ રીતે ત્રણ વખત તેના

પાસે કબૂલ કરાવીને ફરમાવ્યું, કે હું તમને વસિયત કરૂં છું કે જ્યારે કોઈ કામ કરવા જાવ ત્યારે તેના અંત ઉપર વિચારો, જો સહીહ હોય તો તે કામ કરો અને જો ગુમરાહી હોય તો છોડી દો. (કાફી, ભા.૮, પે.૧૪૯)

➪ કોઈ પણ વસ્તુનો અંત જો અલ્લાહ, રસુલ (સ.અ.વ.) અને અહલે બયત (અ.મુ.સ.)ના રસ્તા ઉપર થતો હોય તો તે કામ કરવું જોઈએ,

➪ કામ્યાબી માટે જરૂરી છે કે અનુભવી અને તેના જાણકારો સાથે મશવેરો કરો,

➪ કામ્યાબી માટે દુશ્મનોની રાઝની વાતોને જાણી લેવી તેનાથી દુશ્મન જલ્દીથી હારી જાય છે, અને પોતાની રાઝની વાતોને દુશ્મનોથી છુપાવવી જરૂરી છે,

➪ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે તમારા રાઝને દોસ્તને પણ બયાન ન કરો કેમ કે જો તે કોઈ દિવસ તમારો દુશ્મન

બની જાય તો તમને કોઈ નુકસાન ન પહોંચાડી શકે, શક્ય છે કે દોસ્ત એક દિવસ દુશ્મન બની જાય. (બિહારૂલ અનવાર, ભા.૭૧, પે.૧૭૭)

⇨ ઈમામના નુરાની બયાનને ધ્યાનમાં રાખવામાં આવે તો ચોક્કસ કામ્યાબી મળે છે.

# હિકમત ૪૯

## ઈઝ્ઝતદાર અને નીચ (ઝલીલ)

➪ ઈઝ્ઝતદાર માણસ જયારે ભૂખ્યો હોય ત્યારે તેના હમલાથી બચો અને નીચ માણસ જ્યારે પેટ ભરેલો હોય ત્યારે તેના હમલાથી બચો.

➪ અહીંયા તફસીર કરનારા ભૂખનો જાહેરી અર્થ ભૂખ સિવાય બીજો પણ બયાન કરે છે, એટલે કે જયારે ઈઝ્ઝતવાળા માણસ ઉપર ઝુલ્મ કરવામાં આવે અથવા તેને ગયરત અપાવવામાં આવે તો પોતાના હકનો બચાવ કરવા માટે જયારે હમલો કરશે તો બહુજ ખતરનાક હશે. ઈઝ્ઝતદાર માણસને મજબુર ન સમજવો અથવા તેની ખામોશીનો દુરૂપયોગ ન કરવો કેમ કે તેનો હમલો બહુજ સખત હશે અને બીજાઓ માટે બરદાસ્તની બહાર હશે.

➪ જ્યારે નીચ અને હલકા માણસના





www.hajinaji.com

હાથમાં હુકુમતમાં આવી જાય અથવા કંઈક હોદ્દો મળી જાય ત્યારે તેઓ બેગુનાહ ઉપર હમલો કરવા લાગે છે,

⇨ અમુક લખનારા ભૂખ અને પેટ ભરેલા મૂળ (અસલી) અર્થ બયાન કર્યો છે.

⇨ એટલે શરીફ માણસ પેટ ખાલી હોય તો પેટ માટે ગમે તે કરી શકે છે.

⇨ ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે શરીફ અને ઈઝ્ઝતદાર માણસ ઉપર તોહમત અથવા તેની ઈઝ્ઝત ખરાબ થાય તેવા જુઠા ઈલ્ઝામ લગાવવામાં આવતા હોય અને શરીફ માણસ ખામોશ હોય તો ઝાલીમો તેનો દુરૂપયોગ કરતા હોય છે અને વધારે સતાવતા રહે છે, પરંતુ જયારે શરીફ માણસની ઝબાન ચાલશે તો દલીલ સાથે હશે અને લોકો તેનાથી બચી નહી શકે,

⇨ કોઈપણ માણસને એટલા બધા મજબુર ન કરી દો કે તેનું સબ્ર જવાબ આપી જાય.

# હિકમત ૫૦
# દિલ જંગલી છે

⇨ માણસોના દિલો જંગલી (જાનવરો જેવા) છે જે તેનાથી મોહબ્બત કરે તેના તરફ ઢળી જાય છે.

⇨ જો કોઈ નવો માણસ ગામમાં યા મોહલ્લામાં આવે અને બીજા માણસ સાથે મોહબ્બતથી વાત ચીત થાય એક બીજાને તોહફો આપે તો દિલ તેના તરફ ખેંચાય છે, એના વિરૂધ્ધ જો કોઈ ખરાબ વર્તન કરવાની કોશિશ કરે તો દિલ જંગલી જાનવરના જેમ વર્તાવ કરે છે.

⇨ હદીસમાં છે કે ઈન્સાન એહસાનનો બંદો છે, જે પ્રમાણે એક બીજા સાથે એહસાન કરવામાં આવે એ મુજબ દિલ તેના તરફ ખેંચાય છે.

⇨ બીજા શબ્દોમાં કહી શકાય કે મોહબ્બત આપશો તો ગમે તેવો સખત દિલનો હશે

તો પણ તે મોહબ્બત કરવા લાગશે.

➪ પ્યારા નબી (સ.અ.વ.) ફરમાવે છે કે ત્રણ વસ્તુ ઈન્સાનના દીની ભાઈ તરફ મોહબ્બતનો રસ્તો સાફ કરે છે.

૧) હસતા મોઢે મુલાકાત કરવી,

૨) મીટીંગમાં તેની યોગ્ય / તેને લાયક જગ્યાએ બેસાડવું,

૩) તેને તેના ગમતા નામથી બોલાવવું. (કાફી, ભા.૨, પે.૬૪૩)

➪ દરેક પોતાના સાથે મોહબ્બત ભર્યો વ્યહવાર ચાહે છે ભલે કોઈ અજાણ્યા માણસ હોય કે જાણીતા,

➪ જો હસતા મોઢે અને મોહબ્બતથી બોલવામાં આવે તો દુશ્મન પણ દોસ્ત બની જાય છે, અમુક લોકો ખબર નથી શા માટે કડવી ઝબાન વાપરીને દોસ્તને પણ દુશ્મન બનાવી દે છે, પોતાના સગાને પારકા બનાવી દે છે.

⇨ જો પોતાના ઘરમાં જ પતિ પત્ની અથવા સાથે રહેવાવાળા આપસમાં મોહબ્બત ભર્યો વર્તાવ કરે તો ઘર આ દુનિયામાં જન્નત બની જાય.

# હિકમત ૫૧
# દુનિયાનું આવકારવું અને છોડી દેવું

⇨ તમારી ખામીઓ ત્યાર સુધી લોકોથી છુપી રહશે જ્યાર સુધી દુનિયા તમોને આવકારે છે, (જ્યારે દુનિયા તમારાથી મોઢું ફેરવી લેશે ત્યારે બધીજ ખામીઓ જાહેર થઇ જશે.)

⇨ ઈમામ (અ.સ.) નાના એવા ખુબસુરત વાક્યમાં લોકોને ચેતવણી આપી છે કે જો દુનિયા તમોને આવકારી રહી હોય ત્યારે તમારી ખામીઓ, ભૂલો લોકોને દેખાતી નથી, ઘણી વખત ભૂલ અથવા ખોટ પણ સારી લાગે છે, પરંતુ યાદ રાખવું જોઈએ કે બધા દિવસો આવા નથી હોતા, બલ્કે જયારે દુનિયા તમારાથી ફરી જશે ત્યારે તમારી બધીજ ખામી અને ભૂલો જાહેર થશે, એટલું

જ નહી બલ્કે જે તમારામાં સારી વાતો હશે એ પણ ખામી અને ભૂલ સમજવા લાગશે, આપણા સામે આવા ઘણા ઉદાહરણ રાજકારણ અને બીજી જગ્યાઓ ઉપર દેખાય છે, ઈન્સાનને જયારે દુનિયા સાથ આપતી હોય ત્યારે ફૂલના હાર પહેરાવે છે અને લોકો વાહ વાહના નારાથી આવકાર આપે છે, અને દુનિયા છોડી દે ત્યારે તે માણસ લોકો માટે ઈબ્રત બની જાય છે, લોકો તેનાથી સબક હાંસિલ કરે છે.

⇨ હોંશિયાર માણસ એ છે કે જે આ જાહેરી વસ્તુઓથી ખુશ થઈને ઘમંડી નથી બનતો, બલ્કે પોતામાં જે ખામીઓ હોય તેને સુધારવાની કોશિશ કરે છે અને જે સારી આદતો છે તેને સહીહ રીતે અંજામ આપવાની કોશિશ કરે છે.

# હિકમત પર
# શક્તિ હોવા છતાં માફ કરવું.

⇨ સૌથી વધુ માફી આપવાનો હકદાર તે છે જે સઝા આપવાની તાકત રાખતો હોય.

⇨ જેના પાસે સઝા આપવાની કુદરત હોય તેના માટે સૌથી સારો અમલ છે કે તે બીજાને માફ કરે.

⇨ માફ કરવાથી સમાજ અને કુટુંબમાં વરસો સુધી ચાલતી લડાઈ ઝઘડા ખતમ થઈ જાય છે.

⇨ અને જો માફ ન કરવામાં આવે તો બદલા લેવાની આગ દિલમાં સળગ્યા કરે છે અને તે દુશ્મનીની આગ કેટલાય ઘર અને માણસોને બરબાદ કરી દે છે.

⇨ પ્યારા નબી (સ.અ.વ.) અને માઅસૂમ ઈમામોની જિંદગીમાં નજર આવે છે કે બદલો લેવાની શક્તિ હોવા છતાં માફ કરી દેતા હતા.

⇨ નબી (સ.અ.વ.) ફતહે મક્કા વખતે

મક્કાના તે દુશ્મનોને માફ કર્યા જેમના લીધે મક્કા શહેરને છોડવું પડ્યું હતું, ઈમામ અલી (અ.સ.)એ જંગે જમલમાં કામ્યાબ થયા પછી દુશ્મનોને માફી આપી.

⇨ એજ પ્રમાણે શામનો રહેવાસી ઈમામ હસન મુજતબા (અ.સ.)ને અપશબ્દો બોલ્યા, પરંતુ ઈમામ હસન (અ.સ.) માફ કર્યા.

⇨ બધા ઈમામોની આ મુજબ જિંદગી રહી છે કે તેઓ બીજાને માફ કરતા, માઅસૂમીન (અ.સ.) માફ પણ કરતા અને માફ કરવાની તાકીદ પણ ફરમાવી છે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે આપસમાં એક બીજાને માફ કરો જેથી તમારા વચમાંથી દુશ્મની દૂર થાય. (કંઝૂલ ઉમ્માલ)

⇨ એક બીજી પ્યારી હદીસમાં ફરમાવે છે કે તમારા માટે જરૂરી છે કે માફ કરો કેમ કે

માફ કરવાથી ઈઝ્ઝતમાં વધારો થાય છે, તમે માફ કરો જેથી ખુદા પણ તમને માફ કરે. (કાફી, ભા.૨, પે.૧૦૮)

# હિકમત ૫૩
# સાચી સખાવત

⇨ સાચી સખાવત એને કહેવાય જે માંગ્યા વગર આપવામાં આવે, જો કોઈના માંગવા પર આપે તો તે શરમના લીધે અથવા લોકોના બુરા બોલવાના ડરના લીધે હોય શકે છે.

⇨ સખાવત એટલે ફક્ત જરૂરતમંદને આપવાનું નામ નથી, બલ્કે સખાવત એક એવો ગુણ છે જે અમુક લોકોમાં જ હોય છે જેના લીધે જરૂરતમંદને વગર માંગ્યે અતા કરે અને તેનાથી કોઈ પ્રકારનો બદલો પણ ન ચાહે.

⇨ જો કોઈ પોતાની ઈઝ્ઝતને દાવ પર લગાવીને પોતાની પરેશાની બયાન કરે અને તેના બદલામાં તેની જરૂરત પૂરી કરવામાં આવે તો આપનારને સખી નથી કહી શકતા કેમ કે તે કોઈની ઈઝ્ઝતના બદલામાં આપ્યું છે, અથવા એટલા માટે મદદ કરી કે જો

મદદ નહી કરૂં તો મને લોકો શું કહેશે? અથવા એટલા માટે મદદ કરી હોય કે શરમના લીધે કંઈક તો આપવું જ પડેને, તો આ બધા સંજોગોમાં મદદ કરનારને સખીદાતા નહી કહી શકાય, સાચો સખી તો એ છે કે જરૂરતમંદની જરૂરતની ખબર પડે કે તરતજ છુપી રીતે જરૂરતમંદની મદદ કરે અને બીજા કોઈને ખબર પણ ન પડે.

⇨ આવી સિફત જયારે હોય તો ખરેખર તે ખુદાની સખાવતની સિફતમાંથી કાંઈક હિસ્સો મળેલ છે તેમ સમજાય, હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે સખાવત પરવરદિગારની મોટી સિફત છે. (કંઝૂલ ઉમ્માલ)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે સખાવત પયગંબરોના અખ્લાકમાંથી અને ઈમાનનો પાયો છે મોમીન ત્યાર સુધી મોમીન નથી કહેવાતો જ્યાર સુધી તે સખી

ન હોય. (બિહારૂલ અનવાર, ભા.૬૮, પે.૩૫૫)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.)ની બયાન ફરમાવેલી વાત ઉપર ખતમ કરૂં. યમનથી એક ટોળું રસૂલેખુદા (સ.અ.વ.) પાસે પહોંચ્યું તેમાં એક માણસ બહુજ બદકલામ અને બોલવામાં બહુજ ખરાબ હતો, તેના શબ્દોથી નબી (સ.અ.વ.) ગુસ્સામાં આવી ગયા, ગુસ્સાના લીધે કપાળ ઉપર પસીનો આવી ગયો અને ચહેરો બદલાઈ ગયો, નજર ઉપર ઉઠાવીને જમીન તરફ નજર કરી, ત્યારે જિબ્રઈલ આવ્યા અને ખુદાનો પયગામ પહોંચાડ્યો કે આપ ઉપર પરવારદીગાર દુરૂદો સલામ મોકલે છે અને ફરમાવે છે કે આ માણસ સખી છે અને લોકોને જમવાનું જમાડે છે. આ સાંભળતા જ પ્યારા નબી સ.નો ગુસ્સો ઠંડો થઈ ગયો પછી માથું ઊંચું કરીને ફરમાવ્યું કે જો મને

અલ્લાહ તરફથી જિબ્રઈલે ખબર ન આપી હોત કે તું સખી છે અને લોકોને જમવાનું જમાડે છે તો તને એવી સઝા આપત કે લોકો માટે ઈબ્રત બની જાત, ત્યારે તે માણસ કહે છે કે શું તમારા રબને સખાવત પસંદ છે? નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે હાં. તરત જ તે માણસ કહે છે કે મને કલમો પઢાવો અને તે મુસલમાન બની ગયો. કહ્યું કે જે અલ્લાહે તમને હક સાથે મોકલ્યા છે તેના સોગંદ ખાઈને કહું છું કે હુંએ કોઈને પણ મારા માલથી મહેરૂમ નથી કર્યો. (કોઈને પણ દરવાઝા પરથી ખાલી હાથ પાછો નથી ફેરવ્યો.) (કાફી, ભા.૪, પે.૩૯)

⇨ સખી માણસની લોકોમાં ઈઝ્ઝત અને અલ્લાહ રસુલ (સ.અ.વ.) અને અહલેબયત (અ.સ.)ની નજરમાં પણ ઈઝ્ઝતદાર બને છે.

# હિકમત ૫૪

## અક્કલ, અદબ અને મશવરો

⇨ અક્કલથી મોટી કોઈ માલદારી નથી, જેહાલતથી મોટી કોઈ નાદારી નથી, અદબથી મોટો કોઈ વારસો નથી, સલાહ મશવેરાથી મોટો કોઈ સહારો નથી.

⇨ અક્કલની ખૂબી માટે એટલુંજ કહેવું બસ છે કે જો અક્કલ હશે તો તેના પાછળ બધી જ વસ્તું મળશે, અક્કલના સહીહ આયોજનથી દુનિયા અને આખેરતની તમામ ખૂબીઓ માલ, દૌલત, હુકુમત, આરામ નસીબ થાય છે.

⇨ કુરાને મજીદમાં ઈલ્મ અને અક્કલ શબ્દનો અને તેને મળતા હળતા શબ્દોનો ૮૮૦ વખત ઉલ્લેખ થયો છે, અક્કલની અહેમિયત વિશે શીઆની ખાસ ચાર કિતાબોમાંથી કિતાબ અલ કાફીમાં સૌથી પહેલું પ્રકરણ પણ અક્કલ વિશે બયાન થયું

છે, જેમાં માઅસૂમીન (અ.મુ.સ.)થી ઘણી બધી હદીસો બયાન થઈ છે.

⇨ આનો મતલબ છે કે ઈસ્લામમાં ઈલ્મ અને અક્કલની બેહદ અહેમિયત બયાન થઈ છે. તો પછી વિચાર કરવો જોઈએ કે મુસલમાન અને તેમાં પણ ખાસ અહલેબયત (અ.મુ.સ.)ના ચાહનારાઓને ઈલ્મ અને અક્કલમાં કેટલું આગળ હોવું જોઈએ?

⇨ નબી (સ.અ.વ.) આ વિશે એક નુરાની હદીસમાં બયાન ફરમાવે છે કે અલ્લાહે તેના બંદાઓ દરમ્યાન અક્કલથી વધીને બીજી કોઈ નેઅમતની વહેંચણી નથી કરી. અક્કલમંદનું સુવુ જાહીલનું પૂરી રાત જાગીને ઈબાદત કરવા કરતા બહેતર, અક્કલમંદનું રોઝા ન રાખવું જાહીલના સુન્નત રોઝા રાખવા કરતા બહેતર, આલીમનું ઘરે રહેવું જાહીલના (જેહાદ માટે) મુસાફરી કરવા કરતાં બહેતર છે, અલ્લાહે કોઈ પણ નબીને ત્યાર

સુધી નબી બનાવીને નથી મોકલ્યા જ્યાર સુધી સંપૂર્ણ અક્કલ ન આપી, અને પયગંબરોને તમામ ઉમ્મત કરતા વધારે અક્કલ આપી છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે દરેક માણસનો દોસ્ત તેની અક્કલ છે અને દરેક માણસનો દુશ્મન તેની જેહાલત છે.

⇨ અક્કલના વિરૂધ્ધ જેહાલત અને અભણતા આવે છે તો જ્યાં જેહાલત હશે ત્યાં ગરીબી, મોહતાજી, પરેશાની અને તે સિવાય બીજી ઘણી મુસીબતો ઉભી થાય છે. (શરહે નહજુલ બલાગાહ, ભા.૧૮, પે.૧૮૫)

⇨ હદીસો અને રિવાયતમાં જે અક્કલ કહેવામાં આવ્યું છે તેનો શું અર્થ થાય?

⇨ અક્કલ એટલે તેવી હોંશિયારી કે જે અલ્લાહ અને તેના બતાવેલા રસ્તા ઉપર

ચલાવે તેમજ બુરાઈઓથી દૂર રાખે, લોકો સાથે ઈન્સાફ કરે, અને જન્નત સુધી પહોંચાડે અને દોઝખથી બચાવે. જો જન્નત સુધી ન પોહોંચાડે તો તે અકકલ નથી બલ્કે શૈતાન છે.

⇨ અદબ (સંસ્કાર) વિશે ઈમામ અલી (અ.સ.) ગોરરૂલ હેકમમાં ફરમાવે છે કે માં બાપ પોતાની ઔલાદને વારસામાં સૌથી સારી વસ્તુ અદબ આપી શકે છે.

⇨ બીજી હદીસમાં છે કે થોડોક અદબ વધારે (સારા) નસબ કરતા બહેતર છે.

⇨ અદબ એટલે અલ્લાહ અને તેના બંદાઓ સાથે નમ્રતાભર્યુ સારૂં વર્તન કરવું. માં-બાપ ઔલાદ માટે જે વારસો મૂકી જાય છે તેમાં બહેતરીન વારસો અદબ (સારા સંસ્કાર) છે, તેનાથી માં-બાપની પણ ઈઝ્ઝતમાં વધારો થાય છે, જો વારસામાં સારા સંસ્કાર અને અખ્લાક ઔલાદને

આપેલા હશે તો તેનાથી માલ અને ઈઝ્ઝત બંને મેળવી શકશે.

⇨ ગૈર માઅસૂમને જિંદગીના કામ કાજમાં સલાહ મશવેરાની જરૂરત રહે છે જો એકલી અક્લથી કામ લેશો તો ભૂલો થવાની શક્યતા વધારે રહે છે તો મશવેરો કરવાથી ભૂલોથી બચી શકાય છે.

⇨ મશવેરો કોના સાથે કરવો?

⇨ જે માણસમાં આ સિફતો હોય – અક્કલ મંદ, ખુદાથી ડરનાર, સાચું બોલનાર, રાઝને છુપાવનાર, બહાદુર અને ભલાઈ ચાહનાર– તેની સાથે મશવેરો કરવો જોઈએ.

⇨ જો આ ગુણો વાળા માણસથી મશવેરો લેવામાં આવે તો પસ્તાવો નથી થતો.

# હિકમત ૫૫

## સબ્ર

⇨ સબ્રના બે પ્રકાર છે, અણગમતા કામને અંજામ દેવા ઉપર (જ્યારે સારા કામો કરવામાં મન ન લાગે, ઈબાદત, ઈતાઅત...) મનગમતા કામોને છોડવા ઉપર (જ્યારે બુરા કામોને કરવા માટે મન ચાહે. જૂઠું બોલવું, ગીબત, હરામ કામ...)

⇨ લોકોના વચમાં સબ્રનો જે અર્થ મશહુર છે તેનાથી વિશેષ સબ્રનો અર્થ ઈમામ અ. આ હદીસમાં બયાન ફરમાવી રહ્યા છે, લોકોમાં સબ્રનો અર્થ એટલે મુસીબત આવે એટલે સહન કરીને રોઈ લેવું, કાંઈ નુકસાન થાય એટલે ચુપચાપ ખમી લેવું વગેરે... આ પણ સબ્ર કહેવાય છે, પરંતુ ઈમામ અ. આનાથી વધારે અને વિશાળ સબ્રનો અર્થ સમજાવે છે. કે સારા કામો ઉપર અને બુરા કામો ઉપર પણ સબ્ર કરવાનું હોય છે.

⇨ સારા કામો કરવા ઉપર સબ્ર એટલે ઈબાદત કરવી મુસીબત અને ભારે લાગતું હોય અથવા આળસ થતી હોય, અથવા અલ્લાહની કોઈ પણ પ્રકારની ઈતાઅત કરવામાં મન ન લાગતું હોય તો અહીંયા સબ્ર એ છે કે અલ્લાહના હુકમને માને, એટલે ભલે ઈબાદત અને ઈતાઅત બોજ લાગે તો પણ અંજામ આપે.

⇨ બીજા પ્રકારનું સબ્ર એટલે ઘણા હરામ કામ કરવામાં મજા આવતી હોય અને ગમતા પણ હોય, પરંતુ ત્યારે હરામ અને નાજાઈઝ કામોને છોડી દેવું સબ્ર છે જેમ કે સંગીત સાંભળવું અથવા ખોટી ખોટી વાતો કરવી યા ગીબત કરવામાં મજા આવતી હોય વગેરે... આ બધા ગુનાહોને છોડી દેવાને પણ સબ્ર કહેવાશે.

⇨ એક બીજી જગ્યા ઈમામ અલી (અ.સ.) નબી (સ.અ.વ.)ની હદીસ બયાન

ફરમાવે છે કે સબ્રના ત્રણ પ્રકાર છે, મુસીબત પર સબ્ર, ઈતાઅત પર સબ્ર અને ગુનાહો પર સબ્ર, જે માણસ મુસીબત પર સરખી રીતે સબ્ર કરે તેને અલ્લાહ ત્રણસો દરજ્જાઓ આપે છે જે ઝમીનથી લઈને આસમાન સુધી છે, જે ઈતાઅત પર સબ્ર કરે છે તેને અલ્લાહ સાતસો દરજ્જાઓ આપે છે જે ઝમીનના છેલ્લા ભાગથી લઈને અર્શ સુધી છે, અને જે માણસ ગુનાહો પર સબ્ર કરે છે તેને અલ્લાહ નવસો દરજ્જાઓ આપે છે જે ઝમીનના સૌથી છેલ્લા ભાગથી લઈને અર્શના સૌથી ઉચ્ચા હિસ્સા સુધી છે. (ઉસૂલ કાફી, ભા.૨, પે.૯૧)

⇨ હક રસ્તા ઉપર ચાલવા માટે સબ્રનો ખુબજ મહત્વનો રોલ છે, સબ્ર હશે તો જ અલ્લાહથી નજીક થઇ શકશું, તેમજ મક્સદમાં કામ્યાબી મેળવી શકશુ.

# હિકમત ૫૬

## ગરીબ અને અમીરની જિંદગી

⇨ માલદાર માટે મુસાફરીમાં પણ વતન છે અને ફકીર માટે વતનમાં પણ મુસાફરી છે.

⇨ વતન એ જગ્યા છે જ્યાં જન્મ થયો હોય, સગાવહાલા અને ચારો તરફ જાણીતા અને દોસ્તો હોય તેમજ મદદ વખતે મદદ પણ કરે,

⇨ મુસાફરી એ જગ્યા છે જ્યાં ન તો કોઈ દોસ્ત હોય કે ન કોઈ ઓળખનાર, ન મહેરબાની કરનાર કે ન મદદ કરનાર.

⇨ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે માલદાર પોતાની દૌલતના પાવર ઉપર જ્યાં રહે ત્યાં મોહબ્બત કરનાર અને ઓળખીતા તેમજ મદદ કરનાર બનાવી લે છે, જેથી વતન જેવા હાલત પોતાના આસપાસ ઉભા કરે. અને ગરીબ માણસ પોતાના વતનમાં હોય તો

પણ તેની ગરીબીના કારણે કોઈ ઓળખતું નથી, પોતાના પણ દૂર થઇ જાય છે અને મુસાફરના જેમ જિંદગી વિતાવે છે જેને કોઈ ઓળખતું ન હોય.

⇨ ઈમામ (અ.સ.)ના આ બયાનમાં મોમીનોને ખાસ પયગામ આપ્યો છે કે લોકો કોશિશ કરે કે દૌલતમંદ બને અને તેનાથી બીજાઓને પોતાના તરફ ખેંચે અને જરૂરતમંદોને મદદરૂપ બને, વાજીબ હકોને અદા કરે, કેમ કે ગરીબી ઝિલ્લતનું કારણ છે અને ઘણી વખત તો કાફીર બનાવી દે છે.

⇨ સમાજમાં ગરીબીને દૂર કરવા માટે એવા મજબૂત પગલા ભરવામાં આવે કે જેથી ગરીબ પોતે મોહતાજ ન રહે, બલ્કે પગભર થઈને તે બીજાની મદદ કરવા લાગે, આજના ઝમાનામાં જો સમાજમાં ગરીબીને દૂર કરવી હોય તો બાળકોને સારૂ શિક્ષણ આપવું પડશે અને એકબીજાને કામ કાજ

અને ધંધાને આગળ વધારવામાં સાથ સહકારથી કામ લેવું પડશે.

⇨ અહીંયા એક સવાલ ઉભો થાય છે કે રિવાયતોમાં ફકીરીના વખાણ કરવામાં આવ્યા છે તેનો શું મતલબ છે?

⇨ જવાબમાં કહેશું કે તે ફકીરી એટલે કોઈનો મોહતાજ નહી, બલ્કે ફક્ત અને ફક્ત અલ્લાહનો મોહતાજ હોય, જે સાદી જિંદગી જીવતો હોય, અલ્લાહવાળા ખામોશીથી આવી જિંદગી જીવે છે આવા માણસ બેશક વખાણના લાયક છે.

# હિકમત ૫૭
## સંતોષ

⇨ સંતોષ એવો ખઝાનો છે જે કોઈ દિવસ ખતમ નથી થતો.

⇨ સંતોષ એટલે ઓછામાં ઓછી જિંદગીની જરૂરિયાતથી કામ ચલાવે, વધારે પડતી ચમક દમકથી બચે અને જરૂરતથી વધારે ખર્ચ ન કરે.

⇨ ઈમામ (અ.સ.)એ એક જગ્યા પર બયાન ફરમાવ્યું છે કે ખુશ નસીબ છે તે માણસ જે કયામત (મઆદ)ને યાદ કરે, હિસાબના દિવસ માટે અમલ કરે, જરૂરત પૂરતી ચીજો ઉપર સંતોષ માનતો હોય અને અલ્લાહથી રાઝી હોય.

⇨ ઈમામ (અ.સ.)એ ખુતબા નં.૧૯૨માં નબીઓની સિફતો બયાન કરી છે ત્યાં ફરમાવે છે કે "તેઓ સંતોષી હતા, તેઓના દિલો અને આંખો બેનિયાઝીથી ભરેલી હતી

(તેઓના દેખાવમાં મોહતાજી નહિ, બલ્કે બેનિયાઝી દેખાતી હતી.)''

⇨ જો લોકો ઈમામ (અ.સ.)ના આ બયાન પર અમલ કરે તો ઘણી મુસીબતો અને શિકાયતો દૂર થઈ શકે છે,

⇨ જેમની શિકાયતો હોય છે કે મારા પાસે આ નથી, ફલાણું નથી, વગેરે... એમની શિકાયત જિંદગીની જરૂરિયાતની કમી ઉપર નથી હોતી બલ્કે ખોટા ખર્ચા અને ફાલતુ વસ્તુઓ ન મળવા ઉપર શિકાયત હોય છે, જો બધા પોતાની જિંદગીમાં સંતોષ કરવા લાગે તો ઘણી બુરાઈઓ જેમ કે ચોરી, લાલચ, ગુનાહો, હસદ વગેરેથી પણ બચી શકાય છે, અને ઈન્સાન પોતાના દામનને પાકો પાકીઝા રાખી શકશે.

⇨ જયારે સમાજમાં દેખા દેખી આવી જાય ત્યારે લોકો સંતોષને કિનારે મૂકી દે છે અને જયારે દૌલતમંદ દેખાવ માટે પોતાની

દૌલત ખર્ચવા લાગે ત્યારે સમાજમાં બહુજ અફસોસનાક અને ખતરનાક સ્થિતિ ઉભી થઇ જાય છે.

# હિકમત ૫૮
# દૌલત અને વાસના

➪ માલ અને દૌલત શેહવતની મૂળ મૂડી છે.(શેહવત=હવસ=વાસના)

➪ દુનિયાની દૌલતના ફાયદા કરતા નુકસાન ઘણા બયાન થયા છે, એનો મતલબ એ નથી કે દરેક માલદાર ખરાબ છે અથવા વાસનાનો ગુલામ છે, ઘણા લોકો માલદાર બન્યા, પરંતુ કારૂનના જેમ તેમની દૌલતે તેમને ઘમંડી બનાવી દીધા યા કાફીર બનાવી દીધા, અમુક એવા લોકો પણ છે જેઓ પોતાની દૌલતને અલ્લાહના બતાવેલા રસ્તા ઉપર ખર્ચ કરીને મહત્વપૂર્ણ ફાયદાઓ હાંસિલ કર્યા, આ લોકો ખરેખર ફાયદામાં છે. જ.સુલેમાન (અ.સ.) કરતાં વધારે કોણી પાસે હુકુમત અને દૌલત હશે છતાંપણ? તેઓએ સાદી અને નેક જિંદગીને પસંદ કરી.

⇨ કારૂનનો જ્યાં ઉલ્લેખ થયો છે ત્યાં આ આયતમાં દૌલતના નશામાં ડૂબેલા લોકોને કુરાન આ મુજબ નસીહત બયાન કરે છે કે “જે કઈ ખુદાએ તને આપ્યું છે તેનાથી આખેરતમાં ઘર હાંસિલ કર, અને જે દુનિયામાં લાભ થવાનો છે તેને ન ભૂલ, જે રીતે તારાથી ખુદા ભલાઈ કરી છે તે મુજબ (અલ્લાહના બંદાઓ) સાથે ભલાઈ કર, ઝમીન ઉપર ફિત્ના ફસાદ ન કર કેમ કે અલ્લાહને ફિત્ના ફસાદ પસંદ નથી.” (સુરે કસસ, આયત ૭૭)

⇨ આયતમાં દૌલત હોય તો આખેરત માટે ખર્ચ કરવા તરફ ધ્યાન ખેચ્યું છે, બંદાઓને તો અલ્લાહના બંદાઓ સાથે ભલાઈ કરવાની નસીહત ફરમાવી છે.

⇨ ઈસ્લામમાં સારી જગ્યાથી જો દૌલત મેળવવાંમાં આવી હોય અને સારા રસ્તામાં ખર્ચ કરવામાં આવી હોય તો તેના વખાણ

કરવામાં આવ્યા છે અને જો ખોટી રીતે દૌલત કમાઈ હોય અને ખરાબ રસ્તામાં ખર્ચવામાં આવી હોય તો તેની મઝમ્મત (ટીકા) કરવામાં આવી છે.

➩ એક રિવાયત ઈબ્ને અબ્બાસ (રઝી.) નબી (સ.અ.વ.) યા ઈમામ અલી (અ.સ.)થી નકલ ફરમાવે છે કે સૌથી પહેલો સિક્કો ઝમીન ઉપર બનાવવામાં આવ્યો તો શૈતાનની નજર તેની તરફ ગઈ તેને ઉપાડીને એહતેરામથી ચુમ્યો અને છાતીથી લગાવ્યો, અને ખુશીથી ઝુમી ઉઠ્યો ફરીથી છાતીથી સિક્કાને લગાવીને કહેવાય લાગ્યો કે તું તો મારી આંખોનું નૂર છે મારા દિલની ઠંડક છે, માણસ તારાથી મોહબ્બત કરશે તે જ મારા માટે બસ છે, આદમની ઔલાદ ભલે મૂર્તિ પૂજા ન કરે તારાથી મોહબ્બત કરે એ મારા માટે બસ છે. (બિહારૂલ અનવાર, ભા.૭૦, પે.૧૩૭)

➪ શૈતાનની ખુશી બતાવે છે કે જો સિક્કા, પૈસા, માલ દૌલત વગેરેથી મોહબ્બત હશે તો ઈન્સાનને બહેકાવવામાં શૈતાનને વધારે મહેનત નહી કરવી પડે.

➪ જો દૌલત આપણા કબઝામાં રહીને અલ્લાહના રસ્તા ઉપર ખર્ચ થાય તો સારી છે અને જો આપણે દૌલતના ફક્ત ચોકીદાર તથા ગુલામ બની ગયા તો હલાકત છે.

# હિકમત ૫૯
# નસીહત અને નસીહત કરનારની અહેમિયત

⇨ જે કોઈ તને ખતરાથી ડરાવે છે તો એમ સમજી લે એ તને ખુશ ખબરી આપે છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની બયાનમાં ફરમાવે છે કે ચેતવણી આપનાર તથા ખતરાથી ડરાવનાર એ તમારા ઉપર આવનારી મુસીબતને દૂર કરે છે તે જાહેરમાં એમ દેખાઈ છે કે તમને ડરાવે છે, પરંતુ હકીકતમાં ખુશખબરી આપે છે, તેથી જ જો કોઈ આખેરતના અઝાબથી ડરાવતો હોય તો નારાજ ન થવું જોઈએ, બલ્કે ખુશ થવું અને શુક્ર કરવો જોઈએ કે આખેરતના અઝાબ (ખતરા)થી બચાવ્યો છે, ચેતવણી આપનાર તમારા માટે ભલાઈ ચાહે છે.

⇨ દુનિયામાં અગર કોઈ મુસીબતોથી

બચાવે તો તેનો એહસાન પૂરી જિંદગી નથી ભૂલતા, અને જો કોઈ નસીહત કરનાર આખેરતની મુસીબતોથી ડરાવે તો એહસાન માનવું કે શુક્રિયા કહેવું દૂરની વાત, બલ્કે લોકો નસીહત કરનાર (આલીમ વગેરે...)થી નારાજ થઈ જાય છે. શું આ અજબ થવા જેવું (નવાઈ પમાડનાર) નથી !?

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે તેની પેરવી કરો જે માણસ તમને રડાવે, પરંતુ તે તમારા માટે ભલાઈ ચાહે અને તેની પેરવી ન કરો જે તમને હસાવે અને ખોટુ બોલે અને હકીકતને છુપાવે. (કાફી, ભા.૨, પે.૬૩૮)

# હિકમત ૬૦

## ઝબાન

⇨ ઝબાન (જીભ) એવું ફાડી ખાનાર જાનવર છે જો તેને કાબૂમાં ન રાખવામાં આવે તો નુકસાન પહોંચાડશે (બટકા ભરે છે).

⇨ અલ્લાહે ઈન્સાનને મોટી નેઅમતોમાંથી એક નેઅમત ઝબાન આપી છે, એટલે બોલવાની શક્તિ આપી છે. ઝબાન થકી એક નસલથી બીજી નસલ સુધી ઈલ્મ પહોચે છે, ઝબાનથી જિંદગીના કામો આસાન થઈ જાય છે, જો ઝબાન ન હોત તો જાનવરોના જેમ જિંદગી રૂંધાઈ જાત.

⇨ ઝબાન જેટલી મોટી નેઅમત છે એ પ્રમાણે જો સહીહ વાપરવામાં ન આવે તો મોટા મોટા ખતરા પણ છે.

⇨ માણસના શરીરના ભાગોમાંથી સૌથી વધારે આઝાદ ઝબાન છે, એટલે જેના સામે

જેમ તેમ બોલવામાં કોઈ રૂકાવટ નથી, ઘણી વખત એક શબ્દ મોટી લડાઈનું કારણ બને છે જેમાં હઝારો માણસો કતલ થાય છે, કેટલાય લોકોની ઈઝ્ઝત પામાલ થાય છે, અને પુરા સમાજની સુખ શાંતિ ખતમ થઇ જાય છે.

⇨ પ્યારા નબી (સ.અ.વ.) બયાન ફરમાવે છે કે અલ્લાહ જેટલી મોટી સઝા ઝબાનને આપશે તેટલો અઝાબ શરીરના બીજા કોઈ પણ ભાગોને નહી આપે, ત્યારે ઝબાન ખુદાની બારગાહમાં ફરિયાદ કરશે કે જેટલો મને અઝાબ કરે છે તેટલો બીજા અવયવો ઉપર અઝાબ શા માટે નથી? અલ્લાહના ત્યાંથી અવાજ આવશે કે તારી ઝબાનનો એક શબ્દ પૂર્વ અને પશ્ચિમ સુધી પહોંચ્યો જેના લીધે કેટલાય બેગુનાહોની જાનો ગઈ, કેટલાયના માલ સામાન લૂંટવામાં આવ્યા, કેટલાય ઘર અને ઈઝ્ઝત બરબાદ થઈ, હું

મારી ઈઝ્ઝત અને બુઝૂર્ગીની કસમ ખાઈને કહું છું કે જેટલી સઝા તને આપીશ એટલી બીજા કોઈ શરીરના ભાગને નહી આપું. (કાફી, ભા.૨, પે.૧૧૫)

⇨ કિતાબોમાં ઝબાનથી થતા ખતરનાક ત્રીસ મોટા મોટા ગુનાહો બયાન કરવામાં આવ્યા છે, આજના ઝમાનામાં ઝબાનના સાથે સોશિયલ મીડિયાનો દૂર ઉપયોગ પણ ખતરનાક છે જે સેકન્ડમાં પૂરી દુનિયામાં સાચા ખોટા સમાચારના લીધે તબાહી મચાવી શકે તેમ છે. ઝબાન ભલાઈ અને બુરાઈની ચાવી છે જે પ્રમાણે ચાલશે તે મુજબ તેનો ખરાબ અથવા સારો અસર થશે, દરેક પોતે વિચાર કરે કે ઝબાનને કેવી રીતે વાપરે છે, કોઈના લાભ માટે કે નુકસાન માટે, જે દુનિયામાં તબાહી ફેલાવશે તે આખેરતમાં સૌથી વધારે અઝાબમાં રહેશે,

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.)થી

નકલ છે કે જનાબે અબુઝર (અ.ર.) ફરમાવે છે કે અય ઈલ્મ હાંસિલ કરનાર તારી ઝબાન ખૈર અને શરની ચાવી છે તેથી તારી ઝબાન ઉપર એવી રીતે તાળું લગાવ જેવી રીતે સોના ચાંદીના તિજોરીમાં તાળું મારે છે. (કાફી, ભા.૨, પે.૧૧૪)

⇨ ઉમ્મતના સૌથી ખરાબ લોકો કોણ છે?

⇨ હઝરત રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ:

“‘મારી ઉમ્મતના સૌથી ખરાબ લોકો એ છે કે જેઓ વધારે વાતોડિયા હોય છે કે જેઓ લોકોને ઝબાનના ઝખ્મ લગાવે છે અને ઘમંડી સ્વભાવના હોય છે. મારી ઉમ્મતના સૌથી સારા લોકો એ છે કે જેમના અખ્લાક સૌથી સારા હોય છે.‘‘ (મીઝાનુલ હિકમહ, ભા.૧, પે.૬૭૬)

# હિકમત ૬૧
## સ્ત્રીની સિફત

⇨ સ્ત્રી એક એવી વીંછી છે જેનો ડંખ પણ મીઠો લાગે છે.

⇨ આ હદીસમાં સ્ત્રીને વીંછી કહેલ છે, આનાથી સમજાય છે કે તમામ સ્ત્રીઓ માટે નથી, બલ્કે જેમના અંદર ખરાબ સિફતો હોય, ખરેખર ખરાબ ઔરત જો ઘરમાં આવી જાય તો હસતું ખીલતું ઘર પણ જહન્નમ બની જાય છે, તે માટે શાદી વખતે ધ્યાનમાં રાખવાનું છે કે આ ઔરત બાઅખ્લાક છે કે નહી, જો સારા અખ્લાક ન હોય તો સમાજમાં અને કુટુંબમાં મોટું નુકસાન પહોંચાડે છે.

⇨ ઔરતોમાં સારી ઔરતો પણ છે જે ચાર સારી ઔરતો છે તે જનાબે હવા, જનાબે આસિયા, જનાબે મરિયમ,અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.વ.) જે તમામ



અનુક્રમણિકા

www.hajinaji.com

ઔરતોની સરદાર છે અને એક ઔરતને ઘરમાં માં-બાપ સાથે કેવી રીતે રહેવું જોઈએ તે પણ બતાવ્યું, એક ઓરતને શોહર સાથે કેવી રીતે રહેવું જોઈએ તે પણ બતાવ્યું, અને બચાઓની તરબીયત કેવી રીતે કરવી જોઈએ તે પણ બતાવ્યું, આપણા માટે જરૂરી છે કે આપણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો ઈતિહાસ પઢીએ અને જે ઔરતો ખરાબ હતી તેઓના અમુક નામો હિંદા, જે એ જનાબે હમઝાનું જીગર ચાબાવ્યું, જોઅદા જે ઈમામ હસન અ. સને ઝેર આપ્યું, ઉમ્મે ફઝલ જે એ ઈમામ મોહંમદ તકી (અ.સ.)ને ઝેર આપ્યું અને બીજી ઘણી બધી એવી ઔરતો છે જે એ રસુલ (સ.અ.વ.) અને આલે રસુલ (અ.મુ.સ.)ને પરેશાન કર્યા છે.

# હિકમત ૬૨

## નેકીનો જવાબ બહેતર નેકીથી

⇨ જયારે તમને કોઈ સલામ કરે તો તેનાથી સારો જવાબ આપો, તમારા ઉપર કોઈ એહસાન કરે તો તેનાથી વધીને તેનો સારો બદલો આપો, તેમાં પણ જે પહેલ કરશે તેની જ ફઝીલત વધારે હશે.

⇨ ઈસ્લામી અખ્લાક શીખવે છે કે કોઈ પણ નેક કામનો બદલો જરૂર આપો, ચાહે કોઈ નાનું એવું કામ કર્યું હોય કે પછી કોઈ વસ્તુની તાલીમ આપી હોય, અથવા ભલે નાની એવી દુઆ આપી હોય, તેમનાથી સારો બદલો આપવો જોઈએ, જો કોઈ 'સલામુન અલયકુમ' કહે તો જવાબમાં 'સલામુન અલયકુમ વ રહમતુલ્લાહ' કહે. એજ પ્રમાણે જો ઘરે કોઈ નાની વસ્તું મોકલાવે તો તેના જવાબમાં તેમને વધારે સારી વસ્તું આપો, આ રીત અપનાવવાથી

સમાજમાં પ્યારો મોહબ્બત વધશે, અને સુકુન અને આરામ વધશે, દિલોમાંથી કિનો અને કપટ દૂર થશે.

⇨ ઈમામો (અ.મુ.સ.)ની જિંદગીમાં આ પ્રમાણે અખ્લાક જગ્યા જગ્યા જોવા મળે છે ઈમામ હસન ઈબ્ને અલી અ.ને એક કનીઝ તોહફા રૂપે ફૂલ આપ્યું ઈમામે તેના બદલામાં તેને આઝાદ કરી, કોઈ એ પૂછ્યું કે આટલી નાની વસ્તુમાં આઝાદ કરી આપી, ફરમાવ્યું અલ્લાહે અમને આ રીતે અખ્લાક શીખવ્યા છે, પછી કુરાને મજીદની તે આયતની તિલવાત ફરમાવી જેમાં સારો બદલો આપવાનો ઉલ્લેખ છે. ત્યાર પછી ઈમામે ફરમાવ્યું કે આના માટે આઝાદ કરવા કરતા સારી વસ્તું બીજી કોઈ ન હતી.

⇨ આ મુજબ ઈમામો એ લોકોને કુરાને મજીદ ઉપર કેવી રીતે અમલ કરવામાં આવે તે પણ શીખવ્યું અને સાથે જેઓ આપણા

હેઠળ જીવતા હોય તેમના સાથે અખ્લાકથી વર્તાવ કરવાની પણ તાલીમ આપી, જયારે કે સમાજમાં એનાથી વિરૂધ્ધ થતું હોય છે, કે જો ગરીબ, નોકર યા મજબુરના ત્યાં કોઈ પ્રસંગ હોય તો તેમને જયારે તોહફો આપવાનો સમય આવે ત્યારે મામૂલી અને ઓછી કિંમતનો આપવામાં આવે છે જે ઈસ્લામી તાલીમના વિરૂધ્ધ છે, ઈસ્લામી અખ્લાક અને કુરાનની તાલીમ છે કે બહેતરીન બદલો આપો.

⇨ ઈમામ (અ.સ.) આ મુબારક હદીસમાં છેલ્લે ફરમાવ્યું કે બંને એક બીજાને તોહફો આપ્યો, પરંતુ ફઝીલત તેની કહેવાશે જે સૌથી પહેલા આપ્યું, અથવા સૌથી પહેલા જે શરૂવાત કરી, કેમ કે પહેલો માણસ સ્વાર્થ વગર શરૂવાત કરી તેથી તેનો અજર પણ અલ્લાહના ત્યાં વધારે છે અને ફઝીલત પણ વધારે.

⇨ તેની દલીલ માટે ઈમામ હુસૈન (અ.સ.)ની હદીસ મૌજુદ છે, સલામમાં સિત્તેર નેકી છે ઓગણ સિત્તેર (૬૯) સલામ કરનાર માટે અને જવાબ આપનારને ફક્ત એક જ નેકી. (બિહારૂલ અનવાર, ભા.૭૫, પે.૧૨૦)

# હિકમત ૬૩

## શફાઅત

➩ શફાઅત કરનાર શફાઅત તલબ કરનાર માટે પાંખ છે.

➩ શફાઅત બે પ્રકારની છે, એક તક્વીની અને બીજી તશરીઈ,

➩ શફાઅતે તક્વીનીઃ આ દુનિયામાં જે મજબૂત મખલુક છે તે કમઝોર મખલુકને કામીલ થવા માટે મદદરૂપ બને છે, ઘાસને ઉગવા માટે સૂરજ, વરસાદ, હવા વગેરે મદદરૂપ બને છે.

➩ શફાઅતનો અર્થ બહુજ વિશાળ છે આના સિવાય પણ ઘણા અર્થ છે.

➩ શફાઅતે તશરીઈઃ જે લોકો અલ્લાહની બારગાહમાં બહુજ નજીક છે તે લોકો ગુનેહગાર અને કમઝોર લોકોની ખુદા પાસે મદદ કરે છે જેથી તેઓ કામ્યાબ બને અને પોતાના મકસદ સુધી પહોંચે, અલ્લાહથી

સૌથી વધારે નજીક અહલેબયત (અ.મુ.સ.) છે જેઓની વાતને અલ્લાહ રદ નથી કરતો, જયારે તેઓ ગુનેહગારોની શફાઅત કરશે ત્યારે ખુદા કબૂલ ફરમાવશે.

⇨ શફાઅત ત્યારે કામ આવે છે કે જેની શફાઅત કરવામાં આવી રહી હોય તે શફાઅતના લાયક હોય, જો લાયક નહી હોય તો ભલે ચારો તરફથી તેની મદદ કરે તો પણ તેને મદદ નહી મળી શકે કેમ કે તેમાં લાયકાત જ નથી, એક ખરાબ દાણાને ઉગાડવા માટે સૂરજ તેનું પ્રકાશ આપે, વરસાદ પાણી વરસાવે તે સિવાય બધી જ જરૂરી વસ્તુઓ મદદ કરે તો પણ દાણો નહી ઉગે કેમ કે ખરાબ છે તેમાં લાયકાત નથી.

⇨ એજ પ્રમાણે જેઓ શફાઅત કરનારાઓથી રાબેતા નહી રાખ્યો હોય તો તેમને પણ શફાઅતનો કોઈ લાભ નહી પહોંચે, જો ચાહતા હોઈ એ કે શફાઅત



અનુક્રમણિકા

www.hajinaji.com

કરનારા અહલે બયત અ.ની શફાઅતનો લાભ મળે તો તેમને યાદ કરવા અને તેમની વાતોને માનવી જોઈએ...

⇨ ઈમામ (અ.સ.) નુરાની કલામમાં શફાઅત કરનારને પાંખ કહીને બતાવ્યું કે જો પક્ષી પાસે પાંખ ન હોય તો તે ન ઉડી શકે, એજ પ્રમાણે જે માણસની કોઈ શફાઅત કરનાર નહીં હોય તે અલ્લાહના નજીક નહી પહોંચી શકે.

⇨ પક્ષી માટે પાંખો હોવી તેની સલામતી અને તંદુરસ્તીની નિશાની છે, તેવી જ રીતે દીનમાં પણ માસુમો, શહીદો, આલીમો તેમજ નેક લોકોની શફાઅત માટે તેઓથી સાચી મોહબ્બતનો સંબંધ હોવો જોઈએ જે ઈમાનના જીવંત હોવાની નિશાની છે, જેનાથી બંદો તેના પગલે પગલે ચાલીને (અનુસરણ કરીને) અલ્લાહ સુધી પહોંચે છે.

# હિકમત ૬૪

## ગફલત

⇨ દુનિયાવાળા એવા કાફલાની જેમ છે જેઓ ગફલતની ઊંઘમાં સુઈ રહ્યા છે અને તેમની મુસાફરી ચાલું છે.

⇨ જાણીએ છીએ કે દુનિયા આખેરત માટે રસ્તો છે અને એ રસ્તામાં અમુક જગ્યા રોકાવાનું છે તેના માટે સામાનની જરૂરત પડશે તો એવું ન બને કે મકસદ સુધી પહોંચવા પહેલા રસ્તાનો સામાન ખાલી થઈ જાય.

⇨ દુનિયાવાળા સવારી પર સવાર છે પોતે ઊંઘી રહ્યા છે અને તેમને બીજો કોઈ મકસદ તરફ લઈ જઈ રહ્યો છે. એ રસ્તો મૌત છે જયારે મૌતનો ફરિશ્તો પુકારશે અને મૌત આવી જશે ત્યારે તે ગફલતથી જાગશે.

⇨ ઈમામ (અ.સ.) ફરમાવે છે "લોકો ઊંઘી રહ્યા છે જયારે મૌત આવશે ત્યારે જાગશે." (બિહારૂલ અનવાર, ભા.૪, પે.૪૩)

⇨ બીજા શબ્દોમાં કે “માણસ પાસે મૂડી છે અને તે દુનિયાના બજારમા દાખલ થાય છે જયારે કે બજારનો સમય પણ ઓછો છે છતાંપણ જો પોતાની મૂડીને સરખી જગ્યા નહીં લગાવે અને ઊંઘતો રહેશે તો મૂડી પણ હાથમાંથી ચાલી જશે,

⇨ મૂડી આપણી જિંદગીનો સમય, દિવસ અને રાત છે, ઊંઘતા રહેવાથી વેપારમાં ફાયદો તો દૂરની વાત છે પણ તેની મૂડી પણ ખલાસ થઈ જશે. પછી પસ્તાવો કરવાનો કાંઈ ફાયદો નહીં રહે.

⇨ અલ્લાહે જે જિંદગી આપી છે તેને સહીહ જગ્યા વાપરો જેથી કયામતમા હિસાબ આસાન થઈ શકે અને જવાબ આપી શકીયે.

# હિકમત ૬૫
# દોસ્તને ખોવું

➪ જે કોઈ પોતાના દોસ્તને ખોઈ દે તે બેવતન (જેવો બની જાય) છે.

➪ જાણીએ છીએ કે વતનમાં માણસ માટે દરેક્નાની મોટી સગવડો મળી રહે છે અને મુસાફરીમાં માણસને પૂરતી સગવડો નથી મળતી, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જો માણસ વતનમાં હોય અને દોસ્તને ખોઈ દે તો જાણે તે વતનથી દૂર છે, ગરીબુલ વતન છે એટલે તે એકલો રહી જાય છે, તેની મદદ કરનારા દોસ્તો પણ નથી હોતા.

➪ ઈમામ (અ.સ.) પત્ર ૩૧માં પોતાના દીકરા ઈમામ હસન અ.ને ફરમાવે છે કે વતનમાં પણ બે વતન એ છે કે જેનો કોઈ દોસ્ત ન હોય.

➪ માણસની રૂહમાં છે કે લોકો સાથે હળીમળીને રહે અને કામ્યાબી સાથે

સમાજિક જીવન અને બીજા કામોનો હિસ્સો બને, તે માટે વધારે દોસ્ત અને સારા દોસ્ત બનાવે, જે લોકો દોસ્ત ન બનાવી શકે તેઓ બીમાર છે, અને જે લોકો દોસ્ત હોવા છતાં પણ ખોઈ દે તો જાણે પોતાની જાતનો એક ભાગ ખોઈ દીધો છે.

⇨ ટૂંકમાં કે દરેક મુસલમાનને વધારે દોસ્ત બનાવવા જોઈએ, દોસ્ત એવા હોય કે જે દીનના કામોમાં મદદગાર બને.

# હિકમત ૬૬

## હાથ ફેલાવવાની મઝમ્મત

⇨ નાઅહલ સામે હાથ ફેલાવવા કરતા જરૂરત પૂરી ન થાય તે (મુસીબત) આસાન છે.

⇨ અલ્લાહે માણસને એવો બનાવ્યો છે કે એક બીજાની જરૂરત પડતી રહે છે, કેમ કે દરેક પાસે બહુજ મેહદુદ સગવડ છે તેનાથી પોતાની બધી જરૂરત પૂરી નથી કરી શકતો. તે માટે બીજા પાસે મદદનો હાથ લાંબાવવો પડે છે, જેના પાસે મદદ માંગવામાં આવે તે બે પ્રકારના છે એક અહલ એટલે જેઓ બીજાની મદદ હસતા મોઢે મોહબ્બત સાથે કરે છે, અને બીજા નાઅહલ જેઓ કંજૂસ, તંગ નઝર અને એહસાન જતાવનાર હોય છે, તો જયારે નાઅહલ પાસે મદદ માંગે ત્યારે તેને પોતાને ઝલીલ કર્યો ગણાશે અને નાઅહલ ઝલીલ કરીને પણ મદદ નહી કરે.

જો મદદ પણ કરે તો વરસો સુધી એહસાન જતાવતો રહેશે. ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં સમજાવે છે કે જે નાઅહલ હોય એમના સામે હાથ ફેલાવવા કરતા પોતાની જરૂરત પૂરી ન થવાની મુસીબત ઉપર સબ્ર કરવું સહેલું છે.

⇨ એક હદીસમાં મળે છે કે ઈમામ અલી અ. ખુદાની બારગાહમાં અરજ કરી યા અલ્લાહ ! મને કોઈ મખલૂકનો મોહતાજ ન બનાવ.

ત્યારે રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવ્યું કે આ રીતે ન કહો, કેમ કે દરેક માણસને એક બીજાની જરૂરત પડે છે,

ઈમામ અલી (અ.સ.) : તો અય અલ્લાહના રસુલ (સ.અ.વ.) કેવી રીતે બોલું?

નબી (સ.અ.વ.) : આ રીતે કહો. અય અલ્લાહ ! ખરાબ લોકોનો મને મોહતાજ ન કર.

ઈમામ અલી (અ.સ.) : મખલૂકમાં ખરાબ લોકો કોણ લોકો છે?

નબી (સ.અ.વ.) : તે લોકો છે કે જયારે કંઈ આપે ત્યારે એહસાન જતાવે, અને જયારે એહસાન જતાવે ત્યારે સાથે તેને ઠપકો પણ આપે. (મુસ્તદરકુલ વસાઈલ, ભા.૫, પે.૨૬૩)

⇨ ઈમામ અલી (અ.સ.) જે નાઅહલ પાસે જરૂરત પેશ કરવાની મઝમ્મત કરી છે એનું એ કારણ હોય કે ખરાબ લોકો બની શકે છે કે તમારી દુન્યવી જરૂરત પૂરી કરી પણ નાખે, પરંતુ મેણાં મારીને અથવા બીજાઓ સામે બોલીને રૂહાની (માનસિક) તકલીફ પહોંચાડશે, અને રૂહાની તકલીફ શરીરની તકલીફ કરતા વધારે દુઃખ આપે છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) આ હદીસમાં મોટી વાત બયાન ફરમાવી રહ્યા છે.

⇨ જેની કાંઈપણ પાસે ન હોય, તેને પોતાની હાજતને બયાન કરવા કરતા અજગરના મોઢામાં કોણી સુધી હાથ નાખવો બહેતર છે. (બિહારૂલ અનવાર, ભા.૭૫, પે.૨૪૮)

⇨ ટૂંકમાં બયાન કરીએ તો એમ છે કે જ્યાં સુધી ખૂબજ જરૂરત ન હોય ત્યાં સુધી બીજા પાસે મદદ ન લેવી, અને જો મદદ લેવાનો સમય આવે તો ઈઝ્ઝતદાર પાસેથી મદદ લેવી જે ઈઝ્ઝતને સાચવી શકે.

⇨ મદદ કરનારને પણ જાણ થાય કે જો આપીને મેણાં મારવામાં આવે તો તે પછી નેકી નથી ગણાતી.

# હિકમત ૬૭

## ભલે થોડુ આપવું

⇨ થોડુંક આપવામાં ન શરમાવ, કેમ કે ખાલી હાથ મોકલવો તો તેનાથી પણ વધુ ખરાબ છે.

⇨ અમુક લોકોનું માનવું છે કે કોઈને આપો તો વધારે આપો નહી તો ન આપવું, આ માન્યતાને ઈમામ (અ.સ.) ખોટી કહે છે, કેમ કે થોડુંક આપવામાં બે વસ્તું છે એક બની શકે છે કે થોડાકથી જ તેની જરૂરત પૂરી થઇ જાય, બીજું કે કોઈને ખાલી હાથ ફેરવવું અપમાન કહેવાય, તો પોતાની હેસિયત મુજબ આપવામાં ન શરમાવવું જોઈએ.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) એક નુરાની હદીસમાં ફરમાવે છે કે દરેક નેક કામ સદકો છે ભલે તે નેક કામ માલદાર કરે કે ફકીર, તેથી સદકાને ન છોડો ભલે પછી અડધી ખજૂર જ કેમ ન હોય, અને પોતાને

દોઝખની આગથી દૂર કરો ભલે તે અડધી ખજૂર આપીને જ કેમ ન હોય, કેમ કે ખુદા આ નાના એવા સદકાને તેના આપવાવાળા માટે પરવરીશ કરીને મોટો કરે છે જેમ તમે ઊંટના યા ઘોડાના બચ્ચાને પોતાના ફાયદા માટે મોટું કરો છો, કયામતના દિવસે જયારે આ પરવરીશ કરેલો સદકો પાછો આપવામાં આવશે ત્યારે તે એક પહાડથી પણ મોટો થઈ ગયો હશે. (બિહારૂલ અનવાર, ભા.૭૧, પે.૪૧૦)

⇨ કોઈ પણ નેકીમાં સૌથી મહત્વની વાત ખુલુસ છે, જો નાની નેકી હોય, યા ઓછો સદકો હોય ખુલુસ સાથે અને અલ્લાહ માટે હોય તો પછી એ નેકી નાની નથી અલ્લાહના ત્યાં તે બહુજ મોટી નેકી ગણાય છે.

⇨ ઈસ્લામી ઈતિહાસમાં એક બહેતરીન નમૂનો મળે છે, નબી (સ.અ.વ.) તરફથી એલાન કરવામાં આવ્યું કે લોકો પોતાની

હેસિયત મુજબ ખજૂર અથવા જે કઈ પોતાના પાસે હોય તે ઝકાતરૂપે અથવા મુસ્તહબ સદકારૂપે જમા કરાવે કેમ કે જંગે તબુક માટે નીકળવાનું હતું રસ્તો બહુજ લાંબો હતો તેની તૈયારી ચાલી રહી હતી, બધા પોતાની હેસિયત મુજબ લાવીને મસ્જિદમાં જમા કરવાવાળા પાસે જમા કરાવવા લાગ્યા, આપનારાઓમાં એક સહાબી અબુ અકીલ અન્સારી જેના ઘરમાં એક દમ ગરીબી હતી મજુરી કામ કરીને જે ખજૂરો મળતી તે ઘરવાળાઓ માટે લાવતો, જયારે નબી (સ.અ.વ.) એલાન ફરમાવ્યું ત્યારે તેણે નક્કી કર્યું કે મારે પણ ઈસ્લામના લશ્કરને મદદ કરવી છે, તેના માટે રાતના વધારે કામ કર્યું અને તેના બદલામાં જે ખજૂરો મળી તે અડધી ઘરના માણસો માટે અને બાકીની નબી (સ.અ.વ.)ના એલાન મુજબ જમા કરાવવા લાવ્યા તો મુનાફીકો એકદમ થોડી

ખજૂરો જોઈને મઝાક ઉડાવવા લાગ્યા તેના ઉપર હસવા લાગ્યા, આ લોકોએ નબી (સ.અ.વ.)ને પણ તેની ઓછી ખજૂરોની વાત કરીને મશ્કરી કરવા લાગ્યા, ત્યારે અલ્લાહ તરફથી સુરે તૌબાની આયત ૭૯ આવી જેમાં અલ્લાહે મઝાક ઉડાવવાની સખત મનાઈ કરી અને તેવા લોકો માટે સખત અઝાબ બયાન કર્યો.

⇨ લોકો કેટલું આપે છે તે તરફ તો નજર છે, પરંતુ કેટલા ખુલુસ સાથે આપે છે તેના તરફ નજર નથી કરતા,

⇨ જયારે પણ આવો પ્રસંગ (મોકો) આવે તો ગરીબોને પણ તેમની હેસિયત મુજબ હિસ્સેદાર બનાવો, તેમનો મઝાક ન ઉડાવો, જેથી તેમના ખુલુસના લીધે અલ્લાહ કબૂલ ફરમાવે.

# હિકમત ૬૮

## ગરીબી અને અમીરીની શોભા

⇨ પાકદામની એટલે ન માંગવુ ગરીબીની શોભા છે અને શુક્ર બેનિયાઝ (ગની) હોવાની શોભા છે.

⇨ ગરીબ માટે ઘણી મુશ્કેલીઓ આવે છે, કોઈ પાસે ઝલીલ બનીને હાથ ફેલાવવું, હરામ માલ તરફ હાથ લાંબાવવો, ખુદા વિશે ખોટા વિચારો ઉભા થવા કે શા માટે હું જ ગરીબ રહી ગયો...

⇨ જો ગરીબ પાકદામન હોય તો કંજૂસ કે ખરાબ લોકોના સામે હાથ નહીં ફેલાવે, પોતાની ઈઝ્ઝતને બીજાઓ સામે બરબાદ નહીં કરે, હરામ રસ્તાને નહીં અપનાવે કે નાશુક્રી નહીં કરે.

⇨ જો ગરીબ આ મુજબ જિંદગી જીવે તો તે ગરીબ માટે શોભા છે અને લોકોના દરમિયાન બહેતરીન નમૂનો છે, અને કુરાને

મજીદમાં સુરે બકરા આયત ૨૭૩માં આવા ગરીબોની ફઝીલત બયાન થઈ છે.

⇨ ઈમામ (અ.સ.)ની એક હદીસમાં બયાન છે કે જે પાકદામની અપનાવે છે તે પોતાના ગુનાહોના બોજને હલકો કરે છે અને અલ્લાહની બારગાહમાં પોતાની ઈઝ્ઝતમાં વધારો કરે છે. (ગોરરૂલ હેકમ)

⇨ અને ગનીની શોભા શુક્રમાં છે, શુક્ર ફક્ત ઝબાનથી જ ન હોવો જોઈએ, બલ્કે અમલથી પણ શુક્ર જાહેર કરે એટલે પોતાના માલને જરૂરત મંદમાં ખર્ચે, નેકી અને સમાજિક કામોમાં ખર્ચે, જેમને કર્ઝની જરૂરત હોય કર્ઝ આપે, તેવા મોહતાજ જે બીજાના સામે પોતાની પરેશાની બયાન ન કરી શકતા હોય તેમનો છુપી રીતે વધારે ખયાલ રાખે, જો આ રીતે કોઈ અમીર પોતાના માલનો ખર્ચ કરે છે તો ખરેખર તેની અમીરી શોભા છે, અલ્લાહના નઝદીક મોટો દરજ્જો અને

ઈઝ્ઝત છે અને લોકોમાં પણ મોટી ઈઝ્ઝત મળે છે,

⇨ પરંતુ અગર કોઈ પોતાની અમીરીને ફિત્ના ફસાદમાં ખર્ચ કરે અને બીજાઓને આપવામાં કંજૂસાઈ કરે, પોતાના ઐશ અને શહેવતમાં ખર્ચ કરે તે અલ્લાહની નજરમાં નફરતનો હકદાર બને છે અને લોકો તેનાથી નફરત કરવા લાગે છે.

⇨ દરેક માણસ માટે જરૂરી છે કે અલ્લાહની આપેલી નેએમતોના બદલામાં શુક્ર અદા કરે.

# હિકમત ૬૯

## મનગમતી વસ્તુ ન મળે તો

⇨ તમારૂં જે મન ચાહે તે ન મળે તો જે છે તેમાં જ સંતોષ માનો.

⇨ આ હદીસને ઘણા લોકો સુરે હદીદ આયત ૨૩માં બયાનની તફસીર જાણે છે, એટલે કે જો તમે તમારા મકસદ સુધી ન પહોંચો તો અફસોસ ન કરો.

⇨ જો તમોને મનગમતી વસ્તુ ન મળે તો જે છે તેમાંજ ખુશ રહો, જો નેક કામમાં મકસદ સુધી ન પહોંચી શક્યા હોય તો ગમ ન કરો, અલ્લાહ પાસે નિય્યત અને કોશિશ કરવા બદલ અજર અને સવાબ જરૂર મળશે,

⇨ અને જો કોઈ દુનિયાના મકસદ સુધી પણ ન પહોંચ્યા હોય તો પણ ગમગીન બનીને બેસી ન રહો, જે છે તેમાં સંતોષ માનો, અને સરખી રીતે જિંદગી જીવવી જોઈએ, અગર કોઈ મકસદ સુધી ન

પહોંચવાના ગમમાં જીવવું જ મૂકી દે તો તે મૂર્ખ માણસ કહેવાશે,

⇨ જો એક વિદ્યાર્થી પોતાને જોઈતા માર્કસ ન મેળવે, તો એનો મતલબ એ ન હોવો જોઈએ કે ભણવાનું જ છોડી દે, બલ્કે જેટલાં માર્કસ છે તેટલામાં જ કોઈ સારો રસ્તો કાઢે અને મહેનત કરે, એજ પ્રમાણે બધી વસ્તુઓમાં વિચાર કરી શકીએ.

# હિકમત ૭૦
# ઈફરાત અને તફરીત

⇨ જાહિલ હંમેશા એકદમ હદથી વધેલો (ઈફરાત) હશે યા બિલકુલ હદથી પાછળ (તફરીત) રહેલો દેખાય છે.

⇨ જિંદગીમાં દરેક જગ્યાએ મધ્યમ રસ્તો અપનાવવો જોઈએ, દા.ત. ન તો ઉડાવપણું અને ન કંજૂસાઈ.

⇨ એજ પ્રમાણે દરેક વસ્તુને શકની નજરથી જોવું યા કોઈ વસ્તુની કાળજી ન લેવી, આ બંને વસ્તુની મનાઈ છે, મકસદ તરફનો રસ્તો સેરાતે મુસ્તકીમ (મધ્યમ માર્ગ) હોવો જોઈએ જ્યાં બંને વસ્તુમાં સરખી રીતે બેલેન્સ કરી શકે, જો સીધા રસ્તાને કોઈ છોડી દે એટલે કે શક્કી મિજાજ બની જાય અથવા એકદમ લાપરવાહ બની જાય તો આ બંને પ્રકારના લોકો ખોટમાં છે.

⇨ અકીદામાં જોઈએ તો જે લોકો ઈમામ

અલી (અ.સ.)ને ખુદા કહે છે તેઓ પણ હલાક, અને જેઓ ઈમામ અલી (અ.સ.)થી દુશ્મની કરી તેઓ પણ હલાક, કામ્યાબ ફક્ત તે લોકો જ છે જેઓ ઈમામ અલી (અ.સ.)ની વિલાયતને કબૂલ કરે છે અને તેમની પેરવીને વાજિબ જાણે.

⇨ આ વસ્તુને ઈમામ (અ.સ.) ખુત્બા ૧૨૭માં બયાન ફરમાવે છે, મારા પ્રત્યે બે પ્રકારના લોકો હલાક અને ગુમરાહ થયા, એવા મોહબ્બત કરનાર જે હદથી વધી જઈને ગુલુ કરવા (જેઓ ઈમામ અ.સ.ને ખુદા માનવા) લાગ્યા, બીજા લોકો જે દુશ્મનીમાં મને નાહક સમજવા લાગ્યા, મારા વિશે સૌથી સારા એ લોકો છે જે મધ્યમ રસ્તો અપનાવે છે, જરૂરી છે કે તેમના સાથે જ રહો.

⇨ ઈમામ અલી (અ.સ.) બિહારૂલ અનવારમાં ફરમાવે છે કે સારામાં સારા મારા

શીઆ મધ્યમ રસ્તો અપનાવનાર છે, જે આગળ વધી ગયા તે પાછા આવીને તેમના સાથે થઈ જાય, અને જે પાછળ રહી ગયા છે તે આગળ વધીને જોડાઈ જાય, (બિહારૂલ અનવાર, ભા.૬, પે.૧૭૮)

⇨ ઈમામ (અ.સ.)ના નુરાની બયાનથી સમજમાં આવી ગયું કે દરેક વસ્તુમાં જે લોકો એકદમ આગળ વધી ગયા અથવા જેઓ અહલેબયત (અ.મુ.સ.)ના રસ્તાને છોડીને પાછળ રહી ગયા એ બધા જ જેહાલતમાં ડૂબેલા છે. અમુક લોકો પોતાની હુકુમતમાં આઝાદીનાનામે હદથી વધી ગયા, અને લોકો સાથે પોતાના રીતે અન્યાય કરીને ઝુલ્મ કરવા લાગ્યા, અમુક હાકીમો આઝાદી છીનવીને અન્યાય અને ઝુલ્મ કરવા લાગ્યા, જે મધ્યમ રસ્તો સાચો હતો તેને છોડી દીધો.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છેઃ કયામતના દિવસે એક હાકીમને લાવવામાં આવશે કે જે

ખુદાના હુકમ કરતાં વધીને વધારે હુકમ આપ્યો હશે,

ખુદા ફરમાવશેઃ મારા બંદાને શા માટે વધારે ચાબુકો મારી?

હાકીમ કહેશે : અય મારા રબ ! હું તારા ગઝબના લીધે ગઝબનાક થયો હતો,

ખુદા ફરમાવશે : શું તારો ગઝબ મારા ગઝબ કરતા પણ વધારે છે?

ત્યાર પછી એક બીજા હાકીમને લાવવામાં આવશે જે કોતાહી કરી હતી,

અલ્લાહ તેને ફરમાવશે : શા માટે જે તને હુક્મ કર્યો હતો તેમાં કોતાહી કરી?

હાકીમ કહેશે કે : પરવરદીગાર ! હું તેના પર દયા અને રહેમ કરી,

ખુદા તેને કહેશે કે : શું તારી દયા મારી રહેમ કરતા પણ વધારે છે? ત્યારપછી બંને પ્રકારના હાકીમોને જહન્નમમાં લઈ જવામાં આવશે. (શરહે નહજુલ બલાગાહ, અલ્લામા

શુસ્ત્રી, ભા.૮, પે.૨૪૭)

આ હદીસમાં પણ એજ બયાન છે કે માણસને અલ્લાહના હુકમ મુજબ જ ચાલવાનું છે ન એક દમ આગળ, કે ન એક દમ પાછળ, બંને પ્રકારના લોકો અલ્લાહના ત્યાં હલાક થશે.

# હિકમત ૭૧

## સંપૂર્ણ અક્કલની નિશાની

➩ જ્યારે અક્કલ સંપૂર્ણ થઇ જાય ત્યારે બોલવાનું ઓછું થઇ જાય છે.

➩ ઈમામે અક્કલમંદની નિશાની ઓછું બોલવામાં ગણી છે એમ નથી ફરમાવ્યું કે બિલકુલ ન બોલો.

➩ એટલે જયારે માણસ પરિપકવ થઇ જાય ત્યારે નકામી વાતોમાં સમય નથી બગાડતો બલ્કે જ્યાં બોલવું જોઈએ ત્યાં યોગ્ય અને સરખી રીતે બોલે છે, જો માણસ વિચારીને બોલે તો તે ઓછું જ બોલશે, અને એ તરફ ભાર આપ્યો છે કે પહેલા વિચારો અને પછી બોલો, આ સંપૂર્ણ અક્કલની નિશાની છે.

➩ અને જે માણસ નકામી વાતો નહી કરે તો તેનાથી ગુનાહ પણ ઓછા થશે, અક્કલમંદ લોકો ચૂપ રહે છે અને ઓછું બોલે છે.

⇨ વધારે બોલવાથી ગુનાહ વધારે થશે કારણકે શક્ય છે વધારે બોલવાથી ગુનાહ વધારે થાય અને તેના નામએ આમાલમાં ગુનાહોનો બોજ પણ વધે જેનું નુકસાન ચોક્કસ ઉઠાવવું પડે.

⇨ વધારે બોલવામાં એ પણ શક્યતા રહે છે કે જયારે ન બોલવાનું બોલાઈ જાય ત્યારે તેના લીધે આપસમાં દુશ્મની વધે છે, અક્કલ પણ કહે છે કે ઓછું બોલવું જોઈએ જેથી જીભના નુકસાનથી બચી શકાય.

⇨ હદીસમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે વધારે પડતું બોલવાથી બચો કેમ કે તેનાથી તમારી ભૂલો જાહેર થશે, બીજાઓના દિલમાં જે કિનો છુપાયેલો છે તે જાહેર થશે અને તેના લીધે દુશ્મનીમાં વધારો થશે. (મીઝાનુલ હિકમત, હદીસ નં.૧૧૮૪૯)

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે, ઘણી વખત માણસનો બોલવામાં કાંઈ

ખરાબ ઈરાદો નથી હોતો ફક્ત એ તો લોકોને હસાવવા માટે બોલતો હોય છે, પરંતુ ફક્ત આ કામના લીધે પોતાના દરજ્જા અને મકામમાં આસમાનથી ઝમીન કરતા પણ વધારે નીચે આવી જાય છે. (મીઝાનુલ હિકમત)

⇨ ઈસ્લામમાં ઘણી બધી હદીસોમાં વધારે બોલવાનું નુક્સાન બયાન થયું છે, જો બોલો તો સારૂ બોલો, કોઈને તકલીફ ન પહોંચે તેનો ખયાલ રાખો, અને બોલવાથી કોઈનો ફાયદો થાય તેવું બોલો, અને એ પણ ધ્યાન રાખવું જોઈએ કે જે વસ્તું ન જાણતા હોય તે ન બોલવું.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છે કે માણસના સારા મુસલમાન હોવાની નિશાની એ છે કે જે વસ્તુ સાથે તેનો કાંઈ સંબંધ ન હોય તેના વિશે ન બોલે. (બિહારૂલ અનવાર, ભા.૧, પે.૨૧૬)

⇨ આજે માણસને બધી વસ્તું વિશે બોલવું અને સલાહ મશવેરો આપવું ગમે છે ભલે પછી તેનાથી સંબંધિત હોય કે ન હોય.

⇨ યાદ રાખવું કે જેટલું વધારે બોલશે તે મુજબ ગુનાહ વધારે થશે. પરંતુ જ્યારે હક અને નાહકની વાત આવે ત્યારે ખામોશ રહેવું ગુનાહ બની જાય છે, તે સમયે બોલવું અજર અને સવાબ રાખે છે.

# હિકમત ૭૨

## દુનિયાની બેવફાઈ

⇨ ઝમાનો શરીરને જૂનું અને ઈચ્છાઓને નવી બનાવે છે, મૃત્યુને નજીક લાવે છે અને ઈચ્છાઓને દૂર કરે છે. જે જિંદગીમાં પોતાના મકસદો હાંસિલ કરે છે તેને પણ મુસીબત ઉઠાવી પડે છે અને જે પોતાના મકસદો હાંસિલ નથી કરતા તેઓ દુઃખ ઉઠાવે જ છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ મુબારક હદીસમાં અમુક વસ્તું તરફ ધ્યાન દોર્યુ છે, જેમ જેમ ઝમાનો પસાર થાય તેમ શરીરમાં ઘણા ફેરફાર થાય છે, શરીરમાં શક્તિ ઓછી થવી, કમઝોરી આવવી વગેરે... જેના તરફ ઘણા લોકોનું ધ્યાન નથી, વરસ અને મહિના, બલ્કે દરેક દિવસ અને કલાક પસાર થાય છે તેમ તેમ શરીરને કમઝોર બનાવે છે. જે રીતે કાપડ, દિવસો પસાર થવાથી જૂનું થાય છે અને છેલ્લે કામ વગરનું થઈ જાય

છે, તેથી કોશિશ કરવી જોઈએ કે શક્તિ ચાલી જાય તેના પહેલા સારા કામોમાં જિંદગી ગુજારે, જેથી પાછળથી પસ્તાવો ન થાય, આવા લોકો માટે જ સુરે અસ્રમાં ખુદા ફરમાવે છે કે "વલ અસ્ર ઈન્નલ ઈન્સાન લફી ખુસ્ર," ઝમાનાની કસમ કે ઈન્સાન નુકસાનમાં છે.

⇨ બીજી વસ્તુમાં ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે "જેમ જેમ દિવસો અને ઝમાનો વીતે છે નવી નવી ઈચ્છાઓ જાગે છે." આ વસ્તુ અનુભવથી સાબિત થયું છે કે જવાનો કરતા ઘરડાઓમાં માલ ભેગો કરવાની અને મકામ મેળવવાની લાલચ વધુ હોય છે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જેમ જેમ માણસ ઘરડો થાય છે તેમ તેનામાં બે વસ્તુઓ જવાન થાય છે.

૧- લાલચ, ૨- લાંબી લાંબી ઈચ્છાઓ.

⇨ ત્યારપછી ઈમામ (અ.સ.) ફરમાવે છે

કે "ઝમાનો મૌતને નજીક લાવે છે અને ઈચ્છાઓને દૂર કરે છે."

⇨ એટલે માણસની ઉંમર ઢળવા લાગે છે એટલો જ તે મૌતથી નજીક થાય છે તેમ તેમ સારૂ પહેરવામાં કે ન સારૂ જમવામાં મજા આવે છે, કારણ કે તેનું શરીર પણ સાથ નથી આપતું, કમઝોરી ઘેરી લે છે, શરીર બીમારીઓનું ઘર બની જાય છે અને મૌત સામે દેખાતી હોય છે. આ રીતે તે ઈચ્છાઓથી દૂર થતો જાય છે,

⇨ ઈમામે આ હદીસમાં તે કિંમતી વસ્તું તરફ ઈશારો કર્યો કે જેને લોકો સરખી રીતે નથી સમજતા, જે લોકો દુનિયાની કોઈ વસ્તું મેળવી લે કામ્યાબ થાય, તેને પણ દુઃખ અને મુસીબતો ઉઠાવી પડે છે, દુનિયા હાંસિલ કરવા માટે તકલીફો ઉઠાવી પડતી હોય છે, એટલે જ કહેવાય છે દુનિયા દુઃખનું ઘર છે, આ દુનિયા મુસીબતથી ભરેલી હોવા છતાં

આના માટે જાન આપી દેવાવાળા પણ છે, જયારે કે આખેરત હંમેશા રહેવાની જગ્યા છે અને તેના માટે અલ્લાહનું વચન છે કે નેક લોકો માટે જન્નત અને જાત જાતની નેઅમતો હશે... તો વિચારવાનું છે કે આખેરતની કેટલી તૈયારી કરી રહ્યા છે.

⇨ ઈમામ અલી (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે જિંદગીના દિવસો ત્રણ ભાગમાં છે જેમાં તું જીવી રહ્યો છે,

એક તે ભાગ કે જેના દિવસો પસાર થઈ ગયા છે, જે કોઈ દિવસ પાછો નહી આવે, જો એ ભાગમાં સારા કામો કર્યા હશે તો કોઈ વખત પસાર થએલી જિંદગીને યાદ કરીને પસ્તાવવું નહી પડે. અને આવનાર દિવસોમાં તેની ખુશી થશે, અને જો ગુનાહો અને ખરાબ કામો કર્યા હશે તો તેને વિચારીને અફસોસ થશે.

બીજો ભાગ આજનો છે જેમાં સવારથી

શરૂઆત કરી છે, નથી ખબર કે પૂરો પણ કરી શકીશ કે નહી, જો પૂરો પણ કરી લો, તો એ પણ નથી ખબર કે ભૂલો અને કોતાહીઓથી પૂરો કરીશ કે કેમ?!

ત્રીજો ભાગ આવનાર દિવસો છે જેના વિશે વાટ જોઈ રહ્યા છો, આ વિશે પણ નથી ખબર કે મળશે કે નહી,

તો બહેતર છે કે જે હમણાં તમારા પાસે છે તેને ગનીમત જાણીને તેમાં નેકી કરીને ફાયદો ઉઠાવો જેમાં તમારો ઈખ્તેયાર છે. (કાફી, ભા.૨, પે.૪૫૩)

⇨ આપણા પાસે જે સમય, જે જિંદગી કે જે નેએમતો છે, તેમાં નેકી કરી લો, આવતો સમય નસીબ થશે કે નહી?

જે ગફલતથી જાગી જશે તે પોતાની આખેરત માટેની તૈયારી શરૂ કરી દેશે. અને જે આખેરતની તૈયારી કરી હશે અંતમાં તે કામ્યાબ થશે.

# હિકમત ૭૩
# લીડરોને નસીહત

⇨ જે લોકોનો લીડર બનવા ચાહે તે બીજાઓને તાલીમ આપવા પહેલા પોતે શીખી લેવું જોઈએ, અને ઝબાનથી અખ્લાકનો સબક આપવા પહેલા પોતાના અખ્લાકને સુધારવો જોઈએ, અને જે પોતાને તાલીમ અને અખ્લાકથી સજ્જ કરી લે તે બીજાઓને તાલીમ અને અદબ શીખવવા કરતા વધારે એહતેરામનો હકદાર છે.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં ૩ વસ્તુઓ બતાવી છે અને આ કલામ કોઈ એક ટોળાં માટે નથી, બલ્કે બધા જ લોકો આ કલામમાં શામીલ છે આલીમ હોય કે શિક્ષક, જવાન હોય કે પછી બુઝુર્ગ...

૧) દરેક માટે છે કે જ્યાર સુધી ન જાણતા હોય બીજાને તાલીમ આપવા ન બેસી જાય,

અરબમાં કહેવત છે કે લાકડી જો વાંકી

હોય તો તેનો પડછાંયો ક્યાંથી સીધો હોય!

જે વિષય કોઈને તાલીમ આપવા ચાહો પહેલા પોતે સમજી લો, જો શીખવનારને જ નહી આવડતું હોય તો વિદ્યાર્થીઓની અને લોકોની શું હાલત થશે.

૨) ઈમામ (અ.સ.) સમજાવી રહ્યા છે કે જ્યાર સુધી પોતે અખ્લાકથી પોતાને સજ્જ નહી કરે, પોતે જ બા અખ્લાક નહી હોય તો લોકોને કેવી રીતે અખ્લાક અને અદબ શીખવશે !? પહેલા જરૂરી છે કે પોતે અમલ કરે અને પછી બીજાઓને સમજાવે, નહી તો તેની વાતની લોકો ઉપર કાંઈ અસર નહી થાય, શક્ય છે કે કદાચ ઉલ્ટુ પરિણામ આવે.

એટલા માટે જ કહેવાય છે કે જો વાત દિલથી નીકળે તો દિલ સુધી પહોંચે છે, એટલે જો પોતે અમલ કરશે તો તેનો અસર પણ થશે, અને જો અમલ નહી કરે તો તેના વિશે એક ખુબસુરત હદીસમાં ઈમામ જાફર સાદિક

અ. ફરમાવે છે જયારે આલીમ (જાણકાર) પોતાના ઈલ્મ ઉપર અમલ ન કરે ત્યારે તેની નસીહત દિલ સુધી નથી પહોંચતી, જેવી રીતે વરસાદના ટીપા સખત પથ્થરના અંદર નથી પહોંચતા, (કાફી, ભા.૧, પે.૪૪)

આ વસ્તુને ઈમામ અલી (અ.સ.) આ રીતે ખુત્બા નં.૧૭૫માં બયાન ફરમાવે છે, અય લોકો અલ્લાહની કસમ હું તમને કોઈ પણ વસ્તું કરવાનો હુકમ નથી આપતો જ્યાર સુધી હું પોતે તમારા પહેલા તેના ઉપર અમલ ન કરી લઉં, અને કોઈ ગુનાહથી તમને નથી રોક્તો કે જ્યાર સુધી હું તમારા પહેલા તેનાથી દુરી ઈખ્તેયાર ન કરી લઉં.

૩) ઈમામ (અ.સ.) બયાન ફરમાવે છે કે જે પોતાને તાલીમથી સજાવ્યો અને પોતાને અદબ અને અખ્લાકથી તૈયાર કર્યો તે એહતેરામનો હકદાર છે, તેવા ઉસ્તાદ અને મુરબ્બીથી પણ વધારે એહતેરામનો હકદાર

છે જેઓ લોકોને તાલીમ આપે છે.

પરંતુ જે લોકો પોતાના કોલની ઉપર અમલ ન કરે તેનો બિલકુલ એહતેરામ બાકી નથી રહેતો કારણકે એક હદીસમાં પોતાના કૌલ (બોલ) અને અમલ (ચાલ) અલગ અલગ હોવાને મુનાફીકની નિશાનીમાં ગણાવી છે, ઈમામ સજ્જાદ (અ.સ.) ફરમાવે છે કે મુનાફીક બીજાઓને ખરાબીઓથી રોકે છે પરંતુ પોતે બુરાઈથી નથી બચતો, બીજાઓને નેકી તરફ બોલાવે છે પરંતુ પોતે તેના ઉપર અમલ નથી કરતો. (કાફી, ભા.૨, પે.૩૯૬)

ટૂંકમાં કે બીજાને તાલીમ આપવા અથવા બીજાને નસીહત કરવા પહેલા પોતાના અંદર તપાસ કરવી જોઈએ કે હું કેટલો નસીહત હાંસિલ કરવા માટે જરૂરતમંદ છું.

# હિકમત ૭૪
# મૌતની તૈયારી

⇨ માણસની દરેક શ્વાસ તેના માટે એક કદમ (પગલું) છે, જે તેને મોતથી નજદીક કરે છે.

⇨ માણસને દરેક સમયે શ્વાસ લેવાની જરૂરત હોય છે જાગતો હોય કે ઉંઘતો, ઉઠતા બેસતા દરેક સમયે શ્વાસનો મોહતાજ છે... આ શ્વાસ લેવુ આહિસ્તા આહિસ્તા મૌત તરફ લઇ જઈ રહ્યું છે, એટલે જે જિંદગી છે તે શ્વાસ લેવાના કારણે છે, અને શ્વાસ લેવુ તે કદમ છે જેના થકી જિંદગી આગળ વધી રહી છે, અને આગળ વધવું તેને મૌત તરફ ધકેલી રહ્યું છે.

⇨ કાફીમાં ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે દરેક દિવસ જે પસાર થાય છે તે માણસને કહે છે કે અય ઈન્સાન હું નવો દિવસ છું અને તારા બધા જ કામકાજનો

ગવાહ છું, મારા (દિવસ)માં સારૂ બોલો અને સારા કામો અંજામ આપો, જેથી કયામતના દિવસે તારી ગવાહી આપી શકું, કેમ કે જો આજનો દિવસ ચાલ્યો જશે તે ફરીથી બીજી વખત નહી આવે. (કાફી, ભા.ર, પે.પર૩)

⇨ જે લોકો દિવસ રાત (સમય)થી ફાયદો નથી ઉઠાવતા તેઓ માટે જ સુરે વલ અસ્રમાં ફરમાવેલ મુજબ તેઓ ખોટમાં છે,

⇨ એક બુઝુર્ગનું બયાન છે કે એક માણસ ભર ગરમીમાં બરફ વેંચતા વેંચતા કહે છે કે જેની મૂડી ઓગળી રહી છે તેના ઉપર રહેમ કરો,

⇨ યાદ રાખવું જોઈએ રાત દિવસ એ આપણી મૂડી છે સારી વસ્તુમાં વાપરશો તો પણ અને નહી વાપરશો તો પણ, તે ખતમ થઇ રહી છે, અક્કલમંદ માણસ મૂડીને સાચવવા સાથે તેમાં નફો પણ જોતો હોય છે.

# હિકમત ૭૫
# ખતમ થવાની વસ્તુ

⇨ જે વસ્તુની ગણતરી થાય છે તે ખતમ થવાની છે, અને જેની રાહ જોવાય છે તે આવી પહોંચશે.

⇨ ઈમામ (અ.સ.) આ હદીસમાં ફિલોસોફીના એક કાનૂન તરફ ઈશારો ફરમાવ્યો છે, જે કોઈ વસ્તું ગણતરીમાં આવે તે મહેદુદ છે, અને જે મહેદુદ હોય તેને ખતમ થવાનું છે, અહીંયા જોઈએ તો માણસની ઉંમરને ગણતરી કરી શકાય છે, સાઈઠ વરસ, યા એંશી વરસ યા... જે સમય વીતે છે તે ઉંમરને ઓછી કરે છે, આ રીતે ઈન્સાન પોતાની જિંદગી નામની મૂડીને ખતમ કરી રહ્યો છે, અને યાદ રાખવું જોઈએ કે આ મૂડીને વધારવું કે ઓછું કરવું આપણા હાથમાં નથી, તમને ગમે કે ન ગમે, તે જારી રહેવાની છે.

⇨ ઈમામ (અ.સ.) હિકમતના બીજા ભાગમાં ફરમાવે છે કે જેની રાહ જોવાય છે તે આવી પહોંચશે, એટલે મૌત, જિંદગીને ખતમ થવી, કયામત, હિસાબ કિતાબ વગેરે...

⇨ લોકો આ વસ્તુને જાણે છે, તો ગફલતમાં ન રહેવું જોઈએ મૌત અને તેની પછીની જિંદગીથી, અને યાદ રાખી લે કે એક દિવસ અલ્લાહના ઈન્સાફ સામે ઉભા રહેવાનું છે,

⇨ આ બંને વાતોમાં ઈમામ (અ.સ.) લોકોને ચેતવી રહ્યા છે કે આ દુનિયા ફના થઈ જશે અને આખેરત બાકી રહેશે, અને યાદ રાખવું જોઈએ કે દુનિયાની જિંદગી આખેરતની જિંદગી કરતા ઘણી ઓછી અને મામૂલી છે.

⇨ આ વસ્તુને નબી હઝરત મોહંમદ (સ.અ.વ.) આ રીતે ફરમાવે છે, દુનિયાની

જિંદગી આખેરતના મુકાબલામાં એવી છે કે તમે આંગળીને દરિયામાં ડૂબોવીને બહાર નિકાળો ત્યારે જુવો કે જે દરિયાનું પાણી આંગળીના ટેરવા ઉપર બાકી છે તે દુનિયા છે, અને દરિયો તે આખેરત છે. (બિહારૂલ અનવાર, ભા.૭૦, પે.૧૧૯)

⇨ આ હદીસમાં જેઓ દુનિયાને તલબ કરવામાં હંમેશાની આખેરતને ભુલાવી દીધી છે તેમના માટે ચેતવણી છે, કે તમે જરા વિચાર તો કરો કે શું મેળવી રહ્યા છો અને શું ખોઈ રહ્યા છો?

# હિકમત ૭૬

## અંતની ખબર કેમ પડે?

⇨ જયારે કોઈ કામમાં સમજ ન પડે, તો તેના શરૂઆત અને અંતની સરખામણી કરવી જોઈએ.

⇨ એક દાણાને જોઈને ખેડૂત પારખી લે છે કે આનાથી ક્યો છોડ ઉગશે, તેના ફળ, પાંદડા કેવા હશે, તેજ પ્રમાણે એક વિદ્યાર્થીની મહેનત અને કોશિશ જોઈને તેની કામ્યાબી, અને વિદ્યાર્થીની શીખવા બાબતે આળસ જોઈને તેની નાકામીની ખબર પડી જાય છે. કેમ કે શરૂઆતને જોઈને લોકો અંતને ઓળખતા હોય છે, તો જો કોઈના અંત વિશે ખબર ન હોય તો તેની શરૂવાત તરફ નજર કરો, જો શરૂવાત સારી હશે અને સારી રીતે તે કામ આગળ વધતુ રહે તો અંત પણ સારો થશે, અને જો શરૂવાત ખરાબ હશે તો અંત પણ ખરાબ હશે.

⇨ ઈમામ (અ.સ.)ની આ વાતથી સમજાય છે કે જો કોઈ પૂરી જિંદગી બુરા કામોમાં વિતાવી હોય તો તેની આખેરત વિશે પોતાને સમજી લેવુ જોઈએ કે જન્નત મળશે કે જહન્નમ.

⇨ બીજી વસ્તુ ઈમામ (અ.સ.)ના બયાનથી જાણવા મળે છે કે જો કોઈ પણ કામનું સારૂ રિઝલ્ટ જોઈતું હોય તો શરૂથી જ ધ્યાન રાખવું.

⇨ મસ્જિદે કુબા જે ઈસ્લામની સૌથી પહેલી મસ્જિદ, અને મસ્જિદે ઝેરાર જેને મુનાફીકો બનાવી, તે બંનેમાં બુનિયાદી ફર્ક એજ છે કે મસ્જિદે કુબાની બુનિયાદ તકવા ઉપર હતી અને મસ્જિદે ઝેરારની બુનિયાદ, કુફ્ર, મોમીનોને હેરાન કરવા માટે હતી,

⇨ નતીજો શું આવ્યો?

⇨ મસ્જિદે કુબા આજ પણ પોતાની શાન સાથે બાકી છે અને મસ્જિદે ઝેરારને

અલ્લાહના હુકમથી સળગાવી દેવામાં આવી હતી.

⇨ આ પ્રમાણે જો નેક ઔલાદ ચાહતા હોય તો જે તેને ખોરાક આપી રહ્યા છો, જે તેને તાલીમ આપી રહ્યા છો તેના તરફ નજર કરો કે હલાલ છે કે હરામ, તાલીમ બરાબર છે કે નહી, હલાલના સારા અસરો હશે, અને હરામ અને નાહકના બુરા અસરો ઔલાદમાં દેખાશે.

⇨ અને અંતને જોઈને પણ શરૂવાતને ઓળખી શકીએ.

# હિકમત ૭૭
# દુનિયાથી દુરી

⇨ જ્યારે ઝેરાર ઈબ્ને હમઝા ઝબાઈ મુઆવીયા પાસે ગયા, મુઆવીયાએ તેને અમીરૂલ મોમેનીન અલી (અ.સ.) વિશે પૂછ્યું, ત્યારે કહ્યું કે આ વાતથી મને દૂર રાખ, મુઆવીયાએ વધારે ભાર આપ્યો અને કહ્યું તારે બયાન કર્યા વગર કોઈ છૂટકો નથી, ત્યારે કહેવાનું શરૂ કર્યું,

⇨ જો એમ જ હોય તો સાંભળ, કે અલ્લાહની કસમ તે બહુજ બુલંદ મરતબાના માલિક હતા, રૂહ અને શરીર પ્રમાણે બહુજ મજબૂત અને શક્તિશાળી હતા, હક બોલતા, ઈન્સાફ સાથે ફેસલો કરતા, ઈલ્મો હિકમતના ઝરણાં તેમની ઝબાનથી ફૂટતા, અને ઝબાનથી હિકમતની વાતો નીકળતી, તેમનો ખોરાક, કપડાં બિલકુલ સાદા હતા, અલ્લાહની કસમ જયારે પણ અમે

અનુક્રમણિકા

બોલાવતા તરતજ જવાબ આપતા, જો કોઈ કામ કાજની જરૂરત હોય તો અંજામ આપતા, અલ્લાહની કસમ અમને પોતાના નજીક રાખતા, અને અમે પણ તેમના નજીક રહેતા છતાં પણ તેમની હયબત અને રોબના કારણે કોઈને બોલવાની હિમ્મત ન થતી, તેમની બૈઠકમાં તેમની બુઝુર્ગીના લીધે કોઈ દિવસ તેમના પહેલા બોલવાની શરૂવાત ન કરતા, તેમના મુસ્કરાહટમાં દાંત મોતીના દાણા જેવા લાગતા, દીનદારોને અહેમિયત આપતા, જરૂરત મંદ ઉપર રહેમ કરતા, ભૂખ્યા યતીમ અને ગરીબોને જમાડતા, અને કપડાં આપતા, મઝલુમોની મદદ કરતા અને દુનિયાની રંગીનીઓથી ડરતા, રાતના અંધારાને પસંદ કરતા,

⇨ હું પોતે ગવાહી આપું છું કે અમુક જગ્યાએ હુંએ પોતે જોયું કે રાત પોતાના અંધારાને ફેલાવી ચુકી હતી, ત્યારે આપ

(અ.સ.) ઈબાદતના મહેરાબમાં ઉભા ઉભા પોતાની દાઢી પકડીને સાંપ કરડેલો માણસ તડપતો હોય તથા કોઇ ગમ અને મુસીબતમાં રોતો હોય તેમ તડપીને રોઈ રહ્યા હતા. અને ફરમાવી રહ્યા હતા.

⇨ અય દુનિયા, અય દુનિયા, દૂર થા મારાથી, શું કામ મારા સામે આવે છે, શું મારા ઉપર દિલ આવી ગયું છે? તું આવું નહી કરી શકે (કે મને ફરેબ આપે) આવું કેવી રીતે મુમકીન છે? જા, કોઈ બીજાને છેતર જે, મને તારી ઈચ્છા નથી, હું તો તને ત્રણ વખત તલાક આપી ચુક્યો છું, કે જેના પછી પલટવાનો કોઈ રસ્તો જ નથી, તારી જિંદગી ઓછી છે અને તારી અહેમિયત બહુજ મામૂલી છે, તારી ઉમ્મીદ રાખવી બેઈઝ્ઝતી તથા હલકાઈનું કારણ છે.

⇨ અફસોસ ! રસ્તાનું ભાતું ઓછું, રસ્તો લાંબો, મુસાફરી લાંબી અને મંઝિલ ઘણી સખત છે.

➪ (આ રિવાયતને ઝેરારની ઝબાનથી મુઆવીયાએ સાંભળી તો આંખોમાં આંસુ આવી ગયા, અને કહેવા લાગ્યો કે, અલ્લાહ અબુલ હસન પર રહેમ ફરમાવે, તે ખરેખર એવા જ હતા, પછી ઝેરારથી કહ્યું કે અય ઝેરાર! અલી (અ.સ.)ની જુદાઈમાં તમારી શું હાલત છે? ઝેરારે કહ્યું, બસ એટલું સમજ કે મારો ગમ એટલો છે કે જેટલો તેમાંને હોય છે કે જેનું એક જ બાળક હોય અને તેને તેનીમાંના ખોળામાં ઝબેહ કરી દેવામાં આવે.)

➪ ખરેખર ઈમામ (અ.સ.)નું આ બયાન આપણા દિલો પર ગફલતના પડદાને હટાવે છે અને જે લોકો દુનિયા પાછળ પોતાને હલાકતમાં નાખે છે તેમને બતાવ્યું કે દુનિયા દિલ લગાવાની વસ્તું નથી, બલ્કે જેટલાં દુનિયાથી દૂર ભાગશો તેટલા જ અલ્લાહની ઈબાદતમાં લઝ્ઝત મહેસુસ થશે.

➪ ઈમામ (અ.સ.) આ બયાનમાં દુનિયાને સંબોધીને ફરમાવે છે કે તું રસ્તો ભૂલી છો જો મને બહેકાવવા આવી છો, જા, તું બીજાને જઈને બહેકાવ, અલી (અ.સ.)ને નહીં બહેકાવી શકીશ કારણકે મને તારા પ્રત્યે કોઈ લગાવ કે જુકાવ નથી.

➪ પછી ઈમામ (અ.સ.) ભાર આપે છે કે તને ત્રણ વખત તલાક આપી ત્યારપછી રૂજુ ન કરી શકાય.

➪ પછી ઈમામ (અ.સ.) ફરમાવે છે કે અય દુનિયા તારી જિંદગી બહુજ ઓછી અને તારી કિંમત મામૂલી છે, તારી ઉમ્મીદ કરનાર પણ મામૂલી અને કિંમત વગરનો બની જાય છે.

➪ દુનિયા પછી આખેરતનું બયાન બતાવે છે કે આખેરત માટે કેટલા ચિંતિત છે.

➪ ભાતું બહુજ ઓછું અને મુસાફરી લાંબી તથા મુસીબતોથી ભરેલી છે.

⇨ આવા શબ્દો જો આપણા ઝબાનથી નીકળે તો બિલકુલ સાચું છે કે આપણા પાસે આખેરતનું ભાતું બહુજ ઓછું છે, પરંતુ ઈમામ (અ.સ.)નું આ મુજબ કહેવું જયારે કે ઈમામ અલી (અ.સ.) માટે પ્યારા નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે અલી (અ.સ.)નો એક વાર ખંદકના દિવસે તમામ જિન્નાતો અને ઈન્સાનોની ઈબાદતથી અફઝલ છે, તે ઉપરાંત ઈમામ અલી (અ.સ.)ની ઈબાદતોની ન કોઈ ગણતરી કરી શકે છે આટલા બધા નેક આમાલ હોવા છતાંપણ ઈમામ (અ.સ.) ફરમાવે છે કાંઈ નથી, તો આપણને કેટલો ખયાલ રાખવો જોઈએ.

⇨ અને આ એટલા માટે પણ છે કે જો કોઈ પોતાના આમાલને ઓછો ગણે તો તેને વધારવાનું દિલ ચાહશે, અને જો ઈબાદત ઉપર ઘમંડી બની, પોતાના થોડાક અમલને

વધારે સમજવા લાગે તો આમાલને વધારવાની ચિંતા નહી રહે.

⇨ ઈમામ (અ.સ.) જે લાંબા રસ્તા અને સખત મંઝિલોને બયાન કરી છે તે કયામતની મુશ્કેલીઓ છે, ત્યાં ફકત એજ લોકો આરામ અને સુકુનથી રહેશે જેઓ દુનિયામાં રહીને આખેરતની તૈયારી કરી હશે.

⇨ એક વસ્તુ તરફ ખાસ ધ્યાન દોરૂ છું કે ઈસ્લામમાં જ્યાં દુનિયાની મઝમ્મત કરવામાં આવી છે તેનો મતલબ એવી દુનિયા છે જ્યાં ઝુલ્મ, હરામ અને બીજા ગુનાહોમાં શામીલ હોય, અને જો દુનિયામાં રહીને કોઈની ભલાઈ અને હલાલના રસ્તાથી કમાણી કરે, ઈન્સાફને કાયમ કરે તો તેવી દુનિયા વખાણના લાયક છે.

# હિકમત ૭૮

## કઝા કદર

⇨ અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) જયારે જંગે સિફ્ફીનથી પાછા કુફા આવ્યા હતા ત્યારે એક ઘરડો માણસ ઈમામ (અ.સ.)ની સામે બેસીને સવાલ કર્યો કે "શું આપણું શામ વાળાઓથી જંગ માટે જવું કઝા કદરથી હતું?" (કઝા એટલે હુકમે ખુદા, કદર એટલે અલ્લાહની તકદીર)

તેને ઈમામે એક લાંબો જવાબ આપ્યો જેનો એક ભાગ આ મુજબ છે.

અફસોસ છે તારા પર, તું એમ સમજ્યો કે કઝા અને કદર (નક્કી થયેલ તકદીર) લાઝમી છે, જેથી આપણે આપણા કામોમાં મજબૂર છીએ, જો એમ હોત તો પછી સવાબ કે અઝાબ બેકાર થઈ જાત, અને (નેકીના ઈનામના)વાયદા કે (બૂરાઈની

સજાની)વઈદ અર્થહીન બની જાત,

અલ્લાહે પોતાના બંદાઓને હુકમ આપી તેના પર અમલ કરવો કે નહીં તેનો ઈખતિયાર આપ્યો છે, અને (અઝાબથી) ડરાવીને (અમુક કામોથી) રોક્યા છે. આસાન કામો કરવાની જવાબદારી સોંપી છે અને અઘરા કામો કરવાની જવાબદારી નથી સોંપી, તે થોડાક અમલ પર વધારે સવાબ આપે છે, તેની નાફરમાની એટલા માટે નથી થતી કે તે કમઝોર થઈ ગયો છે, અને તેની ફરમાબરદારી એટલા માટે નથી થતી કે તે (ને લોકો)ને મજબૂર કર્યા છે, અલ્લાહે નબીઓને રમત ગમત માટે નથી મોકલ્યા, બંદાઓ માટે આસમાનથી કિતાબો બેકાર નથી મોકલાવી, આસમાન અને ઝમીન તેમજ જે કંઈ તેના વચમાં છે તે બધા બેકાર નથી બનાવ્યા, ''આ તો નાસ્તિકોની વિચારધારા છે, અફસોસ છે તેઓ પર જેઓ જહન્નમની આગનો ઈન્કાર કર્યો.''

➪ ઈમામ (અ.સ.) કઝા કદરને થોડાક શબ્દોમાં સારી રીતે સમજાવ્યું,

એટલે અલ્લાહએ કોઈને મજબૂર નથી કર્યા કે આ કામ કર,

જો અલ્લાહ લોકોને મજબૂર કરે તો પછી નેક કામનો સવાબ અને બૂરા કામનો અઝાબ બંદાને ન મળવો જોઈએ! કેમ કે પોતાની મરજીથી કામ કર્યુ જ નથી, અલ્લાહે જન્નતની ખુશખબરી અને દોઝખ વિશે ડરાવ્યા છે એ બધું જ બેકાર થઈ જાય, કેમ કે જન્નત અથવા જહન્નમનો હકદાર તે જ બને જે પોતાની મરજીથી કામ કરે, અને જો ખુદા જબરદસ્તી બંદાઓ પાસે નેકી કે ગુનાહોના કામ કરાવે તો જન્નત અને દોઝખ પણ નોઉઝુબિલ્લાહ ખુદાને જ મળવી જોઈએ. અને બંદા ન તો સારા કામના બદલે વખાણને લાયક બનશે અને ન તો ખરાબ કામના બદલે સઝાના લાયક ઠહેરશે, આ

રીતે મરજી વગર થયેલા ગુનાહની સજા આપે તો નોઉઝુબિલ્લાહ અલ્લાહ ઝાલીમ બની જશે.

⇨ કામ કોઈ કરે અને સઝા કોઈ બીજો ભોગવે?

⇨ અલ્લાહ મોટો મહેરબાન છે જે બંદાઓને કોઈ એવા હુક્મ પર અમલ કરવાની જવાબદારી સોંપતો નથી જે તેની શક્તિથી વધારે હોય, બલ્કે અલ્લાહ ફઝલથી કામ લીધું છે કે થોડીક ઈતાઅતનો ઘણો વધારે સવાબ આપે છે અને કોઈ બંદાને ગુનાહ કરવામાં જબરદસ્તી નથી કરતો કે બંદો ગુનાહ કરે.

⇨ આગળ ફરમાવ્યું કે જો બંદાને મજબૂર સમજી લેવામાં આવે તો ૧૨૪૦૦૦ પયગંબર અને આસમાની કિતાબો વગેરે બધું જ બેકાર ગણાશે.

⇨ છેલ્લે ઈમામે ફરમાવ્યું કે અલ્લાહે ઝમીન

આસમાન અને તેના વચમાં જે કાંઈ છે તે નકામું નથી બનાવ્યું, જો ઝમીન આસમાન નકામું નથી તો આસમાની કિતાબો, નબીઓ કેવી રીતે નકામા હોય?

⇨ કાફીમાં રિવાયત છે કે જયારે ઈમામ અ. શામના રહેવાસીને આ પ્રમાણે સંતોષકારક જવાબ આપ્યો તો તે બહુજ ખુશ થયો, અને અમુક શેર પઢ્યા જેનો અર્થ આ મુજબ છે.

⇨ તમે એવા ઈમામ છો કે તમારી પૈરવી થકી રહમાન અને માફ કરનારને ત્યાં કયામતના દિવસે નજાતની ઉમ્મીદ રાખું છું.

⇨ દીનમાં જે અમારા માટે શક અને સવાલ ઉભો થયો હતો સમજાવીને તે શકને દૂર કર્યો.

⇨ પરવરદિગાર આ એહસાનના બદલામાં જે અમારા ઉપર કર્યો છે તમારા ઉપર એહસાન કરે.

# હિકમત ૭૯

## હિકમત

➩ હિકમત (શાણપણ)ની વાત જ્યાં પણ હોય મેળવી લો, કેમ કે હિકમત મુનાફીકના પાસે પણ હોય છે, પરંતુ જ્યાર સુધી તેની ઝબાનથી નીકળીને મોમીનના પાસે પહોંચીને બીજી હિકમતોના સાથે રહેવા ન લાગે ત્યાર સુધી બેચેન રહે છે.

➩ ઈમામ (અ.સ.) હિકમત એટલે શાણપણ, હોંશિયારીની વાતો માટે ફરમાવે છે કે જ્યાંથી મળે લઈ લેવી જોઈએ.

➩ મુનાફીક પાસે હિકમતની જગ્યા નથી, બલ્કે મોમીન પાસે છે,

➩ ઈલ્મ અને હિકમત માટે ઝમાના, જગ્યા, ઉંમર,નાના, મોટા કોઈ વસ્તુની શરત નથી, હદીસોમાં છે કે, "ઈલ્મ હાંસિલ કરો ઘોડિયાથી લઈને કબર સુધી." બીજી હદીસમાં "ઈલ્મ હાંસિલ કરો ભલે પછી ચીન

જ કેમ ન જવું પડે.''

⇨ એ સિવાય પણ ઘણી હદીસો છે, ઈલ્મો હિકમતની વાત, સારી વાત હાંસિલ કરવા માટે શરમ મહેસુસ ન કરવી જોઈએ, આપણા, પારકા કે પછી બીજી કૌમના લોકો પાસે હોય તો પણ હાંસિલ કરવી જોઈએ.

⇨ હકીકતમાં મોમીન પાસે ઈલ્મ અને હિકમત હોવી જોઈએ.

⇨ પરંતુ આજના ઝમાનામાં ઈલ્મ અને હિકમત તરફ, સારી વાતો અને સારા અખ્લાક વિશે જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું ધ્યાન અપાતું નથી, તેનો નતીજો છે કે મુસલમાન પાછળ છે, જે અફસોસની વાત છે.

# હિકમત ૮૦

## ઈલ્મની અહેમિયત

⇨ હિકમત મોમીનની ખોવાયેલ વસ્તુ છે તેને પ્રાપ્ત કરો, ભલે પછી મુનાફીક પાસેથી જ લેવું પડે.

⇨ ઈમામ (અ.સ.)નો આ કલામ પણ હિકમત ૭૯થી મળતો આવે છે.

⇨ જયારે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જાય ત્યારે તેને શોધતો ફરે છે, અને તેને મેળવવાની કોશિશ કરે છે, ભલે પછી મોમીન હોય કે મુનાફીક, કાફીર હોય કે મુશરીક, પછી અમીર જ કેમ ન હોય, બધા જ કિંમતી ખોવાએલી વસ્તુને શોધવાની કોશિશ કરે છે, હકીકતમાં ઈલ્મ અને હિકમતના માલિક મોમીન છે, જે તેની પાસેથી ખોવાઈ ગઈ છે અને બીજાઓના હાથમાં ચાલી ગઈ છે, તો મોમીન માટે જરૂરી છે કે જેના પાસે પણ હોય પોતે હાંસિલ કરવાની કોશિશ કરે.

⇨ શરહે નહજુલ બલાગાહમાં ઈબ્ને અબીલ હદીદ લખ્યું છે કે એક વખત હજજાજ ખુત્બો બયાન કર્યો અને કહે છે કે ‘‘અલ્લાહે આપણને આખેરત તલબ કરવાનો હુકમ આપ્યો છે અને દુનિયામાં રોઝી આપવા માટે બંધાએલો છે, કાશ કે આખેરતની ખુદા ઝમાનત લીધી હોત, અને આપણે દુનિયા મેળવવા પાછળ લાગેલા છે.’’ આ શબ્દો સાંભળીને હસને બસરી તરત જ કહ્યું કે આ એજ ખોવાએલી મોમીનની વસ્તું છે જે મુનાફીકના દિલમાંથીનીકળી છે. (શરહે નહજુલ બલાગાહ, ભા.૧૮, પે.૨૨૯)

# હિકમત ૮૧
# માણસની કિંમત કઈ રીતે ઓળખવી

⇨ દરેક માણસની કિંમત તેની ખૂબીઓ મુજબ છે જે તે અંજામ આપી શકે છે.

⇨ મર્હુમ સય્યદ રઝી (અ.ર.) કહે છે કે, આ એ કિંમતી શબ્દો છે જેના વિશે આપણા વિચાર પણ ન પહોંચી શકે, કોઈ પણ વાત આની સરખામણીમાં આવી શકતી નથી.

⇨ ઈમામ (અ.સ.) ઈન્સાનની કિંમત, ખાનદાન, ઓહદો, માલ યા સમાજિક ચળવળ કે કોઈ રસમો રિવાજમાં નથી ગણાવી.

⇨ માણસની સાચી કિંમત તેના નેક કામોથી સમજવી જોઈએ જે ખૂબીઓ તેનામાં છે, દા.ત. બહુજ સારો ડોક્ટર, સારો ઉસ્તાદ, સારો ફકીહ, સારો ઈલ્મવાળો, સારો

દીનદાર, સારો એન્જીનીયર... લોકોના નજીક અને ખુદાના નજીક પણ એ માણસોની કિંમત છે જેમાં ખૂબીઓ અને આવડત હોય,

⇨ અમુક તફસીર લખનાર જુદી જુદી વસ્તુ લખી છે.

જેના લીધે માણસની કિંમત વધે છે.

ખાસ ઈલ્મો મારેફત જેમાં વધારે હોય,

મારેફત અને અમલ જેમાં વધારે હોય,

એહસાન અને નેકી જેમાં વધારે હોય,

પોતાની જગ્યાએ દરેક તફસીર સહીહ ગણવામાં આવી છે, પરંતું પહેલી વાત વધારે યોગ્ય છે.

⇨ ઈમામ મોહંમદ તકી (અ.સ.) પોતાના બાપ દાદાઓથી બયાન ફરમાવે છે કે ઈમામ અલી અ. ફરમાવે છે કે મારી બયાન કરેલી ચાર વાતોની તાઈદ અલ્લાહે પોતાની કિતાબમાં નાઝિલ કરેલ છે.

૧) માણસ તેની ઝબાન નીચે છુપાયેલો

છે જયારે બોલે છે ત્યારે તે જાહેર (ઓળખાય) થાય છે.

⇨ કુરાનઃ "મુનાફીકોને તેમની વાતો કરવાની ઢબથી ઓળખાશે."

૨) જે વસ્તુને માણસ નથી જાણતો તે તેનો દુશ્મન બની જાય છે.

⇨ કુરાન : "તે દુશ્મનો, ન જાણવાના લીધે જુઠલાવવા લાગ્યા."

૩) દરેક માણસની કિંમત તેમાં જે ખૂબી છે તેના અંદાજ મુજબ છે.

⇨ કુરાન : "અલ્લાહે તાલુતને તમારા ઉપર ચૂંટી લીધા તેઓ શરીર અને ઈલ્મ બંનેમાં વિશાળતા આપેલી હતી."

૪) કેસાસ કતલને ઓછું કરે છે.

⇨ કુરાન : "તમારા લોકો માટે કેસાસમાં તમારી જિંદગી છે અય સમજદાર લોકો." (શરહે ઈબ્ને અબીલ હદીદ, ભા.૭, પે.૩૮૨)

⇨ જો ઈમામ (અ.સ.)ની બયાન કરેલ હિકમત સય્યદ રઝી જેવા મહાન બુઝુર્ગ આલીમ ઉપર એટલો અસર થયો કે લખી દીધું કે આનાથી વધીને કોઈ કિંમતી વાક્ય જ નથી.

⇨ સમજમાં આવી ગયું હશે કે અલી (અ.સ.)નો આ કલામ સૌથી બહેતર કલામ છે જેનો મુકાબલો બીજો કોઇ કલામ નથી કરી શકતું.

⇨ ઈમામ (અ.સ.)ના સાચા અર્થમાં મોહિબ ઈમામ (અ.સ.)ના બતાવેલ રસ્તા ઉપર ચાલીને પોતાના ઝમાનાના સૌથી શ્રેષ્ઠ માણસ બને છે.

# હિકમત ૮૨

# પાંચ કિંમતી નસીહતો

⇨ તમને એવી પાંચ વસ્તુઓની ભલામણ કરવામાં આવે છે કે જો તેને મેળવવા માટે ઊંટને ઝડપી હકાવીને પહોંચવામાં આવે તો પણ પહોંચવું બરોબર (યોગ્ય) છે,

૧) તમારામાંથી કોઈ પણ માણસ અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ ન રાખે.

૨) પોતાના ગુનાહ સિવાય બીજા કોઈથી ન ડરે.

૩) જો તમને કોઈ વસ્તુનો સવાલ કરવામાં આવે અને તમે તેના વિશે ન જાણતા હોવ તો ''હું નથી જાણતો'' કહેવામાં ન શરમાવવું.

૪) જો કોઈ વસ્તુ ન જાણતા હોવ તો તેને શીખવામાં ન શરમાવવું.

૫) સબ્રને અપનાવો કેમ કે સબ્રનો ઈમાન સાથે એવો જ સંબંધ છે જેવો માથાનો શરીર

સાથે હોય છે, જો માથું ન હોય તો શરીર બેકાર થઈ જાય છે, એજ પ્રમાણે જો સબ્ર ન હોય તો ઈમાનમાં કાંઈ ખૂબી રહેતી નથી.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમતમાં ઈન્સાનની જિંદગીમાં અવાર નવાર કામ આવનાર, ખાસ પાંચ વાતોને બયાન ફરમાવી છે.

⇨ આ વાતોની અહેમિયત સમજાવવા માટે ભાર આપ્યો છે કે ઊંટને જલ્દી હકાવીને પહોંચવુ પડે તો તે પણ પહોંચજો અને આ વાતો જાણી લેજો, આ શબ્દોથી જાણ કરવામાં આવે છે કે કેટલી કિંમતી નસીહતો છે.

૧) તમારામાંથી કોઈ પણ માણસ અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ ન રાખે,

⇨ એટલે બસ અલ્લાહ મુસબ્બે બુલ અસબાબ છે, બધા જ કામો તેની કુદરતમાં છે, તેના સિવાય બીજાના સામે પોતાની

ગરીબી કે પરેશાની બયાન ન કરવી જોઈએ, અગર કોઈ અહલે બયત અ. સામે પોતાની હાજતમાંગે છે તો તે પણ અલ્લાહના હુકમ મુજબ છે તે ખાસ ખયાલ રાખવાનું છે.

⇨ શિર્ક ન કરે અને અલ્લાહ પાસે ઉમ્મીદ લગાવે.

⇨ જો અલ્લાહ સિવાય બીજા લોકો પણ કિસ્મત લખનારા (તકદીર ઘડનારા) હોય તો પણ અલ્લાહ સિવાય બીજાઓ સામે માથું જૂકાવવું ઝિલ્લત છે, અને અલ્લાહની સામે માથું જૂકાવવું ઈઝ્ઝત છે.

⇨ રિવાયતમાં છે કે જયારે જ.યુસુફના ભાઈઓ જ.યુસુફને કૂવામાં નાખવા ચાહતા હતા અને જ.યુસુફને હસદના લીધે મારતા હતા, તો જ.યુસુફ મોટે અવાઝથી હસવા લાગ્યા, તેમના ભાઈઓ નવાઈ લાગી કે અમે મારીએ છીએ અને કૂવામાં નાખશું અને યુસુફ હસી રહ્યા છે, આ હસવાની

જગ્યા નથી, કદાચ યુસુફ મજાક સમજતા હશે, કારણ પૂછ્યું તો જ. યુસુફ તેમને અને બધાને મોટો સબક શીખવ્યો કે, જયારે હું મારા શક્તિ શાળી અને મજબૂત ભાઈઓને જોયા તો મનમા કહેવા લાગ્યો કે જેના આટલા તાકત વાળા ભાઈઓ હોય તેને શું ગમ હોય, તેને કોણ તકલીફ પહોંચાડી શકે, હુંએ તમારા ઉપર ભરોસો કર્યો અને મજબૂત ભાઈઓથી દિલ લગાવ્યું, અને નતીજો એ આવ્યો કે તમે જ મારી જાનના દુશ્મન બની ગયા અને તમે જ મને કૈદ કરી લીધો, તમો બધાય પાસે છૂટવા માટે કરગરૂ છું, પરંતુ તમે નથી છોડતા, અલ્લાહે મને આ રીતે શીખવ્યું કે અલ્લાહ સિવાય બીજા ઉપર ભરોસો ન કરો. (તફસીરે નમૂના આયત ૧૫ની તફસીરમાં)

⇨ આનો મતલબ એ નથી કે જિંદગીની જરૂરતોમાં લોકોથી મદદ ન લે, બલ્કે ઈન્સાન

હકીકી મદદગાર અલ્લાહને સમજે, તમામ કામો એના જ હુકમથી થાય છે. હકીકતમાં એજ મુસબ્બે બુલ અસબાબ છે.

૨) પોતાના ગુનાહ સિવાય બીજા કોઈથી ન ડરે.

⇨ હકીકતમાં માણસનો દુશ્મન તેના ગુનાહ છે જે દુનિયા અને આખેરત બંને જગ્યામાં મુસીબત ઉભી કરે છે.

૩) જો તમને કોઈ વસ્તુનો સવાલ કરવામાં આવે અને તમે તેના વિશે ન જાણતા હોય તો "હું નથી જાણતો" કહેવામાં ન શરમાવવું.

⇨ એટલે નથી જાણતો કહેવામાં કોઈ અયબ (ખામી) નથી અયબ તેમાં છે કે તમે ન જાણતા હોવ અને ખોટો જવાબ આપો અને બીજાને ગુમરાહ કરો, જો કોઈ આમ કરે તો તેને અલ્લાહના ત્યાં જવાબ આપવો પડશે, ખાસ કરીને કોઈ ફત્વો કે ફેંસલો આપવો હોય તો જવાબદારી પૂર્વક આપે.

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે જો કોઈ જાણ્યા વગર ફત્વો આપશે અથવા કોઈ મસઅલો બતાવશે, તો તેના ઉપર રહેમત અને અઝાબના તમામ ફરિશ્તા લાનત મોકલશે. અને જે તેમના ફતવા ઉપર અમલ કરશે તેનો પણ ગુનાહ તેને આપવામાં આવશે. (કાફી, ભા.૧, પે.૪૨)

૪) જો કોઈ વસ્તું ન જાણતા હોય તો તેને શીખવામાં ન શરમાવવું.

⇨ કોઈપણ જન્મથી શીખીને નથી આવતો, જેમ જેમ મોટો થાય છે તેમ તેમ સવાલો થકી ઘણું બધું જાણે છે, સવાલ કરવું માણસને મહાન બનાવે છે એટલે કહેવત પણ છે કે “પુછતા પુછતા પંડીત (આલીમ) થવાય” ન જાણતા હોય તો પૂછશો તેટલું વધારે જાણવા મળશે.

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે:

ઈલ્મ ખઝાનો છે અને તેની ચાવી સવાલ કરવું છે, જે કંઈ ન જાણતા હોય તે પૂછો, કેમ કે સવાલ કરવાથી ચાર લોકોને ફાયદો થાય છે, સવાલ કરનાર, બોલનાર, સાંભળનાર, અને જે આવા સવાલોને પસંદ કરે છે. (બિહારૂલ અનવાર, ભા.૧, પે.૧૯૬)

૫) સબ્રને અપનાવો કેમ કે સબ્રની ઈમાન સાથે એવો જ સંબંધ છે જેવો માથાને શરીર સાથે હોય છે,

⇨ માણસના શરીરમાં સૌથી મહત્વનો ભાગ માથું છે, અને માથામાં આંખ, કાન, ઝબાન,નાક અને મોઢું જેનાથી ખોરાક શરીરમાં જાય છે,

⇨ આ બધા ભાગો શરીર માટે સૌથી વધારે મહત્વના છે, અને આ બધા જ માથામાં છે, અને તમામ કરતા બહેતરીન નેઅમત પણ અક્કલ છે જે માથામાં છે. બધી ખાસ વસ્તુઓ માથામાં છે, જો શરીરથી માથું જુદું

થઈ જાય તો બાકી બધી જ વસ્તુઓની કાંઈ કિંમત નથી રહેતી, એ જ પ્રમાણે જો માણસ પાસેથી સબ્ર ચાલ્યું જાય તો ઈમાન પણ ખતમ થઈ જાય છે, ત્યાર પછી તે ન ગુનાહોને છોડી શકશે કે ન મુસીબતોને ખમી શકશે.

⇨ રહેમતના ફરિશ્તાઓ જન્નતીઓના આવકાર માટે આવે છે તો આ રીતે અવાજ આપે છે, કે આ બધી જ નેઅમતો સબ્ર કરવા બદલ છે, "મોમીનો જન્નતના બાગોમાં દાખલ થશે, તે પોતે અને તેમના બાપ દાદા અને એજ રીતે તેમની નેક પત્ની, નેક ઔલાદ, જે દરવાઝાથી દાખલ થવા ચાહશે ફરિશ્તાઓ તેમને 'સલામુન અલયકુમ' કહેશે. અને કહેશે કે આ તમારા સબ્રનો બદલો છે, અને આખેરતમાં કેટલું સારૂ ઘર રાખેલું છે. (સુરે રઅદ, આયત ૨૩-૨૪)

➪ છેલ્લી હદીસ બયાન કરીને ખતમ કરૂં છું કે નબી (સ.અ.વ.) ફરમાવે છે, સબ્ર કેવી બહેતરીન સવારી છે! અને અલ્લાહ આનાથી સારી વસ્તું કોઈ બંદાને નથી આપી. (મીઝાનુલ હિકમત, ભા.૫, હ.૧૦૦૨૫)

# હિકમત ૮૩
# વખાણની મઝમ્મત

⇨ ઈમામ (અ.સ.)ના કોઈએ ઘણા વખાણ કર્યા, જયારે કે આપ (અ.સ.)થી મોહબ્બત રાખતો ન હતો, તો આપે ફરમાવ્યું, જે તારી ઝબાન પર છે તેનાથી હું ઓછો છું અને જે તારા દિલમાં છે તેનાથી ઘણો વધારે છું.

⇨ વખાણથી માણસને બીજા વધારે સારા કામો કરવાનો ઉત્સાહ પૈદા થાય છે, પરંતુ જો વખાણ વધારીને કરવામાં આવે અને જે ખૂબીઓ માણસના અંદર ન હોય, તેને બયાન કરવામાં આવે તો પછી તે ખોટુ કહેવાશે જે ગુનાહે કબીરા છે.

⇨ ખોટા અને વધારે પડતા વખાણથી ઘણા નુકસાન થાય છે, વધારે કોશિશ કરવાથી ગફલત કરવા લાગે છે, જેના લીધે તેનો આગળ વધવાનો ગ્રોથ અટકી જાય

છે, પોતાના અંદર ઘમંડ આવી જાય છે અને પોતાના કરતા બીજાઓને નાનો સમજવા લાગે છે.

⇨ ઈમામ (અ.સ.) એ જ ફરમાવે છે કે જેમાં જે ખૂબીઓ ન હોય તેવા વખાણ કરે તો તેના ઉપર તોહમત નાખી ગણાશે, અને તે ગુનાહ કહેવાશે.

⇨ બની શકે છે ઈમામના સામે વખાણ કરનાર ગુલુ કરવા લાગ્યો હોય. (અલ્લાહથી સરખાવવા લાગ્યો હોય) બની શકે છે કે ઈમામ અ. નમ્રતામાં આમ કહેતા હોય.

⇨ પરંતુ ઈમામ (અ.સ.)ના આ બયાનથી સાફ થાય છે કે, ઈમામ તેના દિલમાં શુ છે તે પણ વાંચી રહ્યા હતા, અને તેને તેની હકીક્ત બતાવી.

⇨ નબી હઝરત મોહંમદ (સ.અ.વ.) ફરમાવે છે કે જયારે વખાણ કરનારાઓથી મળો ત્યારે ચહેરા ઉપર ધૂળ નાખી દો.

⇨ આનો અર્થ છે કે વખાણ કરનારાઓથી દૂર ભાગો, તેમને વખાણ ન કરવા દો. (મીઝાનુલ હિક્મત, ભા.૯, હ.૩૭૮૫)

⇨ એક બીજી હદીસમાં છે કે કોઈ માણસ બીજાના વખાણ નબી (સ.અ.વ.) સામે વધારે પડતા કર્યા તો આપ સ. ફરમાવ્યું, તેને ન સંભળાવજે નહી તો તે હલાક થઇ જશે, તેના આ વધારે પડતા વખાણ સાંભળશે તો કોઈ દિવસ કામ્યાબ નહી થાય. (કંઝૂલ ઉમ્માલ, ભા.૩, પે.૩૫૨)

⇨ ઈમામ અલી (અ.સ.) જ.માલિકે અશ્તરને સમાજમાં સુધારો લાવવા માટે ફરમાવ્યું કે લોકોની એ રીતે તરબિયત કરો કે તમારી ખોટી તારીફ અને વખાણ ન કરે. (ચાપલુસી ન કરે) અને જે તમે ન કર્યુ હોય તેના વિશે મોટાઈ ન મારે, કેમ કે વધારે પડતા વખાણ માણસને ઘમંડી બનાવે છે.

⇨ આજના ઝમાનામાં લોકોની હાલત

એવી છે કે જો કોઈ તેમના ખોટા વખાણ ન કરે તો તેઓ નારાજ થઈ જાય છે અને ઘણી વખત વખાણ ન કરનારને નુકસાન ઉઠાવવું પડે છે, વિચારો !!!

⇨ ઈમામ (અ.સ.) માણસની દુનિયા અને આખેરતની કામ્યાબી ખુશામતીઓના ખોટા વખાણથી દૂર રહેવામાં જ બયાન ફરમાવી છે.

⇨ કોઈ વખાણ કરે તો ફુલાઈ ન જાવ, નહીં તો મોટું નુકસાન ઉઠાવવું પડશે.

# હિકમત ૮૪

## નસલનું બાકી રહેવું

⇨ તલવારથી બચેલા લોકો વધારે બાકી રહે છે અને તેમના ફરઝંદો વધારે હોય છે.

⇨ દુશ્મન તરફથી જે કુટુંબ અથવા જે લોકોને વધારે કત્લ કરવામાં આવે છે તેઓની ઔલાદ વધારે હોય છે અને તેમની નસલ વધારે ચાલે છે.

⇨ આ વાતની ઈતિહાસ ગવાહી આપે છે, જુઓ ઈમામ અલી અ.ની ઔલાદના દુશ્મન દરેક ઝમાનામાં, અને ઘણી હુકૂમતોમાં હતા, અને બધાજ ઔલાદે ઈમામ અલી (અ.સ.)ના દુશ્મન રહ્યા છે, જેમ કે બની ઉમય્યા અને બની અબ્બાસના લોકો ચૌદસો વરસથી જયારે પણ તક મળે ચાહે એકલા, મસ્જિદ કે ઈમામ બારગાહમાં હોય દર્દનાક રીતે તલવાર, બંદૂક, બોમ્બ વગેરેથી કત્લ કરી રહ્યા છે, પરંતુ આજે પણ

અલહમ્દુલિલ્લાહ પૂરી દુનિયામાં ઈમામ અલી (અ.સ.) અને જ.ફાતેમા ઝહરા (સ.અ.)ની નસલ મૌજુદ છે.

⇨ અમુક નહજુલ બલાગાની તફસીર કરનારાઓ જેમ કે 'ઈબ્ને મયસમ'એ લખ્યું છે કે આખી દુનિયામાં ઔલાદે ઈમામ અલી (અ.સ.) હોવું આ ખાસ અલ્લાહની મહેરબાની અને ઈનાયતે ખુદા છે કે જેઓ આટલા મઝલુમ હોવા છતાંપણ તેમની નસ્લ (વંશ)માં બેહિસાબ બરક્ત છે.

# હિકમત ૮૫

## કહો, “હું નથી જાણતો”

⇨ જેની ઝબાન પર ક્યારેય આ વાક્ય ન આવે કે “હું નથી જાણતો” તે (ક્યારેક) બરબાદ થઇ જાય છે.

⇨ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે તેવા માણસને નુકસાન ઉઠાવવું પડે છે, જે એમ કહેતા નથી શીખતો કે “મને નથી આવડતું” અગર ન આવડતું હોય તો એમ કહેવામાં ડરે નહિ, ભલે પછી તેનું નુકસાન દુનિયાનું હોય કે આખેરતનું, દા.ત. જો કોઈને ગુમરાહ કરે તો તેના માટે આખેરતનું નુકસાન છે, દુનિયામાં માલ દૌલતનું અને માન ઈઝ્ઝત ખતમ થવાનું નુકસાન થાય છે.

⇨ એક આલીમ પાસે સ્ત્રી આવીને સવાલ કરે છે, તે આલીમે જવાબમાં કહ્યું “હું નથી જાણતો” તે સ્ત્રી ગુસ્સો કરવા લાગી અને કહે છે કે બાદશાહ તમારા ઉપર કેટલો બધો

ખર્ચ કરે છે અને તમે કહો છો કે નથી ખબર ? તે આલીમે કહ્યું, બાદશાહ મને તે વસ્તુની રકમ આપે છે જે મને ખબર છે, અને જે વસ્તુઓ મને નથી ખબર એની રકમ (પગાર) આપે તો બાદશાહનો બધો ખઝાનો પણ ઓછો પડે.

⇨ આ આલીમે સમજાવી દીધું કે જરૂરી નથી કે બધું જ આવડતું હોય, અને જે આવડે છે તેના કરતા જે નથી આવડતું એ બહુજ વધારે છે.

⇨ મર્હુમ મુગનિયા કિતાબ અલ હિક્મતુલ ખાલેદાના હવાલાથી બયાન કરે છે કે "નથી જાણતો" કહેતા શીખી લો, કેમ કે જો નહી આવડતું હશે તો શીખવવામાં આવશે, તેથી શીખી જશો, અને જો તમે કહેશો કે આવડે છે અને નહી આવડે, તો શરમાવવું પડશે.

⇨ પયગંબર (સ.અ.વ.)ના આટલા બધા સહાબા હતા, પરંતુ કોઈ પણ દાવો નથી

કર્યો, સિવાય ઈમામ અલી (અ.સ.)ના, અને ઈમામે તો ફરમાવ્યું હતું કે જે પૂછવું હોય પૂછી લો (સલુની સલુની...) (ફિઝેલાલે નહ્જુલ બલાગાહ, ભા.૪, પે.૨૬૬)

⇨ હઝરત અલી (અ.સ.) સિવાય જે લોકોએ આ પ્રકારના દાવા કર્યા તેઓ વિશે ઈતિહાસ બયાન કરે છે કે તેઓ ઝલીલ થયા છે.

# હિકમત ૮૬

# મશવેરો અને હિંમત

⇨ ઘરડાનો મશવેરો મને જવાનની હિમ્મત કરતા વધુ પસંદ છે.

⇨ બીજી રિવાયતમાં આ મુજબ છે, કે ઘરડાનો મશવેરો મને જંગી જવાનથી વધારે પસંદ છે.

⇨ ઈમામ (અ.સ.) ઘરડા અને બુઝુર્ગના અનુભવની અહેમીયત સમજાવી છે. કેમ કે દરેક જગ્યા તાકત કામ નથી આવતી, ઈતિહાસમાં ઘણી જગ્યાએ મળે છે કે ઘરડા બુઝુર્ગ માણસે પોતાના અનુભવ અને મશવેરાથી દુશ્મનોથી હિફાઝત કરી છે, જ. સલમાને ફારસી જંગે ખંદકમાં નબી (સ.અ.વ.)ને ચારો તરફ ખાડો ખોદવાનો મશવેરો આપ્યો, પ્યારા નબી (સ.અ.વ.) તેને કબુલ કરી લીધો, મદીનાને દુશ્મનના હમલાથી બચાવ્યું.

➩ બીજી વસ્તુ આ કલામથી એ પણ જાણવા મળે છે કે જો બુઝુર્ગ ઘરડા માણસ તમારા ઘરમાં અથવા સમાજમાં હોય તો તેમનો એહતેરામ કરો, અને તેમની વાતો અને મશવેરાથી ફાયદો ઉઠાવો.

➩ અબુ તૈયબ પોતાના શેરમાં કહે છે.

➩ ઈલ્મ અને અનુભવ બહાદુરોની બહાદુરી કરતા પહેલે છે અને પછી બીજા દરજ્જા પર બહાદુરી છે, અને જો કોઇ ઈન્સાનમાં ઈલ્મ અને બહાદુરી બંને જમા થઇ જાય તે બુલંદતરીન મરતબા પર પહોંચે છે.

# હિકમત ૮૭
# ઈસ્તેગફાર

⇨ તે માણસ પર નવાઈ પામુ છું કે જે તૌબાનો રસ્તો ખુલ્લો હોવા છતાં પણ માયુસ થઈ જાય છે.

⇨ અલ્લાહે પોતાના બંદા માટે માફીનો દરવાઝો ખુલ્લો રાખ્યો છે, અને પોતાની રહેમતથી ઉમ્મીદ બંધાવી છે. કુરાને મજીદમાં આયત છેઃ અય બંદાઓ ! જો તમે ગુનાહ કર્યા છો તો અલ્લાહની રહેમતથીના ઉમ્મીદ ન થાવ, કેમ કે અલ્લાહ બધા ગુનાહોને માફ કરનાર અને મહેરબાન છે. (સૂરએ ઝોમર, આ.પ૩)

⇨ માયુસ થવું એ મોટો ગુનાહ છે, અને જે અલ્લાહની રહેમતથી માયુસ થઈ જશે પછી કોઈ પણ ગુનાહ કરવાથી નહી રોકાય, અને શૈતાન તે સમયે બંદા ઉપર હાવી થઈ જશે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.)ની હદીસ છે : જનાબ લુકમાન પોતાના બેટાને ફરમાવે છે, અલ્લાહથી એટલા ડરો કે જો તમારી ઈબાદત અને નેકીઓ તમામ જિન્નાત અને ઈન્સાનના બરાબર હોય તો પણ તમારા ગુનાહની સઝા થઈ શકે છે, અને અલ્લાહની રહેમતથી એટલી બધી આશા રાખો કે જો તમામ જિન્નાત અને ઈન્સાનના બરાબર ગુનાહ કર્યા હોય તો પણ અલ્લાહ રહેમ કરી શકે છે. (કાફી, ભા.૩, પે.૬૭)

⇨ માણસને અલ્લાહની રહેમતથી ન તો એટલો નીડર બની જવું જોઈએ કે ગુનાહોની બિલકુલ પરવાહ ન હોય, અને અલ્લાહના ડરથી નાઉમ્મીદ પણ ન થવું જોઈએ કે ખુદાથી માફીની ઉમ્મીદ પણ છોડી દે, બંદાનો જ્યારસુધી શ્વાસ ચાલુ છે ગુનાહ થયા હોય કે ન થયા હોય માફી માંગતો રહે.

# હિકમત ૮૮

## અઝાબથી દૂર થવાના કારણો

⇨ દુનિયામાં બે વસ્તુઓના લીધે અલ્લાહનો અઝાબ દૂર થાય છે, તેમાંથી એક ચાલી ગઈ, પરંતુ બીજી વસ્તુ તમારા પાસે છે, તેને મજબૂતી સાથે પકડી રાખો, જે વસ્તું દુનિયાથી ઉઠાવી લેવામાં આવી જેના થકી અઝાબ આવતો ન હતો તે રસૂલેખુદા હઝરત મોહંમદ મુસ્તુફા (સ.અ.વ.) છે. અને જે વસ્તુ હજુ બાકી છે તે તૌબા અને ઈસ્તેગફાર છે, અલ્લાહ (સુ.વ.ત.) કલામે પાકમાં એ વિશે ફરમાવે છે, "અલ્લાહ તેઓ ઉપર અઝાબ નહી કરે જ્યાર સુધી તમે તેઓના દરમ્યાન છો, અને અલ્લાહ તેઓ પર અઝાબ નહી કરે જ્યાર સુધી આ લોકો તૌબા અને ઈસ્તેગફાર કરતા રહેશે."

⇨ સય્યદ રઝી ફરમાવે છે કે આ બહેતરીન નુકતો છે.

⇨ સય્યદ રઝી (અ.) ઈમામ અલી (અ.સ.)ના આ બયાનને ઈમામ મોહંમદ બાકીર અ.થી નકલ કરે છે,

⇨ પ્યારા નબી (સ.અ.વ.) તમામ કાએનાત માટે રહેમત બનીને આવ્યા છે તો, કેવી રીતે મુમ્કીન છે કે રહેમતે ઈલાહી લોકોના દરમ્યાન હોય અને અઝાબ આવે?

⇨ બીજી વસ્તુ તોબા, ઈસ્તેગફાર, ગુનાહોથી માફી માંગવી અને ફરીથી ગુનાહ ન થાય તેનું ધ્યાન રાખવું અલ્લાહની રહેમતના હકદાર બનાવે છે. તે સિવાય ઈસ્તેગફારના ઘણા ફાયદા બયાન થયા છે, સુરે નૂહમાં છે કે ઈસ્તેગફાર કરશો તો વરસાદ આવશે, માલ અને ઔલાદમા વધારો થશે, બાગ અને નહેરોમા વધારો થશે. (સુરે નૂહ, આયત ૧૦-૧૨)

⇨ નબી (સ.અ.વ.) અને તૌબા, બંને રહેમતે ખુદા હાંસિલ કરવાનું માધ્યમ છે, આજે પણ નબી (સ.અ.વ.)ના જાનશીનોમાં, -જેમાં તમામ ખૂબીઓ નબી (સ.અ.વ.) જેવી છે- તે આખરી ઈમામ હઝરત મહેદી (અ.સ.)ની મુબારક હસ્તી રહેમતે ખુદા હાંસિલ કરવાનું માધ્યમ (વસીલો) છે.

# હિકમત ૮૯

# ત્રણ નસીહત

⇨ જે પોતાનો અલ્લાહ સાથેનો સંબંધ સુધારશે તો અલ્લાહ તેનો લોકો સાથેનો સંબંધ સુધારશે. જે પોતાની આખેરતને સુધારશે તો અલ્લાહ તેની દુનિયાને સુધારશે, જે પોતે જ પોતાને નસીહત કરશે તો આ (નસીહત) અલ્લાહ તરફથી તેના માટે હિફાઝત કરનાર બનશે.

⇨ ઈમામ (અ.સ.)એ આ બયાનમાં ત્રણ વાક્ય ફરમાવ્યા છે,

૧) જે પોતાનો અલ્લાહ સાથેનો સંબંધ સુધારશે તો અલ્લાહ તેનો લોકો સાથેનો સંબંધ સુધારશે. એટલે દરેક કામ કરવા પહેલા વિચાર કરે કે અલ્લાહ આ કામથી રાઝી છે? જો રાઝી હોય તો અંજામ આપે, આવો માણસ જરૂર અલ્લાહની ખાસ મહેરબાનીનો હકદાર બને છે, જો ખુદા

મહેરબાન હશે તો લોકો પણ તેના સાથે સારો વર્તાવ કરશે. અલ્લાહ અને બંદાના વચમાં એ કયા કામકાજ સરખા હોવા જોઈએ? તે સચ્ચાઈ, અમાનત, ઈબાદત વગેરે... કોઈપણ કામ કરતી વખતે અલ્લાહ જોઈ રહ્યો છે તે સમજીને સરખી રીતે અંજામ આપે. ત્યારપછી તેને પણ કોઇ તકલીફ નહિ થાય અને લોકો પણ ભરોસો કરશે.

૨) જે પોતાની આખેરતને સુધારશે તો અલ્લાહ તેની દુનિયાને સુધારશે. જેને પોતાની આખેરતની ફિકર હશે તે અલ્લાહના હુકમ મુજબ ચાલશે અને અલ્લાહની નાફરમાનીથી બચશે તો ખુદાની ખાસ મહેરબાનીનો હકદાર બનશે, આ રીતે ખુદા તેની દુનિયા પણ સારી કરી દેશે.

⇨ આખેરતના કયા કામની ઈસ્લાહ કરવાની છે?

એ છે મુત્તકી અને પરહેઝગાર બનવું, જેના પાસે તકવા હશે તેને આખેરત સાથે આ દુનિયામાં પણ લાભ મળે છે. એક માણસ કોઈ ઉપર ઝુલ્મ નહી કરે તો લોકો તેના સાથે મોહબ્બત કરશે અને મહેરબાની કરવા લાગશે જેનાથી તેને ફાયદો થશે.

૩) જે પોતે જ પોતાને નસીહત કરશે તો આ (નસીહત) અલ્લાહ તરફથી તેના માટે હિફાઝત કરનાર બનશે. પોતાને નસીહત કરવાનો અર્થ છે જાગૃત રહેવું, ગુનાહોના સમયે પોતે જ વિચાર કરે અને થોડી લઝ્ઝત માટે મહાન અલ્લાહની નાફરમાની ન કરે, આવા માણસને અલ્લાહ મોટા મોટા ખતરાથી હિફાઝત કરે છે.

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારી ઈઝ્ઝત, બુઝુર્ગી, જલાલ, બુલંદી અને નુરાનીયતની કસમ છે કે જે કોઈ મોમીન

બંદો પોતાની ઈચ્છા ઉપર અલ્લાહની ઈચ્છાને મુકદ્દમ કરશે / અગ્રતા આપશે તો હું તેના દિલને તવંગર બનાવી દઈશ અને તેને આખેરત માટે મહેનત કરવાની તોફીક આપીશ, તેની રોઝી પહોંચાડવા માટે આસમાન અને ઝમીનને ઝામીન બનાવીશ, તેના વેપારને દરેક વેપારી કરતા બહેતર બનાવીશ. (કાફી, ભા.૨, પે.૧૩૭)

⇨ ટૂંકમાં એટલુંજ સમજી લેવુ કે જે માણસ અલ્લાહના રસ્તા ઉપર સાચી નિય્યતથી ચાલે છે તેની અલ્લાહ દરેક જગ્યાએ મદદ કરે છે.

# હિકમત ૯૦
# સંપૂર્ણ આલીમ

⇨ સંપૂર્ણ આલીમ અને હોંશિયાર ફકીહ તે છે જે લોકોને અલ્લાહની રહેમતથી માયુસ અને તેના તરફથી મળતી રાહતથી નાઉમ્મીદ ન કરે, તેમજ અલ્લાહના મક્રો ફરેબ (આયોજીત ઈમ્તેહાન)થી બેખૌફ ન બનાવે.

⇨ ઈમામ (અ.સ.) એક સાચા દીની આલીમની નિશાની બયાન ફરમાવી કે તે લોકોને અલ્લાહની રહેમતથી નજીક કરે છે, તે ગમે તેવો ગુનેહગાર હોય, પરંતુ તેના દિલમાં માફીની ઉમ્મીદ રહેવી જોઈએ, જેના લીધે તે ગુનાહોના અંધારાથી દૂર થઈને ઉમ્મીદના અજવાળા તરફ આવે, અલ્લાહની રહેમતની ઉમ્મીદનો અર્થ એ ન હોવો જોઈએ કે હું જેમ ચાહું ખુદાની નાફરમાની કરતો રહુ અને એ પણ આશા

લઈને બેસું કે મને કાંઈપણ સઝા નહી થાય, આવી ઉમ્મીદ, જેમાં કરવું કાંઈ ન હોય, અને ફક્ત આશા રાખવી એ શયતાનના વસવસા સિવાય બીજું કાંઈ નથી.

⇨ મોમીનના દિલમાં ઉમ્મીદ અને ખૌફ બંને સરખો હોવો જોઈએ,

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે, જો અલ્લાહની રહેમત વિશે જાણી લેશો તો એમ થશે કે ઓછી નેકીઓ કરી હોત તો પણ વાંધો ન આવત, અને જો ગઝબે ખુદા જાણી લેશો તો એમ સમજવા લાગશો કે હવે નજાત મળવી મુશ્કિલ છે. (કંઝૂલ ઉમ્માલ, ૫૮૯૪)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) આ વિશે ફરમાવે છે કે, દરેક મોમીનના દિલમાં બે નૂર હોય છે, નુરે ખૌફ અને નુરે ઉમ્મીદ, જો બંનેનું વજન કરવામાં આવે તો બંનેનું વજન સરખું હશે. (કાફી, ભા.૩, પે.૬૭)

⇨ આ હદીસો તેમજ આ વિષય પર કુરાને મજીદની આયતો બયાન કરે છે કે મોમીનના દિલમાં માફીની ઉમ્મીદ અને અઝાબનો ડર સરખો હોવો જોઈએ. અને સાચો આલીમ બંને વસ્તુઓ તરફ રસ્તો બતાવે છે.

# હિકમત ૯૧

## થાકોડો દૂર કરવા

➪ આ દિલ એજ પ્રમાણે થાકી જાય છે જેવી રીતે શરીર થાકે છે, જયારે આવું થાય તો તેના થાક્ને દૂર કરવા માટે સારી હિકમત ભરેલી વાતોની તલાશ કરો.

➪ માણસને જયારે થાક લાગે તો આરામની જરૂરત પડે છે, આરામ કર્યા પછી ફરીથી માણસમાં તાજગી આવી જાય છે અને ફરીથી કામ કરવા લાગી જાય છે, માણસનું દિલ યા રૂહ પણ થાકી જાય છે, સમાજિક, આર્થિક યા બીજી મુસીબતોથી થાકી જાય છે, તેના આરામ માટે અલગ અલગ માણસોની જુદી જુદી પસંદગી છે, કોઈને બાગ બગીચા, લીલોતરી, ઝરણાં, પક્ષીઓની અવાઝ અથવા કોઈને મુસાફરીમાં જવું પસંદ હોય છે, ઈમામ (અ.સ.) તે બધી વસ્તુઓ કરતા બહેતરીન

આરામ આપનારી વસ્તુ સારી સારી હિકમત ભરી વાતોને ગણે છે, કદાચ એના કારણે જ આલીમો કિસ્સા, ઈસ્લામી કહાની વગેરે વિષય પર કિતાબો લખી છે, જેથી તેને વાંચે અથવા સાંભળે જેથી રૂહ અથવા દિલ ફરીથી તાજુ થઈ જાય.

⇨ તેના માટે માણસ પોતાના સમયને મુનઝ્ઝમ કરે, જેથી સમયસર કામ વધુમાં વધુ થાય અને થાકનો એહસાસ પણ ઓછો થાય.

⇨ ઈમામ અલી (અ.સ.) હિકમત ૩૯૦માં ફરમાવે છે કે મોમીન પોતાના સમયના ત્રણ ભાગ કરે છે, એક ભાગ અલ્લાહની ઈબાદત અને મુનાજાત માટે, એક ભાગ રિઝકો રોઝી મેળવવા માટે, અને એક ભાગ હલાલ અને જાએઝ લઝ્ઝતોથી ફાયદો ઉઠાવવા માટે.

⇨ આજના ઝમાનામાં અમુક એવા પણ લોકો છે જે સુકુન અને થાક ઉતારવા માટે

મ્યુઝિક અને નાજાએઝ પાર્ટીઓનું આયોજન કરતા હોય છે, જયારે કે આવી વસ્તુઓથી સુકુન નહીં મળે, પરંતુ રૂહાની બીમારી વધે છે,

⇨ સુકુન અને આરામ માટે કુરાને મજીદની તિલાવત, નહજુલ બલાગાહ તેમજ ઈલ્મી મહેફીલ સજાવવી જોઈએ જેથી રૂહાની બીમારી દૂર થાય અને સુકુન મળી શકે.

# હિકમત ૯૨

## બહેતરીન અને બદતરીન ઈલ્મ

⇨ સૌથી સસ્તું/હલ્કું ઈલ્મ તે છે જબાન ઉપર હોય અને સૌથી કિંમતી ઈલ્મ તે છે જે અંગો-ઉપાંગોથી જાહેર થાય એટલે કે અમલથી જાહેર થાય.

⇨ ઈમામ (અ.સ.) કિંમતી અને સસ્તા ઈલ્મ વિશે આ હિકમતમાં બયાન ફરમાવ્યું છે,

⇨ કિંમતી અને સસ્તાના વચમાં આસાન ફરક બતાવ્યો છે, જે ફક્ત ઝબાન ઉપર રહે, મોટી મોટી વાતો સુધી મહેદુદ રહે, અને તેનો અસર ઈન્સાનની જિંદગીમાં ન દેખાય તે ઈલ્મ કિંમતી નથી, રિવાયતોમાં મળે છે કે આલીમ કરતા જાહીલની ભૂલોને ખુદા જલ્દી માફ કરશે, કેમ કે આલીમ જાણવા છતાં પોતાના ઈલ્મથી ફાયદો ન ઉઠાવ્યો, તેના લીધે તેને પોતાનું નુકસાન કર્યું, અને

કયામતમાં પણ અફસોસ કરશે. આવા માણસોને લોકો પસંદ પણ નથી કરતા, કેમ કે લોકો એમ કહેતા હોય છે કે જો આ વસ્તું આટલી સારી હોય તો શા માટે પોતે અમલ નથી કરતા, લોકોનો આવા બેઅમલ માણસ ઉપરથી ભરોસો ઉઠી જાય છે, તેમજ તેની નસીહતોનો અસર પણ નથી થતો.

⇨ અને જે માણસ પોતાના ઈલ્મથી ફાયદો ઉઠાવીને અમલ કરે છે, એટલે તેના સારા અખ્લાકને લોકો જોતા હોય, અથવા ઝબાનથી કોઈ દિવસ ખોટું ન બોલતો હોય વગેરે... આવા લોકોથી લોકો મોહબ્બત કરે છે અને તેના ઉપર ભરોસો પણ કરે છે, અને લોકો હિદાયત હાંસિલ કરવા તેના તરફ ખેંચાય છે, અને ખાસ જે બીજા ધર્મના લોકો હોય તેઓ એ નથી જોતા કે કિતાબોમાં શું શું સારી વસ્તુઓ લખેલી છે, બલ્કે તેઓ લોકોના સારા અને ખરાબ હોવાનો અંદાઝો

પોતાની આંખોથી જોયેલી ચીઝો અને અમલના આધારે લગાવે છે. એટલે અમલ ઈલ્મ મુજબ હોવો જોઈએ, તો જ તે માણસનું ઈલ્મ કિંમતી ગણાય છે.

⇨ કુરાને મજીદમાં તે આલીમ જે જાણતો હોય, પરંતુ બે અમલ હોય, સાચી બધી હકીકત જાણતો હોય, છતાંપણ તેના અમલથી જાહેર ન થતું હોય તેની મિસાલ એવા ગધેડાની આપવામાં આવી છે જેના ઉપર કિતાબોનો વજન રાખવામાં આવેલ હોય.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે અય અલ્લાહ તારા પાસે પનાહ ચાહું છું તે ઈલ્મથી કે જેમાં કાંઈ ફાયદો ન હોય, તે દિલથી કે જેમાં નમ્રતા ન હોય, તેવા મનથી કે જે કોઈ દિવસ સંતોષ માનતું ન હોય, તે દુઆથી કે જે કબૂલ ન થતી હોય. (મીઝાનુલ હિક્મત, હ.૧૪૦૦૫)

⇨ ઈમામ સાદિક (અ.સ.) જે આલીમ પોતાના ઈલ્મ ઉપર અમલ ન કરતો હોય તેના વિશે ફરમાવે છે, ઈલ્મ અમલને દાવત આપે છે જો તેની વાત સાંભળવામાં આવી તો ઈલ્મ બાકી રહે છે અને જો તેની વાત ઉપર અમલ ન કરવામાં આવ્યો તો તે ચાલ્યું જાય છે. (કાફી, ભા.૧, પે.૪૪)

⇨ ઘણી બધી હદીસો અને રિવાયતોમાં આવા બંને પ્રકારના લોકો વિશે ખુલીને બયાન થયું છે.

⇨ ટૂંકમાં કે આપણે જેટલું જાણતા હોય તેના ઉપર અમલ કરીએ, અલ્લાહ આ શુક્રના બદલામાં જે નથી આવડતું તે પણ શીખવી દેશે.

# હિકમત ૯૩
# પરિક્ષાની ફિલોસોફી

⇨ તમારામાંથી કોઈ માણસને એમ ન કહેવું જોઈએ કે "અય અલ્લાહ! હું તારી પાસે તારા ઈમ્તેહાન અને પરીક્ષાથી પનાહ ચાહું છું." કેમ કે એવું કોઈ માણસ નથી જેને ઈમ્તેહાન ન આપવું પડે, જો અલ્લાહ પાસે પનાહ માંગવી હોય તો ગુમરાહ કરનાર ફિત્નાથી પનાહ માંગે, કેમ કે અલ્લાહ ફરમાવે છે કે "તમને એ વાત જાણવી જોઈએ કે તમારો માલ અને ઔલાદ ફિત્નો (ઈમ્તેહાન) છે." આનો અર્થ એ છે કે અલ્લાહ લોકોને માલ અને ઔલાદથી આજમાવે છે, જેથી ખબર પડી જાય કે કોણ પોતાની રોઝી વિશે નાશુક્રી કરે છે અને કોણ શુક્ર કરે છે, જ્યારે કે અલ્લાહ તો તેઓને એટલો ઓળખે છે કે તેઓ પોતાને પણ એટલા નથી ઓળખતા, પરંતુ આ આજમાઈશ એટલા માટે છે કે તે

કારણ સામે આવે જેના લીધે સવાબ અને અઝાબના હકદાર બને, જેમ કે અમુક લોકો દીકરાને પસંદ કરે છે, અને દીકરીઓના જન્મથી નારાજ થાય છે, અમુક માલ વધારવાને પસંદ કરે છે અને અમુક ગરીબીની હાલતને નાપસંદ કરે છે.

⇨ સય્યદ રઝી અ. ફરમાવે છે આ તે નવાઇ પમાડનાર (આશ્ચર્યજનક) વાતોમાંથી છે જે તફસીર ઈમામ (અ.સ.)થી બયાન થઈ છે.

⇨ આ દુનિયા ઈમ્તેહાન અને આજમાઈશનું ઘર છે.

⇨ માણસને અલ્લાહે બનાવ્યો અને સંપૂર્ણ બનવા માટે ઈમ્તેહાન આપવું જરૂરી છે, તો જો કોઈ એવી દુઆ કરે કે મને ઈમ્તેહાનમાં ન નાખ, તો આવી દુઆ નકામી છે, અને આવી દુઆ કબૂલ પણ નહી થાય.

⇨ બીજી વાત ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જે ફિત્નો ગુમરાહ કરે છે તેનાથી બચવાની

દુઆ કરો, અને તે ઈમ્તેહાનમાં કામ્યાબી માટે અલ્લાહની મદદ અને તૌફીક મળવાની દુઆ કરો, કોઈ પણ ઈમ્તેહાન અલ્લાહની મદદ સિવાય કામ્યાબી સુધી નથી પહોંચી શકતું.

⇨ અને ખાસ માલ અને ઔલાદની આજમાઈશનો ઉલ્લેખ કર્યો છે, કે કોણ માલના ઓછા ઉપર નાશુક્રી કરે અને કોણ અલ્લાહનો શુક્ર કરે છે.

⇨ પછી ઈમામ (અ.સ.)એ પણ ખુલાસો કરે છે કે અલ્લાહ તો દરેક વસ્તુનો જાણકાર છે, પરંતુ લોકો કેવા કેવા અમલ કર્યા છે એ મુજબ સવાબ અને સઝા આપે, ફક્ત નિય્યત નહી, બલ્કે અમલ પણ કરે.

⇨ ત્યારપછી ઈમામ (અ.સ.) અમુક નેઅમતોના નામ ગણાવ્યા કે આ લોકો અલ્લાહની આપેલી નેઅમત ઉપર પોતાની પસંદથી કામ લે છે જે બરાબર ન કહેવાય,

અલ્લાહનો સાચો શુક્ર એ છે કે અલ્લાહ જે હાલતમાં રાખે તે હાલતમાં રહેવું જોઈએ.

⇨ અલ્લાહ ઈમ્તેહાન શા માટે લે છે?

⇨ માણસના ઈમ્તેહાન બે મકસદ માટે લેવામાં આવે છે, ક્યારેક વસ્તું ન જાણતા હોય તો જાણકારી મેળવવા માટે, જેમ કે ભણતા હોય તેવા વિદ્યાર્થીઓનું ઈમ્તેહાન લેવામાં આવે છે જેથી ખબર પડે કે કોણ કેટલું શીખ્યો છે.

⇨ બીજો મકસદ ઈમ્તેહાન જાણકારી માટે નથી હોતું, બલ્કે તેની કાબેલિયત વધારવા માટે હોય છે, સોનાને આગમાં નાખવામાં આવે છે જેથી તેની ચમકમાં વધારો થઈ શકે અને તેની ચોખ્ખાઈમાં વધારો થઈ શકે.

⇨ અલ્લાહ ઈમ્તેહાન લે છે તેનો મતલબ પહેલા પ્રકારનું ઈમ્તેહાન મુરાદ નથી, બલ્કે બીજા પ્રકારનું ઈમ્તેહાન મુરાદ છે જેના વિશે કુરાને મજીદમાં જગ્યાએ જગ્યાએ બયાન

થયું છે, “શું લોકોએ એમ સમજી લીધું છે કે ફક્ત અમે ઈમાન લાવ્યા કહી દીધું એટલે તેઓને છોડી દેવામાં આવશે, અને ઈમ્તેહાન નહી લેવામાં આવે?” (સુરે અન્કબૂત, આયત ૨-૩)

⇨ તેમજ સુરે બકરા આયત ૧૫૫ વગેરેમાં આ પ્રકારનું બયાન થયું છે.

# હિકમત ૯૪
# નેકી

⇨ જ્યારે ઈમામ (અ.સ.)થી ખૂબી વિશે પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું?

ખૂબી એ નથી કે તમારો માલ અને ઔલાદ વધારે હોય, બલ્કે ખૂબી એ છે કે તમારૂં ઈલ્મ, સહન શક્તિ વધારે હોય, અને તમે અલ્લાહની ઈબાદત ઉપર ગર્વ કરી શકો, જો સારૂ કામ કરવાની તૌફીક મળે તો અલ્લાહનો શુક્ર બજાવી લાવો, અને જો બુરાઈ થઈ જાય તો તૌબા કરો અને માફી માંગો, દુનિયામાં તો ફક્ત બે માણસો માટે ભલાઈ છે, એક જે ગુનાહ પછી તૌબા કરીને તેની માફી માંગી લે, બીજો એ કે જે નેક કામોમાં ઉતાવળ કરે.

⇨ દુનિયામાં લોકો માલ દૌલતના વધારે હોવાને ખૂબી ગણતા હોય છે અને ઈમામ (અ.સ.) આ હિકમતમાં કંઈક બીજાને ખૂબી

ગણે છે, પરંતુ જો માલ દૌલતથી આખેરત કમાઈ શકીએ તો તે પણ ખૂબીમાં શામીલ છે, જેના વિશે સુરે બકરા આયત ૧૮૦માં ઈશારો કર્યો છે.

⇨ ઈમામ (અ.સ.) ઈલ્મ, સબ્ર અને સહન શક્તિ વધારે હોય, અલ્લાહની ઈબાદત ઉપર ગર્વ, નેક કામ કરો તો પરવરદિગારનો શુક્ર, અને જો ગુનાહ થઈ જાય તો માફી માંગે, આ તમામ સિફતોને ખૈર એટલે નેકી ગણે છે, અને આ બધી નેકીઓ એક બીજાથી જોડાયેલી છે, જો ઈલ્મ સાથે તદબીર અને પ્લાનિંગ હોય તો તે જલ્દી કામ્યાબી સુધી પહોંચે છે, એજ પ્રમાણે જો ઈબાદત ઈલ્મો મારેફત સાથે હોય તો તે અલ્લાહને વધારે પસંદ છે, અને જો આ સિફતો જુદી જુદી હોય તો ફસાદ પણ ફેલાઈ શકે છે.

⇨ ત્યારપછી ઈમામ (અ.સ.) ફરમાવે છે કે અલ્લાહની ઈબાદત ઉપર ગર્વ કરે, એનો

અર્થ એ નથી કે લોકોને કહેતો ફરે અને રિયાકારી કરે, બલ્કે તે પોતાના અંદર ખુશી મહેસૂસ કરે અને શુક્ર કરતો રહે, ઈમામ અલી (અ.સ.) અલ્લાહની બારગાહમાં ફરમાવે છે કે "અય માઅબુદ મારી ઈઝ્ઝત માટે કાફી છે કે હું તારો બંદો છું." (બિહારૂલ અનવાર, ભા.૭૪, પે.૪૦૨)

⇨ ઈમામ (અ.સ.) છેલ્લે ફરમાવે છે કે બે માણસો માટે જ ખૂબી છે, ખરેખર તે એ લોકો છે જે આ દુનિયાને મકસદ નથી સમજતા, બલ્કે એક પુલ સમાન ગણે છે અને આખેરતને યાદ કરીને જો ભૂલ અથવા ગુનાહ થાય તો તરતજ માફી માંગી લે છે અને નેકીનો મૌકો મળે તો જલ્દી નેકી કરવા માટે દોડે છે.

⇨ ઈન્સાનથી ગુનાહ થાય છે તો ગુનાહને સાફ કરવા માટે અલ્લાહે તૌબાનું પાણી રાખ્યું છે જેથી અલ્લાહ ગુનાહ માફ કરે.

# હિકમત ૯૫
# તકવાની તાકત

⇨ જે અમલ તકવા સાથે અંજામ આપવામાં આવે તે થોડો નથી હોતો, અને જે અમલ અલ્લાહના ત્યાં કબૂલ થાય તે કેવી રીતે થોડો હોય શકે?

⇨ ઈમામ (અ.સ.)નું બયાન કુરાને મજીદ મુજબ છે, જ.આદમ (અ.સ.)ના દીકરા હાબીલ અને કાબીલના બનાવમાં અલ્લાહ ફરમાવે છે કે ''અલ્લાહ ફક્ત મુત્તકીના અમલને કબૂલ ફરમાવે છે.'' (સુરએ માએદાહ, આયત ૨૭)

⇨ આલીમો ફિકહના એહકામમાં અમલ કબૂલ અને અમલ સહીહની અલગ અલગ ચર્ચા કરી છે, સહીહ અમલ એટલે જે અમલ ફિકહના એહકામ મુજબ અંજામ આપ્યો હોય, તે અમલ સહીહ જરૂર છે, પરંતુ બની શકે છે તે કબૂલ ન થાય, દા.ત. એક માણસે

રોઝાને સહીહ હોવાની તમામ શરતો મુજબ રાખ્યું, તેનું રોઝુ સહીહ છે ખરા? હાં, તેનું રોઝુ સહીહ ગણાશે, પરંતુ શું કબૂલ પણ છે? તેના માટે જોવું પડશે કે ગુનાહ તો નથી કર્યાને, એટલે તકવા સાથે હોય તો કબૂલ છે.

⇨ રિવાયતમાં છે કે જે માણસ દારૂ પીવે તેની નમાઝ ચાલીસ દિવસ સુધી કબૂલ થતી નથી. (કાફી, ભા.૬, પે.૪૦૧)

⇨ હદીસમાં છે કે જે કોઈમાં બાપ ઉપર ગુસ્સાની નજરથી જોવે તો અલ્લાહ તેની નમાઝ કબૂલ નહી કરે. (કાફી, ભા.૨, પે.૩૯૨)

⇨ એજ પ્રમાણે કોઈ હરામ ખોરાક અથવા શક વાળો ખોરાક ખાઈ તો નમાઝ કબૂલ નથી થતી. (બિહારૂલ અનવાર, ભા.૭૩, પે.૩૬૧)

⇨ આવી તમામ હદીસો બતાવે છે કે એક માણસ નમાઝી હોય, રોઝેદાર હોય, હાજી

પણ હોય અને તમામ જાહેરી શરતો સાથે ઈબાદત કરી હોય જે સહીહ પણ હોય, પરંતુ જો સાથે તકવા અને પરહેઝગારી નહી હોય, તો અમલ સહીહ હોવા છતાં પણ કબૂલ થતો નથી.

⇨ તો ઈમામ (અ.સ.)એ જ ફરમાવે છે તકવા વગર ઈબાદત કબૂલ નથી, અને તકવા સાથે ભલે થોડીક જ ઈબાદત હોય તો પણ તે અલ્લાહની બારગાહમાં કબૂલ થાય છે, જે અમલ અલ્લાહને ત્યાં કબૂલ થઈ જાય તે અમલ નાનો નથી. તેનો અજર અલ્લાહના ત્યાં બેહદ વધારે હોય છે.

# હિકમત ૯૬
# કસોટી

⇨ નબીઓથી સૌથી વધારે નજીક લોકોમાં તે છે જે નબીઓની લાવેલી વસ્તુઓનું વધારે ઈલ્મ રાખતા હોય,

⇨ પછી ઈમામ (અ.સ.) કુરાને મજીદની આયતની તિલાવત ફરમાવી.

"નબી ઈબ્રાહીમ (અ.સ.)થી નજીક તેમની પેરવી કરનારા, મોમીનો અને આ નબી (સ.અ.વ.) છે."

⇨ પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું હઝરત મોહંમદ મુસ્તફા (સ.અ.વ.)નો દોસ્ત તે છે જે અલ્લાહના કહેવા મુજબ અમલ કરે, ભલે પછી તે પારકો હોય, અને નબી (સ.અ.વ.)નો દુશ્મન એ છે જે અલ્લાહની નાફરમાની કરે, ભલે પછી તે નજીકનો સગો જ હોય.

⇨ અરબમાં જાહેલિયતના ઝમાનામાં લોકો ખાનદાન ઉપર બેહદ ફખર કરતા હતા, ઈસ્લામે આવીને તે બાતિલ અને ખોટી વસ્તુઓને ખત્મ કરીને ઈન્સાન ઈન્સાનની હકીકી/સાચી કિંમત તકવાને રાખી, "બેશક અલ્લાહના નજીક સૌથી વધારે ઈઝ્ઝતદાર એ છે કે જે મુત્તકી હોય." અલ્લાહની ઈબાદત અને પેરવીને નબી સ.ના નજીક હોવાની કસોટી રાખી, જો નબી (સ.અ.વ.)ના સગામાં કોઈ કાફીર યા ગુનેહગાર હોય તો તેની પણ કોઈ કિંમત નથી. તેના સામે જો કોઈ ન નબીનો સગો હોય કે, ન નબી (સ.અ.વ.)ના કુટુંબનો હોય અને ન તો તે અરબનો રહેવાસી હોય, ફક્ત તે નબી (સ.અ.વ.) ઉપર ઈમાન લાવ્યો હોય અને તેમના કહેવા મુજબ ચાલતો હોય તો તે અહલેબયત (અ.મુ.સ.)માં શામેલ થઈ શકે છે.

⇨ ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે ઈમામ અલી (અ.સ.)એ જ.અબુઝરને ફરમાવ્યું, અય અબુઝર ! સલમાન રહેમતે ખુદાનો દરવાઝો છે, જેને તેમને ઓળખ્યો તે મોમીન અને જેને તેમનો ઈન્કાર કર્યો તે કાફીર, બેશક સલમાન અમારા અહલેબયત (અ.મુ.સ.)માંથી છે. (બિહારૂલ અનવાર, ભા.૨૨, પે.૩૭૩)

⇨ આ તમામ વાતોથી એ જાણ થાય છે કે અલ્લાહ અને નબીઓના ત્યાં કુટુંબ વાદ નથી, બલ્કે એ પસંદીદા છે જે વધારે ફરમાંબરદારી કરે, અને જે અમલ નહી કરે તેનું સ્થાન અલ્લાહ, રસુલના નજીક કાંઈ નથી.

⇨ ઈમામ સજ્જાદ (અ.સ.) આ વસ્તુને ફરમાવે છે, અલ્લાહે જન્નત તેઓ માટે બનાવી જે તેની સારી રીતે પેરવી કરે, ભલે પછી અમલ કરનાર હબશી ગુલામ જ કેમ

ન હોય, (તે જન્નતી છે). અલ્લાહે દોઝખ તેઓ માટે બનાવી જે તેની નાફરમાની કરે, ભલે પછી તે કુરૈશ ખાનાદાનો જ કેમ ન હોય (દોઝખી છે.) (બિહારૂલ અનવાર, ભા.૪૬, પે.૮૨)

⇨ ઈતિહાસમાં ઘણા નમૂના મળે છે જે નબી (સ.અ.વ.)ના ઘરમાં જનમ્યા હોવા છતાં નબી (સ.અ.વ.)ની પેરવી ન કરીને ગુમરાહ બની ગયા છે.

નબી આદમ (અ.સ.)નો ફરઝંદ કાબીલ.

નબી નૂહ (અ.સ.)નો ફરઝંદ.

⇨ અને એવા લોકો પણ મળે છે જેમના બાપ ઝાલીમ હોવા છતાંપણ દીકરા નેક બન્યા,

યઝીદ લાનતીનો ફરઝંદ મુઆવીયા બીન યઝીદ.

અબ્દુલ મલીકનો દીકરો સઅદ, જે

ઈમામ બાકીર (અ.સ.)ના ઝમાનામાં ઈમામે ફરમાવ્યું કે તું ભલે બની ઉમય્યામાંથી છો, પરંતુ તું સઅદુલ ખૈર છો.

⇨ બસ યાદ રાખવું જોઈએ કે ખાનદાન, કુટુંબ, હસબ નસબ ફક્ત આ દુનિયા સુધી છે, મરવા પછી તો ઈમાન અને અમલ મુજબ જ વર્તાવ થશે, એજ પ્રમાણે જન્નતી અને દોઝખી બનશે. ભલે પછી નબી (સ.અ.વ.)ના ખાનદાનમાંથી હોય કે કોઈ બીજા હોય.

# હિકમત ૯૭

## કિંમત વગરનો અમલ

⇨ ઈમામ અલી (અ.સ.) જયારે રાત્રે એક ખવારીજની ઈબાદતનો અવાજ સાંભળ્યો ત્યારે ફરમાવ્યું, યકીન અને ઈમાન સાથે સુવુ શક સાથે (જાગીને) નમાઝ પઢવા કરતા બહેતર છે.

⇨ ખવારીજ ફક્ત જાહેરમાં ઈબાદતનો ડોળ કરતા હતા, પરંતુ તેમનું ઈમાન શક પર આધારિત હતું, તેના લીધે જ ઈમામે ફરમાવ્યું કે શકની હાલતમાં ઈબાદતનો કોઈ અર્થ નથી તેનાથી બહેતર છે કે ઈમાન સરખું કરી લો અને ત્યારે સુતા પણ રહેશો તો શકની હાલતમા ઈબાદતથી બહેતર છે, જો ઈમાન અને યકીન કમજોર હશે તો ભલેને નબી નૂહની ઉમ્ર જેટલી ઈબાદત કરે, કોઈ ફાયદો નથી અને તેની કોઈ કિંમત નથી, બલ્કે આવા લોકો ગુમરાહ હોય છે, અને

બીજાને પણ ગુમરાહ કરે છે. આ લોકો એવા બેચારા છે કે રાત રાત જાગીને ઈબાદત કરે છે, પરંતુ થાક સિવાય બીજું કાંઈ નથી મળતું.

⇨ મર્હુમ દેલમી ઈર્શાદુલ કોલુબ કિતાબમાં લખે છે કે એક વખત રાત્રે અમીરૂલ મોમેનીન ઈમામ અલી (અ.સ.) મસ્જિદે કુફાથી નીકળીને પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા, ઘણી રાત પસાર થઇ ગઈ હતી અને સાથે ઈમામ અલી (અ.સ.)ના ખાસ ચાહવા વાળા જ.કોમેલ પણ હતા. રસ્તામાં એક ઘરમાંથી તિલાવતે કુરાને મજીદની અવાઝ આવી રહી હતી, અને તે પઢનાર સુરે ઝોમરની આયત ૯ પઢી રહ્યો હતો, તે અવાઝ એટલી સુંદર હતી કે જ. કોમેલને પસંદ આવી, ઈમામ અલી (અ.સ.) કોમેલના તરફ જોઈને ફરમાવ્યું કે અય કોમેલ! આ આવાજથી છેતરાઈ ન જાવ, આ તિલાવત કરનારો જહન્નમી છે, જલ્દી તને

સબૂત આપીશ. ઈમામ અલી (અ.સ.)ના આ કહેવાથી જ.કોમેલ નવાઈ પામ્યા કે મારા દિલની વાત કેવી રીતે ખબર પડી? અને જવાબ આપ્યો. અમુક સમય પછી ઈમામ અલી (અ.સ.) સાથે ખવારીજે જંગ કરી અને ઈમામ ચાહતા ન હતા છતાં પણ જંગ કરવી પડી. જયારે જંગ પૂરી થઈ ત્યારે ઈમામ અલી (અ.સ.) તેમની લાશોને જોઈને જ. કોમેલને ફરમાવ્યું અને સુરે ઝોમરની આયત ૯ની તિલાવત ફરમાવીને ઈશારો કર્યો આ લાશને ઓળખો છો? આ તે છે જેની તિલાવત સાંભળવાથી તમારા કદમ રોકાઈ ગયા હતા, જ. કોમેલ સમજી ગયા અને પોતાના વિચાર બદલ ઈસ્તેગફાર કર્યા. (બિહારૂલ અનવાર, ભા.૩૩, પે.૩૯૯)

⇨ ઈમામ અલી (અ.સ.)ની જાહેરી હુકુમત દરમિયાન ૩ જંગો થઈ તેમાંથી એક જંગે નહેરવાંન ખવારીજ સાથે થઈ હતી.

⇨ ખવારીજ લોકો એમ સમજે છે કે પોતાના સિવાય બધા જ કાફીર છે, અને તેમની સ્ત્રીઓ અને બચ્ચાઓને અસીર કરવા જોઈએ. આજના ઝમાનામાં આવા વિચાર વહાબીઓના છે. જે બિલકુલ ખોટા અને ફસાદ ફેલાવનારા છે, જે લોકો જાહીલ અને દીન ન જાણતા હોય તેમને બહેકાવીને પોતાની જાહેરી ઈબાદતો વતાવીને ગુમરાહ કરે છે, જેઓ બિલકુલ કુરાન અને હદીસના વિરૂધ્ધ અમલ કરે છે.

⇨ ખવારીજને ઈમામ (અ.સ.)એ ઘણા સમજાવવા છતાં તે લોકો ન સમજ્યા અને ખવારીજો પોતાના અકીદા મુજબ ઘણા મુસલમાનોને કત્લ કર્યા, ફસાદ અને કત્લથી પોતાને ન રોક્યા, ત્યારે ઈમામે તેઓ સાથે તેમના ફિત્નાને રોકવા માટે જંગ લડી, જયારે નહેરવાનમા તેમના લોકો જહન્નમ વાસીલ થયા, ત્યારે કોઈએ કહ્યું, બધા જ કત્લ થઈ

ગયા, ત્યારે ઈમામે ફરમાવ્યું, જે ખુત્બા ૬૦માં બયાન છે, ના, બધા નથી મર્યા, અલ્લાહની કસમ! તેમના મર્દોની પુશ્તો અને તેમની સ્ત્રીઓમાં રહમમાં ગર્ભરૂપે રહી ગયા છે, જેમના દરેક ઝમાનામા શિંગડા બહાર નીકળશે જેમને કાપવામાં આવશે, તેઓમાંના છેલ્લા ચોર અને ડાકુઓ હશે.

# હિકમત ૯૮

## ખબર આપવા પહેલા વિચારો

⇨ જયારે કોઈ ખબર સાંભળો તો પહેલા તેને સમજો અને વિચાર કરો, ન ફક્ત સાંભળીને બીજાને સંભળાવી દો, કેમ કે બીજાને નકલ કરવાવાળા તો ઘણા છે, પરંતુ તેના ઉપર વિચાર કરનારા બહુજ ઓછા છે.

⇨ ઈમામ (અ.સ.)નો કલામ ખરેખર દરેક ઝમાના માટે છે, જો આ કલામને આજના ઝમાનામાં જોઈએ તો દરેક સોશિયલ મીડિયાથી રિશ્તો રાખનારાઓને લાગુ પડે છે, કોઈ પણ મેસેજ આવ્યો તેને વાંચ્યા અને વિચાર્યા વગર જલ્દીથી લોકોને ખબર આપવાની હરીફાઈ લાગેલી છે, ઈમામના કલામ ઉપર જો વિચાર કરશું તો કોઈ દિવસ જલ્દી નહી કરીએ, બલ્કે કોઈ પણ વાત હોય કે મેસેજ હોય તેના ઉપર વિચાર કરવો જોઈએ.

⇨ વિચારની જરૂરત એટલા માટે છે કે ઘણી વાતો સાચી હોતી નથી અને એકના મોઢેથી બીજા સુધી અને પછી બધી જગ્યા ફેલાતી હોય છે, જેના થકી બની શકે મોટો ફિત્ના ફસાદ પણ થઈ શકે, લોકોની ઈઝ્ઝત પણ ચાલી જાય છે, તે ઉપરાંત ઘણા પોતાને અને બીજાઓને ઘણા નુકસાન થાય છે, પાછળથી શરમિંદા થવું પડે છે.

⇨ નબી (સ.અ.વ.) અથવા ઈમામોની વાત હદીસ વગેરે હોય તો તેના ત્રણ મરહલા છે, વાત (હદીસ) કરવી, સમજવી અને પછી તેના ઉપર અમલ કરવો.

⇨ ફક્ત જાણી લેવું કાફી નથી, બલ્કે તેને સમજીને અમલ કરવામાં આવે તો કહેવાશે કે ઈમામ (અ.સ.)ની હદીસ જાણે છે.

⇨ અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ફરમાવે છે કે જે પોતાના ઈલ્મ મુજબ અમલ ન કરે તે આલીમ નથી. (ગોરરૂલ હેકમ,

હદીસ ૨૮૨૯)

⇨ બીજી હદીસમાં ફરમાવે છે કે જે ઈલ્મથી તું પોતાને ન સુધારી શકે તે ગુમરાહી છે, જે માલ તને ફાયદો ન પહોંચાડી શકે તે નુકસાન છે, જેના લીધે આખેરત પણ બરબાદ છે. (ગોરરૂલ હેકમ, હદીસ ૧૯૩)

⇨ નબી (સ.અ.વ.) એક દુઆમાં ફરમાવે છે કે અય અલ્લાહ જે ઈલ્મથી ફાયદો ન પહોંચે મને બચાવી રાખ. (મીઝાનુલ હિક્મત, ૧૪૦૦૫)

⇨ આપણે કોશિશ કરીએ કે કોઈ વાત મોઢેથી કે મેસેજથી, યા બીજા કોઈ સમાચારના ઝરીયાથી મળે તો સો વખત વિચાર કરીએ અને પછી જો મોકલવા જેવી હોય તો જ આગળ મોકલવી, તેના પહેલા આપણે અમલ કરી લેવો જોઈએ.

# હિકમત ૯૯

# ઈન્ના લિલ્લાહી...નો અર્થ

⇨ ઈમામ (અ.સ.) એક માણસથી ‘‘ઈન્ના લિલ્લાહ વ ઈન્ના ઈલયહિ રાજેઉન’’ (આપણે અલ્લાહ માટે છીએ અને પાછું તેના તરફ જવાનું છે) સાંભળ્યું તો આપે ફરમાવ્યું, જયારે આપણે ‘‘ઈન્ના લિલ્લાહ’’ કહીએ છીએ એટલે અલ્લાહ માલીક અને બાદશાહ હોવાને કબૂલ કરીએ છીએ, અને જયારે ‘‘ઈન્ના ઈલયહિ રાજેઉન’’ કહીએ છીએ એટલે પોતાને ફના થવાનું છે તે કબૂલ કરીએ છીએ.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમતમાં કુરાને મજીદના આ વાક્યની સારી તફસીર બયાન ફરમાવી છે, કોઈના મૌત વખતે અથવા મુસીબત વખતે તસલ્લી માટે આયતનો આ ભાગ ઝબાન ઉપર જારી થાય છે, હકીકતમાં આ બયાન આપણો સંપૂર્ણ અકીદો છે,

પહેલો ભાગ એટલે "અલ્લાહ માટે છે" આ તૌહીદ તરફ ઈશારો છે, ફક્ત અને ફક્ત દરેક વસ્તુ ઉપર કુદરત રાખનાર, બાદશાહ અને આપણો માલીક ખુદા છે, અને બીજા ભાગનો અર્થ મઆદ (ક્યામત) છે. પાછા અલ્લાહ તરફ જવાનુ છે,

⇨ માણસ અલ્લાહને એ રીતે યાદ કરે કે ત્યાંથી આવ્યા છે અને પાછા ત્યાં જવાનુ છે, આપણા ઈખતેયારમાં કાંઈ નથી, આપણી તો જવાબદારી છે કે જ્યારે માલીક બોલાવે ત્યારે જવા માટે તૈયાર રહેવાનું છે.

⇨ બીજી વસ્તુ એ છે કે શા માટે "ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલયહિ રાજેઉન" મુસીબતના સમયે કહેવામાં આવે છે ?

એનો અર્થ એ છે કે અલ્લાહ જાનનો માલીક છે અને અલ્લાહે તેને પાછી લઈ લીધી, જ્યાર સુધી અલ્લાહની મસલેહત હતી જાનને આપણા હવાલે કરી, અને

જયારે અલ્લાહે ચાહ્યું જીવને પાછો લઈ લીધો.

⇨ બીજા ભાગમાં ઈશારો છે કે મૌત ફનાનું નામ નથી, બલ્કે હકીકત તરફ પાછા જવાનુ નામ છે, અને ફક્ત આ માણસ દુનિયાથી નથી ગયો બલ્કે બધાને તેના પાછળ પાછળ જવાનુ છે.

⇨ જો આ વાક્યને સમજીને ઝબાન ઉપર જારી કરવામાં આવે તો અલ્લાહ ઉપર યકીનમાં વધારો અને ગમને ઓછો કરે છે.

# હિકમત ૧૦૦
## વખાણ વખતે દુઆ

⇨ અમુક લોકોએ ઈમામ (અ.સ.)ના મોઢા પર વખાણ કર્યા, તો આપે ફરમાવ્યું, અય અલ્લાહ ! તું મને મારાથી વધારે ઓળખે છો, અને હું પોતાને આ લોકોથી વધારે ઓળખું છું, અય અલ્લાહ ! મને આ લોકોના ગુમાન / ધારવા કરતા વધારે સારો / નેક રાખ અને મારી કોતાહીઓને માફ કર જેને આ લોકો નથી જાણતા.

⇨ ઈસ્લામી રિવાયતમાં કોઈના મોંઢા ઉપર વખાણ કરવાની મનાઈ ફરમાવી છે,

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છે કે જયારે તમે તમારા (મોમીન) ભાઈના મોઢે વખાણ કર્યા તો જાણે એમ છે કે તેના ગળા ઉપર છરી ફેરવી. (મોમીન ભાઈને ઝબેહ કર્યો) (મહજ્જતુલ બયઝા, ભા.૫, પે.૨૮૩)

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે

“તે માણસ નાદાન છે કે જે માણસ ચાપલુસીના લીધે ખરાબ આદતોને સારી અને સારી વસ્તુઓને નાપસંદ બનાવીને પેશ કરે અને તે તેના ઉપર ઘમંડ કરે.” (ગોરરૂલ હેકમ, હદીસ ૧૧૩૭)

⇨ ઘણી ખરાબીઓ ચાપલુસી અને ખોટા વખાણના કારણે થાય છે, તેના લીધે માણસ પોતાને કંઈક સમજવા લાગે છે, અને પોતાની ભૂલો સુધારવાના બદલે તેને ખૂબી સમજીને વધારે ભૂલ કરવા લાગે છે, તેનું કારણ હોય છે ફક્ત ખોટા વખાણ,

⇨ જો ભૂલ સુધારવામાં આવી હોત તો આગળ ખોટું કરવાની જગ્યાએ પોતાને સુધારી લેત.

⇨ ઈમામ (અ.સ.) છેલ્લે પોતાના ગુનાહોની માફી માંગી રહ્યા છે, તો શું એક માસુમ ઈમામ (અ.સ.)ને આ રીતે કહેવું જોઈએ?

⇨ જયારે પણ માસુમ (અ.મુ.સ.)ની ઝબાનથી આવા શબ્દો નીકળે છે તેનો અર્થ

છે કે લોકોને શીખવવા માટે બયાન ફરમાવ્યું છે, ઈમામ (અ.સ.)ને જરૂરત નથી.

⇨ હદીસ સમજાવનાર આલિમો લખે છે કે જયારે માફીનું બયાન માસુમ તરફથી હોય તેનો અર્થ એ પણ હોય શકે કે જે રીતે ઈબાદત કરવી જોઈએ તેવી ઈબાદતનો હક અદા નથી કરી શક્યા તેના અફસોસ ઉપર ઈસ્તેગફાર કરતા હોય છે, જે રીતે કોઈના ત્યાં મહેમાનની પોતાની હેસિયત મુજબ સારી એવી ખિદમત કરી, અને જયારે મહેમાન જઈ રહ્યા હોય તો મેઝબાન કહે છે કે જેવી ખિદમત થવી જોઈએ નથી કરી શક્યા, ઈમામો પણ અઝમતે ખુદાના સામે પોતાની ઈબાદતો મામૂલી સમજીને ઈસ્તેગફાર કરતા હોય છે, ગુનાહોના લીધે ઈસ્તેગફાર નથી.

⇨ હાં, અગર કોઈ મોમીન ભાઈની ગેરહાજરીમાં વખાણ કરે તો તેનો અજર (સવાબ) રાખવામાં આવેલો છે.

# હિકમત ૧૦૧

## મદદ માટે ત્રણ બાબતો

⇨ કોઈની હાજતો પૂરી કરવાનું કામ આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખ્યા વગર પાર પડતું નથી.

૧) આ નેક કામને નાનું સમજવામાં આવે જેથી અલ્લાહની બારગાહમાં તે મોટું સમજાય.

૨) આ નેક કામને છુપી રીતે અંજામ આપવામાં આવે જેથી તે પોતે જાહેર થઈ જાય.

૩) આ નેક કામ જલ્દી અંજામ આપવામાં આવે જેથી તે સારૂ લાગે.

⇨ બધાજ લોકોને ખબર છે કે કોઈની પણ મદદ કરવી તે ખુબજ નેક કાર્ય અને સારી આદત છે, જે એક મુસ્તહબ અને અલ્લાહને ગમતું કાર્ય છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.)

ફરમાવે છે અગર કોઈ અલ્લાહની ખુશી માટે પોતાના મુસલમાન ભાઈઓની હાજત પૂરી કરવા માટે કોશિશ કરે, તો અલ્લાહ તેને દસ લાખ (એક મિલયન) નેકીઓ અતા કરશે, અને તેના આ કામથી અલ્લાહ તેને, તેના ખાનદાન, તેના પડોશીઓ તથા તેના ઓળખીતાઓને માફ કરી દેશે. (કાફી, ભા.૧, પે.૧૯૭, હ.૬)

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં ફરમાવે છે કે અગર તમે કોઈની મદદ કરવા માંગો છો તો આ ત્રણ વસ્તુ ઉપર અમલ કરો,

⇨ અમુક લોકો કોઈ પણ નાની એવી મદદ કરે તો એમ સમજે છે કે મેં બહુજ મોટું કામ કર્યું, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે તમે જયારે કોઈની પણ મદદ કરો મોટી હોય કે નાની, તેને નાની સમજો,

જેથી બીજી વખત મદદ કરી શકો.

⇨ અમુક લોકો દેખાડીને, રોડ શો કરીને મદદ કરે છે, જયારે કે ઈમામ અ. ફરમાવે છે કે છુપી રીતે, એટલે કે જમણા હાથથી મદદ કરો તો ડાબા હાથને પણ ખબર ન પડે.

⇨ અને અમુક લોકો મદદ કરવામાં આજ કાલ, અથવા થોડાક દિવસ પછી કરીશ વગેરે કહેતા હોય છે, જયારે કે ઈમામ અ. ફરમાવે છે મદદ કરવામાં જલ્દી કરો, કેમકે ખબર નથી આપણે એક કલાક પછી અથવા થોડાક દિવસ પછી જીવતા રહેશું કે નહિ? તો મદદ કરવાનો વિચાર આવે એટલે તરતજ કરો, જેથી તમારો વિચાર બદલાઈ નહિ અને કોઈ રૂકાવટ પણ આવે નહિ.

⇨ જો જલ્દી મદદ ન કરવામાં આવે તો શયતાન આ નેકી કરવાથી રોકી લે છે.

# હિકમત ૧૦૨
# ભવિષ્યવાણી

➪ એક ભવિષ્યવાણીમાં ઈમામ ફરમાવે છેઃ લોકો પર એક વખત એવો આવશે જયારે માત્ર ચાડી કરનાર ચાપલુસોને માન આપવામાં આવશે, માત્ર ગુનેહગારોને સારા માણસો સમજવામાં આવશે, ઈન્સાફ કરનારને કમજોર સમજવામાં આવશે, અને લોકો સદકાને દંડ, સિલે રહમ (સગા સંબંધીનું ધ્યાન રાખવા)ને એહસાન, ઈબાદતને લોકો ઉપર બરતરીનું સાધન ગણશે. તેવા સમયે હુકુમત સ્ત્રીઓના સલાહ સૂચન અને બાળકોના સત્તાથી ચાલશે, અને નપુંસક (દરબારમા કામ કરતા માણસો જેમને નામર્દ બનાવીને રાખવામાં આવે છે) સંચાલક હશે.

⇨ આ નુરાની કલામમાં ઈમામ (અ.સ.) ભવિષ્યવાણી કરી રહ્યા છે કે એવો સમય આવશે ત્યારે અખ્લાકી કેટલી તબાહી હશે?

⇨ આ શબ્દોથી ઈમામ એ સમયને યાદ કરીને અફસોસ કરી રહ્યા છે.

⇨ આજે આપણે જોઈએ છે કે (ઓફીસમાં અને દરબારમાં) કેવા લોકોની ઈજ્જત થાય છે, જે લોકો ખુલ્લમ ખુલ્લા ગુનાહો કરતા હોય, અને સત્તાધારીના કાન ભરતા હોય, (ચાડી-ચાપલૂસી કરતા હોય) સારા લોકોને ખરાબ અને ખરાબ લોકોને સારા કહેતા હોય, આવા લોકોની ચાડી ચાપલૂસીને કારણે ઝુલ્મ અને અત્યાચાર થવા લાગે છે.

⇨ તે સમયે ગુનેહગાર, નાલાયક અને બેઈમાન આગળ આવીને સત્તા હાંસિલ કરી લેશે ત્યારે કમજોર કશું નહિ કરી શકે,

સારા અને નેક લોકોને દુર કરી દેવામાં આવશે,

⇨ આ સમય એવો હશે કે ગરીબોની મદદને દંડ સમજવામાં આવશે, સગાસબંધી સાથે વ્યવહાર કે જે એક ઈસ્લામી હુકમ છે તેને એહસાન સમજવામાં આવશે, લોકો ઈબાદત કરીને પોતાની ઈઝ્ઝત વધારવાનું કામ કરશે, (દા.ત. મારી તો એક નમાઝે શબ પણ ૫ વરસથી કઝા નથી થઈ, અથવા મારી ઝિયારત તો ૧૨ મી વખત છે...) જયારે કે ઈબાદત ફક્ત અલ્લાહ માટે હોવી જોઈએ, જો લોકોની વાહ વાહ માટે કરશે તો કયામતના દિવસે જયારે આમાલનામું જોશે ત્યારે બેહદ પસ્તાવો થશે, અને આમાલનામું ઈબાદતના અજરથી ખાલી હશે, ત્યારે બંદો કહેશે કે મારી ઈબાદતો કેમ નામએ આમાલમાં નથી? તો જવાબ

આપવામાં આવશે કે જેના માટે ઈબાદત કરી હતી તેમને પૂછી જોવો.

⇨ તો આપણી કોશિશ હોવી જોઈએ કે આપણે જે પણ ઈબાદત અથવા સારા કામ કરીએ તે ફકત અલ્લાહ માટે કરીએ, જેથી આખેરતમાં અજર મેળવી શકીએ.

⇨ અને આગળ ઈમામ (અ.સ.) હદીસમાં ફરમાવે છે કે સ્ત્રીઓની સલાહ લેવામાં આવશે કે જે આપણી દરમિયાન ન થવું જોઈએ, કેમકે સ્ત્રીઓ જયારે કોઈ સલાહ આપે છે ત્યારે તે પોતે પણ તે કામમાં મક્કમ નથી હોતી તેના લીધે સત્તા અને તેના કામમાં મુશ્કીલો આવે છે, એટલે બહેતર છે કે સત્તાના કામમાં પુરૂષો આગળ આગળ રહે, સ્ત્રીઓને તેમના કામ કરવા દેવા જોઈએ ન કે સત્તાના.

⇨ અને આગળ હદીસમાં છે કે બચ્ચાઓના હાથમાં સત્તા ન આપવી

જોઈએ તેના કારણ અહિંયા બતાવવામાં આવી રહ્યા છે, અગર સત્તા બચ્ચાઓ પાસે આવી ગઈ તો તે નાસમજ હોય છે એટલે તે બરાબર નિર્ણય નહી કરી શકે, અને પછી હાથમાંથી સત્તા ચાલી જશે.

⇨ બીજી વસ્તુ એ પણ છે કે જે દેખાવમાં મોટા હોય, પરંતુ જો તેની અક્કલ નાના બચ્ચા જેવી હોય તેઓને પણ સત્તાથી દુર રાખવા જોઈએ, નહિતર તેની સત્તાથી દરેકને નુકસાન પહોંચશે,

# હિકમત ૧૦૩
# દુનિયા અને આખેરતના રસ્તા

⇨ હિકમતમાં હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામએ જયારે એક બહુજ જૂના ઠીગડાં મારેલા કપડાં પહેરેલા હતા ત્યારે લોકોમાંથી કોઈએ આપને પૂછયું તો તેના જવાબમાં ઈમામે ફરમાવ્યુંઃ આવા કપડાં પહેરવાથી દિલમાં નમ્રતા આવે છે અને નફસને કાબૂમાં રાખવામાં મદદ મળે છે, અને મોમેનીન આ રીતે રહે છે.

⇨ યાદ રાખો ! દુનિયા અને આખેરત બંને એક બીજાના એક સાથે ન ભળે એવા દુશ્મન છે, અને બંનેના રસ્તા પણ અલગ અલગ છે, એટલે જે કોઈ પણ દુનિયાથી મોહબ્બત કરે છે તે આખેરતનો દુશ્મન

છે, અને જે કોઈ પણ આ બંનેમાંથી એકની નજીક થાય છે તે બીજી વસ્તુથી દુર થઈ જાય છે, કેમકે આ બંને પૂર્વ અને પશ્ચિમના જેમ છે જે એકથી નજીક થશે તો બીજાથી દૂર થશે. આ એક બીજાની સોતન છે, (સોતન એક પુરૂષની બે પત્ની કે જે વધારે પડતી એક બીજા સાથે ઝઘડા કરે)

⇨ ઈમામે ખુબજ સરસ જવાબ આપ્યો જયારે કે આ સમયે બધા જ અમીર થઈ ગયા હતા કેમકે ઘણી બધી જગ્યાઓ મુસલમાનોના કબ્ઝામાં આવી ગઈ હતી, બધાજ લોકો પાસે સારૂં ઘર, સારો ઘોડો અને બધીજ સહુલતો હતી, હવે પહેલા જેવા હાલાત ન હતા, કેમ કે જયારે ઈસ્લામની શરૂઆત હતી ત્યારે લોકો પાસે ખાવા પીવાના વાંધા હતા, કપડા સારા ન હતા.

⇨ એ સમયને (રસુલ સ.ના સમયને) યાદ કરીને ફરમાવે છેઃ

⇨ યાદ રાખજો! તમે આ સારી જિંદગીમાં મશગુલ થઈને દીનથી અલગ ન થઈ જાવ, બીજું કે આવા કપડા પહેરવાથી ત્રણ ફાયદા થાય છે તે પણ ઈમામે ગણાવ્યા.

૧) દિલ અને રૂહમાં નમ્રતા આવે છે, ઘમંડ નથી આવતું કેમકે સારી સારી વસ્તુ પહેરીને લોકો ઘમંડ કરવા લાગે છે.

૨) ભટકતા નફસને શૈતાનથી દુર રાખે છે, અને શૈતાનને પાસે નથી આવા દેતું.

૩) મોમેનીન પણ આવા લોકો સાથે જલ્દી હળીમળી જાય છે, અને તેમને આવા લોકો સાથે રહેવામાં મજા આવે છે, જયારે કોઈ ઘમંડ વાળો વ્યક્તિ હોય છે તો લોકો તેની પાસે નથી જતા,

⇨ અને આગળ હદીસમાં ઈમામ

દુનિયા અને આખેરત બંને અલગ રસ્તા બયાન ફરમાવ્યા છે, તો અહિંયા દુનિયા એટલે શું? તે સમજવાનું છે. અને જે જગ્યા ઉપર દુનિયાથી નફરત વિશે ફરમાવ્યું છે એ દુનિયા કઈ છે? અને શા માટે દુનિયાથી દુર રહેવા ફરમાવ્યું છે.

⇨ દુનિયા એટલે શું?

૧) જે માલને હરામ અને નાજાએઝ રીતે હાંસિલ કરેલ હોય, તેમજ ખોટી રીતે કુર્સી અને સત્તા મેળવેલ હોય, જે વસ્તુઓ આખેરત અને ખુદાથી દુર કરી દે તે દુનિયાદારી કહેવાય.

૨) જે કામોમાં ફક્ત દુનિયા જ મકસદ હોય દીને ઈસ્લામની કોઈ પણ વસ્તુ ઉપર અમલ ન કરવામાં આવતો હોય.

૩) જે માલ અને દોલતમાં એવો ડૂબી જાય કે તે હરામ છે કે હલાલ, કોઈ પણ વસ્તુની ખબર ન હોય, અને બીજા

વાજીબ હકોનો ખયાલ પણ ન આવે, ફક્ત દુનિયાદારીમાં મશગુલ રહે.

⇨ આ પ્રકારની દુનિયા અને આખેરતનો રસ્તો બિલકુલ જુદો છે, જો દુનિયામાં રહી આખેરત અને ખુદાને યાદ રાખી, હરામ અને હલાલની જાણકારી સાથે અને સમજીને જો દુનિયા હાંસિલ કરે તો આવી દુનિયાની મનાઈ નથી.

⇨ એક શખ્સ ઈમામ સાદિક અ.સ પાસે આવે છે અને પૂછે છે, શું હું આ દુનિયાને મારી અને મારા બાલ બચ્ચાઓની સહુલત માટે, ઝિયારત કરવા, તેમજ સગાવહાલાઓની મદદ માટે હાંસિલ કરૂ તો શું આ દુનિયાદારી કહેવાશે?

⇨ ઈમામે જવાબમાં ફરમાવ્યું, કે જો હલાલ રસ્તાથી હાંસિલ કરો, અને જાએઝ જગ્યા ખર્ચ કરો તો આ એક ઉત્તમ ઈબાદત છે.

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે, જો તમે દીનને દુનિયાના ચક્કરમાં વહેંચી દીધું, તો દીન અને દુનિયા બંને બરબાદ થઈ જશે, તેમજ આખેરતમાં પણ નુકસાન ભોગવવું પડશે, અને જો દુનિયાને દીન પ્રમાણે હાંસિલ કરશો તો દીન અને દુનિયા બંનેમાં ફાયદો થશે, અને આખેરતમાં પણ કામ્યાબી મળશે (મસાદીરે નહેજુલ બલાગાહ, પે.૯૫, હ.૪)

# હિકમત ૧૦૪
# ખુશનસીબ ઈન્સાન

⇨ નોફે બુકાઇ (બકાલી) કહે છે કે મેં એક રાત્રે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ને જોયા કે આપે પથારીથી ઊભા થઈ તારાઓ પર નજર કરી રહ્યા છે અને મને ફરમાવ્યુ "નોફ તમે સુતા છો કે જાગો છો?"

⇨ નોફે અર્ઝ કરી કે મૌલા હું જાગું છુ, પછી ઈમામે ફરમાવ્યું કે અય નોફ! ખુશ નસીબ અને ભાગ્યશાળી છે એ લોકો કે જે દુનિયાને તર્ક કરીને આખેરતની તરફ મન લગાવે છે, આ તે લોકો છે કે જેઓ જમીનને પથારી બનાવી, ધૂળને ફર્શ અને ચટાઈ બનાવી, અને પાણીને અત્તર (પરફ્યુમ) સમજે છે, તેમજ પોતાના અંતરને કુરઆનથી અને જાહેરને દુઆથી શણગારે છે. ત્યારપછી તેઓ દુનિયાથી

એવી રીતે અલગ થઈ જાય છે જેવી રીતે જનાબે ઈસા અ. થઈ ગયા હતા.

⇨ અય નોફ ! જનાબે દાઉદ (અ.સ.) રાતના આ સમયે ઉભા રહેતા (નમાઝે શબ અને દુઆ પઢતા), અને ફરમાવતા હતા કે આ એ સમય છે કે જેમાં કોઈ પણ બંદો અલ્લાહ પાસે દુઆ માંગે તો અલ્લાહ તેની દુઆ કબુલ કરશે, સિવાય કે ઝાલિમ સરકારી ટેક્સ ઉઘરાવનાર, લોકોની બુરાઈ કરનાર, અન્યાય કરવા વાળી સરકારી પોલીસ, અથવા ઢોલ અને સંગીત વગાડવા વાળાની. (આ લોકોની દુઆ કબુલ નહિ થાય કેમકે આ લોકો ખુલે આમ મોટા મોટા ગુનાહ કરે છે)

⇨ નોફ બકાલી કહે છે ઈમામ (અ.સ.)એ આ નુરાની બયાન ત્યારે ફરમાવ્યું જયારે રાત્રે ઈમામ ઈબાદત કરવા માટે જાગીને આસમાનના તારા જોતા

હતા.

⇨ નોફ તે ખાસ સહાબી હતા જે ઈમામ અ.ની સાથે હમેશા રહેતા અને રાત્રે પણ ઘણી વખત ઈમામ (અ.સ.)ની સાથે રહેતા.

⇨ આમાલી શૈખ સદુકમા એક રિવાયત નોફ બકાલીથી બયાન કરવામાં આવી છે તે અહિંયા બયાન કરૂ છું, જેથી ખબર પડે કે આ સહાબીનું મહત્વ કેટલું છે, ઈમામ અલી (અ.સ.) નોફ બકાલીને ફરમાવે છે કે અય નોફ ! અગર તમે ચાહો છો કયામતમાં અમારી સાથે રહો તો ઝાલિમોની મદદ ન કરો, જે કોઈ પણ અમારી સાથે મોહબ્બત કરશે તો તે એ દિવસે (કયામત) અમારી સાથે હશે અને અગર કોઈ પથ્થરના ટુકડા સાથે મોહબ્બત કરશે તો તે તેની સાથે મહેશુર થશે. (એટલે કયામતના દિવસે જે જેનાથી મોહબ્બત

કરશે અથવા જેને લીડર માનતા હશે તેની સાથે લાવવામાં આવશે.)

➪ અહિંયા ઈમામ (અ.સ.) રાતની ઈબાદતનું મહત્વ સમજાવે છે કે જયારે રાત્રે બધાજ પોતાના નરમ નરમ અને ગરમ ગરમ બિસ્તર ઉપર ઉંઘી રહ્યા હોય ત્યારે ઉઠો, અને સુકુનથી દિલ લગાવીને રાતની છેલ્લી ઘડીએ સહેરના સમયે અલ્લાહની ઈબાદત અને અલ્લાહ પાસે દુઆ માંગો, જો તમે સારા ઈન્સાન છો અને ખુલ્લે આમ ગુનાહ નથી કરતા તો આ સમયે ઉઠી નમાઝ શબ પઢો અને દુઆ કરો તો તમારી દુઆ કબુલ થશે.

➪ ઈમામ જાફર સાદિક (અ.સ.) એક હદીસમા રાતની ઈબાદતનું મહત્વ આ રીતે બયાન કરે છે, (રાતની ઈબાદતનું એક ખાસ મહત્વ છે) રાતના એક ખાસ ઘડી છે જો મુસલમાન બંદો તે સમયે ઉઠે

નમાઝ પડીને દુઆ માંગે તો જરૂર તેની દુઆ દરેક રાતે કબુલ થાય છે.

તે સહાબી પૂછે છે કે તે ખાસ ઘડી કઈ છે ? ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું તે અડધી રાત પસાર થયા પછી બાકી બચેલી અડધી રાતનો પ્રથમ છઠ્ઠો હિસ્સો (અડધી રાત પછી લગભગ ૪૫ મિનિટ જેટલો સમય હોય છે)

⇨ (રિવાયતમા ઝિક્ર થયું છે કે બહેતરીન સમય સહરનો સમય છે) અને કુરઆને મજીદમા પણ આ સમયનું મહત્વ બતાવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે ઈસ્તેગ્ફારનો બહેતરીન સમય સહરનો સમય છે

⇨ અને આગળ આ હદીસમાં ફરમાવવામાં આવ્યું છે કે કોની દુઆ કબુલ નથી થતી, જે એક મહત્વની વસ્તુ છે, જે કોઈ હરામ માલ ખાય, સંગીત અને મ્યુઝીકને સાંભળે, વગાડે, આ મ્યુઝીક

અને સંગીત ખાલી મોહર્રમ અને રમઝાન મહિના માટે હરામ નથી, બલ્કે હંમેશા માટે હરામ છે,

⇨ ઈમામ (અ.સ.) એક હદીસમા ફરમાવે છે કે જે ઘરમાં દારૂ, સંગીત અને મ્યુઝીકના સાધન હોય તે ઘરમાં રહેમતના ફરિશ્તા નથી આવતા અને તેઓની દુઆ કબુલ નથી થતી (વસાએલુશ શિયા ભાગ ૧૨ પેજ ૨૩૫)

# હિકમત ૧૦૫

## શું કરવું, શું ન કરવું.

⇨ પરવરદિગારે તમારી ઉપર અમુક વસ્તુઓને વાજિબ કરી છે તો તેને કદી પણ છોડતા નહિ, અને અમુક જગ્યા ઉપર એક હદ નક્કી કરી દીધી છે તેનાથી તમે આગળ વધતા નહિ, અને જે વસ્તુને હરામ કરી છે તેને અંજામ ન આપજો, અને જે વસ્તુમા કશું બયાન નથી થયું, તેના વિશે જાણવાની કોશિશ ન કરો, કેમકે તે ભૂલ્યો નથી, અને તમે પણ એ વસ્તુને જાણવા માટે પોતાને તકલીફમા નનાખો.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમા ચાર વસ્તુ બયાન કરી છે, જે આપણા માટે જરૂરી છે અને તેને અંજામ આપવી જોઈએ

૧) અલ્લાહ તબારક વ તઆલા અમુક વસ્તુ આપણી માટે વાજિબ કરી છે તેને

છોડવી ન જોઈએ, જેમકે નમાઝ, રોઝા, હજ વગેરે... અને તેને સરખી રીતે અંજામ આપવી જોઈએ, એવું ન થવું જોઈએ કે જયારે મરજી આવે ત્યારે વાજિબ કામો કરવા અને જ્યારે મન ન થાય ત્યારે ન કરવા, અથવા અમુક સમયે સરખી રીતે કરો અને અમુક સમયે તેને સરખી રીતે અંજામ ન આપો, તે બરાબર નથી. અલ્લાહે જેટલી પણ વસ્તુ આપણી માટે વાજિબ કરી છે તેને જેવી રીતે આપણા ઈમામોએ અંજામ આપી છે તે રીતે અંજામ આપવી જોઈએ, તો જ સહીહ ગણાશે અને કબૂલ થશે.

૨) બીજી વસ્તુ આ હદીસમા હદ વિશે છે, એટલે હદથી આગળ ન વધો જો હદથી આગળ વધી ગયા તો જહન્નમી બની જશો. આ વસ્તુને કુરઆનથી સમજીએ, કુરઆનમા પણ અમુક જગ્યા ઉપર હદનો

અનુક્રમણિકા

ઝિક્ર થયો છે જેમકે સૂરે નીસા આયત ૧૨ અને ૧૩માં, વારસાની એક હદ નક્કી થઈ છે તમે એને પાર ન કરો, જો પાર કરશો તો જહન્નમ તમારું ઠેકાણું છે, અને બીજી જગ્યાએ કુરઆનમા સુરે બકરા આયત ૨૨૯મા તલાક વિશે હદ બયાન કરેલ છે, જો તેનાથી આગળ વધી જશો તો ઝાલીમ બની જશો,

૩) અહિયા અમુક વસ્તુની મનાઈ કરી છે, તે ગુનાહે સગીરા અને ગુનાહે કબીરા છે, ગુનાહ કરવાથી બચો, કેમ કે ગુનાહો દુનિયા અને આખેરત બંને બરબાદ કરે છે, એવું નથી કે ફક્ત આખેરત ખરાબ થાય, બલ્કે દુનિયા પણ ખરાબ થાય છે, જેમકે દારૂ પીવાથી કીડની ખરાબ થાય છે, અને તે સિવાય પણ ઘણા નુકસાન છે, અને બીજી વસ્તુ અલ્લાહે ગુનાહને ઈન્સાન વચ્ચે એક પરદો રાખ્યો છે, જયારે

કોઈ ગુનાહ કરે તો તે પરદો હટી જાય છે અને પછી ઈન્સાન તે ગુનાહોના અંધારા કુવામા ડૂબતો જાય છે જેથી દુનિયામાં અને આખેરતમાં બેઈજ્જત થાય છે તેથી જ ઈન્સાનને ગુનાહોથી બચીને રહેવું જોઈએ.

૪) આ નુરાની કલામની છેલ્લી વસ્તુમાં ફરમાવ્યું છે કે અલ્લાહે અમુક જગ્યા ઉપર કોઈ પણ હુકમ નથી આપ્યો, એનું કારણ એ નથી કે તે ભૂલી ગયો છે, અથવા તેને ખબર નથી,ના, બલ્કે અમુક કારણોના લીધે તેને બયાન કરવામાં નથી આવ્યું, તો પછી તેને જાણવાની કોશિશ કરીને પોતાને તકલીફમા શા માટે નાખવું?

⇨ આ વાત કુરઆનમાં સૂરે માએદા આયત ૧૦૧મા ઝિક્ર થએલ છે "અય ઈમાન લાવનાર! એવી બાબત વિશે સવાલ ન કરે જો તે તમારે માટે જાહેર થઈ

જાય તો તમને ગમગીન કરે.''

⇨ આ આયતની તફસીરમાં છે કે જયારે હજ માટે આયત નાઝિલ થઇ ત્યારે એક શખ્સ રસુલ સ.ને પૂછે છે કે કેટલી વખત હજ વાજિબ છે? ત્યારે રસુલ સ. કઈ જવાબ નથી આપતા, ત્યારપછી તે શખ્સ બીજી વખત અને ત્રીજી વખત પૂછવા જાય છે ત્યારે રસુલ ફરમાવે છે કે તમે શા માટે પૂછીને તમારા માટે અઘરૂ કરો છો? અગર કહેવામાં આવે કે દર વર્ષે હજ વાજિબ છે તો તમારી માટે આ કામ કેટલું અઘરૂં થઇ જશે અને તમે તમે તેની વિરૂધ્ધ અમલ કરવાથી ગુનેહગાર બનશો આ જ કારણસર વધારે પોતાને તકલીફમાં ન નાખો, જો હું કોઇ ચીજનો હુકમ આપું તો તમારી શક્તિ મુજબ અંજામ આપો.

⇨ જનાબે મુસા (અ.સ.)ના જમાનામાં એક માણસને કતલ કરીનાખવામાં આવ્યો

ત્યારે લોકો કાતિલને ગોતવા માટે જનાબે મુસા અ.પાસે આવ્યા, ત્યારે જનાબે મુસા એક ગાય લાવાનું કીધું, પરંતુ બની ઈસરાઈલની કોમ નખરા કરવા લાગી અને પૂછ્યું, કે રંગ કેવો હોવો જોઈએ? આપણે જાણીએ છીએ કે આ સવાલ પૂછીને તેઓએ પોતાને તકલીફમાં નાખ્યા, જો તેઓ ફક્ત ગાય લાવ્યા હોત તો કઈ વાંધો ન હતો.

⇨ તો આ બે મિસાલથી આપણને સમજવું જોઈએ કે અલ્લાહે જે હુકમ આપ્યો છે, તેની ઉપર અમલ કરો વધારે પોતાને તકલીફમા ન નાખો.

# હિકમત ૧૦૬

## લાભ કરતા નુકસાન વધારે

⇨ લોકો દુનિયાને હાંસિલ કરવા માટે દીનની કોઈ વાતને છોડી દે છે ત્યારે અલ્લાહ તેના માટે આ દુન્યવી ફાયદા કરતા પણ વધારે નુકસાનકારક ચીઝનો માર્ગ ખોલી દે છે.

⇨ આ નુરાની હદીસમાં ઈશારો થઈ રહ્યો છે કે ઘણી વખત એવું થાય છે કે દુનિયાના કામ અને દીનના કામ બંને ભેગા થઈ જાય, અને કોઈ પણ એક કામ કરીએ તો બીજું છુટી જાય તો શું કરવું?

⇨ અમુક લોકો દીનનું કામ કરે તો દુનિયા છૂટી જશે, એવા ડરના લીધે દીનનું કામ છોડી દે છે, જે બિલકુલ યોગ્ય નથી, શું નથી ખબર કે બધીજ વસ્તુ અલ્લાહના હાથમાં છે? તો પછી શા માટે દુનિયાદારી માટે અલ્લાહની ઈબાદત અને અલ્લાહના

રસ્તાને તર્ક કરવો જોઈએ?

⇨ મોમીનો જાણે છે અને સરખી રીતે સમજે છે, કે બધીજ વસ્તુ અલ્લાહના હાથમાં છે, તેઓ દુનિયાના થોડાક લાભ માટે આખેરતના ઘણા લાભને નથી છોડતા.

⇨ અને સૌથી બહેતરીન અલ્લાહની ઈબાદત અને બંદગી છે, જો તેને સમયસર અંજામ આપશું તો અલ્લાહ પણ આપણા તમામ કામોને સમયસર અંજામ આપશે, જે લોકો બધુજ દુનિયાદારીને સમજીને દીનના કામને અહેમિયત નથી આપતા, તેઓ મોટા નુકસાનમાં છે.

⇨ અને બીજી વસ્તુ આ હદીસ સમજાવવા માંગે છે કે જો તમે અલ્લાહની એવી ઈબાદત કરો જેવી ઈબાદત કરવાનો હક છે, ઈબાદતને સમયસર અને આરામથી અંજામ આપો.

⇨ એટલે એવું ન થવું જોઈએ કે દુનિયાના કામ માટે ઈબાદતમાં ઉતાવળ કરો, અલ્લાહની ઈબાદત સામે દુનિયાની કોઈ પણ વસ્તુનું મહત્વ નથી,

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે જયારે કોઈ નમાઝ પઢે અને નમાઝને (દુનિયાના કામ માટે) મામૂલી સમજે તો અલ્લાહ ફરિશ્તાઓને કહે છે, કે આ મારા બંદાને જોવો છો, જે સમજે છે કે પોતાના કામો બીજા કોઈના હાથમાં છે, તે નથી જાણતો બધીજ વસ્તુ મારા હાથમા છે, અને હું જ બધાની હાજતોને પૂરી કરૂ છું.

⇨ અંતમાં એટલુંજ યાદ રાખવું જોઈએ કે દરેક વસ્તું ખુદાના હાથમાં છે, જે તે ચાહશે તે જ થશે, કામ્યાબી વસ્તુઓ ઉપર ભરોસો કરવામાં નથી, બલ્કે અલ્લાહને યાદ રાખવામાં દુનિયા અને આખેરતની કામ્યાબી સમયેલી છે.

# હિકમત ૧૦૭

## અમલ વગરનો આલીમ

⇨ ઘણા આલિમો એવા છે કે જેમને દીનના વિશે જાણકારી ન હતી (જાહિલ હતા) અને માર્યા ગયા, તેમનું ઈલ્મ પણ તેમને કઈ ફાયદો ન પહોંચાડી શક્યું.

⇨ આ નાની એવી હદીસમાં ઘણો મોટો અર્થ છુપાવએલો છે, અહિયા એ આલીમોની વાત થઈ રહી છે, કે જેમની પાસે ઈલ્મ તો છે, પરંતુ અમલ નથી, દીનની વાતોને જાણે છે, પરંતુ તેના ઉપર અમલ નથી કરતા, એમ નથી કે તેમને જાણકારી ન હતી, જાણકારી તો હતી, ફક્ત બીજા લોકોને બયાન કરવા પૂરતી જ હતી, પોતે તેના ઉપર અમલ કરતાં ન હતા, જેમને પોતાનું ઈલ્મ ફાયદો ન પહોંચાડે, તેઓ દુનિયા અને આખેરત બંનેમા નુકસાન ઉઠાવે છે.

⇨ ઈમામ (અ.સ.) આ વિશે એક બીજી હદીસમાં વધારે રોશની નાખે છે : જે ઈલ્મ તમને પોતાને ન સુધારી શકે તે ગુમરાહ કરે છે, (ખોટા રસ્તા ઉપર લઈ જાય છે) અને જે માલ રાહે ખુદામા બીજાની મદદ માટે ન વાપરવામાં આવે તે માલ બરબાદ કરે છે. (ગોરરૂલ હેકમ હદીસ ૧૯૩)

⇨ ઈલ્મ ઉપર અમલ ન કરનાર ઘમંડી અને ઈર્ષાળુ હોય છે, રિવાયતમાં છે કે શૈતાન આલીમો પાસે હસદના તીર લઈને આવે છે અને ઈર્ષા થકી આલીમને જાહિલ બનાવી દે છે.

⇨ હવે તારીખે ઈસ્લામ એટલે કે ઈતિહાસ ઉપર નજર નાખીએ કે શું કોઈ એવા પણ આલિમો હતા જેમને તેનું ઈલ્મ કોઈ ફાયદો ન પહોંચાડી શક્યું?

⇨ હા, ઈતિહાસમાં આવા ઘણા ઉદાહરણ મળે છે તેમાંથી તલ્હા અને

ઝુબૈરનું ઉદાહરણ ઈબ્રત હાંસિલ કરવા માટે કાફી છે, આ બંને આલીમ હતા, કુરઆન અને દીનના જાણકાર હતા, રસુલ (સ.અ.વ.) અને ઈમામ અલી (અ.સ.)નો સાથ પણ આપ્યો, પરંતુ જયારે તેમના દિલમાં દુનિયાની લાલચ આવી ગઈ ત્યારે તેઓ મોલા અલી (અ.સ.) સામે જંગે જમલમાં લડવા આવી ગયા, અને તેમનું ઈલ્મ તેને કઈ ફાયદો ન પહોંચાડ્યું, અને ઈમામ (અ.સ.) સાથે જંગ કરીને કાફીર બની ગયા.

# હિકમત ૧૦૮
## દિલ

⇨ ઈન્સાનના શરીરમાં સૌથી વધારે અજીબો ગરીબ (નવાઈ પમાડનાર) વસ્તુ માસનો એ ટુકડો છે, જેને એક રગની સાથે લટકાવી દેવામાં આવ્યો છે જેનું નામ દિલ છે તેમાં ડહાપણના ઝરણાઓ પણ છે અને તેનાથી ઉલ્ટું પણ છે, જયારે તેમાં લાલચ આવે છે ત્યારે તે અપમાનિત કરી દે છે, અને જયારે લાલચમાં વધારો થાય ત્યારે તે ઈર્ષામાં આવીને બરબાદ કરી દે છે, અને જયારે તેમાં માયુસી આવે છે ત્યારે અફસોસથી મારી નાખે છે, અને જયારે હદથી વધારે છલકાય જાય ત્યારે ગમ અને ગુસ્સો આવે છે, અને જયારે ખુશ થાય ત્યારે પહેલાની બધીજ વસ્તુ ભૂલી જાય છે, અને જયારે ડરવા લાગે ત્યારે બીજી બધી વસ્તુથી ગાફિલ થઈ

જાય છે, અને જયારે હાલત ખુબજ વધારે સારી થઈ જાય ત્યારે તે ધમંડ કરવા લાગે છે, અને જયારે માલ મેળવી લે ત્યારે બેપરવા થઈને જ્યાં ત્યાં ખર્ચ કરવા લાગે છે, અને જયારે કોઈ પરેશાની આવે ત્યારે ફરિયાદ કરવા લાગે છે, અને જયારે ગરીબ થઈ જાય ત્યારે આફત અને તકલીફમાં આવી જાય છે, અને જયારે ભુખ વધી જાય ત્યારે તે નબળું થઈ જાય છે, (અને જયારે પેટ વધારે ભરાઈ) વધારે પડતું ખાય લે ત્યારે પેટ તેને તકલીફમાં મૂકી દે છે, ટૂંકમાં એમ કહી શકાય કે આ દિલ આળસુ બની જાય ત્યારે નુકસાન પહોંચાડે છે, અને વધારે પડતું કામ કરવા લાગે ત્યારે બરબાદ કરી દે છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની બયાનમાં દિલના જુદા જુદા વિચાર વખતે કેવી હાલત થાય છે તે સમજાવે છે, દિલ

એ વસ્તુનું નામ છે કે જેનાથી ઈન્સાન પોતાને સારો પણ બનાવી શકે છે અને ખરાબ પણ.

⇨ જાહેર તરફ નજર કરીએ તો દિલનું કામ પુરા શરીરને લોહી પહોંચાડવાનું છે, અને જયાર સુધી લોહી પહોંચતું રહે માણસ જીવતો રહે છે, અને જયારે તે શરીરને લોહી પહોંચાડવાનું બંધ કરી દે ત્યારે ઈન્સાનની રૂહ નીકળી જાય અને ઈન્સાન મરી જાય છે.

⇨ દિલ આપણા શરીરનું જરૂરી અંગ છે, તેમજ લીડર અને હાદી પણ છે, દિલ આપણને શું કરવું અને શું ન કરવું તે બતાવે છે, જો દિલ કાબૂમાં રાખીએ તો સારા ઈન્સાન બનાવે છે, અને જો તેને કાબૂમાં ન કરવામાં આવે તો માણસ બરબાદ થઈ જાય છે.

⇨ હવે અહિંયા એક સવાલ થાય છે કે

દિલ તો લોહીને શરીરના બીજા બધા અવયવો (અંગો) સુધી પહોંચાડવાનું કામ કરે છે, તો પછી આ હદીસમા દિલની આવી બધી સિફતો કેમ બયાન થઈ છે?

⇨ આ સવાલનો જવાબ આપણે કુરઆનથી હાંસિલ કરીએ, કુરઆનમા દિલના અલગ અલગ અર્થ બયાન કર્યા છે, સુરે કાફ આયત ૭માં દિલથી મુરાદ અક્કલ અને સમજ લેવામાં આવી છે, સુરે અહઝાબ આયત ૧૦માં જાન અને રૂહના અર્થમા આવ્યું છે, અને બીજી બે ત્રણ જગ્યા ઉપર અલગ અલગ અર્થ બયાન થયા છે.

⇨ અસલ વસ્તુ એ છે કે દિલમાં જ મોહબ્બત અને નફરત, કીનો અને દુશ્મની, સારી અને ખરાબ હાલત હોય છે, કોઈ પણ વસ્તુ કરવા પહેલા દિલ જ હુકમ આપે છે કે આ કાર્ય કરો અને આ

ન કરો, દિલમાં જેવા ગુણ હશે તે મુજબ હુકમ આપશે, આ જ કારણે જરૂરી છે કે માણસ દિલને ખરાબ અને ખોટા વિચારોથી સાફ રાખે. દિલને સાફ કરવા માટે સૌથી બહેતરીન અહલેબૈત (અ.મુ.સ.)થી સાચી મોહબ્બત અને તેમની તાલીમ હાંસિલ કરવું છે. જે કામોથી અહલેબૈત (અ.મુ.સ.) ખુશ થાય તેવા કામો અંજામ આપવા અને જેનાથી નારાઝ થાય તેનાથી બચીને દિલને સાફ રાખી શકીએ છીએ.

# હિકમત ૧૦૯
# હિદાયતનું મરકઝ

⇨ અમો અહલેબૈત (અ.મુ.સ.) ન્યાય અને હિદાયતનું મરકઝ અને બિંદુ છીએ, જે કોઈ આ બિંદુથી પાછળ રહી ગયું હોય તો તે આગળ વધે અને અમારી સાથે જોડાય જાય, અને જે આગળ વધી ગયુ હોય તે પાછળ આવી જાય અને અમારી સાથે જોડાઈ જાય.

⇨ આ હદીસમાં ઈફરાત (હદથી વધી જવા) અને તફરીત (હદથી પાછળ રહી જવા)ની મનાઈ કરવામાં આવી છે, ન તમે અમારી ફઝીલતને ઘટાડો, અને ન તમે અમારી ફઝીલતને વધારીને અમને ખુદા સમજો, જે કોઈ અકીદામાં પાછળ રહી ગયું અને અમારી ફઝીલતને ઘટાડે તે પણ બરાબર નથી, અને જે અમને વધારે પડતા આગળ વધારે એટલે ખુદા

બનાવે તે પણ બરાબર નથી, અમે જે છીએ તે બયાન કરો અને અમારી સાથે જોડાયેલા રહો.

⇨ આ હદીસને વધારે સમજવા માટે આપણે એક બીજી હદીસ જે આપણા પાંચમાં ઈમામ હઝરત મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે, તેની ઉપર રોશની નાખીએ : અય મારા શિયા ભાઈઓ તમે વચલો રસ્તો ઈખ્તેયાર કરો 'ગાલી' (હદથી આગળ વધી જનાર) ન બનો એટલે કે જે આગળ વધી ગયા છે તે પાછળ આવીને અમારી સાથે જોડાય જાય, અને 'તાલી' ન બનો એટલે કે જે પાછળ રહી ગયા છે એ આગળ આવીને અમારી સાથે જોડાય જાય.

⇨ ત્યારે એક સહાબી ઈમામ (અ.અ.)ને પૂછ્યું કે 'ગાલી' એટલે શું?

⇨ ઈમામ (અ.સ.) ફરમાવ્યું કે આ એક

એવું ટોળું છે જે અમારા વિશે એવી વાતો કહે છે જે અમે નથી કીધી (અમારી જે હદ છે તેનાથી પણ વધારે બયાન કરે છે) તેઓ અમારામાંથી નથી અને અમે પણ તેઓથી બેઝાર છીએ.

⇨ અને પછી ઈમામ (અ.સ.) આગળ હદીસમાં ફરમાવે છે, અલ્લાહની કસમ અમે આવા લોકોને જહન્નમની આગથી નહિ બચાવીએ, અને અમારી અલ્લાહ સાથે કોઈ રિશ્તેદારી નથી, અમે બસ અલ્લાહ તરફથી ખાસ હુજ્જત અને નિશાનીઓ છીએ, અલ્લાહથી નજીક થવાનો એક જ રસ્તો છે કે અલ્લાહની ઈતાઅત એટલે કે અલ્લાહના હુકમનું પાલન કરવું, અને જે કોઈ અલ્લાહના હુકમ ઉપર અમલ કરશે તો તેને અમારી વિલાયત ફાયદો પહોંચાડશે, અને જે અલ્લાહની નાફરમાની કરશે, અલ્લાહના

હુકમને નહિ માને તેઓને અમારી વિલાયત કોઈ ફાયદો નહિ પહોંચાડે.

⇨ અફસોસ છે અમારી વિલાયત ઉપર ઘમંડ કરવા વાળાઓ માટે, અફસોસ છે અમારી વિલાયત ઉપર ઘમંડ કરવાવાળાઓ માટે' (કાફી, ભા.૨, પે.૭૫)

⇨ ઈમામ (અ.સ.) અહિંયા અફસોસ કરીને બે વખત લાનત મોકલી છે, આજના સમયમાં પણ અને ઈમામના ઝમાનામા પણ આવા લોકો હતા, જે પોતે તો ગુમરાહ હતા બીજાને પણ ગુમરાહ કરતા હતા, તે એમ સમજે છે કે અમે બરાબર કરીએ છીએ, ઈમામે સાફ શબ્દોમાં કહી દીધું કે અમે તેઓની સાથે નથી, અને તેઓની મદદ પણ નહિ કરીશું, જેની ઈમામ કયામતમાં મદદ નહિ કરે તેને પોતાના માટે વિચારવાની જરૂરત છે,

કે તેઓ ક્યાં જઈ રહ્યા છે, અને ઈમામ (અ.સ.) ફરમાવ્યું કે જે અમારી સાથે રહેશે અમે તેની મદદ કરીશું.

# હિકમત ૧૧૦
## હકને લાગુ કરનાર

➩ અલ્લાહ તઆલાના હુકમને ફક્ત એ લોકો લાગુ કરી શકે છે જે હક બાબતે અનૂકુળતા એટલે કે ચલાવી લેવાની નીતી ન રાખતો હોય, અને બાતિલ સામે નરમાશ ન રાખતો હોય, અને કોઈ વસ્તુની લાલચ ન રાખતો હોય.

➩ ઈમામ (અ.સ.) અહિંયા આ નુરાની હદીસમાં અમ્ર બિલ માઅરૂફ અને નહિ અનિલ મુન્કર કરવાવાળા માટે ત્રણ નિશાનીઓ બતાવી છે

➩ હક બાબતે અનૂકુળતા એટલે કે ચલાવી લેવાની નીતી ન રાખે,

➩ બાતિલ સામે નરમાશ ન રાખે,

➩ અને હકને કોઈ પણ કિંમતમાં વહેંચે નહિ.

➩ આજના સમયમાં કોઈ જલ્દીથી હક

વાત કહેતું નથી, એમ વિચારે છે કે જો હક વાત કહીશ તો તે નારાઝ થઇ જશે, અને લોકોને ખુશ કરવાના ચક્કરમાં અલ્લાહને નારાઝ કરી દે છે, જયારે કે આપણા સામે અલ્લાહની ખુશી અને નારાઝગી હોવી જોઈએ.

⇨ બીજી વસ્તુ હક વાત કહેવામાં લોકો ડરે છે જો કે ન ડરવું જોઈએ, ડર ફક્ત અલ્લાહથી હોવો જોઈએ, મરીને અલ્લાહને જવાબ દેવાનો છે, લોકો તો કાલે ભૂલી જશે,

⇨ ત્રીજી વસ્તુ જે બહુજ જરૂરી છે તે છે કે હકને કોઈ પણ કીમત અને લાલચમાં ન છોડવો જોઈએ, આજે અલગ અલગ રીતે લોકો હકને છોડી રહ્યા છે કોઈ શોહરત માટે, કોઈ કુર્સી માટે, વગેરે...

⇨ અલ્લાહના હુકમોને ફક્ત એ લોકો જ લાગુ કરી શકે છે જે કોઈ પણ લાલચ

રાખ્યા વગર હક બયાન કરે, આજના સમયમાં લોકો રિશવત લઈને હકની વાતને છુપાવે છે અને બાતિલની સાથે થઇ જાય છે, અને જે રિશવત લે છે તે કોઈ દિવસ હક વાત બયાન નથી કરી શકવાનો, અથવા જેના દિમાગમા ફક્ત પૈસા અને માલ હોય તે પણ કોઈ દિવસ હક બયાન નથી કરી શકતો, પછી તે કોઈ પણ હોદ્દા ઉપર હોય અથવા કોઈ પણ જગ્યા ઉપર હોય,

⇨ અહિયા આપણે એક હદીસ લાંચ અને રિશવત ઉપર બયાન કરીએ,

⇨ આપણા નબી (સ.અ.વ.) ફરમાવે છે કે રિશવત લેવાથી બચો કેમકે તે કાફિરની નિશાની છે, અને રિશવત લેવાવાળો કોઈ દિવસ જન્નતની ખુશ્બુ પણ નહિ સુંઘી શકે. (બેહારૂલ અનવાર, ભા.૧૦૧, પેજ.૨૭૪)

⇨ જે રિશવત લે છે તે માલ અને દોલતનો તાબેદાર હોય છે તેને હકથી કોઈ મતલબ નથી હોતો.

# હિકમત ૧૧૧

## મોહબ્બતનો અસર

➩ જયારે આપ સિફ્ફીનની જંગ કરીને પાછા કુફા આવ્યા ત્યારે સુહૈલ બિન હુનૈફ અન્સારીના મરણના સમાચાર મળ્યા જે ઈમામના એક ખાસ સહાબી હતા, ત્યારે આપ (અ.સ.) ફરમાવ્યું 'જો મારાથી પહાડ પણ મોહબ્બત કરશે તો તે ટુકડા ટુકડા થઈ જશે.'

➩ મતલબ એ છે કે અમારી મોહબ્બત એક સખ્ત કસોટી અને આજમાઈશ છે જે તકલીફોથી ભરેલી છે, જે ફક્ત મુત્તકી અને પરહેઝગારને નસીબ થાય છે (હદીસનો બીજો ભાગ ઈમામે બીજી એક જગ્યા ઉપર બયાન કરેલ છે)

➩ ઈમામ જયારે સિફ્ફીનની જંગ જીતીને કુફા આવ્યા ત્યારે ખબર પડી કે એક ખુબજ નજીકના સહાબીનો ઈન્તેકાલ

થયો છે ત્યારે ઈમામ (અ.સ.) ફરમાવે છે કે ધીમે ધીમે બધાજ સારા સહાબી અને મોહબ્બત રાખનાર લોકો આ ફાની દુનિયા છોડીને જઈ રહ્યા છે, જયારે કે તમામ લોકોને એકને એક દિવસ મરવાનું છે, કોઈ પણ આ ફાની દુનિયામાં બાકી નથી રહેવાનું.

⇨ જો કે અહિંયા જે ખાસ વાત તરફ ઈશારો એ છે કે જે પણ અમારાથી મોહબ્બત કરશે તેને પરેશાની અને તકલીફો આવશે, અને અમારાથી મોહબ્બત કરનાર ફક્ત એ લોકો છે જે મુત્તકી અને પરહેઝગાર છે.

# હિકમત ૧૧૨
# મોહબ્બતમાં ઈમ્તેહાન

⇨ જે કોઈ અમો અહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરે છે તે ગરીબીના વસ્ત્રો પહેરવા માટે તૈયાર થઈ જાય.

⇨ અહિંયા આ નુરાની કલામમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે, જે કોઈ અમારી સાથે મોહબ્બત કરે છે તે પોતાને તકલીફ માટે તૈયાર કરે, હા, આપણે જોઈએ છીએ તો પહેલાના જેટલા પણ લોકો મૌલા અલી (અ.સ.) અને બીજા ઈમામોથી મોહબ્બત કરતા હતા તેઓને કેવી કેવી મુસીબતો ઉઠાવવી પડી, ઈમામ (અ.સ.)થી મોહબ્બત કરવાવાળા પોતાની મોહબ્બતને જાહેર પણ ન કરી શકતા, જો ઝાલીમ રાજાઓને ખબર પડતી તો જેલમાં નાખી દેવામાં આવતા,

અથવા તેમની બય્તુલ માલમાંથી મદદ બંધ કરી દેતા, અથવા તેમની જાન લઈ લેવામાં આવતી (શિયાઓ ઉપર બની ઉમીય્યાના સમયમાં અને બની અબ્બાસના સમયમાં ખુબજ સખ્તી હતી) આ બધી વસ્તુને ધ્યાનમાં રાખીને ઈમામ (અ.સ.) ફરમાવે છે કે અમારી સાથે મોહબ્બત કરશો તો ભલે દુનિયામાં તમને આવી બધી પરેશાની ઉપાડવી પડે, જે થોડાક સમય માટે છે પણ આખેરતમાં જે હંમેશા રહેવાની જગ્યા છે ત્યાં તમને આરામ અને સુકુનવાળી સારામાં સારી જિંદગી મળશે.

⇨ અને બીજી વિગત આ હદીસની આ રીતે બયાન કરવામાં આવી છે કે જયારે તમે અમારાથી મોહબ્બત કરશો તો દુનિયામાં તમને ઘણી બધી વસ્તુઓ જે ગમતી હશે તો પણ તમો ફક્ત અમેના

પાડી અટેલે નહિ કરો, અને દુનિયાની લજ્જતને છોડીને અમારી જેમ સાદી જિંદગી ગુજારશો. અને અલ્લાહે જે વસ્તુ આપી તેમાં સંતોષ કરશો, સબ્ર કરશો અને આ દુનિયાની ટૂંકી જિંદગી માટે હરામ વસ્તુથી દુર રહેશો.

⇨ ટૂંકમાં મોહબ્બત કરનાર લોકોને આ પ્રકારના ઈમ્તેહાનની સખ્તી માટે તૈયાર રહેવું જોઈએ.

# હિકમત ૧૧૩

## સારા ગુણો

↳ અક્કલથી વધારે લાભદાયક બીજી કોઇ દૌલત નથી.

↳ ખુદપસંદી (પોતાને જ બહેતર સમજવા)થી વધીને બીજી કોઇ એકલતા ભયાનક નથી.

↳ તદબીર (યોજના) જેવી કોઇ અક્કલ નથી.

↳ પરહેજગારી જેવી કોઇ મહાનતા નથી.

↳ સારા વ્યવહાર જેવો કોઇ સાથી નથી.

↳ સારા સંસ્કાર (અદબ) જેવો કોઇ વારસો નથી.

↳ શંકાશીલ મામલાના સમયે રોકાય જવા જેવી કોઇ પરહેજગારી નથી.

↳ હરામથી બચવા જેવું કોઇ ઝોહદ નથી.

↳ ચિંતન-મનન જેવું કોઇ ઈલ્મ નથી.

↳ સબ્ર અને હયા (શરમ) જેવું કોઇ ઈમાન નથી (એટલે મુસીબત સમયે મળનાર સવાબને ધ્યાનમાં રાખી સબ્ર કરવું અને અલ્લાહ તઆલાની મહેરબાનીઓને ધ્યાનમાં રાખીને નાફરમાની વખતે શરમ કરવી કે આવા મહેરબાન અલ્લાહની નાફરમાની કેમ કરવી!)

↳ નમ્રતા જેવી કોઇ બુઝુર્ગી નથી.

↳ ઈલ્મ જેવી કોઇ શરાફત નથી.

↳ સહનશીલતા જેવી કોઇ ઈજ્જત નથી.

↳ સલાહ મશવેરા જેવો કોઇ મદદગાર નથી.

⇨ આ નુરાની કલામમાં ઈમામ (અ.સ.)એ ૧૮ વસ્તુ બયાન ફરમાવી છે અને આ બધીજ વસ્તુ લોકોના જિંદગીમાં

જરૂરી છે, માણસ તેના ઉપર અમલ કરીને સારો માણસ બની શકે છે, અને જો અમલ ન કરે તો તે એક એવો માણસ રહેશે જે અલ્લાહની તમામ નેએમતોથી ફાયદો ઉપાડવા છતાં અલ્લાહ, રસુલ અને ઈમામ (અ.સ.)ની વાત નથી માનતો.

⇨ અહિંયા ૧૮માંથી ૧૪ વસ્તુની વિગત બયાન કરવામાં આવે છે બીજી અમુક વસ્તુ આપણે પહેલા બયાન કરી ચૂકયા છીએ.

૧) અક્કલ કે જે ખુબજ અગત્યની વસ્તુ છે કે જે ફક્ત ઈન્સાન પાસે જ છે અલ્લાહની બીજી કોઈ પણ મખલુક પાસે ઈન્સાન જેવી અક્કલ નથી, આ એવી નેઅમત છે કે જેનો સરખી રીતે ઉપયોગ કરવામાં આવે તો તેનો ફાયદો થશે, જેમકે અગર કોઈના પિતાશ્રી પૈસાવાળા હતા અને તેમના મરણ પછી બધી દૌલત તેના

દીકરા પાસે આવી જાય અને જો દીકરો અક્કલથી કામ ન લે તો તેની બધીજ દૌલત ખત્મ થઈ જશે અને આવીજ રીતે જો કોઈ ગરીબ પરિવારમાંથી હોંશિયાર હોય અને તે પોતાની અક્કલનો સરખો ઉપયોગ કરે તો અમીર અને પૈસાવાળો બની જાય છે, અને એજ પ્રમાણે જો ઈલ્મ અને અખ્લાકમાં પણ લોકો આગળ આવે તો તે પોતાની દુનિયા અને આખેરત બંને સારી બનાવી શકે છે

૨) આ અક્કલ ત્યારે સરખી રીતે કામ કરે છે જયારે સરખી રીતે યોજના કરવામાં આવે, એટલે બધાજ કારણને સરખી રીતે સમજી વિચારીને યોજના સાથે આગળ વધે તો તેને ફાયદો થશે, અને કેવી રીતે વિચારવું એ આપણા છેલ્લા નબી (સ.અ.વ.) ફરમાવ્યુ છે: એક શખ્સ આપ (સ.અ.વ.) પાસે આવે છે અને કહે છે

મને કોઈ નસીહત કરો તો આપ હઝરત ત્રણ વખત તેને ફરમાવે છે કે જે હું તને નસીહત કરૂ તેના ઉપર અમલ કરીશ? તે સહાબી હા પાડે છે, ત્યારે રસુલ (સ.અ.વ.) ફરમાવે છે, કોઈપણ કામ કરવા પહેલા સરખી રીતે વિચારો, અને તેનું પરિણામ જોવો, જો તેનું પરિણામ સારૂં હોય અને તેમાં ફાયદો થતો હોય તો તે કામ અંજામ આપ, અને તેમાં ગુમરાહી હોય તો તેને છોડી દો. (કાફી, ભા.૮, પે.૧૫૦)

૩) તકવા ઈખ્તેયાર કરો, તકવા એટલે અલ્લાહના બધાજ હુકમને માનવા અને અલ્લાહની નાફરમાનીથી બચવું, પોતાને બધાજ ગુનાહથી બચાવીને રાખવું, અને કુરાને મજીદમાં આવ્યું છે કે બધાજ કરતા વધારે માનવંત (ઈઝ્ઝતવાળો) ઈન્સાન અલ્લાહની નઝરમાં એ છે કે જેની પાસે

વધારે તકવા હોય (સૂરએ હુજરાત, આ.૧૩)

૪) સારો અખ્લાક ઈન્સાન પાસે હોય તો તેના દોસ્ત વધારે હોય છે, અને જો અખ્લાક સારો ન હોય તો તેનો કોઈ દોસ્ત હોતો નથી, અને જેનો કોઈ દોસ્ત ન હોય તો તેની જિંદગી પણ સારી નથી હોતી.

૫) અદબ કે જેના વિશે આપણે ૫૪ નંબરની હિકમતમાં જાણી ચુક્યા છીએ અદબથી ઈન્સાનના વ્યવહાર અને કુટુંબની જાણકારી મળી જાય છે

૬) તોફીક જે બધાને નથી મળતી જેની માટે જરૂરી છે કે ઈન્સાન પોતાના દિલને સાફ રાખે, દુનિયામાં ઘણા બધા અરબ પતિ અને કરોડ પતિ લોકો છે જો કે તે કઈ સારા અને નેક કામ નથી કરતા જયારે કે તેમની પાસે પૈસા છે, પરંતુ અમુક લોકો પાસે ભલે પૈસા ઓછા હોય તો પણ તે

સારા અને નેક કાર્યમાં ખુબજ આગળ રહે છે, કેમકે તેનું દિલ સાફ હોય છે તથા નેક કામ માટે વધારે કોશિશો કરે છે તેથી જ તેને નેકીની તોફીક મળી છે. અને જ્યારે તોફીક મળે છે ત્યારે ઈન્સાન સારા કાર્ય વધારે કરે છે, જેમકે અલ્લાહની ઈબાદત કરે, લોકોની મદદ કરે, બધાજ નેક કામમાં આગળ આગળ રહે, વગેરે... અને એવા તોફીક નથી મળતી જે લોકો ગુનાહ કરે, ઝુલ્મ અને અત્યાચાર કરે, માં બાપને સતાવે, અને તેનું ધ્યાન ન રાખે, વગેરે... એવા લોકોને તોફીક નથી મળતી.

૭) સારો અમલ કે જેને ઈમામ વેપાર થકી સમજાવે છે, હા જે વેપારી હોય તે હંમેશા ભવિષ્ય માટે વિચારતો હોય છે, કે એવી કઈ વસ્તુ ખરીદુ કે જેથી વધારે ફાયદો થાય, તો સારા અને નેક કામ એ વેપાર છે જેથી તમને દુનિયા અને

આખેરતમાં ફાયદો થશે,

⇨ કુરાને મજીદ સૂરએ સફ આયાત ૧૦થી ૧૨માં વેપાર માટે બયાન કરે છે ‘‘અય ઈમામ વાળાઓ શું હું તમને એક એવા વેપાર વિશે જાણકારી ન આપું જે તમને ખતરનાક અઝાબથી બચાવે? તે અલ્લાહ તથા તેના રસુલ (સ.અ.વ.) ઉપર ઈમામ લાવવું અને રાહે ખુદામાં પોતાના માલ અને જાનથી જેહાદ કરવું છે, (કેમકે) આ તમારા હકમાં બહેતર છે જો તમે જાણો (અને આ રીતે જાન, માલથી જેહાદ કરશો તો) તમારા ગુનાહોને પણ બખ્શી આપશે, અને તમને એ જન્નતોમાં દાખલ કરશે જેની નીચે નહેરો જારી હશે અને પાકીઝા મકાનોમાં રાખશે અને આ મહાન કામ્યાબી છે.’’

૮) આ આઠમી વિગતનો જુમલો સાતમી વિગતને સરખી રીતે સમજાવે છે,

સવાબ તમારી માટે લાભકારક છે, અને સવાબ ક્યારે મળશે? જયારે આપણે નેક કામ કરશું, અલ્લાહના હુકમનું પાલન કરશું. લાભ બે પ્રકારના છે એક થોડાક સમય માટે અને બીજો હંમેશા માટેનો લાભ, તો સમજદાર ઈન્સાન હમેશા રહેવા વાળો લાભ લેવા માંગશે અને હમેશા વાળો લાભ જોઈતો હોય તો રાહે ખુદામાં દાન કરો અને અલ્લાહ, રસુલ (સ.અ.વ.) અને ઈમામ (અ.સ.)ની વાતો ઉપર અમલ કરો, પોતાની મરજી પ્રમાણે નહિ, બલ્કે જે અલ્લાહે હુકમ આપ્યો છે તે પ્રમાણે કરવું. અને કોઈ પણ એક નેકી કરીએ તો તેનો લાભ ૧૦ ઘણો, ૧૦૦ ઘણો, અથવા ૧૦૦૦ ઘણો હોય છે, જેવો અમલ જેવી નિય્યત એટલો સવાબ અને લાભ મળે છે.

૯) ઈલ્મ અને જ્ઞાન, વિચારવામાં છે,

અગર કોઈ પણ ઈન્સાન વિચાર્યા વગર આગળ વધે તો કંઈ ફાયદો નથી મળતો, આપણે અહિંયા જેટલી હદીસો બયાન કરીએ છીએ તેની ઉપર વિચાર કરવાની જરૂરત છે, ફક્ત વાંચવાની નથી બલ્કે જોવાનું છે કે આપણે આ હદીસ ઉપર કેટલો અમલ કરીએ છીએ જો આપણે આ બધીજ વસ્તુ વિચારશું નહિ તો કંઈ ફાયદો નહિ મળે, હદીસમાં આવ્યું છે કે વિચારવું તે પણ એક ઈબાદત છે.

૧૦)દસમી વિગત છે ઈબાદત, અને ઈબાદત એટલે વાજેબાતને અંજામ આપવું, અને હદીસમાં ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છે કે જો કોઈ પોતાના વાજેબાત ઉપર અમલ કરે તો તે મોટો આબિદ, ઈબાદત કરવાવાળો બંદો છે.

૧૧)શરમ અને લાજ ઈમાન છે, હા જેની

પાસે શરમ છે તેની પાસે ઈમાન છે અને જે બેશરમ છે તેની પાસે ઈમાન નથી, હદીસમાં ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે ઈમાન અને શરમ એક દોરીના બે ભાગ છે આ બંનેમાંથી કોઈ પણ એક વસ્તુ નહીં હોય તો બીજી વસ્તુ પણ નહિ રહે. (કાફી, ભા.૨, પે.૧૦૬)

⇨ અને હકીકત છે કે ઈન્સાન ઘણા બધા ગુનાહ એ માટે નથી કરતો કેમકે તેને શરમ આવે છે, તો જે સારો ઈન્સાન હોય તેની પાસે શરમ હોય છે અને જે સારો ઈન્સાન નથી હોતો તે શરમ વગરનો હોય છે.

૧૨) ઈન્સાનના સારા અખ્લાક ક્યારે હોય છે જયારે તેનામાં નમ્રતા હોય, ઘણા લોકો પાસે બધું હોવા છતાં વિનમ્રતા નથી હોતી, તેથી લોકોના વચમાં તેમની ઈઝ્ઝત નથી હોતી, લોકો તેનાથી નફરત કરે છે, અને એવા પણ લોકો હોય જેના

પાસે દુનિયાની સગવડો ન હોય, પરંતુ તેમના સારા અખ્લાકના લીધે લોકો ચાહતા હોય અને ઈઝ્ઝત આપતા હોય છે.

૧૩)ઈઝ્ઝત કયારે મળે છે જયારે તમારી પાસે ઈલ્મ હોય એટલે આ વિગતમાં ઈમામ અ. ઈલ્મનું મહત્વ બતાવે છે કે જેની પાસે ઈલ્મ હોય છે તેને ઈઝ્ઝત અને મોટાઈ મળે છે, અને જેની પાસે ઈલ્મ નથી હોતું તેની કાંઇ ઈજ્જત નથી હોતી, અને જેની પાસે ઈલ્મ હોય છે તેની પાસે બાદશાહો અને લીડરને પણ આવવું પડે છે અને તેમની પાસે શીખવું પડે છે.

૧૪)આગળ વધવા માટે સલાહ લેવાનું ઘણું મહત્વ છે, ઘણી વખત આપણી અક્કલ ન પહોંચતી હોય, પરંતુ જયારે આપણે બીજા પાસેથી સલાહ સૂચન લઈએ તો તેનાથી મકસદ પૂરો થઇ જાય

છે, આપણને સમજમાં એ વસ્તુ ન આવે મગર બીજા જે સારા અને અકલમંદ હોય તેને ખબર પડતી હોય તો તેની સલાહ લેવાથી ફાયદો થાય છે, અને આપણે હિકમત નંબર ૫જમાં સલાહ–મશવેરા વિશે બયાન કરેલ છે વધુ વિગત માટે ૫જ નંબરની હિકમતમાં રજુ કરે.

# હિકમત ૧૧૪

## સારો અને ખરાબ વિચાર

⇨ જ્યારે એવો સમય હોય કે લોકોમાં નેકીનું ચલન હોય ત્યારે કોઇ એવા ઇન્સાન પ્રત્યે બદગુમાની રાખવી -જેનાથી કોઈપણ પ્રકારની ખરાબી જાહેર ન થઇ હોય- તેના ઉપર ઝુલ્મ કર્યો ગણાશે જ્યારે સમય એવો હોય કે લોકોમાં ફસાદ/બુરાઈનું ચલન હોય ત્યારે કોઇ ઇન્સાન પ્રત્યે નેકગુમાન રાખવું, પોતાને છેતરવા સમાન છે.

⇨ ઈસ્લામમાં હુસ્નેઝન (લોકો માટે સારૂ વિચારવું) અને સુએઝન (લોકો માટે ખરાબ વિચારવું)નું ખુબજ વધારે મહત્વ બતાવ્યું છે, અને આ વિષય ઉપર ઘણી બધી આયતો અને હદીસો છે.

⇨ અહિંયા ઈમામ (અ.સ.) બયાન કરે છે કે જયારે લોકો સારી રીતે રહેતા હોય

અને સમય પણ તેની સાથે હોય તો કોઈને ખરાબ ન સમજવું, જો તમે તેને ખરાબ કહેશો તો તેને ગુનહગાર નહિ સમજવામાં આવે, બલ્કે તમે ગુનેહગાર ઠહેરાશો, અને તમે તેના ઉપર ઝુલ્મ કર્યો કહેવાશે, અને જો કોઈ દુનિયા અને દુનિયાના લોકોમાં ખરાબ હોય અને કોઈ બીજા ઈન્સાનને સારો સમજે તેણે પોતાને જ છેતર્યો ગણાશે.

⇨ અહિયા હુસ્નેઝન કોને કેહવાય તે કુરાનથી સમજીએ

⇨ સુરે હુજુરાત આયત ૧૨ માં અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે (અય લોકો કે જે ઈમાન લાવ્યા છો વધારે પડતા ગુમાનથી બચો કેમકે તેમાં અમુક ગુનાહ છે)

⇨ એટલે મુસલમાન માટે હમેશા સારૂં વિચારો, ખોટા વિચાર ન લાવો.

⇨ એક હદીસમાં ઈમામે જાફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે જયારે કોઈ એક ઈમાનદાર બીજા ઈમાનદાર ભાઈની ઉપર તોહમત લગાડે છે ત્યારે તેના દિલમાંથી ઈમાન એવી રીતે ખતમ થઈ જાય છે જેવી રીતે નમકને પાણી નાખવાથી નમક ખતમ થઈ જાય છે, એટલે કોઈની ઉપર ઈલ્ઝામ તોહમત અને આરોપ/આક્ષેપ નાખવા પહેલા વિચારવાનું કે આપણા લીધે તેને કેટલું મોટું નુકસાન પહોંચી શકે છે, જયારે કે તે ફક્ત એક ઈલ્ઝામ છે જેમાં કોઈ હકીકત નથી.

# હિકમત ૧૧૫

## હાલ ચાલ પૂછવાનો જવાબ

⇨ એક શખ્સ આપને તબિયત વિશે પૂછે છે? તો આપ (અ.સ.)એ ફરમાવ્યું: તેના હાલ કેવા હોય જેનું બાકી રહેવું પણ આ ખતમ થવાવાળી દુનિયા સાથે ખતમ થવા તરફ આગળ વધી રહ્યું છે, અને તંદુરસ્તી સાથે બીમારી તરફ આગળ વધી રહ્યો છે, અને તે જે ઘરમાં સલામતી રહે છે તેમાંથી એક દિવસ ઉઠાવી લેવામાં આવશે (એટલે કે એક દિવસ મોત આવી જશે)

⇨ ઈમામ (અ.સ.) અહિંયા આ નુરાની કલામમાં ત્રણ વસ્તુ ફરમાવે છે

૧) જે લોકો અહિંયા બાકી રહેવા માંગે છે તેને સમજાવે છે કે આ ફાની અને ખતમ થવાવાળી દુનિયા છે, ઈન્સાન કેટલું પણ જીવે એક દિવસ તેને આ દુનિયા છોડીને જવાનું છે, જેમ જેમ આગળ વધે છે તેની

જિંદગી ઓછી થતી જાય છે, પણ ઈન્સાન આ વાત ભૂલી જાય છે કે આ દુનિયા ફાની છે, અને દુનિયાની કોઈ પણ વસ્તુ તેની સાથે નથી આવવાની, ઘર, ગાડી, દૌલત બધુજ અહિંયા રહી જવાનું છે, આપણે તો મરીને જવાબ દેવાનો છે કે આ બધી વસ્તુને કેવી રીતે ઈસ્તેમાલ કરી? અમલ સારા હશે તે કામ આવશે, અગર કોઈને ઘર અપાવી દીધું હશે તો તે ઘર કામ આવશે, અગર કોઈ જગ્યા ઉપર મસ્જિદ બનાવી દીધી છે તો તે કામ આવશે. ટૂંકમાં જે બીજાના ફાયદા માટે ખર્ચ કર્યું હશે તે કામ આવશે.

૨) અત્યારે તંદુરસ્તી છે પણ પછી બીમારી આવવાની છે, કેવી રીતે ઈન્સાન તંદુરસ્તી હોવા છતાં બીમાર થઈ જાય છે? ઈન્સાન જયારે તંદુરસ્ત હોય ત્યારે કામ કાજ સારૂં હોય છે અને સરખી રીતે

કામ કરે છે, પરંતુ જયારે ધીમે ધીમે તે બુઝુર્ગી તરફ વધે છે એટલે તે કામ કરવાનું બંધ કરી દે છે, એટલે બદનની સિસ્ટમ જે પહેલા કામ કરતી હતી તે ધીમે ધીમે સુસ્ત થવા લાગે છે અને બદન કમજોર થઈ જાય છે, અને તે બીમારી તરફ આગળ વધવા લાગે છે.

3) લોકો એમ સમજે છે કે આરામ અહિંયા જ છે જયારે કે મોત આવવાની છે અને આમાલ સારા હશે તો મોત પછીની જિંદગીમાં આરામ મળવાનો છે, અહિંયાનો આરામ આરામ નથી. બદન સારી રીતે ચાલે છે તો આપણે એમ સમજીએ છીએ કે બધું સારૂં છે, મગર અચાનક આપણા શરીરની એક નસ કામ કરવાનું બંધ કરી દે છે અને ઈન્સાન મરી જાય છે, કુરાન મજીદની આયતમાં બયાન કરવામાં આવ્યું છે કે તમે કોઈ પણ

જ્યાએ હશો મોત તમારી પાસે આવી જશે પછી ભલે તમે મજબૂત કિલ્લામાં જ કેમ છુપાય ન જાવ. (સૂરએ નીસા, આ.૭૮)

# હિકમત ૧૧૬
# બલા અને ઈમ્તેહાન

⇨ કેટલાક લોકો એવા છે જેઓને નેઅમતો આપીને ધીમે ધીમે અઝાબ તરફ ધકેલવામાં આવી રહ્યા છે, અને અમુક લોકો એવા છે જેઓના ગુનાહો અલ્લાહે છુપાવ્યા તો તેઓ ધોકામાં રહી ગયા, અને અમુક પોતાના વિશે સારી વાતો સાંભળીને છેતરાય ગયા, અને અલ્લાહે કોઈપણની મોહલત આપવા કરતા વધારે મોટી પરીક્ષા નથી લીધી.

⇨ આ નુરાની કલામમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે અમુક વખત એવું થાય છે કે જયારે ઈન્સાન પાસે નેઅમતો વધવા લાગે છે તો તે અલ્લાહને ભૂલી જાય છે અને ઘમંડ અને તકબ્બુર કરવા લાગે છે, અને લોકો પણ તેની વાહ વાહ કરતા હોય છે પણ અલ્લાહે તેને મોહલત

આપી હોય છે, અને અલ્લાહ તેની પરીક્ષા લેતો હોય છે કે આ ઈન્સાન શું શું કરે છે? શું આ નેઅમતો મળવા પછી ગુનાહ કરે છે કે નહિ? અગર ગુનાહ કરે છે તો આ નેઅમતો તેના અઝાબનું કારણ બની જાય છે, તો અહિંયા આપણા પાસે વધારે નેઅમત આવી જાય ત્યારે અલ્લાહને ભૂલી ન જવું, બલ્કે અલ્લાહને હમેશા નજરમાં રાખીને અમલ કરવા જોઈએ.

⇨ કુરાને મજીદમાં પણ આ વસ્તુનો ઝિક્ર થયો છે સુરે અન્આમ આયત ૪૪માં અલ્લાહ તઆલા ફરમાવે છે ''જયારે તમે નસીહતોને ભૂલી ગયા જે યાદ અપાવવામાં આવી હતી ત્યારે અમે તેની પરીક્ષા લીધી અને બધીજ વસ્તુના દરવાજા ખોલી દીધા અને જયારે તેઓ નેઅમતોથી ખુશ થઈ ગયા તો અમે અચાનક તેઓને પકડમાં લઈ લીધા અને

તેઓ નિરાશ થઈ ગયા.’’

⇨ અને બીજી વસ્તુ એ બયાન કરવામાં આવી છે કે અલ્લાહ તેઓના ગુનાહોને છુપાવીને રાખે છે કેમકે અલ્લાહ સત્તારુલ ઓયુંબ છે એટલે કે લોકોના ઐબને છુપાવનાર, જયારે ઈન્સાન ખુબજ વધારે ગુનાહ કરવા લાગે છે અને તોબા નથી કરતો અને હક તરફ ન આવે તો અલ્લાહ તે પડદાને તેના ઉપરથી હટાવી લે છે જયારે કે તે ઘમંડમાં ડૂબેલો હોય છે, અને તે નથી જાણતો કે ગુનાહો તરફ આગળ વધી રહ્યો છે. ત્યાર પછી તે હદને પાર કરે છે લોકોના સામે તેની હકીકત જાહેર થઈ જાય છે, છેવટે તે પોતાના કરતુતોના લીધે લોકોમાં બદનામ થઈ જાય છે.

⇨ અને કયારેક કયારેક તો શૈતાનની છેતરપિંડીમાં આવી જાય છે અને કહે છે જો હું ગુનાહ કરૂં છું તો પણ અલ્લાહ મને

નેઅમતો આપે છે, એનો મતલબ અલ્લાહ મારાથી નારાજ નથી, જયારે કે આ વાત તેના દિમાગમાં શૈતાને નાખી હોય છે અને તે અલ્લાહની નાફરમાની કરવા લાગે છે, અને અલ્લાહથી દુર થઈ જાય છે, તે શૈતાનના બેહકાવવામાં આવી ગયો હોય છે.

⇨ તો કોઈપણ દિવસ ઘમંડ કરવો નહિ, કારૂનનું નામ તો સાંભળ્યું છે તેના પાસે કેટલી બધી દૌલત હતી, બધીજ વસ્તુ તે બનાવી હતી, ગુરૂર અને ઘમંડમાં રહ્યો, બધીજ વસ્તુ મારી પાસે છે મને હવે કઈ નહિ થાય, પણ અચાનક અઝાબે ઈલાહી તેની ઉપર નાઝિલ થયો અને બધીજ વસ્તુ ખતમ...

# હિકમત ૧૧૭

## દોસ્ત અને દુશ્મન

⇨ મારા વિશે બે પ્રકારના લોકો ગુમરાહ થઈ ગયા, એ દોસ્ત કે જે દોસ્તીમાં ખુબજ આગળ વધીને હદ પાર કરી જાય છે (ગુલુ કરે છે) અને એ દુશ્મન જે દુશ્મનીમાં ખુબજ આગળ વધીને હદ પાર કરી હઠીલો બની જાય છે.

⇨ આ હદીસમાં ઈમામ (અ.સ.) બે ગ્રુપ તરફ ઈશારો કરે છે, જેઓ આજના ઝમાનામાં પણ છે અને ઈમામ (અ.સ.)ના ઝમાનામાં પણ હતા.

⇨ ઈમામ (અ.સ.) ફરમાવે છેઃ મારા સબંધમાં બે પ્રકારના લોકો હલાક થઈ જશે, હલાક એટલે દુનિયા અને આખેરત બંનેમાં બરબાદ થઈ જશે,

⇨ એક જે દોસ્તીમાં મારી ફઝીલતને અલ્લાહ જેવી બયાન કરીને ગુલુ કરે છે.

⇨ બીજા જે મારા સાથે દુશ્મનીમાં મારી ફઝીલતને ઓછી સમજે છે અને તેને છુપાવે છે.

૧) ગુલુ કરવાવાળા, ફઝીલતની જે હદ છે તેને પાર કરવાવાળા, જેઓ મૌલા અલી (અ.સ.)ને ખુદા બતાવે છે, અથવા એમ કહે છે કે ખુદાનું કામ મૌલા અલી (અ.સ.) કરે છે, આ લોકો ઈમામ (અ.સ.)ના સમયમાં પણ હતા, ઈમામને જયારે જાણ થઈ ત્યારે ઈમામ તે લોકોને બોલાવીને સમજાવે છે અને આ રીતે બયાન કરવાની મનાઈ કરી અને તોબા કરવાનું કહે છે, તો પણ આ લોકો ઈમામની વાત માનતા નથી, અને પોતાની વાત ઉપર અડગ રહે છે, ત્યારે ઈમામ (અ.સ.) તેમને મોતની સઝા આપે છે, અને તેઓને કતલ કરવામાં આવે છે. અત્યારના સમયમાં પણ અમુક લોકો

પોતાની તકરીરમાં અને પોતાના શેર શાયરીમાં ગુલુ કરે છે, તે લોકો યા તો જાણતા નથી અથવા જાણી જોઈને આવી વાતો કરે છે, જે પોતે તો ગુમરાહ છે સાથે સાથે બીજાઓને પણ ગુમરાહ કરે છે, આ પ્રમાણે તે ઈમામને નારાઝ કરે છે, અને પોતાની આખેરત પણ બરબાદ કરે છે, આવા લોકોને બોલાવનાર અને મિમ્બર ઉપર બેસાડનાર અને પઢાવનાર પણ ગુનાહમાં શામીલ થાય છે, તો આપણે બેદાર થઈએ અને આવા લોકોથી પોતાને બચાવીએ.

૨) એ લોકો છે જે ઈમામની દુશ્મનીમાં ઈમામની ફઝીલતને ઘટાડે છે તેમના દિલમાં ઈમામ માટે નફરત અને કીનો હોય છે, જેના લીધે ઈમામ (અ.સ.)ની ફઝીલત બયાન કરવાથી રોકે છે, આ પ્રકારના લોકો પણ ઈમામ (અ.સ.)ના ઝમાનામાં હતા



અનુક્રમણિકા

જેને ખવારીજ કહેવાય છે, જે એ સમયમાં વાજેબુલ કતલ હતા, અને આજના સમયમાં પણ છે, જેને નાસેબી કહેવાય છે જેઓ ખુલ્લે આમ ઈમામ (અ.સ.)ની બુરાઈ કરે છે, બુરૂ બોલે છે આ લોકો પણ હલાક થઈ ગયા.

⇨ મૌલા અલી (અ.સ.)ની મોહબ્બત જરૂરીયાતે દીનમાંથી છે, અગર કોઈ નમાઝ, રોઝા, હજ કરે અને હજ કરતા કરતા શહીદ થઈ જાય, પરંતુ તેના દિલમાં મૌલા અલી (અ.સ.)ની મોહબ્બત ન હોય તો તે જન્નતની ખુશ્બુ પણ નહિ સુંઘી શકે.

⇨ આ હદીસ સમજાવે છે કે ઈમામ (અ.સ.)ની મોહબ્બત એવી જરૂરિયાતે દીનમાંથી છે કે જેના વગર દીન અધૂરો છે.

⇨ આ બંને પ્રકારના લોકો આજના

સમયમાં છે અને દુશ્મન આ બંને ગ્રુપ ઉપર કામ કરી રહ્યો છે તો આપણા ઈમાનને બચાવવા માટે જેવી રીતે ઈમામે ફરમાવ્યું તે રીતે જિંદગી ગુજારીને ઈમાનની હિફાઝત કરીએ, અને દુશ્મને અહલેબૈત (અ.મુ.સ.)ના વસવસાથી બચીને રહીએ...

# હિકમત ૧૧૮
# સમયની કિંમત

⇨ ફુરસતના સમયને ગુમાવી દેવું અફસોસનું કારણ બને છે (એટલે કે સમયનો ઉપયાગ કરો).

⇨ ઈમામ અલી (અ.સ.) એક બીજી હદીસમાં ફરમાવે છે, સમય વાદળાની જેમ જલ્દી જલ્દી પસાર થઈ જાય છે, તો તેનું મહત્વ સમજો,

⇨ અગર સમય ચાલ્યો ગયો તો પસ્તાવવું પડશે, સમય એક વખત આવે છે એ ફરી વખત પાછો નથી આવતો, ચાહે થોડોક સમય હોય યા વધારે, જો તેનો સદઉપયોગ નહી કરો તો પછી પસ્તાવવું પડશે, પછી અફસોસ કરવાનો કોઈ ફાયદો નહીં થાય.

⇨ જિંદગીમાં જે લોકો પોતાના સમયને સારી રીતે વાપરીને અલગ અલગ વસ્તુ

શીખે, અથવા પોતાના કામ કાજમાં વાપરે, તેને ઘડપણમાં પસ્તાવો નથી થતો, આ બધીજ વસ્તુ માટે અત્યારે સમય છે તો તેનો સરખી રીતે ઉપયોગ કરીને જિંદગીને સારી રીતે આગળ વધારવાની જરૂરત છે, નહિ તો પછી અફસોસ કરવો પડશે.

⇨ અને આખેરતની કામ્યાબી પણ આપણે દુનિયા થકીજ હાંસિલ કરી શકીએ છે, એટલે દુનિયામાં રહીને સમયસર અલ્લાહ અને બંદાઓના હક્કો અદા કરવા, જેમ કે નમાઝનો સમય આવે એટલે બધીજ વસ્તુ મૂકીને નમાઝ પઢી લેવી, વગેરે... આવીજ રીતે આખેરતને કમાવવા માટે અલ્લાહે આપણને બધીજ વસ્તુઓ આપી છે તો તેનો ઉપયોગ કરીએ, નહિ તો મર્યા પછી ફરિયાદ કરતા રહી જશું, યા અલ્લાહ અમને એક સજદો કરવા માટે

ફરીથી દુનિયામાં મોકલ અને અલ્લાહ તરફથી મનાઈ કરવામાં આવશે, અને કહેશે મને ખબર છે તું દુનિયામાં જઈને પાછો મને ભૂલી જઈશ અને સજદો નહિ કરે,

⇨ ઈમામ અલી (અ.સ.) હદીસમાં આ સમયને ખુબજ સરસ રીતે સમજાવે છે : અય લોકો હમણાજ અને હમણાજ (સમય જાય તેની પહેલા જલ્દી કરો) નહિ તો પસ્તાશો (કુરાન મજીદમાં આવ્યું છે) ત્યારે અમુક લોકો કહેશે અમને અમારી જાત ઉપર અફસોસ થાય છે કે અમે અલ્લાહની ઈતાઅત અને ફરમાબદારીમાં આળસ કરી. (મીઝાનુલ હિકમત, હ.૧૫૭૯૧)

# હિકમત ૧૧૯
# દુનિયાની મિસાલ

⇨ દુનિયાની મિસાલ સાંપ જેવી છે જેને હાથ લગાડીએ તો ખુબજ મુલાયમ હોય છે, પણ તેની અંદર ખતરનાક ઝેર હોય છે, ધોકો ખાધેલા જાહિલ લોકો તેના તરફ આગળ વધે છે, અને સમજદાર લોકો તેનાથી બચીને રહે છે.

⇨ સમજદાર ઈન્સાનનું કામ છે કે આગળ શું થવાનું છે તેના વિશે વિચારે, ખાલી ઉપર ઉપરની વસ્તુ જોઈને ધોકો નથી ખાતો, જેમ સાંપ ઉપરથી તો ખુબસુરત અને નરમ હોય છે, પરંતુ તેની અંદર ઘાતક ઝેર હોય છે, જયારે કોઈ તેને અડવા જાય તો તેને નુકસાન પહોંચાડે છે.

⇨ એવીજ રીતે આ દુનિયા ઉપરથી તો સારી દેખાય છે.

⇨ ખુબસુરત લાગે છે, પરંતુ જયારે તેના નજીક જઈએ તો ખબર પડે છે કે હરામ અને ગુનાહવાળી વસ્તુ વધારે છે, જે આજે નહિ તો કાલે કયામતના દિવસે નુકસાન પહોંચાડશે, દુનિયાની પણ બે હાલત છે, એક જાહેર એટલે કે ઉપરથી અલગ દેખાય છે, અને બીજી બાતિન એટલે કે અંદરથી કઈક અલગ હોય છે.

⇨ સોનું, ચાંદી, મહેલ, અલગ અલગ સ્વાદીષ્ટ ખોરાક અને આરામવાળી જિંદગી આ બધીજ વસ્તુ જેની પાસે હોય, તેમના વિશે લોકો એમ સમજે છે કે આ બધીજ વસ્તુના લીધે આરામની જિંદગી જીવે છે, પરંતુ એવું નથી, કેટલાય એવા માલદાર છે જેની પાસે પૈસા રાખવાની જગ્યા નથી એટલા બધા પૈસા હોય છે, તે છતાં તેમને આરામ અને સુકુન નથી હોતું.

⇨ શા માટે નથી? તેનો જવાબ અલ્લાહ તઆલા કુરાને મજીદમાં ફરમાવે છે "અલ્લાહના ઝિક્ર સિવાય બીજી કોઈ વસ્તુ તમને આરામ નથી પહોંચાડી શકતી" તો જેમની જિંદગીમાં દુનિયા હોય અને અલ્લાહ ન હોય તો તેની પાસે કંઈ નથી, એટલે હકીકતમાં તે અલ્લાહથી દુર છે, અને જે માણસ અલ્લાહથી દૂર થઈ જશે તો ચોક્કસ ગુનાહમાં ડુબી જશે.

⇨ જો દુનિયા સાથે સાથે અલ્લાહની માઅરેફત/ઓળખાણ, અલ્લાહની ઈતાઅત, ગુનાહોથી દુરી, આ બધીજ વસ્તુ હશે તો આ સાંપનું ઝેર કાઢીને સાંપને પોતાના કબ્જામાં લઈ લીધો છે.

⇨ અંતમાં એક હદીસ જે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવી છે તેની ઉપર રોશની નાખીએ: આ દુનિયામાં પહેલેથી લઈને છેલ્લે સુધી જેટલા પણ





www.hajinaji.com

લોકો છે તે બધા કયામતના દિવસે એમ કહેતા હશે, કે અય કાશ! અમને દુનિયામાં જેટલી વસ્તુની જરૂરત હતી એટલી જ વસ્તુ મળી હોત તો. (બેહારૂલ અનવાર, ભા.૭૪, પે.૫૪)

# હિકમત ૧૨૦
# કુરૈશ કબીલાની ખાસિયત (ખાસ સિફતો)

⇨ આપને કુરૈશના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું: બની મખઝૂમ કુરૈશના મહેકતા ફૂલ છે તેઓથી વાતચીત કરવી સારી લાગે છે, અને તેઓની સ્ત્રીઓની સાથે લોકોને રીશ્તો મોકલવું પણ ગમે છે, અને બની અબ્દે શમ્સ તેઓ ખુબજ દુરનું વિચારે છે અને પોતાની પીઠ પાછળ થતી વાતોને પણ રોકે છે, પરંતુ અમે બની હાશિમ પોતાના હાથથી દૌલત અને માલ દાન કરીએ છીએ અને મોતના મૈદાનમાં જાન દેવા વાળા છીએ, તે લોકો સંખ્યામાં વધારે, પરંતુ ધોકાધડીમાં આગળ અને અણગમતા હોય છે, અમે લોકો ફસીહ (ચોખ્ખી વાત કરનાર) છીએ અને લોકોની

ભલાઈ ચાહીએ છીએ, અને ખાલિસ નિય્યતથી કામ કરીએ છીએ અને સાથે અમે લોકો ખુબસુરત છીએ.

⇨ આ નુરાની કલામને ઈમામ (અ.સ.) એ સમયે ફરમાવ્યો જયારે એક સહાબીએ કુરૈશના કબીલાઓ વિશે પૂછ્યું? તો ઈમામ (અ.સ.) તે ઈન્સાનના જવાબમાં, જે કુરૈશના ત્રણ પ્રખ્યાત કબીલા હતા તેના વિશે ફરમાવે છે (બની મખઝૂમ, બની અબ્દે શમ્સ, અને બની હાશિમ) તેમની જે જિસ્માની અને રૂહાની તાકત હતી તેના વિશે ઉલ્લેખ ફરમાવે છે, અને ઈમામે નાના એવા કલામમાં બધીજ જાણકારી બયાન કરી આપી.

⇨ બની મખઝૂમ એ મહેકતા ફૂલોવાળો કબીલો છે જેમના સાથે લોકોને વાતો કરવી ગમે છે, અને તેઓની ઔરતો સાથે શાદી કરવી સારૂં લાગે છે.

⇨ બની અબ્દે શમ્સનો કબીલો કંજૂસ છે,

⇨ અને બની હાશિમ કે જે એક ખુબજ સારો અને પોતાની જાન કુરબાન કરવાવાળો, દાન કરવાવાળો, ઈસ્લામની શરૂઆતથી જોઈએ તો બધીજ જગ્યા હઝરત અબુ તાલિબ (અ.સ.)ના કુટુંબવાળા આગળ આગળ હતા, ઈસ્લામ ઉપર પોતાની તન, મન અને ધનથી કુરબાની આપનાર ઔલાદે અબુતાલિબ (અ.સ.) જ આગળ જોવા મળે છે.

⇨ ટૂંકમાં કહીએ કે લોકોનું વધારે કે ઓછું હોવું મહત્વ નથી, જેમાં સારી ખૂબીઓ હોય તે ફઝીલતવાળો અને એહતેરામનો હકદાર છે.

# હિકમત ૧૨૧

## બે પ્રકારના અમલ

⇨ બે પ્રકારના અમલમાં કેટલું અંતર છે? એ અમલ જેની મઝા ખતમ થઈ જાય અને સઝા બાકી રહે, અને એ અમલ જેની મહેનત ખતમ થઈ જાય અને સવાબ બાકી રહે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં એ બે અમલ વિશે બયાન ફરમાવ્યુ છે કે જેનો બદલો મળીને રહેશે, સારા અમલનો સારો અને બુરા અમલનો ખરાબ બદલો, સારો હશે તો અલ્લાહ રાઝી થશે અને જો ખરાબ હશે તો અલ્લાહ નારાઝ થાશે.

⇨ જયારે બંદો ગુનાહ કરે છે તો તેની મઝા પાંચ, દસ મિનિટ એક બે દિવસ માટે કે તેથી વધુ હોય છે, પરંતું સઝા જોઈએ તો મરવા પછી એક ગુનાહના



અનુક્રમણિકા

www.hajinaji.com

બદલે હઝારો વરસ અઝાબમાં રહેવું પડશે, વિચાર તો કરીએ કે થોડીક મઝા માટે કેટલી લાંબી સઝા ખરીદી લીધી, શું આવા કામ કરવા યોગ્ય કહેવાય?! અને તેની સૌથી મોટી સઝા એ પણ છે કે તેનાથી અલ્લાહનારાઝ થાય છે, જિંદગીમાં એવું કામ કરવું જોઈએ કે જેમા મહેનત ભલે થોડીક વધારે કરવી પડે, પરંતુ તેનો સવાબ ખુબજ વધારે અને લાંબા સમય સુધી મળતો રહે, અને અલ્લાહ પણ રાઝી રહે.

⇨ બની શકે છે ગુનાહથી ઈન્સાનને થોડાક સમય માટે મઝા આવે, પરંતુ તેમાં શરીર અને રૂહ બંનેને નુકસાન પહોંચે છે, એવું નથી કે ગુનાહથી ફક્ત આખેરતમાં નુકસાન થાય, બલ્કે ઘણી વખત દુનિયામાં પણ સઝા ભોગવવી પડે છે, દા.ત. અગર કોઈ સગાંવહાલાં સાથે રિશ્તો તોડે તો દુનિયાની સઝા એ છે કે જિંદગી

ટૂંકી થાય છે, રોઝીમાંથી બરકત ખતમ તેમજ બલાઓ ઘેરી લે છે...

⇨ અલ્લાહની નફરમાંની કરીને દુનિયા અને આખેરત બંનેમાં પોતાનું નુકસાન ઉઠાવે છે, દા. ત. દારૂ પીવું હરામ છે તો એમાં શરીર અને રૂહ બંને માટે નુકસાન છે, દારૂ પીવાથી શરીરને ઘણું નુકસાન પહોંચે છે, લીવર ખરાબ થાય અને બીજી ઘણા નુકસાન... અને અલ્લાહની વાત ન માની તે રૂહાની નુકસાન.

⇨ યાદ રાખવું જોઈએ કે જે પણ કામ કરશું તેનો બદલો તો મળવાનો છે સારૂં કરશું તો સારો બદલો અને ખરાબ કરશું તો ખરાબ બદલો.

⇨ કુરાને મજીદના સુરે નહલ આયત નં.૧૭માં આવ્યું છે કે જે પણ વસ્તુ તમારી પાસે છે તે ખત્મ થવાની છે, અને જે અલ્લાહ પાસે છે તે બાકી રહેવાની છે.

⇨ હવે જે પણ કામ અલ્લાહની ખુશી માટે કરશું તે અલ્લાહ પાસે રહેશે, નમાઝ પઢવામાં થોડીક મહેનત છે, સવારે વહેલા ઉઠવું પડે છે, પરંતુ તેમાં સવાબ છે, અને ખુદાની ખુશી સમાયેલી છે, અને અહિંયા આ દુનિયામાં પણ ફાયદો પહોંચાડે છે, એક ફાયદો સવારના ઉઠવાનો એ છે કે આપણા શરીરમાં લોહીનું બધી બાજુ પહોંચવું જરૂરી છે, અને ઈન્સાન જયારે સવારે નમાઝ પઢે છે ત્યારે તે ખુન તેના શરીરના બધી બાજુ ફરતું થઈ જાય છે, આ રીતે અલ્લાહની ઈતાઅત આપણને દુનિયા અને આખેરતમાં ફાયદો પહોંચાડે છે.

# હિકમત ૧૨૨

## જનાઝા સાથે ચાલવું

⇨ આપ (અ.સ.)એ એક જનાઝામાં ભાગ લીધો, ત્યાં એક માણસને હસતો જોયો તો આપે ફરમાવ્યું: એવું લાગે છે કે મોત ફકત બીજાઓને આવશે અને આપણને નહી આવે, એવું લાગે છે કે (મોતનો) હક અદા કરવો ફકત બીજાઓ માટે જરૂરી છે, એવું લાગે છે કે જે મરનારાઓને આપણે જોઈ રહ્યા છે તે ફક્ત મુસાફર છે અને તે પાછા આવશે, અહિયા આપણે મરનારને કબરમાં ઉતારીએ છીએ અને પછી તેની છોડેલી મિલ્કતમાં ભાગલા પાડવા લાગીએ છીએ, જાણે કે તેમના પછી આપણને હંમેશા રહેવાનું છે, બીજું એ પણ છે કે આપણે દરેક નસીહત કરનારને ભૂલાવી દીધા છે ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી, જેથી દરેક

મુસીબતો આપણા ઉપર આવે છે.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં, લોકોને જગાડે છે, કે એવું નથી કે મોત ફક્ત બીજાઓને આવશે અને આપણને નહી આવે, ના એવું નથી, બલ્કે એક દિવસ આપણને પણ આવશે, અને બીજી વસ્તુ કે કોઈના જનાઝામાં હસવું સારી વસ્તુ નથી, જે હસે છે શું તે એમ સમજે કે મોત ફક્ત બીજા માટે છે?!

⇨ અને પછી જે કહેવામાં આવ્યું તે હક વિશે છે અને અહિંયા હક એટલે અલ્લાહના હુકમ મુજબ અમલ કરવું, અને અલ્લાહના હુકમ ઉપર ચાલવું બધા ઉપર વાજિબ છે, અને કોઈ પણ તેમાં બાકાત નથી.

⇨ મોત બધા માટે છે આજે આ ભાઈને, તો કાલે બીજો કોઈ ભાઈને, એકને એક દિવસ આપણો નંબર આવશે, મોતથી

કોઈ પણ બચી શકવાનું નથી, આપણે આ દુનિયામાં મુસાફર છીએ, પરતું અમુક લોકો એમ સમજે છે કે આપણે અહિંયા જ હંમેશા માટે રહેવાનું છે જયારે કે આપણે દરરોજ જોઈએ છે કે અમીર હોય કે ગરીબ, બધાયને એક જ પ્રકારનું કફન પહેરાવવામાં આવે છે, એક જ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે છે, અને ત્યાં બધાની કબર પણ સરખી છે, કબર પાંચ યા છ ફૂટની હોય છે પછી ભલે દુનિયામાં તેની પાસે કઈ હોય કે ન હોય, કબરમાં બધાને એક જ જેવી જગ્યા મળે છે, પછી એ અલગ વાત છે કે કબરની અંદર સહુલત અલગ અલગ હોય છે, જેવા જેના આમાલ!

⇨ કબરમાં જવાવાળો, જે માલ ભેગો કર્યો છે તેનો જવાબ આપી રહ્યો હશે અને અહિંયા તેના રિશ્તેદાર તેના માલના

ભાગલા પાડી રહીયા હશે, અને આવી રીતે બધાનો એક એક કરીને વારો આવાનો છે, એટલે જયારે પણ કોઈની ઝિયારત અથવા વરસીની મજલીસ કરો ત્યારે એ વાત યાદ રાખજો કે આપણો પણ વારો આવાનો છે, એક દિવસ આપણી પણ આવી રીતે મજલીસ થવાની છે, જરૂરી છે કે આપણે મોતને યાદ કરીએ, કોઈ મરી (ગુજરી) જાય તો આપણે યાદ રાખવું કે આપણો પણ વારો આવશે, કબ્રસ્તાનમાં જઈએ ત્યારે સમજવાનું કે આપણે પણ એક દિવસ અહિયા આવાનું છે, સારા અમલ કરીએ કેમકે મરીને જવાબ દેવાનો છે.

⇨ આપણે મોતને ભૂલી શકીએ છીએ, પરંતુ મોત આપણને ભૂલવાની નથી અને મોત કોઈને પણ મૌકો આપતી નથી, જનાબે સુલૈમાનના વિશે તો આપણે

બધા જાણીએ છીએ કે તે એક એવા નબી હતા કે જેમની હુકુમત આખી દુનિયા પર હતી, બધી વસ્તુ તેમના હાથ નીચે હતી, પરતું જયારે મોતના ફરિશ્તા મલેકુલ મોત આવ્યા ત્યારે તેને બિલકુલ મુહલત અને સમય ન આપ્યો અને તેમની રૂહ કબ્ઝ કરી લેવામાં આવી, અને તે એજ હાલતમાં કે ઉભા હતા તેની રૂહ કબ્ઝ કરી લીધી,

⇨ બીજી એક હદીસમાં આપણા ઈમામ ફરમાવે છે. ઈન્સાન માટે આ મોત એક મોટી નસીહત છે કે તેને એક દિવસ મરવાનું છે (બેહારૂલ અનવાર, ભા.૬૮, પે.૨૬૪)

⇨ એટલે સમજદાર ઈન્સાન દરરોજ જોવે છે કે ઈન્સાન મરી રહીયા છે અને મોતના વિશે વિચારે કે એક દિવસ તેને પણ મરવાનું છે.

# હિકમત ૧૨૩

## સારા માણસની સિફતો

⇨ ખુશનસીબ છે તે લોકો જેઓ પોતાની અંદર વિવેકતા અને નરમાશ રાખી, અને પોતાની રોઝીને પાકીઝા બનાવી, પોતાના બાતીન (અંતર)ને સારૂં કરી લીધું, પોતાના અખ્લાકને સુંદર બનાવી લીધા, પોતાના માલમાંથી (જરૂરત કરતા) વધારાનો માલ રાહે ખુદામાં ખર્ચ કર્યો, પોતાની જબાનને કાબુમાં રાખી, પોતાના ખરાબ વ્યવહારથી લોકોને દુર રાખ્યા, અને સુન્નત ઉપર અમલ કરવો તેને સખત ન લાગે અને બિદઅતની નિસ્બત તેના તરફ ન આપવામાં આવે.

⇨ આ નુરાની કલામ કદાચ આગળની હિકમતની સાથે જોડાયેલી હોય કદાચ ન હોય, પરંતુ એક સારો ઈન્સાન કેવી રીતે

બની શકે, તેની ચોખવટ આ હદીસમાં બયાન કરવામાં આવી છે, જયારે તેની અંદર ઉપર દર્શાવેલી તામામ સિફતો હોય ત્યારે તે સારો ઈન્સાન બની જાય છે, આ હિકમતમાં આઠ સિફતો બયાન થઇ છે.

૧) ઈન્સાન પોતાને હંમેશા નાચીઝ અને હકીર સમજે, એટલે ઘમંડી ન હોવું જોઈએ, કોઈ પણ હોદ્દો હોય કે પછી માલ હોય, ઈલ્મ હોય કે પછી હોંશિયારી હોય, શક્તિ હોય કે પછી ખુબસુરતી હોય, દરેક જગ્યાએ ઈન્સાન ઘમંડ ન કરે, ઘમંડ એક ખુબજ મોટો ગુનાહ છે, અને શૈતાનને આ ગુનોહ કર્યો છે જેના લીધે અલ્લાહે તેને પોતાની બારગાહથી કાઢી મુક્યો.

૨) પોતાના માલને પાક પાકીઝા રાખે, હલાલ રોઝી કમાય, અગર કોઈ ચાહે કે તેની દુઆ કબુલ થાય, દુઆ કબુલ થવાની

એક શરત એ છે કે હલાલ રોઝી કમાતો હોય, નહી તો દુઆ કબુલ નથી થતી. એટલે કે હરામનું ખાવાવાળા લોકોની દુઆ કબુલ નથી થતી, અને જે હલાલ રોઝી કમાઈને પોતાના બાલ બચ્ચાઓનું ગુજરાન ચલાવે છે, તેને જહન્નમની આગ કોઈ દિવસ નુકસાન નહિ પહોંચાડે.

3) જેનું અંતર અને બાતીન પાક હોય તે સારો ઈન્સાન છે, જે હમેશા બીજા માટે ભલાઈ ચાહતો હોય, દિલથી ઈબાદત કરે, કોઈ પણ વસ્તુમાં દેખાવ ન કરતો હોય, જે બોલતો હોય તેની ઉપર અમલ કરતો હોય તે એક સારો ઈન્સાન છે.

૪) જેનો અખ્લાક સારો હોય, લોકોની સાથે સારો વ્યવહાર, ઈસ્લામમાં આ વસ્તુને ખુબજ મહત્વ આપવામાં આવ્યું છે, અને એટલે સુધી કહેવામાં આવ્યું છે

કે અખ્લાક અડધું ઈમાન છે. અને અખ્લાક વાળો માણસ જન્નતમાં જશે.

૫) પોતાના માલમાં જે વધારે પડતો ભાગ છે તેને રાહે ખુદામાં ખર્ચ કરે, રાહે ખુદામાં માલ ખર્ચ કરવો અને દાન કરવું એક ખુબજ અગત્યનું કામ છે, જે બધાજ નથી કરી શકતા, માલ છે પરંતુ વાપરવું નથી ગમતું, હદીસમાં ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે જે ગરીબ જેવો દેખાવ કરે છે તે ગરીબ થઈ જાય છે. (ગોરરૂલ હેકમ, હ.૭૯૩૯) માલ જે ખર્ચ નથી કરતા, તો શું થશે? ન તે પોતાના ઉપયોગમાં લીધો અને કયામતમાં વધારે સમય સુધી માલનો હિસાબ પણ દેવો પડશે, અને જો અલ્લાહ પાસે બુલંદ મકામ જોયતું હોય તો માલને દાન કરો, અલ્લાહના ત્યાં ઈઝ્ઝતમાં વધારો થશે, અને જે માલ તમે બીજી બધી જગ્યા ઉપર

ખર્ચ કર્યો તેનો હિસાબ દેવો પડશે, પરંતુ જે દાન કર્યું તેનો તો સવાબ મળશે.

૬) વધારે બોલવાથી બચો, ઈન્સાનના વધારે પડતા ગુનાહ જીભથી થાય છે, અને જહન્નમમાં પણ વધારે પડતા લોકો પોતાના જીભના લીધે જશે, કેમકે ગીબત તોહમત લોકોની બુરાઈ વેગેરે... ગુનાહ જીભથી થાય છે, ગુનાહોથી બચવું હોય તો જીભને સંભાળીને રાખે.

૭) પોતાની બુરાઈ અને શરથી લોકોને મેહફૂઝ રાખે, હદીસોમાં છે કે મુસલમાન એ છે કે જે પોતાના શરથી લોકોને મેહફૂઝ રાખે

૮) બિદઅતથી બચીને રહે, અને કોઈ નવી બિદઅત ન લાવે, જે પણ વસ્તુ રસુલ (સ.અ.વ.) અને ઈમામ (અ.સ.)એ બયાન ફરમાવ્યું તેને પુરતી સમજે, અને કોઈ નવી વસ્તુ દીનમાં ઉમેરવાની ફિક્રમાં

ન હોય તે હકીકી દીનદાર છે.

⇨ જે સુન્નતને કાફી નથી સમજતા અને નવી નવી વસ્તુ દીનમાં ઉમેરવાની કોશિશ કરે છે, તે લોકો આ દુનિયામાં ખરાબમાં ખરાબ લોકો છે, અને તેઓની તોબા પણ કબુલ કરવામાં આવશે નહિ.

# હિકમત ૧૨૪

## ગયરત (સ્વાભીમાન)

⇨ સ્ત્રીની ગયરત કરવું કુફ્ર છે અને પુરૂષનું ગયરત કરવું ઈમાન છે.

કારણકે સ્ત્રીની ગયરતનો મતલબ થાય અલ્લાહે ચાર પત્નીની ઈજાઝત આપેલ છે તેનો વિરોધ કરવો અને પુરૂષની ગયરતનો મતલબ ઝિના વગેરે ગુનાહોનો વિરોધ કરવો.

⇨ ગયરત શબ્દના અર્થ સ્ત્રી અને પુરૂષ માટે અલગ અલગ છે, જે આ પ્રમાણે સમજીએ.

⇨ સ્ત્રીની ગયરત (તે ઈર્ષા જે પોતાના પતિની બીજી પત્ની સાથે હોય છે)

⇨ પુરૂષની ગયરત (પોતાની કુટુંબની સ્ત્રીઓને પારકા પુરૂષ સાથે નાજાએઝ સંબંધની ઈજાઝત ન આપવી.)

⇨ ઈમામ પુરૂષ અને સ્ત્રીની ગયરતને

અલગ અલગ રીતે બયાન કરેલ છે, સ્ત્રી માટે ગયરત કુફ્ર છે, કુફ્ર એટલે અમલમાં કુફ્ર છે, હકીકતમાં નહિ, કુફ્ર અકીદામાં નથી, જેવી રીતે કુરાનમાં સુરે આલે ઈમરાન આયત ૯૭માં આવ્યું છે, જે લોકો હજ કરી શકે છે, પરતું નથી કરતા, તર્ક કરે છે, તે કુફ્ર કરે છે તે નુકસાનમાં છે, અને અલ્લાહ તમામ દુનિયાઓમાં કોઈનો પણ મોહતાજ નથી.

⇨ ઔરતનું ગયરત એટલે અગર પુરૂષ બીજા લગ્ન કરે, અને પહેલી પત્ની બીજી પત્નીથી ઈર્ષા અને નફરત કરે તે બરાબર નથી, કેમકે ઈસ્લામમાં પુરૂષને ચાર શાદી કરવાની રજા છે, અને હકીકતમાં પત્નીનું ઈર્ષા કરવું અને શૌહરનો અને તેની સોતનનો વિરોધ કરવો, તે અલ્લાહના કાનૂનનો વિરોધ ગણાશે.

⇨ કેમકે ઈસ્લામમાં પુરૂષને બીજા લગ્ન

કરવાની અમુક શરતો સાથે રજા આપવામાં આવી છે,

⇨ અને પુરૂષ માટે ગયરત ઈમાન છે, કેમકે પુરૂષ પોતાની પત્નીને બીજા કોઈ સાથે જોવે અને ન રોકે તો તે વ્યાજબી નથી, એટલે મર્દ માટે ગયરત મંદ હોવું જરૂરી છે, નહિ તો જિંદગી અપાહીજ અને લુલી બની જશે, કેમકે અલ્લાહ પત્નીને ફક્ત પોતાના એક જ પતિ માટે નક્કી કરેલ છે, આ એક અલ્લાહનો કાનુન છે અને અલ્લાહના કાનુનની વિરૂધ્ધ જવું ગુનાહ છે.

⇨ અને પુરૂષ માટે પણ જરૂરી છે કે જો બીજા લગ્ન કરવાનું વિચારે તો પહેલા ચારો તરફ નજર દોડાવે કે શું બંને પત્નીના વચમાં ન્યાય કરી શકશે? જો ન્યાયથી વર્તાવ ન કરી શકે તો બીજા લગ્નનો વિચાર પણ છોડી દેવો જોઈએ.

# હિકમત ૧૨૫
# ઈસ્લામની ઓળખાણ

⇨ હું ઈસ્લામની એવી રીતે ઓળખાણ કરાવું છું કે મારી પહેલા આવી રીતે કોઈએ આવી ઓળખાણ નથી કરાવી, ઈસ્લામ તસ્લીમનું નામ છે (સ્વીકારવું), અને તસ્લીમ યકીનનું નામ છે, અને યકીન તસ્દિકનું નામ છે (દિલથી કબુલ કરવું), અને તસ્દિક ઈકરાર કરવું છે (જીભથી કહેવું), અને ઈકરાર વાજીબાતને અંજામ આપવાનું નામ છે, અને વાજીબાત અંજામ આપવું તે અમલ છે.

⇨ ઈમામ (અ.સ.) ઈસ્લામની સાચી તફસીર બયાન કરે છે, જે પહેલા કોઈએ આવી રીતે બયાન નથી કરી, ઈમામ (અ.સ.) આ હદીસમાં ૬ નુરાની વાતો ફરમાવે છે, જે બધી એક બીજાથી જોડાએલી છે, ઈસ્લામની રૂહ આ ૬

સિફતોમાં છે, જો તેમાંથી કોઈ એક વસ્તું પણ અંજામ ન આપીએ તો તે સાચો ઈસ્લામ નથી.

૧) ઈસ્લામ તસ્લીમનું નામ છે અને તસ્લીમ અલ્લાહના ફરમાનને આંખ બંધ કરીને સ્વીકારવાનું નામ છે, ચાહે આપણને પસંદ પડે કે ન પડે, તમામ ખુદાની મખલુક પણ અલ્લાહના હુકમ ઉપર માથું જુકાવી દે છે. આ વાત કુરાનના સુરે આલે ઈમરાન આયત ૮૩માં બયાન થઈ છે જે કઈ પણ આ ઝમીન અથવા આસમાનમાં છે, એ બધીજ વસ્તુ ઈખ્તેયારથી અથવા જબરદસ્તી અલ્લાહની વાત માને છે (તસ્લીમ થએલ છે) અને આ બધીજ વસ્તુ તેની તરફ પલટાવવામાં આવશે.

૨) તસ્લીમ એ જ યકીન છે, કેમકે ઈમાન અને યકીન વગર તસ્લીમ નથી થઈ

શકતા, કારણકે તસ્લીમ થવા પહેલા ઈમાન હોવું જરૂરી છે, જયારે ઈમાન હશે ત્યારે આપણે બધીજ વસ્તુમાં તસ્લીમ થઈ શકીએ છીએ, નહિ તો અમુકને માનશું અને અમુકને નહિ, જે ફાવે તે કરશું, અને જે નહિ ફાવે તે નહિ કરીએ, એનો મતલબ ઈમાન બરાબર નથી, અને જો ઈમાન હશે તો બધીજ વસ્તુ જે રીતે અલ્લાહનો હુકમ હશે એ મુજબ તસ્લીમ થઈને કબુલ કરશું.

૩) યકીન એ જ તસ્દિક છે, એટલે જયારે યકીન હશે તો જ તેને દિલથી કબુલ કરશું, કારણકે કબુલ કરવા પહેલા તે વસ્તુ ઉપર દિલથી યકીન હોવું જરૂરી છે, જો યકીન નહી હોય તો કેવી રીતે દિલ કબુલ કરશે?

૪) તસ્દિક ઈકરારનું નામ છે એટલે ઈસ્લામ ફક્ત દિલથી સ્વીકારવાનું નામ નથી, બલ્કે જીભથી કહે અને કલમો પઢીને

બતાવે કે હું અલ્લાહ રસુલ અને ઈમામને માનું છુ, અને જ્યાં સુધી આ કલમો મોઢેથી નહિ પઢે ત્યાં સુધી મુસલમાન પણ ગણવામાં નહિ આવે.

૫) ઈકરાર એટલે વાજીબાતને અંજામ દેવું છે, અલ્લાહે જે આપણને અદા કરવાનું કીધું છે તેના માટે તૈયાર રહેવું, અને જીભની સાથે દિલને પણ તૈયાર કરવું, કે અલ્લાહે આપણી માટે આ અમલ વાજિબ કરેલ છે, ત્યારે તે માટે પોતે તૈયાર રહે.

૬) વાજિબાતને અંજામ આપવું તેનું નામ અમલ કરવો છે, જો અમલ કરશે તો ખબર પડશે કે ઉપરની તમામ વસ્તુઓ સરખી રીતે સ્વીકારી છે, જો અમલ નહી હોય તો તે એમ ગણાશે કે તે ઈમાન અને યકીન નથી રાખતો, અમલથી ખબર પડે છે કે કેટલું ઈમાન છે તેથી અમલ ખુબજ

અગત્ય રાખે છે, ઈકરાર સાથે અમલ કરનાર જ હકીકી મોમીન અને મુસલમાન ગણાશે.

⇨ અને ઈમાન સાથે અમલ બધીજ વસ્તુ કરતા વધારે મહત્વ ધરાવે છે. કેમકે બીજી હદીસોમાં છે કે અલ્લાહને ત્યાં સારી સારી અને મીઠી મીઠી વાતોનું મહત્વ નથી, અમલ જોવામાં આવે છે, જો તે અમલ પણ કરતો હશે તો તેનો બદલો કયામતમાં મળશે, ખાલી બીજાને શિખામણ આપે, પરંતુ અમલ ન હોય તો તે વાતનો કાઈ ફાયદો નથી, અને અમલમાં પણ અમલે સાલેહ જે તકવા સાથે હોય તેની બહુજ અહેમિયત છે, કેમકે જે અમલ ફક્ત અલ્લાહ માટે કરવામાં આવ્યો હોય અને તકવા સાથે હોય તેનો બદલો અલ્લાહના ત્યાં બેહિસાબ મળે છે.

# હિકમત ૧૨૬
## ખરાબ સિફતો

⇨ મને કંજૂસની હાલત ઉપર અફસોસ થાય છે કે જે ગરીબીથી દૂર ભાગે છે તે જ ગરીબી તેની તરફ જલ્દી આવે છે, અને માલદાર અને અમીર બનવાની કોશિશ કરે છે તેનાથી જ વંચિત રહી જાય છે.

⇨ કંજૂસ માણસ દુનિયામાં ગરીબ જેવી જિંદગી ગુજારે છે અને આખેરતમાં અમીર જેવો હિસાબ આપશે.

⇨ મને તે ઘમંડ કરવા વાળા ઉપર અફસોસ થાય છે કે જે ગઈ કાલે એક નુતફો (નજીસ ટીપું) હતો અને આવતી કાલે એક મુરદાર બની જવાનો છે.

⇨ મને એ લોકો ઉપર પણ અફસોસ થાય છે જે ખુદાની મોજુદગીમાં શક કરે છે, જયારે કે ખુદાની બનાવેલી બધીજ



અનુક્રમણિકા

વસ્તુને જોઈ રહ્યો છે.

⇨ અને મને તે લોકો ઉપર પણ અફસોસ થાય છે જેઓ મોતને ભૂલાવી દીધી છે જયારે કે મરનારને (અવાર નવાર) જોઈ રહ્યો છે.

⇨ મને તે લોકો ઉપર પણ અફસોસ થાય છે કે જેઓ ફરીથી જીવતા થવાનો ઈનકાર કરે છે જયારે કે તે પહેલાના જન્મને જોઈ ચુકયા છે.

⇨ મને તે લોકો ઉપર પણ અફસોસ થાય છે જે આ ફના થવાવાળી દુનિયાને તો આબાદ કરે છે, પરંતુ બાકી રહેવા વાળી આખેરતની જિંદગીને ભૂલાવી દીધા છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં એ છ સિફતોને બયાન કરેલ છે જે લોકોમાં ન હોવી જોઈએ, અને જો આ છમાંથી કોઈ એક પણ સિફત હોય

તો તેને દુર કરે, જેથી એક સારો ઈન્સાન બની શકે, અને પોતાની દુનિયા અને આખેરત બંનેને આબાદ કરે.

૧) કંજૂસાઈઃ ઈન્સાન કંજૂસી શા માટે કરે છે?

⇨ માલ ભેગો કરવા, જયારે કે તે કંજૂસી કરીને પોતેજ અમીરીની જિંદગીથી દુર થઈ રહ્યો છે, કંજૂસ માણસ કંજૂસાઈ કરીને દુનિયામાં ગરીબ જેવી જિંદગી ગુજારે છે, પરંતુ આખેરતમાં તેને માલદાર જેવો હિસાબ દેવો પડશે, કંજૂસ માણસ બીજાઓ સાથે પોતાનું પણ નુકસાન કરે છે, જિંદગીની જરૂરિયાતમાં લોભ કરીને પોતાને નુકસાન પહોંચાડતો હોય છે, પરંતુ જયારે કંજૂસ માણસ દુનિયાથી ચાલ્યો જાય ત્યારે તેના ભેગા કરેલા પૈસાથી ઓલાદ જલસા કરે છે, એ પણ ખબર નથી કે સારા કામમાં ઔલાદ ખર્ચશે કે

નહિ? જો સારા કામમાં ખર્ચ કરે તો પણ તે સવાબ ખર્ચ કરવાવાળાને મળશે, પરંતુ કંજૂસને હિસાબ દેવો પડશે.

⇨ આ બયાનમાં બધાજ કંજૂસાઈ કરનારની મઝમ્મ્ત કરવામાં આવી છે.

⇨ એક હદીસમાં રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે; કંજૂસ માણસ અલ્લાહથી દુર, અને લોકોથી પણ દુર છે, અને તે જહન્નમથી નજીક છે. (બેહારૂલ અનવાર, ભા.૭૦, પે.૩૦૮)

૨) ઘમંડઃ આ એક એવો મોટો ગુનોહ છે જેને સૌથી પહેલા શૈતાને કર્યો અને તેની સઝા આજ સુધી ભોગવી રહ્યો છે અને લાનતનો હાર કયામત સુધી તેના ગળામાં રહેશે, શૈતાને કીધું હતુ, ‘‘હું આગથી બનેલો છુ શા માટે માટીથી બનેલા જનાબે આદમને સજદો કરૂં?!’’ તેને ઘમંડમાં અલ્લાહનો હુકમ પણ ન

દેખાણો,

⇨ ઈન્સાન ઘમંડ કરવા પહેલા વિચારે કે તેની શરૂઆત એક નજીસ ટીપું એટલે કે નુત્ફાથી થઈ, અને એક દિવસ આ માટીમાં દફન થઈ જવાનો છે, જો કોઈને હોદ્દા ઉપર ઘમંડ હોય જે હોદ્દો ગઈ કાલે બીજા પાસે હતો, અને આવતી કાલે કોઈ બીજા પાસે હશે, તો પછી ઘમંડ અને ગુરૂર કઈ વાતનો? આ દુનિયાની કોઈ પણ વસ્તુ તેની પાસે હમેશા નથી રહેવાની, સારા સારા લોકો આ દુનિયાને મુકીને ચાલ્યા ગયા, તો પછી આપણે કેવી રીતે અહિયા રહેશું? અને જયારે ઈન્સાન મરી જાય છે ત્યારે તેની દુર્ગંધના લીધે મુર્દાને કોઈ પોતાના ઘરે રાખવા પણ તૈયાર નથી હોતું, જલ્દીથી તેને માટી દેવાનું અને કબ્રમાં નાખવાનું વિચારવા લાગીએ છીએ, તો પછી ઘમંડ શા માટે?

⇨ અને બધાજ કરતા મહત્વની વાત કે ઘમંડ બધીજ ઈબાદતને બરબાદ કરી દે છે, શૈતાન હજારો વર્ષ ઈબાદત કરી, પરંતુ એક ઘમંડે તેની બધીજ ઈબાદતને બરબાદ કરી દીધી.

3) ખુદાના વજુદમાં શક :

આ દુનિયામાં કેવા કેવા લોકો છે, જે આ અલ્લાહની બનાવેલી કુદરતી વસ્તુને જોવે છે, જેને ઈન્સાન બનાવી શકે તેમ નથી, અને અત્યાર સુધી કોઈએ દાવો પણ કર્યો નથી કે આ સુરજ આ ચાંદ આ દરિયા મેં બનાવ્યા છે, જયારે આ કુદરતી વસ્તુઓને અલ્લાહ તઆલાએ બનાવી છે, તો તેને જોઈને આપણે અલ્લાહ સુધી પહોંચવાની કોશિશ કરવી જોઈએ, અને અલ્લાહને ઓળખવાની કોશિશ કરવી જોઈએ, તે છતાં લોકો અલ્લાહના વજુદ ઉપર શક કરે છે? શા

માટે પૂછે છે કે અલ્લાહ છે કે નહિ? અલ્લાહ છે તો દેખાતો કેમ નથી? ભાઈ જરૂરી નથી કે જે પણ વસ્તુ હોય તે દેખાય, જેવી રીતે ઈન્સાન પાસે અક્કલ છે શું કોઈએ જોયેલ છે? આપણને દુઃખાવો થાય છે તો શું તે દર્દ દેખાય છે? આવીજ રીતે જયારે આપણે ખુશ થઈએ છીએ ત્યારે શું ખુશી દેખાય છે? નહિ, બસ ફક્ત અહેસાસ થાય છે, તો એવીજ રીતે અલ્લાહ દેખાતો નથી, પરંતુ આ બધીજ કુદરતી વસ્તુ જોઈને અહેસાસ થાય છે કે આ બધીજ વસ્તુઓને બનાવનાર કોઈ છે, અને તે અલ્લાહ છે.

૪) મૌતને જોવે છે તે છતાં મૌતને ભૂલી જાય છે:

મોત એટલે આ દુનિયાની બધીજ વસ્તુથી રૂખ્સતી માલ,મકાન, ગાડી, હોદ્દાઓ, બાલબચ્ચા... બધીજ વસ્તુને

અહિંયા મુકીને એક બીજા મકાન તરફ જવું, બસ આપણી સાથે ખાલી અમલ આવશે અને મરવા પછી આ અમલની બુક પણ બંધ થઈ જાય છે, તો પણ ઈન્સાન મૌતને ભૂલી જાય છે એમ સમજે છે કે મારી મૌતનો સમય હજી નથી આવ્યો, જયારે કે દરરોજ જોવે છે કે જવાન, નાના મોટા, ઘરડા... મરી રહ્યા છે. તો પણ તે પોતાની મોતને ભૂલી જાય છે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : તમારામાં બધા કરતા હોંશિયાર તે છે જે મૌતને વધારે યાદ કરે (બેહારૂલ અનવાર, ભા.૭૪, પે.૧૭૬) મૌતથી કોઈ બચી શકાવનું નથી, મૌત બધાને આવાની છે, ફક્ત અલ્લાહની ઝાત બાકી રહેશે.

૫) આખેરતનો ઈન્કાર કરે છે જયારે કે

આ દુનિયા જોઈ રહ્યો છે:

જે ખુદાએ આ દુનિયા બનાવી છે, આખેરત પણ તે ખુદાએ બનાવી છે, યકીન રાખવું જોઈએ આખેરત જઝા અને સઝાના દિવસનું નામ છે, જે લોકો આ દુનિયામાં સારા કામ કર્યા હશે તેનો બદલો આખેરતમાં મળશે, અને જે લોકો આ દુનિયામાં ખરાબ કાર્ય કર્યા હશે તેને આખેરતમાં સઝા મળશે.

૬) અફસોસ થાય છે તે લોકો ઉપર જે આ ફાની થવા વાળી દુનિયાને સજાવે છે અને હંમેશાવાળી આખેરતને ભૂલી જાય છે :

બધાજ લોકો જોઈ રહ્યા છે કે આ દુનિયામાં દરરોજ કોઈને કોઈ પોતાનો માલ દૌલત મુકીને જાય છે, તો પણ લોકો પોતાની દુનિયા બનાવાના ચક્કરમાં હોય છે, અને આખેરતને ભૂલી ગયા હોય છે,

હલાલ રસ્તાથી દુનિયા બનાવવી કોઈ ખરાબ વસ્તુ નથી, પરંતુ આખેરતને ભૂલી જવું ખરાબ વસ્તુ છે.

⇨ કુરાને મજીદમાં સુરે અન્કબુત આયત નં ૬૪માં આવ્યું છે : આ દુનિયાની જિંદગી બસ ખાલી રમત ગમતની સિવાય બીજું કઈ નથી, આખેરતની જિંદગી હમેશાવાળી જિંદગી છે, પરતું લોકો તે વાતને નથી સમજતા.

# હિકમત ૧૨૭

## અમલમાં આળસ

⇨ જેણે અમલ કરવામાં આળસ કરી તે ગમમાં મુબ્તેલા થશે, અને અલ્લાહને આવા બંદાની કોઈ પરવાહ નથી જેની જાન અને માલમાં અલ્લાહનો કોઈ હિસ્સો ન હોય.

⇨ આ ઈમામ (અ.સ.)નો બહેતરીન કલામ છે જેની અંદર એ લોકોની આળસ અને નાફરમાનીનો ઝિક્ર થયો છે જે અલ્લાહની વાત નથી માનતા, અને જે પણ અમલ કરવામાં આળસ કરશે તેને આજ નહી તો કાલે, કાંઈક પરેશાની આવશે.

⇨ બની શકે છે એ પરેશાની આ જિંદગીમાં આવે અથવા દુનિયાથી જતી વખતે છેલ્લા સમયે આવે જયારે મોતનો સમય આવી પહોંચયો હોય અને ત્યારે તે

ફરિયાદ કરશે તો પણ કોઈ સાંભળવા વાળું નહી હોય, આ વાત અલ્લાહ તઆલા કુરાને મજીદની સુરે મોમેનુંન આયત ૯૯ અને ૧૦૦માં બયાન કરી છે ''એ લોકો ગફલતમાં છે કે જ્યારે તેમને મૌત આવશે ત્યારે કહેશે કે યા અલ્લાહ મને દુનિયામાં પાછો મોકલ જેથી નેક અમલ કરી શકું, ત્યારે એક ગૈબી આવાઝ આવશે, ના કોઈ દિવસ એવું નથી થવાનું, આ તો ફક્ત ઝબાનથી નીકળેલો જુમલો છે. (તું ફકત આ વાત જીભથી કહી રહ્યો છે.)

⇨ કુરાને મજીદ સુરે ઝુમર આયત ૫૬માં પણ ઝિક્ર થએલ છે કે અમુક લોકો મરણ પછી કહેશે. હાય અફસોસ મારી ઉપર, કે ''મેં અલ્લાહના હકમાં આળસ કરી'' (અને અલ્લાહના હુકમની મજાક ઉડાડતો રહ્યો.)

⇨ તો અમુક ઈન્સાન જાણીજોઈને અથવા અમુક ઈન્સાન આળસમાં

અલ્લાહની બંદગી નથી કરતા, તે અહિંયા હમણાં તો આરામની જિંદગી ગુજારશે, પરંતુ પછી અફસોસ કરશે જયારે તેને અલ્લાહની બારગાહમાં ઉભો કરવામાં આવશે, ત્યારે અલ્લાહ પણ આવા લોકોની પરવા નહી કરે, કોઈ વાત નહી સાંભળે જે પોતાની જાન અને માલમાંથી અલ્લાહની રાહમાં હિસ્સો પેશ નથી કરતા.

⇨ અને જે લોકો અલ્લાહની વાતને સાંભળે છે તેની વાતોને અલ્લાહ પણ સાંભળે છે, તેમજ દુનિયા અને આખેરતમાં ઈઝ્ઝત અને જન્નત અતા કરે છે.

⇨ અને જે અલ્લાહને ભૂલી જાય છે અલ્લાહ પણ તેને ભૂલી જાય છે, આ વાત અલ્લાહ તઆલા સુરે તોબા આયત ૬૭માં ફરમાવે છે કે ‘‘મુનાફિક મર્દ અને

ઔરત એકજ જેવા સરખા જ છે, જેઓ બુરાઈનો હુકમ આપે છે અને નેકીથી રોકે છે, તેઓ લોકોની મદદ નથી કરતા, તેઓ અલ્લાહને ભૂલી ગયા છે અને અલ્લાહ પણ તેમને ભૂલી ગયો છે (રહેમતથી મહેરૂમ રાખેલ છે)''

# હિકમત ૧૨૮

# ઠંડીની મોસમ

⇨ ઠંડીની શરૂઆતમાં પોતાને સંભાળો (ઠંડીથી બચીને રહો) અને અંતમાં તેને આવકારો, કે તેની અસર શરીર માટે ઝાડના પાંદડાની જેમ છે, જે મોસમની શરૂવાતમાં પાંદડાને બાળી નાખે છે, અને અંતમાં તાજામાજા કરી દે છે.

⇨ ઈમામ (અ.સ.) ઠંડીમાં તંદુરસ્ત રહેવા માટે ખુબજ અગત્યની વાત ફરમાવી રહ્યા છે, જે પણ ચાહે કે ઠંડીમાં બીમારીઓથી બચે તો ઈમામ (અ.સ.)ની આ વાત ઉપર અમલ કરે, ઠંડીની શરૂઆતમાં ઠંડી હવાથી બચીને રહે.

⇨ ઠંડીની મોસમ જયારે આવે છે ત્યારે ઝાડના પાંદડા પણ બળી જાય છે, એટલે તે ઠંડી ઝાડને નુકસાન પહોંચાડે છે, જો આ મોસમમાં ઠંડીથી નહિ બચો તો

અનુક્રમણિકા



www.hajinaji.com

નુકસાન થશે, દરેક માણસને પોતાના શરીરની કાળજી કરવી જોઈએ.

⇨ શા માટે ઠંડીની શરૂઆતમાં બચવાનું કહેવામાં આવ્યું છે? કેમકે ઠંડીની મોસમ પહેલા ગરમી અને વરસાદના વાતવરણના લીધે આપણું શરીર અંદરથી ગરમ હોય છે, અને જો અચાનત તેને ઠંડી મળે તો શરીર માટે નુકસાનકારક છે, અને શરીર બીમાર અને કમજોર થઈ શકે છે, આ જ કારણસર શરીરને ઠંડીના નુકસાનથી બચાવવાં માટે ઠંડી આવે એટલે ધ્યાન રાખવું જોઈએ.

⇨ અને જયારે મોસમનો અંત આવે ત્યારે ઠંડીથી બચવાની જરૂર નથી કેમકે ઠંડીના મોસમના અંતમાં જેવી રીતે ઝાડના પાંદડા તાજા માજા થઈ જાય છે, આવીજ રીતે શરીરને પણ જતી ઠંડી તાજું કરી દે છે.

# હિકમત ૧૨૯
# અલ્લાહની અઝમત

⇨ જો અલ્લાહની અઝમત (મહાનતા)નો અહેસાસ થઈ જાય તો દુનિયાની દરેક મખલુકની કિંમત માણસની નજરમાં ઘટી જાય.

⇨ આ નુરાની કલામમાં ઈમામ (અ.સ.) ફરમાવી રહ્યા છે કે અલ્લાહની અઝમત અને મહાનતાની સામે આ દુનિયા અને આ દુનિયાની વસ્તુઓની કાંઈ હેસિયત નથી, જો અલ્લાહની અઝમત ઓળખી જશો તો દુનિયાની કોઈ કિંમત તમારી સામે નહી રહે.

⇨ જો એક ઈન્સાન ખાલી પાણીની હોઝ જોઈ હોય અને પછી તેને સ્વીમીંગ પુલ પાસે લઈ જવામાં આવે, તો તે હોઝની હેસિયત નહી રહે, અને તેજ પ્રમાણે જે ઈન્સાન ખાલી સ્વીમીંગ પુલ

જોયું હોય તેને વિશાળ દરિયા પાસે લઇ જવામાં આવે, તો તે સ્વીમીંગ પુલની હેસિયત તેની સામે નહિ રહે.

⇨ આવી જ રીતે જે અલ્લાહની ઝાત અને તેની મહાનતાને ઓળખી લે છે તેની સામે આ દુનિયાની કોઈપણ વસ્તુની અહેમિયત નહિ રહે, અલ્લાહની કુદરત ફકત આ દુનિયા માટે નથી, બલ્કે આ દુનિયાની પહેલા જયારે કાઈ ન હતું ત્યારે પણ હતી, અને જયારે આ દુનિયા ખતમ થઇ જશે ત્યારે પણ રહેશે.

⇨ અલ્લાહે જ આ બધીજ વસ્તું સુરજ, ચાંદ, જમીન, આસામન, પહાડ વગેરે...પોતાની કુદરતથી બનાવ્યું છે, અને બધુજ એ માટે બનાવ્યું કે લોકો આ બધીજ વસ્તુની ખુબસુરતી જોઈને અલ્લાહ સુધી પહોંચે, અને અલ્લાહે લોકોને સમજાવા માટે નબી, ઈમામ અને

કુરાન મોકલ્યું, તે દ્વારા લોકો અલ્લાહની મહાનતાને સમજે, અને જે પણ અલ્લાહની મહાનતાને સમજી લે છે, પછી તેની સામે દુનિયા, માલ અને દૌલતની કઈ કિંમત નથી રહેતી.

⇨ જેવી રીતે તમામ ઈમામો અને ખાસ ઈમામ અલી (અ.સ.) અઝમતે ખુદાને ઓળખીને કહેતા હતા કે અય દુનિયા તું બીજાઓને છેતરજે તને તો ત્રણ તલાક આપીને દૂર થઈ ગયો છું.

⇨ કેમકે આ બધીજ વસ્તુ જે આપણે જોઈએ છીએ તે એક દિવસ ખતમ થઈ જવાની છે, અને જે બાકી રહેવાનું છે તે અલ્લાહની ઝાત અને અલ્લાહની અઝમત છે.

# હિકમત ૧૩૦
# મૌતની તૈયારી

⇨ આપ જંગે સિફ્ફીનથી પાછા ફરી રહ્યા હતા, ત્યારે કુફાની બહાર કબ્રસ્તાન ઉપર નજર પડી, આપે ફરમાવ્યુંઃ અય બિહામણા ઘરોના રહેવાસીઓ, અય વિરાન જગ્યાના રહેવાસીઓ, અય અંધારી કબરના રહેવાસીઓ, અય માટી પર બેસનારાઓ, અય પરદેશીઓ, તન્હાઈના રહેવાસીઓ, અય ભયવાળી જગ્યાના રહેવાસીઓ, તમો અમારાથી પહેલા ચાલ્યા ગયા અને અમે તમારા પાછળ પાછળ તમને મળવાના છીએ, તમારા જવા પછી તમારા ઘરોને બીજા લોકોએ આબાદ કરી દીધા, અને તમારી પત્નીઓએ બીજા લગ્ન કરી લીધા, અને વારસામાં તમારા માલના ભાગલા પડી ગયા, આ તો અમારે ત્યાંના સમાચાર

હતા, હવે તમે તમારે ત્યાંની ખબર આપો કે ત્યાંની શું ખબર છે? પછી ઈમામ (અ.સ.) સાથીઓને સંબોધીને ફરમાવે છે કે જો કબરવાળાઓને બોલવાની રજા હોત તો તમને જરૂર ખબર આપત કે બહેતરીન વસ્તુ આ દુનિયામાં તકવા અને પરહેઝગારી છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં કબરસ્તાનમાં સુતેલા લોકોને પાંચ વસ્તુથી યાદ કરે છે;

૧- અય બિહામણા ઘરોના રહેવાસીઓ,

૨- અય વિરાન જગ્યાના રહેવાસીઓ,

૩- અય અંધારી કબરના રહેવાસીઓ,

૪- અય માટી પર બેસનારાઓ,

૫- અય પરદેશીઓ, અય તન્હાઈના

રહેવાસીઓ, અય ભયવાળી જગ્યાના રહેવાસીઓ,

⇨ અહિયા ઈમામ (અ.સ.) આપણને સમજાવવા માંગે છે કે આપણુ અંત કેવી જગ્યા ઉપર થવાનું છે, આજે આપણે પોતાના ઘરમાં દોસ્તો અને સગા સબંધીઓ સાથે જિંદગી ગુજારી રહ્યા છીએ, લોકોના સાથે હસી મજાક કરી રહ્યા છીએ, માલ અને દૌલત ભેગી કરવામાં મશગૂલ છીએ, અને ઘમંડી બનીને ફરી રહ્યા છીએ, અને કહીએ છીએ કે જે અમારી પાસે છે તે બીજા કોઈ પાસે નથી, પરતું યાદ રાખો બધાને મૌત આવશે, કબરમાં ડરામણી જગ્યા ઉપર એકલું રહેવાનું છે, બધીજ ખુશી ખતમ થઈ જશે, બધાજ શોખનો અંત આવશે, અને થોડાક જ દિવસ પછી તો બધાજ દોસ્તો અને સગાસબંધી પણ ભૂલી જશે, અને

દુનિયામાં જે કંઈ અમલ કર્યા હશે તેનો કબરમાં બદલો જોઈ લેશે.

⇨ ઈમામ (અ.સ.) આગળ હદીસમાં ફરમાવે છે કે તમો અમારી પહેલા કબરમાં ચાલ્યા ગયા અને અમો તમારી પાછળ આવી રહ્યા છીએ, આ રીતે બયાન કરીને સહાબીઓને ફરમાવ્યું કે આપણે પણ તેઓની સાથે જોડાવાનું છે, જો સરખી તૈયારી ન કરી તો અફસોસ કરવો પડશે, હમણાં આપણી પાસે તૈયારી કરવાનો સમય છે તો ગફલતથી જાગીને મૌત આવવા પહેલા તૈયારી કરો.

⇨ કબ્રસ્તાનમાં સુઈ રહ્યા લોકોને બોલવાની રજા નથી, જો તેઓને બોલવાની રજા હોત તો તે પણ તમારી સાથે વાત કરીને ત્યાં કઈ કઈ વસ્તુઓની જરૂરત પડે છે તે જાણ કરત, કે શું શું ભાતું તૈયાર કરીને આવવાની જરુરત છે, પરંતુ

તે લોકો નહીં બોલી શકે, ઈમામ અ. ફરમાવે છે કે હું તમને જણાવું છું કે કબરમાં તમને શું કામ આવશે, તકવા અને પરહેઝગારી કામ આવશે, આપણા મૌલાએ તો આપણાને કહી દીધુ તમે કબર માટે તૈયારી કરો, હવે આપણે કેટલી તૈયારી કરીએ છે તે આપણી ઉપર છે,

⇨ સૂરએ બકરા આયત ૧૯૭માં અલ્લાહ ફરમાવે છે "તમો જે પણ કરો છો તે અલ્લાહ જાણે છે તમારી માટે બહેતરીન રસ્તાનું ભાતું તકવા છે."

⇨ તકવા એટલે દરેક કામમાં અલ્લાહના હુકમ મુજબ ચાલવું અને ગુનાહોથી બચીને રહેવું.

# હિકમત ૧૩૧
# દુનિયા સારી કે ખરાબ!

⇨ ઈમામ (અ.સ.) એક માણસને દુનિયાની બુરાઈ કરતા જોયા તો આપે ફરમાવ્યુંઃ

અય દુનિયાની બુરાઈ કરનાર, તું દુનિયાની બુરાઈ કરે છે અને તેની ચમક દમક (મક્રો-ફરેબ)ની જાળમાં ખુદ ફસાએલો છે, તેની માયાથી દિલ પણ લગાવ્યું છે અને તુ દુનિયાને છેતરે છો છતાંપણ તું તેની બુરાઈ પણ કરે છો? દુનિયાને તું ગુનેહગાર સમજે છો કે દુનિયા તને ગુનેહગાર ગણે એ યોગ્ય કહેવાય? આ દુનિયાએ ક્યારે તારી પાસેથી અક્કલ લઈ લીધી? જેથી મૂંઝવણમાં મૂકાય જા અને ક્યારે તને ફરેબ આપ્યો? શું તમારા બાપદાદાઓનું કબ્રમાં જઈને વેર-વિખેર થઈ જવું યા તમારી માનું માટીમાં જઈ

અને કબ્રમાં સુઈ જવાએ તને ફરેબ આપ્યો છે? કેટલા બીમારોની તમે પોતે દેખ ભાલ કરી અને કેટલાય બીમારોને તમે જોવા માટે ગયા, તેમની શફા માટે ડોક્ટરના પાછળ પાછળ ઈલાજ માટે ગયા, પરંતુ ન દવા કામ આવી અને ન તમારા રોવાથી કે ડરવાથી કોઈ ફાયદો થયો, ન તેઓને તંદુરસ્ત કરવાની તમારી ઈચ્છા પૂરી કરી શક્યા, ન તમારી તાકત તેમની બીમારીઓને દૂર કરી શકી, દુનિયાએ તો તમને તેમની મૌત પાછળ તમારી મૌત અને તેમની હલાકતમાં તમારી હલાકત બતાવી.

⇨ બેશક દુનિયા ઉપર યકીન રાખનાર માટે દુનિયા સચ્ચાઈનું ઘર છે, અને જે તેની હકીકતને સમજે તેના માટે અમન અને સલામતીનું ઘર છે, અને જે આખેરતનું ભાતું હાંસિલ કરે તેની માટે

દુનિયા બેનિયાઝ બનવાની જગ્યા છે, અને જે દુનિયાથી નસીહત લે, તેના માટે નસીહતની જગ્યા છે.

⇨ દુનિયા અલ્લાહના દોસ્તો માટે ઈબાદતની જગ્યા, અલ્લાહના ફરિશ્તાઓ માટે નમાઝ પઢવાની જગ્યા, પયગંબરો માટે અલ્લાહની વહી નાઝિલ થવાની જગ્યા, અને અલ્લાહના દોસ્ત માટે એવું બઝાર છે કે તેનાથી રહેમતે ખુદા હાંસિલ કરીને જન્નતનો નફો મેળવે છે.

⇨ આ હકીકત જાણવા પછી હવે કોણ છે કે જે આ દુનિયાની બુરાઈ કરે? દુનિયા તો જુદાઈની ખબર આપી, તેમાં રહેવા વાળાઓને મૌતથી ચેતવ્યા, આ દુનિયામાં આવતી મુશ્કિલીઓ અને આફતોને આખેરતની મુશ્કેલીઓ અને આફતોને સમજવા માટે ઉદાહરણ આપ્યું,

⇨ પોતાની ખુશીઓમાં આખેરતની

ખુશીનો રસ્તો બતાવ્યો, ડરાવવા અને ગફલતથી જગાડવા માટે સાંજને અમન અને સલામતી લાવનાર અને સવારને ગમ અને પરેશાનીનો પયગામ આપનાર બનાવ્યો.

⇨ અમુક લોકો પરેશાન થઈને દુનિયાની બુરાઈ કરે છે, અને અમુક લોકો કયામતના દિવસે દુનિયાના વખાણ કરશે, કેમકે દુનિયાએ તેમને આખેરતની યાદ અપાવી, અને તેઓએ યાદ રાખી, અને જેની ખબર આપી તેને કબૂલ કરી, અને દુનિયા એ નસીહત કરી તો તેઓ નસીહતને કબુલ કરી.

⇨ ઈમામ (અ.સ.) આ કલામને જંગે જમલ વખતે બયાન કરેલ છે, જયારે બસરાનો એક રહેવાસી દુનિયાની ખોટી રીતે બુરાઈ કરી રહ્યો હતો, ઈમામ (અ.સ.) આ વાતનો ફાયદો ઉપાડ્યો અને એક સરસ મજાનો જવાબ હદીસની

સુરતમાં બયાન કર્યો જેનો આજે પણ આપણે ફાયદો ઉઠાવી રહ્યા છીએ,

આ હદીસની અંદર બે ભાગ છે.

૧) આ દુનિયાની બુરાઈ, એક ફરેબ સિવાય બીજું કઈ નથી, કેમકે આપણે દરરોજ આ દુનિયામાંથી બોધ હાંસિલ કરીએ છીએ કે આ દુનિયા રહેવાસીઓ માટે બેવફા છે, માણસ કોઈ પણ કામ પોતે કરે છે અને નામ દુનિયાનું આપે છે, અય ઈન્સાન તું પોતે ખરાબ કામો કરે છે અને બદનામ દુનિયાને કરે છે, તને દુનિયાને બુરૂ કહેવાનો શું હક છે? હકીકતમાં તો દુનિયા તને બુરૂ કહે તેમ હોવું જોઈતું હતું, આપણે દુનિયાની ફરિયાદ કરીએ તે યોગ્ય નથી, પરંતુ બિલકુલ ઉંધુ હોવું જોઈએ કે દુનિયાને આપણી ફરિયાદ કરવી જોઈએ, કે આ કેવા કેવા ઈન્સાનો છે ખોટા કામ પોતે કરે

અને નામ મારૂ ચડાવે.

⇨ શું તને આ દુનિયાએ ફરેબ આપ્યો કે તુ દરરોજ જોવે છે કે આ દુનિયામાં તારા માં-બાપને પણ મોત આવી, અને તેઓ અત્યારે પોતાની બધીજ વસ્તુ મુકીને કબરમાં સુઈ રહ્યા છે, આ એક એવી વસ્તુ છે કે જે ઈન્સાનને દરરોજ જાગૃત કરવા માટે કાફી છે, કે આપણા બાપદાદ નથી રહ્યા તો પછી આપણે પણ આ દુનિયામાં નથી રહેવાના.

⇨ મોત એક હકીકી બોધપાઠ છે, તમે તમારા બીમારો માટે કેટલી કોશિશ કરો છો કે તેઓ સાજા થઈ જાય, તેની માટે ડોક્ટરો બદલો છો, દવાઓ કરો છો, કે તે સાજો થઈ જાય, પરંતુ છેલ્લે તેને મોત પોતાની આગોશમાં લઈ લે છે, જો આટલુ આટલુ જોવા છતાં જો દુનિયાની મોહ જાળમાં ફસાઈ જાવ તો આ દુનિયા શું





www.hajinaji.com

કરે?

૨) ઈમામ (અ.સ.) અહિયા દુનિયાથી ફાયદો ઉપાડવો હોય તો કેવી રીતે ઉપાડી શકાય તે બયાન કરે છે, આ દુનિયા યકીન રાખનાર માટે સચ્ચાઈનું ઘર છે, અને જે સમજવા માંગે તેના માટે આરામની જગ્યા છે, આખેરતનું ભાતું તૈયાર કરવાની જગ્યા છે, અને નસીહત હાંસિલ કરવા વાળા માટે નસીહતની જગ્યા છે.

⇨ આ દુનિયાથી જેવો સોદો કરવા ચાહે કરી શકે છે, જો આ દુનિયાથી આખેરત કમાવવા ચાહે તો તેને આખેરતનું બહેતરીન ભાતું મળશે.

⇨ આ દુનિયા અલ્લાહના દોસ્તો માટે મસ્જિદ અને ઈબાદતની જગ્યા છે, ફરિશ્તાઓ માટે નમાઝ પઢવાની જગ્યા અને નબીઓ માટે વહીની જગ્યા છે, અને અવ્લીયાએ ઈલાહી માટે સવાબ

કમાવવાની જગ્યા છે, તો પછી દુનિયા ખરાબ કેવી રીતે કહી શકાય!

➪ તો જે દુનિયા, લોકો માટે અને ફરિશ્તાઓ માટે નમાઝ પઢવાની જગ્યા છે તે ફરેબ આપી શકે? જે જગ્યા ઉપર વહી નાઝિલ થતી હોય, અને અવ્લીયાએ ખુદા વેપાર કરતા હોય તે જગ્યા ખરાબ હોય શકે?

➪ છેલ્લે ઈમામ (અ.સ.) બયાન ફરમાવે છે કે આ દુનિયામાં કામ્યાબ એ છે જે દુનિયામાં રહીને આખેરતની તૈયારી કરે, ગફલતથી પોતાને બચાવે.

➪ આ દુનિયા સારી પણ છે અને ખરાબ પણ છે જો આ દુનિયાની સારી વાતોને ધ્યાનમાં રાખીએ અને તેને હાંસિલ કરવાની કોશિશ કરવામાં આવે તો દુનિયા ફાયદાકારક છે તેના વડે આખેરત સારી બનાવી શકાય છે.

# હિકમત ૧૩૨

## દરરોજ ફરિશ્તાનું પુકારવું

⇨ અલ્લાહ તઆલા તરફથી એક ફરિશ્તો નક્કી થયેલ છે જે દરરોજ અવાજ આપે છે,

⇨ અય લોકો ! જન્મ આપો જે મરવાના છે, ભેગુ કરો જે ફના થવાનું છે, જેનું તમે બાંધકામ કરો છો તે તૂટવાનું (વિરાન થવાનું) છે.

⇨ અલ્લાહ તઆલા તરફથી જુદા જુદા કામ માટે ફરિશ્તાઓ બનાવ્યા છે, તેમાંથી અમુક ફરિશ્તાઓનું કામ છે કે તેઓ દરરોજ બુલંદ અવાજથી પુકારે, અને યાદ અપાવે કે તમો આજનું નહિ બલ્કે કાલનું વિચારો, આજે તમે આ દુનિયામાં છો તો કાલે મરી જશો, આજે તમે આ દુનિયામાં ભેગું કરો છો તો કાલે તમારી પાસે કાંઈ નહી હોય, આજે તમે ઊંચી

ઈમારતોને બનાવો છો કાલે તે તૂટી જશે, એટલે કે દરેકના અંત વિશે વિચાર કરવો જોઈએ.

⇨ આ હદીસની તફસીર કરનાર કહે છે, કે અમુક લોકોનું કહેવું છે કે અમે તો આ ફરિશ્તાનો અવાજ નથી સાંભળતા તો અમે શું કરીએ? તફસીર કરવા વાળા કહે છે કે ભલે તમે ફરિશ્તાનો અવાજ ન સાંભળતા હોય, પરંતુ અલ્લાહના જે ખાસ બંદાઓ છે, તેઓ લોકોને વારંવાર દુનિયાને ફના થવા વિશે ચેતવ્યા કરે છે કે આ દુનિયા હંમેશા માટે નથી, અને આપણે જોઈએ છીએ કે કોઈ ન કોઈ દરરોજ આ દુનિયાથી જાય છે, તે બતાવે છે કે આ વાત સાચી છે.

⇨ હોંશિયાર માણસને વિચાર કરવો જોઈએ કે જે બાપદાદા કાલે અમારા સાથે હતા તે અત્યારે ક્યાં છે? તેઓ જે મોટી

મોટી ઈમારતો બનાવી હતી તે કેવી વિરાન થઈ ગઈ છે? એવીજ રીતે આપણને પણ તેમની સાથે જોડાવાનું છે.

⇨ એક બીજી હદીસમાં ઈમામ અલી (અ.સ.) આપણી સાથે શું થશે અને કઈ વસ્તું મરવા પછી કામ આવશે તે સમજાવે છે કે જનાબે આદમ (અ.સ.)ની જેટલી પણ ઓલાદ છે, જયારે તેનો આ દુનિયામા છેલ્લો દિવસ અને આખેરતનો પહેલો દિવસ હશે, ત્યારે તેમની સામે તેમનો માલ, ઓલાદ અને અમલ આવશે, મરનાર પોતાના માલને કહેશે, અલ્લાહની કસમ તું મારી પાસે હતો, મેં તારો ખ્યાલ રાખ્યો અને તને વાપરવામાં કંજૂસી કરી, હવે તું મારી મદદ કર, ત્યારે તે માલ કહેશે કે હું ફક્ત કફન આપીને તારી મદદ કરી શકું છું બસ, પછી તે મરનાર તેની ઔલાદને કહેશે, મેં તમારી

બધી રીતે મદદ કરી (તમને ભણાવ્યા ગણાવ્યા ઘર બાર કર્યા તમારી દરેક જાએઝ નાજાએઝ વસ્તુઓનો ખયાલ રાખ્યો) હવે તમે મારી મદદ કરો, ત્યારે ઔલાદ કહેશે કે અમે તમોને કબ્રસ્તાન સુધી પહોંચાડવામાં અને કબ્રમા દફન થવા સુધી મદદરૂપ બનશું, બસ, પછી તે મરનાર પોતાના અમલને કહેશે, કે અલ્લાહની કસમ મેં તારી ઉપર બરાબર ધ્યાન નથી આપ્યું, તું મારી માટે મહેનત વાળી અને અઘરી વસ્તુ છો, તો તું મારી શું મદદ કરીશ? તો અમલ કહેશે કે હું કબરમાં તારો સાથી બનીશ, અને કયામતમા અલ્લાહની બારગાહ સુધી પહોંચાડીશ.

⇨ પછી ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જે કોઈ અલ્લાહનો નેક બંદો હશે, અને તેના હુકમનું પાલન કર્યું હશે, તેને સારો

બદલો મળશે, અને જન્નત આપવામાં આવશે

⇨ તેથી તે ખુશ થશે, અને જે અલ્લાહની નાફરમાની કરી હશે, તેને દર્દનાક અઝાબ અને જહન્નમમા ધકેલી દેવામાં આવશે, (કાફી, ભા.૩, પે.૨૩૧)

# હિકમત ૧૩૩

## દુનિયામાં બે પ્રકારના લોકો

⇨ આ દુનિયા એક પસાર થવાની જગ્યા છે, હંમેશા રહેવાની મંઝીલ નથી, આ દુનિયામાં બે પ્રકારના લોકો રહે છે, એક જે પોતાને દુનિયા માટે વહેંચી દીધા અને હલાક થઈ ગયા, અને બીજા જેને પોતાને આ દુનિયાથી ખરીદી લીધી અને આઝાદ થઈ ગયા.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં દુનિયાની હકીકત બયાન ફરમાવે છે, અને આ દુનિયામા રહેનારને બે પ્રકારમાં વહેંચી દીધા છે, હવે ઈન્સાન જોવે પોતે ક્યાં પ્રકારમા છે.

⇨ આ દુનિયા એક મુસાફરી છે, જેમાં આગળ વધી રહ્યો છે, અહિયા કોઈપણ પોતાની મંઝીલ અને પડાવ સમજીને રહેવાનું નથી, તો પછી આ દુનિયાને

આબાદ કરવાનું શા માટે વિચારવું જોઈએ? સાચી મંઝીલ આખેરત છે, ત્યાં હંમેશા આપણે રહેવાનું છે, તો આખેરત માટે ભાતું તૈયાર કરવું જોઈએ અને તૈયારી કરવી જોઈએ.

⇨ પછી આગળ હદીસમાં છે કે અમુક લોકો આ દુનિયા હાંસિલ કરવા પોતાને વહેંચી દે છે, અને પોતાને હલાક કરી દે છે.

⇨ દુનિયાના હાથે વહેંચાઈ જવું એટલે શું?

⇨ અલ્લાહે માણસને તેની મારેફત, ઈબાદત, ઈતાઅત માટે પૈદા કર્યો છે, જો માણસ દુનિયાના થોડાક એવા લાભ માટે અલ્લાહની નાફરમાની કરે તો તેને કહેવાશે કે દુનિયાના હાથે વહેંચાઈ ગયો અને મહાન રબની નાફરમાની કરી. જે કિંમતી વસ્તુના બદલામાં માટીને ખરીદી કહેવાશે,

ત્યારે આખેરતની મંઝીલ જ્યાં હમેશા રહેવાનું છે તે ખરાબ થઈ જાય છે.

⇨ અને અમુક લોકો પોતાને આ દુનિયાથી ખરીદી લે છે, એટલે પહેલા તે શૈતાનના ગુલામ હતા, તેના રસ્તા ઉપર ચાલતા હતા, પોતાની ઈચ્છાઓના ગુલામ હતા, પછી તે અલ્લાહની ઈતાઅત કરવા લાગ્યા, એટલે શૈતાનના રસ્તાને છોડીને અલ્લાહના રસ્તા તરફ આવીને શૈતાનથી આઝાદ થઈ ગયા.

⇨ હકીકી આઝદી એ છે કે પોતાને અલ્લાહના હવાલે કરી દે, અને ઈચ્છાઓને અલ્લાહના હુકમની તાબેદાર બનાવે અને શૈતાનના ચુંગલથી બચીને રહે.

# હિકમત ૧૩૪

## સાચા દોસ્તની નિશાની

⇨ દોસ્ત ત્યારે સાચો દોસ્ત બની શકશે જ્યાંરે તે દોસ્તને ત્રણ જગ્યા ઉપર કામ આવે (મુસીબતથી બચાવે)

૧– મુસીબતમાં ગિરફ્તારીના સમયે,

૨– તેની ગેરહાજરીમાં,

૩– અને મોત પછી.

⇨ આપણે જેને દોસ્ત સમજીએ છીએ અને ઈમામ જેને દોસ્ત કહે છે બંને અલગ અલગ છે, કેમકે આપણે તેને દોસ્ત સમજીએ છીએ કે જે બધીજ બુરાઈમા અને ખરાબ કાર્યોમા આપણો સાથ આપે અને કોઈને આપણી બુરાઈ પણ ન કહે, અને આપણને રોક ટોક પણ ન કરે, આ દોસ્ત નથી, બલ્કે દુશ્મન છે, દોસ્ત તો એને કહેવાય જે તમને બુરાઈથી રોકે, અને સારા કામોમા સાથ આપે, અને સારી

જગ્યા ઉપર લઈ જાય.

➩ ઈમામ (અ.સ.) અહિંયા પોતાના નુરાની કલામમાં દોસ્તોની ત્રણ નિશાનીઓ બતાવે છે.

૧) મુસીબતના સમયે જે સાથ આપે તે સાચો દોસ્ત અને જે છોડીને ચાલ્યો જાય તે સાચો દોસ્ત નથી, બલ્કે મતલબી છે, આ દુનિયા મુસીબતનું ઘર છે ક્યારે અને કોના ઉપર મુસીબત આવશે ખબર નથી, તો કોઈ એવો મુખલીસ દોસ્ત હોવો જોઈએ જે મુસીબતોમાં સહારો બને, અને દુનિયા અને આખેરતની તકલીફોથી નીકળવાનો રસ્તો બતાવે, અને દુઃખ સુખમાં સાથે ઉભો રહે તે જ હકીકી દોસ્ત છે.

૨) પોતાના દોસ્તની ગેરહાજરીમા દોસ્તની ઈઝ્ઝતને સાચવે, વખાણ કરે, તેની કોઈ બુરાઈ કરતું હોય તો બચાવ

કરે, તે જ સાચો દોસ્ત છે, એવું ન થાય કે દોસ્ત ગયો અને કહે સારૂં થયું ચાલ્યો ગયો, હવે છુટકારો મળ્યો અને પછી તેની બુરાઈ કરવા લાગે, અને જયારે મોજુદ હોય ત્યારે તેના સામે વખાણ કરે, ના, આવો માણસ સાચો દોસ્ત નથી, સાચો દોસ્ત એ છે કે જે હંમેશા પોતાના દોસ્તનો ખ્યાલ રાખે ચાહે હાજર હોય કે ગેરહાજર.

૩) મોત પછી પણ કામ આવે અને તેને યાદ રાખે તેમના બાલ-બચ્ચાઓનું ધ્યાન રાખે, તેમજ તેને દુઆ અને નેકીઓમાં યાદ રાખે તે હકીકી દોસ્ત છે, એવું ન થાય કે દોસ્ત મરી ગયો એટલે દોસ્તી પણ ખતમ, પરતું તેના હક પછી પણ અદા કરતો રહે, તેમજ હંમેશા યાદ કરતો રહે.

# હિકમત ૧૩૫

## દુઆ, તોબા, ઈસ્તેગ્ફાર, શુક્ર

⇨ જેને આ ચાર વસ્તુ મળી ગઈ એ ચાર વસ્તુથી વંચિત નથી રહેતો.

૧) જેને દુઆ કરવાની તોફીક મળી તે દુઆ કબુલ થવાથી વંચિત (મહેરૂમ) નથી રહેતો.

૨) જેને તોબા કરવાની તોફીક મળી તે તોબા કબુલ થવાથી વંચિત નથી રહેતો.

૩) જેને ઈસ્તેગ્ફાર કરવાની તોફીક મળી તે માફીથી વંચિત નથી રહેતો.

૪) જેને શુક્ર કરવાની તોફીક મળી તે વધારે નેઅમતો હાંસિલ કરવાથી વંચિત નથી રહેતો.

⇨ સય્યદ રઝી કહે છે કે આ ચાર વસ્તુ કુરાનમા પણ ઝિક્ર થઈ છે

૧) અલ્લાહ ફરમાવે છે કે મારી પાસે દુઆમાંગો હું તમારી દુઆ કબુલ કરીશ.

૨) અને ઈસ્તેગ્ફાર વિશે ફરમાવ્યું કે જે બુરાઈ કરે અથવા અને પોતાના નફસ ઉપર અત્યાચાર કરે ત્યારે પછી ખુદા પાસે માફી માંગશે તો ખુદા ખુબજ માફ કરનાર અને દયાળુ છે.

૩) જો તમો શુક્ર કરશો તો અમે તમારી નેઅમતોમાં વધારો કરીશું.

૪) અને તોબા વિશે આવ્યું છે કે તોબા એ લોકો માટે છે કે જેઓ નાદાનીથી ગુનાહ કર્યા અને પછી તરતજ તોબા કરી, આ લોકોની તોબા અલ્લાહે કબુલ કરી, બેશક અલ્લાહ (દરેકની નિય્યતને) જાણનાર અને હિકમતવાળો છે.

⇨ અહિંયા આ હદીસમા ફરમાવવામાં આવ્યું છે જેને આ ચાર વસ્તુની તોફીક મળે છે તેને બીજી પણ ચાર વસ્તુ અતા કરવામાં આવે છે,

૧) દુઆ, અલ્લાહ કહે છે દુઆ કરો હું

તમારી દુઆ કબુલ કરીશ. દુઆ ઈસ્લામમાં માણસ માટે એક મહત્વની ભૂમિકા ધરાવે છે, આ દુઆ ઈન્સાનને પસ્તીથી બુલંદી તરફ લઈ જાય છે, ઈન્સાનને દરેક નમાઝ પછી અને અમુક ખાસ દિવસોમાં દુઆ કરવી જોઈએ, કબૂલ કરવું અલ્લાહની મરજી પ્રમાણે છે જો આપણા માટે બહેતર હશે તો અલ્લાહ દુઆને આ દુનિયામા કબુલ કરશે, અને જો આપણા માટે સારૂ નહી હોય તો કબૂલ નહિ કરે, જો દુઆ કબૂલ ન થાય તો પણ તેના બદલામાં આખેરતમાં દુઆ કરવાનો બદલો જરૂર આપવામાં આવશે.

૨) તોબા, ઈન્સાન ભૂલને પાત્ર છે કેમ કે શૈતાન હંમેશા તેની સાથે લાગેલો હોય છે, અને અલગ અલગ રીતે તેને બહેકાવે છે, જો તે શૈતાનના બહેકાવવામાં આવી ગયો પછી અલ્લાહ પાસે માફી માંગે, તેના

માટે અલ્લાહે તોબાનો રસ્તો ખુલ્લો રાખ્યો છે, કે તે માયુસ ન થાય અને તોબા કરે, માફી માંગે, અને જે પણ સાચા દિલથી અફસોસ કરીને તોબા કરશે અને ફરીથી ગુનાહ નહિ કરે, અને તેનું વચન આપશે તો અલ્લાહની રહેમતનો દરવાજો ખુલ્લી જશે અને અલ્લાહ તેને માફ કરી દેશે,

૩) ઈસ્તેગ્ફાર, જે ઈસ્તેગ્ફાર કરશે તેને અલ્લાહ માફ કરશે.

⇨ ઈસ્તેગેફાર તોબા પછીનો બીજો દરજ્જો છે ઈસ્તેગ્ફાર એટલે અફસોસ કર્યા પછી અલ્લાહની ઈતાઅત તરફ પાછુ પલટવું.

⇨ અને અમુક જગ્યા ઉપર ઈસ્તેગ્ફાર અને તોબા બંને એક જ વસ્તુ માટે વાપરવામાં આવ્યું છે.

⇨ અલ્લાહ કહે છે કે ઈસ્તેગ્ફાર કરવા

વાળાને પોતાની મોહબ્બત અતા કરશે અને ગુનાહો માફ કરી દેવામાં આવશે.

૪) શુક્ર, શુક્ર કરવાથી નેઅમતોમાં વધારો થશે, આ અલ્લાહનું વચન છે, જે કુરાનમા આવ્યું છે, જે કોઈ શુક્ર કરશે તેની નેઅમતોમાં ખુબજ બરકત થશે.

⇨ અને શુક્રના બે પ્રકાર છે, એક ઝબાની શુક્ર કે જે ઝબાનથી અલ્લાહનો શુક્ર કરીએ તેને કેહવાય, અને આપણે અલ્લાહની બધીજ વસ્તુનો અલગ અલગ શુક્ર કરવા માંગીએ તો આખી જિંદગી ઓછી પડે, કેમકે અલ્લાહે આપણને અગણિત નેએમતો આપી છે, તે બધીજ વસ્તુનો અલગ અલગ શુક્ર કરીએ તો આખી જિંદગી ઓછી પડે, એટલે આપણા આઠમા ઈમામ અલી રઝા અ. ફરમાવે છે કે દરેક નમાઝ પછી શુક્રનો સજદો કરો, અને ત્રણ વખત શુક્રન લિલ્લાહે, શુક્ર ન

લિલ્લાહે, શુક્ર લિલ્લાહે કહો, તો તે અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યો કહેવાશે.

⇨ અને બીજો શુક્ર અમલી શુક્ર એટલે જે નેઅમતો અલ્લાહ આપેલ છે જ્યાં અલ્લાહે રજા આપી છે તે જગ્યા ઉપયોગ કરવી, અને જ્યાં રજા નથી આપી ત્યાં ઉપયોગ ન કરવું. આનું નામ અમલી શુક્ર છે.

# હિકમત ૧૩૬
# નમાઝ, રોઝા, હજ, ઔરતોની જવાબદારી

⇨ નમાઝ દરેક પરહેઝગારો માટે અલ્લાહનો કુર્બ (નજદીક માનવંતો થવાનો) રસ્તો છે, હજ દરેક કમઝોર માટે જેહાદ છે, બધીજ વસ્તુનું એક ઝકાત હોય છે અને શરીરની ઝકાત રોઝા છે, અને ઔરતોનું જેહાદ તેના શોહરની સાથે બહેતરીન વર્તાવ છે.

૧) એમાં કોઈ શક નથી કે નમાઝથી આપણે અલ્લાહની નજીક માનવંત બની શકીએ છીએ, હદીસમાં છે કે નમાઝ મોમીન માટે મેઅરાજ છે, આ મેઅરાજ ત્યારે મળશે જયારે પરહેઝગાર બનીને નમાઝ પઢે, જો તકવા સાથે નમાઝ પઢશે તો તે ધીમે ધીમે ગુનાહથી દૂર થશે અને

એક સમય એવો આવશે કે તેને ગુનાહથી નફરત થવા લાગશે, અને તે અલ્લાહનો ખાસ બંદો બની જશે તેમજ ખુદાની કુર્બત હાંસિલ કરી લેશે.

૨) હજ દરેક કમજોરો માટે જેહાદ છે,એટલે કે હજ કરવા જઈએ ત્યારે આપણે ઘણી બધી ઈચ્છાઓને તર્ક કરીએ છીએ કેમકે ત્યાં બધાજ અમલનો એક ખાસ સમય છે, અને ત્યાં ઘણા બધા અમલ કરવાના હોય છે, અને એવીજ રીતે કમજોર ઈન્સાન પણ પોતાની ઈચ્છાઓને તર્ક કરે છે, તેની પાસે ઘણી બધી હાજતો અને ઈચ્છાઓ હોય છે, પરતું તે અલ્લાહના હુકમ ઉપર ચાલી સબરથી કામ લે છે અને પોતાની ઈચ્છાઓને તર્ક કરે છે.

૩) રોઝા શરીર માટે ઝકાત છે આપણે જયારે રોઝો રાખીએ છીએ ત્યારે શરીરનો

થોડોક ભાગ ઓછો થઈ જાય છે, જેવી રીતે ઝકાત આપીએ છીએ તો માલ ઓછો થઈ જાય છે, પરતું ઝકાત આપવાથી બરકતમા વધારો થાય છે, અને માલ હલાલ થઈ જાય છે, એવીજ રીતે રોઝો રાખવાથી શરીરમાં બીમારી ખતમ થઈ જાય છે અને શરીર તંદુરસ્ત થઈ જાય છે.

૪) ઔરતોનું જેહાદ શોહરની સાથે બહેતરીન વર્તાવ છે, ઔરતને જંગના મૈદાનમા જવાની ઈજાઝત નથી, પરતું ઘરમાં રહીને શોહરનું ધ્યાન રાખે તેની સાથે સારો વર્તાવ કરવું જેહાદ છે, ઔરત ઘરમાં રહીને અલગ અલગ મુસીબતો બરદાસ્ત કરે છે, શોહરની કડવી વાતો સાંભળે છે, બચ્ચાઓની હેરાનગતીની સામે સબ્ર કરે, જો તમામ મુસીબતો સામે સબ્રથી કામ લે તો તે ઔરતને જેહાદનો સવાબ મળે છે.

# હિકમત ૧૩૭
## સદકો અને રોઝી

⇨ સદકા વડે રિઝ્‌ક અને રોઝી હાંસિલ કરો, (સદકા થકી રિઝ્‌ક નાઝિલ થાય છે)

⇨ રિઝ્‌ક એટલે ખાલી માલ અને દોલત નથી, રિઝ્‌ક એ દરેક વસ્તુનું નામ છે જે અલ્લાહ આપણને અતા કરેલ છે જેમકે માલ, દોલત, ઘર, ગાડી, ઈલ્મ, ઈબાદત, ઈમાન, યકીન વગેરે.........

⇨ આપણે અલ્લાહ પાસે દુઆ માંગીએ છીએ (અલ્લાહુમ્મર્ ઝુકનલ ઈમાન વલ યકીન – યા અલ્લાહ અમને ઈમાન અને યકીનનું રિઝ્‌ક અતા કર)

⇨ અહિંયા ઈમાન અને યકીનને રિઝ્‌ક કહેવામાં આવ્યું છે, એટલે આપણે જયારે અલ્લાહ પાસે રિઝ્‌કની દુઆ કરીએ છીએ ત્યારે અલ્લાહ આપણને રિઝ્‌ક અતા કરે છે, પણ અમુક લોકો રિઝ્‌ક એટલે ફક્ત

માલ અને દોલત જ સમજે છે,

⇨ કયારેક અલ્લાહ આપણા ઈલ્મમાં વધારો કરે છે, કયારેક અમલમાં વધારો કરે છે, અને કયારેક માલ અને દોલતમા વધારો કરે છે, આપણું કામ છે અલ્લાહ પાસે દુઆ માંગવી અને સદકો આપીને દુઆ માંગીએ તો અલ્લાહ તે દુઆને કબૂલ કરીને જરૂર આપણા રિઝ્કમા વધારો કરશે.

⇨ સદકો કઈ વસ્તુનો આપી શકીએ?

સદકો કોઈ પણ વસ્તુનો આપી શકીએ છીએ, માલ, દોલત અથવા જરૂરતમંદની જરૂરત પૂરી કરવી, ઝાડ ઉગાવવું, તાલીમ આપવી, કોઈ સાથે નેકી કરવી વગેરે... બધુજ સદકામાં ગણાય છે.

⇨ સદકો ફક્ત અલ્લાહની ખુશી માટે હોવો જોઈએ, ન કે લોકોની વાહ વાહ અથવા દેખાડવા માટે.

⇨ જો આવી રીતે સદકો આપવામાં આવે તો આ સદકો તમારી દુનિયાની રોઝીમાં તેમજ આખેરતના રિઝ્કમાં વધારો કરશે, તેમજ તેના ઘણા ફાયદા મળશે.

⇨ બીજી એક હદીસમાં સદકા વિશે છે કે જયારે ઈન્સાન ગરીબ થઇ જાય ત્યારે સદકો આપી અલ્લાહ સાથે વેપાર કરે, એટલે સદકા થકી રોઝીમાં વધારો થાય છે, પરંતુ અમુક લોકો એમ સમજે છે કે સદકો આપવા પછી આપણો માલ ઓછો થઇ જાય છે, ના ભાઈના, સદકો આપવાથી દુનિયાના માલમાં ફાયદો થાય છે અને આખેરતમાં સવાબ મળે છે કેમકે તમે કોઈ પણ વસ્તુને રાહે ખુદામા બીજા કોઈને આપો તો તેનો સવાબ ખુબજ વધારે છે.

⇨ એક વખત ઈમામ સાદીક (અ.સ.)

પોતાના એક દીકરાને બોલાવીને પૂછે છે કે આપણી પાસે અત્યારે કેટલી રકમ છે? કહ્યું ૪૦ દીનાર, ઈમામ (અ.સ.) ફરમાવે છે જાવ આ ૪૦ દીનાર ગરીબ અને જરૂરતમંદને આપી દો, થોડાક દિવસ પછી એક જગ્યાથી ઈમામને ૪૦ હજાર દીનારનો લાભ થયો, ઈમામે પોતાના દીકરાને ફમાવ્યું,

⇨ ૪૦ દીનાર સદકામાં દેવાથી ૪૦ હજાર દીનાર હાંસિલ થયા. (કાફી, ભા.૪, પે.૯, હ.૩)

⇨ રોઝી હાંસિલ કરવા માટે શું કરવુ જોઈએ?

૧) જે કામ કરો તે પોતાના શોખ મુજબ અને પૂરતી મહેનત સાથે હોવું જોઈએ,

૨) કોઈ પણ કામ શરૂ કરવા પહેલા ચારે તરફનો વિચાર કરો અને તેનો સંપૂર્ણ અભ્યાસ કરીને અંત સુધી જવાની કોશિશ

કરો, સાથે અલ્લાહ ઉપર ભરોસો રાખો,

૩) જો કોઈ પણ કામમાં ખબર ન પડતી હોય તો જાણકાર લોકો અને સારા લોકો પાસેથી સલાહ સૂચન લો.

૪) રાહે ખુદામાં દરરોજ કમ સે કમ એટલો સદકો આપો કે જેથી ગરીબનું પેટ ભરાઈ શકે, જો એટલો ન આપી શકો તો પછી પોતાની હેસિયત મુજબ તો આપવો જ.

૫) નમાઝે શબ દરરોજ પઢો

૬) નમાઝે ફજર પછી જ્યાં સુધી સુરજ ન નીકળે સુવો નહિ કેમકે રોઝી સવારની નમાઝ પછી વહેંચવામાં આવે છે.

૭) ઈસ્તેગ્ફાર કરો અને ગુનાહોની માફી માંગો

૮) દરેક નમાઝ પછી દુઆ માંગો

૯) નાના મોટા ગુનાહોથી બચતા રહો, કેમ કે તેનાથી રોઝી ઓછી થઈ જાય છે.

૧૦)રીશ્તેદાર અને સગાહ સબંધીઓ સાથે સિલે રહેમ કરતા રહેવું. હદીસમાં છે કે સગાંવહાલાંથી રિશ્તો જોડતા રહેવાથી અને ધ્યાન રાખવાથી રોઝીમાં વધારો થાય છે, અને રિશ્તો તોડી નાખવાથી રોઝીમાંથી બરકત ખતમ થઇ જાય છે.

# હિકમત ૧૩૮

## રાહે ખુદામાં દાન

⇨ જેને વળતર અને બદલાનું યકીન હોય છે તે વિશાળ દિલથી સખાવત કરે છે.

⇨ આ હદીસમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જેને ખુદા ઉપર યકીન હોય કે તેની નેકી અને દાનનો બદલો અલ્લાહ જરૂર આપશે, તો તે કોઈ દિવસ સખાવત અને દાન કરવમાં પાછળ નહિ રહે, અને નેકીમાં બહેતરીન નેકી દાન અને સખાવત છે.

⇨ દાન કરવાવાળાને ઘણા ફાયદા છે.

⇨ દાન કરનારની ઈઝ્ઝત અલ્લાહ પાસે અને લોકોમાં વધારે થાય છે,

⇨ દાન કરવા વાળા માટે અલ્લાહની ખાસ બક્ષિસ હોય છે,

⇨ દાન કરનાર અલ્લાહના અઝાબથી

પણ બચી જાય છે, જેમ કે કુરાન મજીદમા આવ્યું છે (અય ઈમાન લાવનારાઓ, હું તમને એક એવી વસ્તુનો વેપાર બતાવું છું જે તમને અલ્લાહના અઝાબથી બચાવે) એ છે અલ્લાહની રાહમા સખાવત/દાન કરવું, અને જેને અલ્લાહ ઉપર યકીન છે તે રાહે ખુદામા પોતાના માલને વાપરીને અલ્લાહના અઝાબથી બચે છે.

⇨ બીજી એક આયતમાં સૂરે સબા આયત ૩૯માં (બેશક અમારો અલ્લાહ જેના રિઝ્કમા ચાહે વધારો કરે છે અને જેના રિઝ્કમાં ચાહે ઘટાડો કરે છે, અને જે કોઈ રાહે ખુદામાં ખર્ચ કરશે એનું વળતર અને બદલો જરૂર હાંસિલ કરશે, અને તે બહેતરીન રિઝ્ક અતા કરવાવાળો છે.)

⇨ તો પછી આપણને યકીન હોવું

જોઈએ કે કુરાનમાં સાફ સાફ છે કે જે લોકો રાહે ખુદામા દાન કરશે તેને તેનો બદલો જરૂર મળશે, અને બદલાનો મતલબ એ છે કે તેને દુનિયા અને આખેરતમા બંને જગ્યા ફાયદો થશે.

⇨ બીજી એક ખાસ વસ્તુનું ધ્યાન રાખવું જોઈએ જે દાન અને સખાવતની રૂહ સમાન છે કે દાન અને સખાવત ફક્ત અને ફક્ત અલ્લાહની ખુશી માટે હોય, એ રીતે હોય કે બીજા કોઈને ખબર પણ ન પડે, (જમણાં હાથથી આપો તો ડાબા હાથને ખબર ન પડે) જો આવી રીતે મદદ કરવામાં આવી હશે તો ચોક્કસ અલ્લાહને ત્યાં તેનો બદલો વધારે સારો અને બેહિસાબ મળશે.

# હિકમત ૧૩૯

## ખર્ચ પ્રમાણે મદદ

⇨ અલ્લાહ તરફથી મદદ, માલને ખર્ચ કરવા પ્રમાણે મળે છે (જેટલો માલ તમે ખર્ચ કરશો એટલુ તમને અલ્લાહ તરફથી રિઝ્ક મળશે)

⇨ આ હદીસમા ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જેટલુ તમે પોતાની જિંદગીમા રાહે ખુદામાં ખર્ચ કરશો એ પ્રમાણે અલ્લાહ તરફથી મદદ થશે.

⇨ આ હદીસથી બે વસ્તુ સમજવા મળે છે.

૧) જયારે ઈન્સાન વધારે ખર્ચ કરે તો મહેનત પણ વધારે કરવા લાગે છે, કેમકે તેને ખબર છે જો વધારે ખરચો કરશું અને કમાણી નહી હોય તો પછી વાંધો આવશે, એટલે તે મહેનત વધારે કરવા લાગે છે, અને જયારે મહેનત વધારે કરશે તો તેને

રિઝ્ક પણ વધારે મળશે. જયારે ઈન્સાન એકલો હોય અને લગ્ન ન કર્યા હોય ત્યારે તે મહેનત ઓછી કરે છે, પરતું જયારે ઈન્સાનના લગ્ન થઈ જાય ત્યારે મહેનત વધારે કરવા લાગે છે, કેમકે તેને ખબર છે કે હવે ઘરની જવાબદારી વધી ગઈ છે, જેથી તે મહેનત વધારે કરે છે, અને તેનું ફળ પણ વધારે મળવા લાગે છે, અને અલ્લાહ પણ તેની મદદ કરે છે અને અલ્લાહે વાયદો કર્યો છે કે તમે શાદી કરી લો, તમારા રિઝ્કની જવાબદારી મારી.

⇨ બીજી વસ્તુ એ બયાન કરવામાં આવે છે કે તમે તમારા બાલ બચ્ચાઓ માટે જાએઝ ખર્ચામાં કંજૂસી ન કરો કેમકે જો તમે તમારા બાલ બચ્ચાઓ માટે વાપરશો તો અલ્લાહ તમારી મદદ કરશે, તમે તમારી સાથે જે રહે છે તેનું ધ્યાન રાખો, તેને ખુશ રાખો તો અલ્લાહ તમારી મદદ

કરશે કેમકે રિઝ્ક દેવાવાળો તો અલ્લાહ છે.

⇨ અરબ લોકો ઈસ્લામ આવા પહેલા પોતાના બચ્ચાઓને મારી નાખતા કેમકે તેઓ સમજતા કે તેના પાલન પોષણનું શું થશે? કુરાન મજીદ પણ આ વાતનો ઝિક્ર કરે છે. સુરે ઈસરા આયત ૩૧ (ખબરદાર તમે તમારી ઓલાદને ભુખ આને ફાકાની બીકના લીધે કતલ ન કરો અમે તેને પણ રિઝ્ક આપીએ છીએ અને તમને પણ રિઝ્ક આપશું, અને તેઓનું કતલ કરવું ખુબજ મોટો ગુનોહ છે)

⇨ બીજી એક આયતમા છે કે રિઝ્ક અલ્લાહના હાથમાં છે, સૂરે ઝારીયાત આ.૨૨ (અને આસમાનમા તમારું રિઝ્ક છે અને જે વાતોનો તમારી સાથે વાયદો કરવામાં આવ્યો છે તે બધું જ મોજુદ છે)

⇨ અને હદીસોમાં પણ આવ્યું છે કે જો

તમે દાન અને સખાવત વધારે કરશો તો અલ્લાહ પણ તમારા રિઝ્કને વિશાળ કરી દેશે.

⇨ ઉપર બયાન મુજબ અમુક બનાવ એવા જોવા અને સાંભળવા મળે છે કે જ્યાં સુધી લોકો બીજાને મદદ કરતા રહ્યા ત્યાર સુધી તેમને પણ અલ્લાહ તરફથી રિઝ્કમાં વધારો થતો ગયો, અને જેવું લોકોને દાન કરવાનું બંધ કર્યું તો રિઝકમાંથી બરકતો અને વધારો બંધ થઈ જાય છે.

# હિકમત ૧૪૦
## મધ્યમ ખર્ચ

⇨ જે મધ્યસ્થતા (ખર્ચમાં વચલો રસ્તો) અપનાવશે તે કદી પણ મોહતાજ નહિ થાય.

⇨ આ હદીસમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે જે વચલો રસ્તો (ન ઉડાવપણું કે ન કંજૂસાઈ) ઈખ્તેયાર કરશે તે કદી પણ ગરીબ નહિ બને, જે ફઝુલ ખર્ચ નહિ કરે તેને કદી પણ વાંધો નહિ આવે.

⇨ સમાજમાં બે પ્રકારના લોકો છે એક કંજૂસ તેની પણ ઈમામ મનાઈ કરેલ છે, અને બીજા ફઝુલ ખર્ચ કરવા વાળા જ્યાં ખર્ચ ન કરવું જોઈએ ત્યાં પણ બીજા પાસેથી કર્ઝ લઈને અથવા વ્યાજે લઈને ખર્ચ કરે છે, પછી ગરીબ અને ગરીબ જ રહે છે.

⇨ અને જો મધ્યમ રસ્તો ઈખ્તેયાર

કરશો તો કદી પણ વાંધો નહિ આવે, જે જગ્યા ઉપર જેટલું અને જેવું વાપરવું જોવે એવું વાપરે તો કદી પણ વાંધો નહિ આવે.

⇨ ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે જે મધ્યમ રસ્તો ઈખ્તેયાર કરશે તે કદી પણ મોહતાજ નહિ થાય, તેની હું ઝમાનત આપુ છું. (કાફી, ભા.૪ પે.૫૩)

⇨ અને આ વચલો રસ્તો ઈખ્તેયાર કરવો ફક્ત પૈસા વાપરવા માટે જ નથી, બલ્કે જિંદગીની દરેક જગ્યા હોવો જોઈએ, જેમ કે વ્યવહારમાં, દોસ્તોમાં, કુટુંબમાં, ઈબાદતમાં, કોઈ પણ વસ્તુ જો હદથી વધી જાય તો તે પરેશાનીનું કારણ બને છે, તો જે પણ કામ કરો સરખી રીતે અને જેટલું દિલ લાગે એટલું કરો, અને પોતાની હેસિયત મુજબ કરશો તો કદી પણ વાંધો નહિ આવે.

# હિકમત ૧૪૧
# ઓછા બાળકો

⇨ બાલ બચ્ચાઓ ઓછા હોવા પણ બે પ્રકારમાંથી એક પ્રકારની તવગંરી છે.

⇨ ઈન્સાનની જિંદગી બે પ્રકારની છે, અમીર અથવા ગરીબ.

⇨ જો અમીર હોય તો દુનિયાની બધી સહુલત તેની પાસે હોય છે, ઘર, ગાડી, બંગલો, માલ, દોલત, વગેરે... બધુજ અને તેના ઘરમાં જાહેરમાં કોઈ પણ પ્રકારનો વાંધો હોતો નથી.

⇨ અને જો ગરીબ હોય તો તેને ઘણી બધી મુશ્કેલીઓ હોય છે, ખાવા પીવાની ચિંતા, ખુદનું મકાન નથી હોતું એટલે તેના માટે ભાડુ ભરવાની ચિંતા, જો ઘરમાં કોઈ બીમાર થઈ જાય તો ઈલાજ વગેરે માટેની ચિંતા, તેમજ ઔલાદની સ્કુલ ફીસ વગેરેની ચિંતા, ગરીબી મોટી મુસીબત

અનુક્રમણિકા

છે.

⇨ હદીસ છે કે ઘણી વખત આ ગરીબી અને મોહતાજી મોમીનને કાફીર બનાવી દે છે.

⇨ ઈમામ (અ.સ.) આ બધી વસ્તુઓનું ધ્યાન રાખીને બયાન ફરમાવ્યું છે, જો ગરીબ આદમીને ચિંતામા ન રહેવું હોય તો તે બચ્ચાઓ ઓછા રાખે એટલે આરામ અને સુકુનવાળી જિંદગી વીતાવી શકે, નહિ તો હંમેશા ચિંતામા જ જિંદગી વિતાવશે.

# હિકમત ૧૪૨

## અડધી અક્કલ

⇨ લોકોની સાથે દોસ્તી રાખવી, અક્કલનો અર્ધો ભાગ છે.

⇨ આ હદીસમાં ઈશારો કરવામાં આવ્યો છે કે તમે બીજા લોકો સાથે દોસ્તી કરો તો દોસ્તીનો ઈઝહાર પણ કરો જો તમે કોઈને દોસ્ત બનાવ્યો છે તો પછી સામેવાળાને અમલથી ખબર પણ પડવી જોઈએ કે તમે પણ તેનાથી મોહબ્બત રાખો છો, તેમને દરેક જગ્યાએ કામ આવો, અને જો કોઈ તમારો દોસ્ત હોય અને તમને કોઈ પણ જગ્યા એ કામ ન આવે તો તે દોસ્ત નથી.

⇨ અમુક લોકો ફક્ત પોતાનું કામ હોય ત્યારસુધી દોસ્તી રાખતા હોય આને મતલબી દોસ્ત કહેવાય, જેને નાપસંદ કરવામાં આવે છે. એનો મતલબ જયારે

સાચી દોસ્તી હોય તો તે દોસ્તના સલાહ મશવેરાના લીધે અડધી અક્કલ વધી જાય છે. ક્યારે શું કરવું જોઈએ ક્યારે શું ન કરવું જોઈએ બધી વસ્તુની ખબર પડવા લાગે છે.

⇨ એક અરબી ઈન્સાન રસૂલેખુદા (સ.અ.વ.) પાસે આવે છે કહે છે મને કોઈ નસીહત કરો, ત્યારે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે લોકોની સાથે મોહબ્બતથી વર્તાવ કરો એટલે તમારા દોસ્તો વધશે. (કાફી, ભા.૨, પે.૬૪૨)

# હિકમત ૧૪૩

## ગમ

⇨ ગમ તથા ચિંતા અડધું ઘડપણ છે.

⇨ જો ઈન્સાન ખોટી ચિંતા કરે અને તેના લીધે ગમગીન રહ્યા કરે તો તે જલ્દી બુઢો થઈ જાય છે, ભલે તેની ઉમ્ર વધારે ન હોય, પરતું તેના હાવભાવથી એવું લાગે છે કે તે ઘડપણ તરફ આગળ વધી રહ્યો છે, માથાના વાળ સફેદ થવા, શરીરમાં કમઝોરી દેખાવવા લાગે છે.

⇨ બધા કરતા અગત્યની વાત કે પોતે એવું વિચારવા લાગે છે કે હવે હું કશું કરી શકવાનો નથી, ત્યાંથી તે કામ કાજ કરવાનું છોડીને ચોરાહા પર બેસીને નકામી વાતો સાંભળીને નકામી અને ફાલતું (નેગેટિવ) વાતોને વિચાર્યા કરે છે, જે ઈન્સાનને ઘડપણ તરફ લઈ જાય છે.નેગેટિવ વિચાર જવાનને પણ બુઢો

અને કમઝોર કરી દે છે, અલ્લાહના કલામ અને ઈમામોના કલામમમાં ખુદાની રહેમતથી લોકોને વધારે નજીક કર્યા છે. જે માણસ અલ્લાહની રહેમત ઉપર ભરોસો કરશે તે નેગેટિવ વિચાર તરફ નહીં, બલ્કે પોતાની જિંદગીમાં ધગસ સાથે આગળ વધશે, કેમ કે તેને યકીન છે કે ખુદા કોઈની મહેનતને બેકાર નથી જવા દેતો.

⇨ જો ઈન્સાન ખુદ ચાહે તો પોતાને ઘડપણથી બચાવી શકે છે ઈમામ (અ.સ.)ની આ હદીસ સમજાવવા માંગે છે કે તમે ખોટી ચિંતા ન કરો, ગમગીન ન રહો, નહી તો તમે પોતાને જ નુકસાન પહોંચાડો છો અને તમારું આ ગમ તમને ઝઈફ બનાવી દેશે.

⇨ ચિંતા બે પકારની હોય છે

૧) એક ચિંતા એ છે જેનો કોઈ ફાયદો

નથી હોતો, પૈસા વાળા પાસે બેઠવું અથવા અમીર લોકો પાસે જઈને વિચારવું કે હું કેવી રીતે પૈસા વાળો બની શકું છુ મારી પાસે પૈસા કેમ નથી? બસ ખાલી અફસોસ કરવો આ ચિંતા ખતરનાક છે અને આ ચિંતા જ ઈન્સાનને ઘરડો બનાવી દે છે.

⇨ અને અલ્લાહ આપણી માટે જે કરે છે તે બહેતર હોય છે આપણે ખાલી સિક્કાની એક તરફ જોતા હોય છે સિક્કાની બીજી તરફ શું છે તે આપણે ખબર નથી હોતી, કુરાનમા સુરે નિસા આયત ૧૯માં આવ્યું છે (તમે અમુક વસ્તુને પસંદ નથી કરતા પરંતુ અલ્લાહ તેમાં વધારે બરકત રાખેલ છે)

⇨ આપણે જિંદગીમાં અમુક વસ્તુ પસંદ નથી કરતા, પરતું આપણી માટે શું બહેતર છે તે આપણને નથી ખબર એટલે

અલ્લાહ જે હાલતમાં રાખે તેમાંજ ખુશ રહેવું.

૨) બીજી ચિંતા કાલનું વિચારવું, એટલે આખેરતની તૈયારી કેવી રીતે કરવી, એવું શું કરૂં કે જ્યારે મારા ઈમામના સામે જવું પડે ત્યારે મને શરમિંદા ન થવું પડે.

# હિકમત ૧૪૪
# મુસીબત પર સબ્ર

⇨ મુસીબત એ હદ સુધીજ આવતી હોય છે (જેટલી અલ્લાહ તરફથી) સબ્ર અને ધીરજ હોય છે. અને જે ઈન્સાને તકલીફના સમયે સાથળ ઉપર હાથ માર્યો તે પોતાના અમલ અને અજરને વેડફી નાખ્યો.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમા બે વસ્તુ સમજાવે છે, જેટલી તકલીફ અને પરેશાની આવે છે, તે પ્રમાણે સાથે સબ્ર અને ધીરજ પણ હોય છે,

⇨ બીજી વસ્તુ જો કોઈ ઈન્સાન સબ્ર કરવાના સમયે પોતાની ધીરજ ખોઈ બેસે અને નાશુક્રી કરવા લાગે (બેચૈન થઈ જાય) તો તેને આ તકલીફ ઉઠાવવાનો સવાબ નહિ મળે, ક્યારેક અલ્લાહ ઈન્સાનની

પરીક્ષા તકલીફોમાં નાખીને પણ લે છે કે જેથી બંદાને સવાબ અતા કરવામાં આવે, અને દરજજો ઉંચો થઈ શકે, અને જો મુસીબતમાં બેસબ્રી (બેતાબી) કરે તો કાંઈ પણ સવાબ નહિ મળે.

⇨ ઈમામ (અ.સ.)ના કલામમાં જે સાથળ ઉપર હાથ મારવાનું બયાન છે એનો મતલબ કે જ્યારે મુસીબતમાં વધારે બેચેન બને ત્યારે પોતાના સાથળ ઉપર હાથો મારવા લાગે છે જે બેસબ્રીની નિશાની છે, આ મુજબ કરવાથી મુસીબત ઉપર સબ્ર કરવાનો જે સવાબ મળવાનો હતો તે ખતમ થઈ જાય છે.

⇨ અલ્લાહે ઈન્સાનની જિંદગીમાં સુખ અને દુઃખ બંને વસ્તુ રાખેલ છે, સુખમાં જે પ્રમાણે ખુશી થાય છે એજ રીતે દુઃખમાં તકલીફ થાય છે, એટલે જ હુકમ છે કે ખુશીમાં એટલા ખુશ ન થઈ જાવ કે

અલ્લાહની નાફરમાની કરવા લાગો, અને દુઃખમાં એટલો કકળાટ ન કરવા લાગો કે સબ્રનો દામન હાથથી છૂટી જાય, જ્યારે કોઈ ઉપર મુસીબત આવે છે તો જેટલી તે સહન કરી શકે એટલી જ હોય છે અને એટલું જ અલ્લાહ સબ્ર પણ આપે છે, જયારે કોઈ માની ઓલાદનું મરણ થાય છે ત્યારે તે કેવી રીતે બેકાબૂ થઈ જાય છે, પરંતુ ધીમે ધીમે તેને સબ્ર મળી જાય છે.

⇨ અને અમુક લોકો એવા પણ જોવા મળે છે જે સબ્ર નથી કરતા, અને બેસબ્રીમાં ન કરવાના કામો કરી લે છે, જેની ઈસ્લામે મનાઈ કરી છે.

⇨ તો નેક લોકો એ છે જે બધીજ તકલીફો અને મુસીબતોમા સબ્ર કરે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે જે ઈન્સાન સબ્ર કરશે તો તેના નસીબ ચમકી જશે, અને તેને સવાબ

તથા સારો બદલો મળશે, અને જો સબ્ર નહી કરે તો તેની સઝા આપવામાં આવશે, કેમકે તે સબ્ર ન કરીને ગુનાહ કર્યો છે.

⇨ સવાલ ઉભો થાય છે કે, તો શું સગાંવહાલાં ગુજરી જાય તો પણ ન રોવું જોઈએ?

⇨ આપણે જયારે આપણા સગાંવહાલાંની મૌત ઉપર રડીએ છીએ તેનું નામ બેસબ્રી નથી? એક ઈન્સાન હોવાને લીધે જેનાથી મોહબ્બત થઈ હોય તે આપણાથી જુદું થાય તો રડવું આવે એ એક સ્વભાવિક છે, મુસીબત ઉપર અલ્લાહની મરજી ઉપર રાઝી થઈને રડીએ તો આપણો ગમ ઓછો થાય છે.

⇨ સગાંવહાલાંની મૌત ઉપર મજલીસે ઈમામ હુસૈન (અ.સ.) રાખવાથી કરબલા વાળાઓને યાદ કરવાથી સવાબ પણ મળે

છે, જેનાથી મર્હુમના આમાલ નામામાં નેકીનો વધારો થાય છે.

⇨ તે સિવાય પણ જયારે કોઈ મુસીબત આવે, રડીને અલ્લાહ પાસે દુઆ માંગીએ તો તે મુસીબતથી જલ્દી નજાત મળે છે.

# હિકમત ૧૪૫

## રૂહ વગરનો અમલ

⇨ કેટલાક રોઝાદાર એવા છે જેમને રોઝાના બદલામાં ભુખ પ્યાસ સિવાય બીજું કાંઈ નથી મળતું, અને કેટલાક ઈબાદત ગુઝાર એવા છે જેમણે ઈબાદતના બદલામાં તકલીફ સિવાય બીજું કઈ હાંસિલ નથી થતું, હોંશિયાર ઈન્સાનનું ખાવું પીવું અને સુવું પણ વખાણ લાયક હોય છે.

⇨ ઈબાદતના બે પ્રકાર છે એક ફક્ત શરીરથી ઈબાદત થાય છે અને બીજી દિલ અને મનથી ઈબાદત કરવામાં આવે છે,

⇨ અહિંયા ઈમામ (અ.સ.)એ વસ્તુ ઉપર ધ્યાન દોરે છે કે જે ઈબાદત નમાઝ, રોઝા વગેરે જો મારેફત વગર ફક્ત શરીરથી હોય તો તે તકલીફનું કારણ બને છે, પરંતું હોંશિયાર લોકો એ છે જેનું ખાવું પીવું

અને સુવું પણ ફાયદાકારક છે.

⇨ ઈબાદત એટલે નમાઝ, રોઝા, સદકો ખૈરાત અને નેકીઓ બહુજ જરૂરી છે, પરંતુ જો તે સરખી રીતે ફકત અલ્લાહ માટે કુર્બતન એલલ્લાહની નિય્યતથી હોય તો ફાયદા કારક છે, જો ઈબાદત કરીએ, રોઝા રાખીએ અને અલ્લાહ નજીક માનવંત ન થાય તો એવા અમલથી શું ફાયદો? અને જે ઈબાદત આ દુનિયામાં આપણને ન બદલી શકે તે શું આપણને મરવા પછી ફાયદો પહોંચાડશે ખરા? એવી ઈબાદત કરીએ જેનાથી ઈમાન, અખ્લાક બુલંદ થઈ શકે, જેના લીધે ગુનાહોથી દૂર થઈ શકીએ, અને નેકીઓનો શોખ દિલમાં જાગે.

⇨ રોઝામાં ભૂખ્યું અને પ્યાસું રહેવા સિવાય બીજી ઘણી વસ્તુઓનો ખયાલ રાખવાનો છે, ત્યારે તે રોઝાનો વધારે

ફાયદો મળે છે,

⇨ રોઝા ત્રણ પ્રકારના છે,

૧) આમ રોઝા, જેમાં ફકત ખાવા પીવાથી બચવું અને જે મસાઈલમાં બચવાનું કહેલ છે તેનાથી બચવું,

૨) ખાસ લોકોના રોઝા, જેમાં ઉપરની બાબતો સાથે પોતાના કાન, ઝબાન, હાથ તથા ચામડીને પણ હરામથી બચાવવું,

૩) ખાસમ ખાસ લોકોના રોઝા જેમાં બુરાઈનો દિલમાં વિચાર પણ ન લાવવો. જે રોઝાનો કમાલ છે,

⇨ જો આ મુજબ રોઝા હશે તો દિલમાં ગુનાહોથી નફરત થવા લાગશે, જહન્નમની આગ સામે ઢાલ બની જશે અને સૌથી મોટી વસ્તું કે ખુદાનો મહેબૂબ બંદો બની જશે.

# હિકમત ૧૪૬

## ઈમાન, માલ અને મુસીબત

⇨ તમારા ઈમાનને સદકો આપીને બચાવો, અને તમારા માલને ઝકાત થકી બચાવો, અને બલા મુસીબતોને દુઆ થકી દુર કરો.

⇨ સદકોઃ સદકા થકી ઈમાન એ માટે મહેફૂઝ રહે છે કે ઈન્સાનની ખબર પડે છે કે આ ઈન્સાન પોતાના માલથી વધારે મોહબ્બત કરે છે કે અલ્લાહથી, જો તે અલ્લાહથી મોહબ્બત કરે છે તો તે પોતાના માલને દાન કરી લોકોની મદદ કરશે, અને જો તે માલથી મોહબ્બત કરતો હશે તો તે કદી પણ દાન નહિ કરે, એટલે ખબર પડી જશે તે માલનો ગુલામ છે અલ્લાહથી મોહબ્બત નથી, અને જો કોઈ પોતાના માલને અલ્લાહ માટે લોકોની મદદમાં ખર્ચ કરશે સદકો આપશે તો તે અલ્લાહથી



અનુક્રમણિકા

www.hajinaji.com

મોહબ્બત કરે છે અને તેનું ઈમાન સલામત છે, અને અલ્લાહ પણ આવા માલ ખર્ચ કરવાવાળાને પસંદ કરે છે અને તેને જન્નત અતા કરશે.

⇨ ઝકાતઃ ઝકાત આપો એટલે તમારો માલ પાક થઈ જાય, ઝકાત હોય કે ખુમ્સ અલ્લાહ એ માટે વાજિબ રાખ્યું છે કે આપણા સમાજમાં કોઈ ગરીબ ન રહે, જો બધા પોત પોતાનું વિચારે તો કોઈ દિવસ સમાજ આગળ ન આવી શકે, સમાજમાં જે ગરીબ છે તમે તેને માલ આપો અને તમારા પૈસા પાક કરો, અને જે લોકો ઝકાત અને ખુમ્સ નથી આપતા તેઓના પૈસા પાક નથી થતા, કેમકે તેમના માલમાં ઈમામ અને ગરીબનો હક છે, જ્યાં સુધી તે માલ હકદારને નહી આપે ત્યાં સુધી તે માલ પાક નહિ થાય.

⇨ દુઆઃ તમારી દુઆ થકી બલાઓના

મોજાઓને દુર કરો, આ વાત બિલકુલ સાચી છે કેટલી પણ મોટી બલા હોય તેને દૂર કરવાનો એકજ રસ્તો છે દુઆ, દુઆ મોટી મોટી પરેશાનીઓને દુર કરી દે છે અને આ વાત રિવાયતો, હદીસોમાં અને અનુભવમાં ઘણી વખત જોવા મળી છે.

⇨ ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે, દુઆ મોટા મોટા હાદસાઓ (અકસ્માતો)ને ટાળી દે છે, ભલે પછી તેની માટે આસમાનમાં ફેસલો થઈ ગયો હોય. (કાફી, ભા.૨, પે.૪૬૯)

⇨ દુઆ ભલે મામુલી લાગતી હોય, પરતું તે મોટા મોટા કામ કરી બતાવે છે, જો દુઆના આદાબનો ખયાલ રાખવામાં આવે તો અલ્લાહ દુઆને રદ નથી કરતો.

# હિકમત ૧૪૭
## ઈલ્મ

⇨ ઈમામ અલી (અ.સ.)એ જ કુમૈલ બિન ઝિયાદે નખઈથી ફરમાવ્યું, જ. કુમૈલ કહે છે કે અમીરૂલ મોમેનીન ઈમામ અલી (અ.સ.) મારો હાથ પકડીને શહેરના બહાર લઈ ગયા, જ્યારે જંગલમાં પહુંચ્યા તો એક ઠંડી આહ બુલંદ કરીને (નિસાસો નાખીને) ફરમાવ્યું,

અય કુમૈલ! આ દિલ રાઝ અને હિકમતોની જગ્યા છે, તેમાં સૌથી વધારે સારા દિલો એ છે જે વધારે રાઝ અને હિકમતોને સાચવી શકે, હું જે તમને બતાવું તેને તમે યાદ રાખી લો.

લોકોના ત્રણ પ્રકાર છે, આલીમે રબ્બાની, તાલીમ હાંસિલ કરનાર જે સીધા રસ્તા ઉપર ચાલે અને ત્રીજા લોકો જે દરેક બોલાવનારના પાછળ ચાલવા

લાગે, હવા જેમ ચાલે તેમ જમણી ડાભી તરફ થવા લાગે. આવા લોકો ન તો ઈલ્મના નૂરથી કોઈ ફાયદો ઉઠાવ્યો છે કે ન કોઈ મજબૂત સહારાથી પનાહ હાંસિલ કરે છે.

અય કુમૈલ ! યાદ રાખો કે ઈલ્મ માલથી બહેતર છે,

કેમ કે ઈલ્મ તમારી હિફાઝત કરે છે અને માલની તમારે હિફાઝત કરવી પડે છે. માલ ખર્ચવાથી ઓછો થાય છે, પરંતુ ઈલ્મ હાંસિલ કરવાથી વધારે થાય છે. અને માલ અને દૌલતનો અસર માલ ખતમ થવાથી ખતમ થઈ જાય છે.

અય કુમૈલ બિન ઝિયાદ ! ઈલ્મની મારેફત રાખવી દીન છે, જેના મુજબ ચાલવામાં આવે છે, તેના લીધે બીજાઓ પેરવી કરે છે, અને મૌત પછી નેકનામી મળે છે.



અનુક્રમણિકા

www.hajinaji.com

ઈલ્મ હુકુમત કરે છે અને માલ ઉપર હુકુમત કરવામાં આવે છે.

અય કુમૈલ ! માલને જમા કરનારા જાહેરમાં જીવતા હોવા છતાં મુર્દા છે, પરંતુ આલીમો જ્યાં સુધી દુનિયા બાકી છે ત્યાર સુધી બાકી છે.

બેશક આલીમો જાહેરમાં લોકોની નજરોથી ગાયબ હોય છે, પરંતુ તેમના ચહેરા લોકોના દિલોમાં મૌજુદ હોય છે.

(ત્યાર પછી ઈમામ અ.સ.એ પોતાના હાથથી છાતી તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે) જુવો અહીંયા ઈલ્મનો મોટો ખઝાનો છે, કાશ તેને સંભાળનાર (સાચવનાર) મને કોઈ મળી જાત,.

હાં, મને જો કોઈ મળ્યું તો એવું કે જે હોંશિયાર તો છે, પરંતુ ભરોસાના લાયક નથી, જે દુનિયા મેળવવાં માટે દીનનો ઉપયોગ કરે છે, અને અલ્લાહની આ

નેઅમતના લીધે તેના બંદાઓ ઉપર તથા અલ્લાહની હુજ્જતના લીધે તેમના દોસ્તો ઉપર મોટાઈ જાહેર કરે છે.

યા કોઈ એવું મળ્યું કે જે ઈલ્મને ઉઠાવી શકે, પરંતુ તેમાં બસીરત અને સુજબૂઝ નથી, જેવી કોઈ શંકા ઉભી થાય તો તેના દિલમાં શક અને શુબહાતની આગ ભડકવા લાગે છે.

તેનાથી જાણ થાય છે કે ન તો પહેલાવાળો લાયક છે અને ન તો બીજા વાળો લાયક છે (કે જેને ઈલ્મનો ખઝાનો સોંપવામાં આવે.)

યા એવો માણસ મળે છે જે લઝ્ઝતોમાં ડૂબેલો છે, અને નફસની ઈચ્છા તરફ આસાનીથી ચાલવા લાગે છે, યા એવો માણસ મળે છે જે માલને ભેગો કરવા તથા જમાખોરીમાં લાગેલો છે,

આમાંથી કોઈ પણ દીનની હિફાઝત

કરવાના લાયક નથી, કેમ કે આ બંને પ્રકારના લોકો ચરનાર જાનવરોના જેવા છે, (જયારે કોઈ ઈલ્મના લાયક ન મળે તો) આ રીતે ઈલ્મના ખઝાના રાખનારાનું ઈલ્મ ખતમ થઈ જાય છે.

પરંતુ હાં, (યાદ રાખવું જોઈએ કે) ક્યારે પણ ઝમીન હુજ્જતે ખુદાથી ખાલી નથી રહેતી, ચાહે તે જાહેર અને મશહૂર હોય (અગિયાર ઈમામોના જેમ) યા (ફસાદ અને તબાહીના લીધે) ડર હોય, અને (ઈમામે ઝમાના અ.સ.ના જેમ) ગાયબ હોય, જેથી અલ્લાહની દલીલો અને રોશન નિશાનીઓ લોકોમાં ખતમ ન થઈ જાય.

તે છે જ કેટલા અને ક્યાં છે?

જેઓ ગણતરીમાં તો બહુજ થોડા છે, પરંતુ અલ્લાહના ત્યાં તેમનો મરતબો બહુજ બુલંદ હોય છે, અલ્લાહ તે હુજ્જતો

અને રોશન દલીલોને તેમના થકી હિફાઝત કરે છે, ત્યાં સુધી કે તેઓને પોતાના જેવા લોકોના હવાલે કરે, અને પોતાના જેવા લોકોના દિલોમાં ઈલ્મ અને હિકમતના બીજ રોપી છે એટલે કે આ અમાનત તેઓને સોંપી દે છે. ઈલ્મ તેઓને હકીકત અને બસીરત સુધી પહોંચાડ્યા છે, તે યકીન અને ભરોસાની રૂહમાં એક થઈ ગયા છે. અને જે કામોને આરામ પસંદ લોકો મુશ્કિલ સમજી બેઠા હતા તેને પોતાના માટે આસાન સમજે છે, અને જે વસ્તુઓથી જાહીલ ભડકી ઉઠે છે તેઓથી દિલ લગાવે છે. અને એવા શરીરોથી દુનિયામાં રહે છે કે જેમની રૂહો બુલંદ જગ્યાથી વાબસ્તા હોય છે, આ લોકોજ ઝમીન ઉપર અલ્લાહના નાયબ અને તેના દીન તરફ બોલાવવા વાળા છે,

આહ ! આહ ! હું કેટલી તેઓના

દીદારની તમન્ના રાખું છું,

(ઈમામ અલી અ.સ.એ અહિંયા ફરમાવ્યું)

અય કુમૈલ (મારે જે કહેવું હતું કહી ચુક્યો) હવે જો તમે ચાહો તો જઈ શકો છો.

# હિકમત ૧૪૮

## માણસની ઓળખાણ

⇨ માણસ પોતાની ઝબાનના નીચે છુપાયેલો છે,

⇨ આ પ્યારા કલામમાં ઈમામે માણસની ઓળખાણ બતાવી કે જ્યારે મોઢું ખુલે છે ત્યારે ખબર પડી જાય છે કે સોનાની ખીણ છે કે કોલસાની, સાહેબે ઈલ્મ છે કે જાહીલ, ઝબાન ખુલતા જ ખબર પડી જાય છે કે તેની રૂહ કેવી છે, માણસ ઝબાનના નીચે છુપાયેલો છે એટલે જયાર સુધી ન બોલે તેની શખશીયત જાહેર થતી નથી,

⇨ જેટલી વાતો સારી હશે તે મુજબ માણસની કિંમત અને ફઝીલત વધારે હશે, માણસને પોતાની ઝબાનને સંભાળીને વાપરવી જોઈએ, બેકાર અને નકામી વાતોથી બચવું જોઈએ, ઈમામ જાફરે

સાદિક (અ.સ.) મિસબાહુશ શરીયામાં ઈમામ અલી (અ.સ.)થી એક હદીસ બયાન ફરમાવે છે કે સૌથી પહેલા તમારી વાતોને અક્કલ અને મારેફત ઉપર વઝન કરો જો તેમાં અલ્લાહની ખુશી હોય તો બોલો અને જો ખુદાની ખુશી ન હોય તો પછી ચૂપ રહેવું વધારે સારૂ છે. (બિહારૂલ અનવાર, ભા.૬૮, પે.૨૮૫)

⇨ માણસ ઘણી વખત લોકોને ખુશ કરવા માટે એવી વાતો કરવા લાગે છે કે જેના લીધે અલ્લાહની નારાજગી વહોરે છે, જે બહુજ મોટું નુકસાન કરે છે.

⇨ હદીસમાં મળે છે કે જેમ માણસની અક્કલ સંપૂર્ણ થાય છે તેમ તેની વાતો ઓછી થાય છે.

⇨ જ્યાં અલ્લાહને પસંદ હોય ત્યાં બોલવું જોઈએ અને જ્યાં અલ્લાહને નાપસંદ હોય ત્યાં ન બોલે અને ખામોશ રહે તેમાં જ સાચી કામ્યાબી છે.

# હિકમત ૧૪૯

# પોતાને ઓળખવું

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે જેને પોતાની કદરો કિંમત ન જાણી તે હલાક થઈ જશે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં ફરમાવે છે,

⇨ તે લોકોને ખાસ ચેતવી રહ્યા છે કે જેઓ પોતાની હદને નથી ઓળખતા, માણસની ફિતરતમાં છે કે પોતાને ઓળખે, જો પોતાની કિંમત અને ફઝીલતને નહી ઓળખે તો તેના નતીજામાં પોતાની ઈઝ્ઝત અને ફઝીલતને ખોઈ બેસશે.

⇨ દા.ત. જો કોઈ ડોક્ટર ન હોય અને થોડીક દવાના નામો યાદ કરી લેવાના લીધે પોતાને મોટો ડોક્ટર સમજી લે તો તે ડોક્ટર ઈન્સાનિયત માટે નુકસાનકારક

છે, તેજ પ્રમાણે સમાજ કે જમાતમાં જેને પોતાને ચલાવવાની આવડત ન હોય અને તે હોદ્દો સંભાળી લે તેનાથી સમાજ અને કૌમનું ચોક્કસ નુકસાન થવાનું છે, આ તે લોકો છે જે પોતાને ન ઓળખ્યા અને ખોટી જગ્યા લઈ લીધી, તેઓ છેલ્લે બેઈઝ્ઝત થશે, અને સમાજમાં મોટા મોટા ફસાદ ઉભા થશે.

⇨ આલીમો બયાન કરે છે કે અલ્લાહ તેના ઉપર રહેમ કરે જે પોતાની કદરો કિંમતને ઓળખે અને પોતાની હદથી આગળ ન વધે.

⇨ જે લોકો પોતાની કદરો કિંમત નથી જાણતા અને પોતાની ઈચ્છા મુજબ સત્તાની લાલચમાં બેસી જાય છે તેમનાથી જે મોટું નુકસાન થયું છે તેના નુકસાનને આજ સુધી મુસલમાન ભોગવી રહ્યા છે, જો લોકો નબી (સ.અ.વ.) પછી

ઈમામ અલી (અ.સ.)ને જાહેરમાં નબી (સ.અ.વ.)ના ખલીફા સ્વીકારી લીધા હોત તો આટલુ મોટું મુસલમાનોનું નુકસાન ન થાત. જે આજે મુસલમાન ફિરકાઓમાં વહેંચાય ગયા છે અને એક બીજાના દુશ્મન બની ગયા છે, શું આટલા મોટા ગુનાહની ભરપાઈ થઈ શકે ખરા?

⇨ ૧૬માં ખુત્બામાં ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે, જે નાહક દાવો કરશે તે હલાક થશે, જે ખોટો ઈલ્ઝામ લગાવશે તે મહેરૂમ રહેશે, અને જે હક સામે ખોટા દાવાઓ સાથે ઉભો થાય છે તે બરબાદ થઈ જાય છે, માણસની જે હાલત આનાથી વધીને શું હશે કે તે પોતાને ન ઓળખે.

⇨ પોતાને ઓળખવું કેટલી અહેમિયત રાખે છે, હદીસમાં છે કે જે પોતાને ઓળખી લીધો તેને અલ્લાહને ઓળખી

લીધો, પોતાને ઓળખવું તે ખુદાની ઓળખાણનું પહેલું પગથિયું છે.

⇨ જે માણસ પોતાને નથી ઓળખતા તે પોતાની ઝાતને મામૂલી વસ્તુઓથી વહેંચી નાખે છે, કોઈ માલો દૌલતથી, કોઈ નફસની ઈચ્છાઓ પૂરી કરવાથી, કોઈ ગુનાહથી, આ પ્રકારના તમામ લોકો પોતાની ઝાતને થોડીક વસ્તુઓમાં વહેંચીને પોતાને હલાક કરે છે, અને પોતાની ઈઝ્ઝતને બરબાદ કરે છે.

⇨ જે અલ્લાહની ઈતાઅતમાં જિંદગી ગુઝારે તેઓ જ પોતાની કિંમત સમજીને અલ્લાહ સુધી પહોંચી જાય છે.

# હિકમત ૧૫૦
## કેવા ન બનો!

⇨ આ કલામ વિશે સય્યદ રઝી (ર.અ.) ફરમાવે છે કે જો ફક્ત આ એક જ કલામ હોત તો નસીહત હાંસિલ કરવાવાળા માટે કાફી હતો.

⇨ ઈમામ અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) પાસે એક માણસ આવીને નસીહત તલબ કરે છે, તેના જવાબમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે એવા ન બનો જેઓ અમલ વગર આખેરતમાં કામ્યાબીની ઉમ્મીદ રાખે છે.

⇨ લાંબી લાંબી આશાઓ રાખીને તૌબા કરવામાં મોડું કરે છે.

⇨ જેઓની વાતો ઝાહીદો જેવી પરંતુ તેમના અમલ દુનિયાદાર જેવા હોય છે.

⇨ જો તેમને દુનિયા મળે તો પેટ નથી ભરાતું અને જો ન મળે તો સંતોષ નથી

થતો.

⇨ જે છે તેના ઉપર શુક્ર નથી કરતા અને નાશુક્રી કરી તેમાં વધારાની તમન્ના રાખે છે.

⇨ બીજાઓને (બુરાઈથી) રોકે છે, પરંતુ પોતાને (બુરાઈથી) નથી રોકતા.

⇨ બીજાઓને એવા કામોનો હુકમ આપે છે જે કામો પોતે નથી કરતા.

⇨ સારા માણસોથી દોસ્તી કરે છે, પરંતુ તેમની સારી વાતોને અપનાવતા નથી.

⇨ ગુનેહગારોથી નફરત અને દુશ્મની કરે છે, પરંતુ તેવા ગુનાહો પોતે પણ કરે છે.

⇨ પોતાના ગુનાહો વધારે હોવાના કારણે મૌતને ખરાબ ગણે છે, પરંતુ જે ગુનાહોના ખરાબ હોવાના લીધે મૌતને નાપસંદ કરે છે તે ગુનાહો પોતે જ અંજામ આપતા રહે છે.

⇨ જો બીમાર પડે છે તો પસ્તાવો કરે

છે અને જ્યારે તંદુરસ્તી મળે છે તો ખેલકુદમાં લાગી જાય છે.

⇨ બીમારીથી નજાત મળે તો ઘમંડી બની જાય છે અને જ્યારે બીમારી આવે છે ત્યારે માયુસ થઈ જાય છે.

⇨ જયારે કોઈ પરેશાની અને મુસીબતમાં ફસાઈ જાય છે ત્યારે લાચાર અને બેબસ બનીને દુઆઓ કરવા લાગે છે.

⇨ જ્યારે આરામ અને બધી સગવડો મળે છે ત્યારે ઘમંડીના જેમ (અલ્લાહથી) મોઢું ફેરવી લે છે.

⇨ તેમનું નફ્સ ખયાલી વાતોને કબૂલ કરી લે છે પરંતુ યકીની વાતો કબૂલ કરવા માટે નફ્સ તૈયાર નથી.

⇨ બીજાઓ ગુનાહ કરે ત્યારે તેમનાથી વધારે ખતરો મહેસુસ કરે છે અને પોતાના માટે પોતાના આમાલ કરતા વધારે

બદલાની આશા રાખે છે.

⇨ જો માલદાર બની જાય ત્યારે ઘમંડ કરવા લાગે છે અને ફિત્નામાં પડી જાય છે તથા ગુમરાહ થઈ જાય છે.

⇨ જો ફકીર થઈ જાય તો નાઉમ્મીદ થઈ જાય છે અને નેક કામોમાં આળસ કરવા લાગે છે.

⇨ જ્યારે અમલ કરવાનો વખત આવે ત્યારે બહુજ ઓછા અમલ કરે છે અને જયારે માંગે ત્યારે મોટી મોટી વસ્તુઓ માંગે છે.

⇨ જો તેમના ઉપર ખ્વાહિશે નફસ (હવસ) સવાર થઈ જાય તો ગુનાહ કરવામાં ઉતાવળ કરે છે અને તૌબા કરવામાં મોડું કરે છે.

⇨ જો કોઈ મુસીબત આવી જાય તો લોકોથી અલગ થઈ જાય છે.

⇨ ઈબ્રતના કિસ્સાઓ તો સંભળાવે છે,

પરંતુ તેનાથી પોતે ઈબ્રત હાંસિલ નથી કરતા.

⇨ પોતે નસીહતની વાતો ઉપર ભાર આપે છે, પરંતુ તેનાથી પોતે સબક હાંસિલ નથી કરતા.

⇨ વાતો તો મોટી મોટી કરે છે, પરંતુ અમલ કરવામાં પાછળ રહે છે.

⇨ ફના થવાવાળી વસ્તુઓમાં બીજાઓ સાથે હરીફાઈ કરે છે, પરંતુ જે હંમેશા બાકી રહેવાવાળી નેકીઓ છે તેમાં બેદરકારી કરે છે.

⇨ તેઓ લાભને ખોટ અને ખોટને લાભ ગણે છે.

⇨ મૌતથી ડરે છે, પરંતુ સમય હાથથી ચાલ્યો જાય તેના પહેલા નેક કામમાં જલ્દી નથી કરતા.

⇨ બીજાઓના ગુનાહને મોટો સમજે છે અને જો તેનાથી પણ વધારે મોટો

ગુનાહ પોતે કરે તો તેને નાનો સમજે છે.

⇨ પોતાની ઈબાદતોને વધારે સમજે છે ભલે પછી તે ઓછી જ કેમ ન હોય! બીજાની ઈબાદતોને ઓછી સમજે છે ભલે પછી વધારે જ કેમ ન હોય!

⇨ બીજાઓને મેણાં મારે છે અને પોતાના વખાણ કરે છે.

⇨ ગરીબોની સાથે ઝિક્રની મેહફીલમાં બેસવા કરતા અમીરોની સાથે હસી મજાક અને નકામી મહેફિલોમાં બેસવું વધારે પસંદ કરે છે.

⇨ પોતાનો હક હોય તો બીજાઓના વિરૂધ્ધમાં હુકમ આપી દે છે, પરંતુ બીજાઓના હકમાં પોતાના વિરૂધ્ધ ફેસલો નથી કરતા.

⇨ બીજાઓને હિદાયત કરે છે, પરંતુ પોતે ગુમરાહીના રસ્તા ઉપર ચાલે છે.

⇨ ચાહે છે કે બધાય મારી વાત માને,

પરંતુ પોતે નાફરમાની કરે છે.

⇨ હક પુરે પૂરો લઈ લે છે, પરંતુ પોતે બીજાના હકો પૂરા અદા કરતો નથી.

⇨ પોતાના રબને છોડીને મખલૂકથી ડરે છે, પરંતુ મખલૂકાતના કામો વિશે ખુદાથી નથી ડરતા.

# હિકમત ૧૫૧
## સારો અને ખરાબ અંત

⇨ દરેકનો અંત હોય છે ભલે પછી તે સારો હોય કે ખરાબ.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમા બતાવે છે કે ઘણા લોકો આ વસ્તુથી ગાફીલ છે કે જે કાંઈ કરશું તેનો સારો કે ખરાબ અંત તો આવવાનો છે, સારૂ કરશું તો સારૂ રિઝલ્ટ મળશે અને જો ખરાબ કરશું તો તેની સઝા ચોક્કસ મળશે.

⇨ માણસને પોતાની આખેરત માટે હંમેશા ચિંતા કરવી જોઈએ અને દુનિયાના થોડાક ફાયદા માટે આખેરત બરબાદ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

⇨ આજે લોકોનું ધ્યાન ફક્ત દુનિયા બનાવવા તરફ છે અને તેના માટે હલાલ, હરામ, હક,નાહક, પોતાનો કે પારકાના હકનો કોઈ ખયાલ નથી કરતા, આવા

લોકો થોડીક એવી દુનિયા માટે પોતાની આખેરતને બરબાદ કરી રહ્યા છે.

⇨ કામ્યાબ માણસ તે છે જે પોતાની આખેરત અને અંતનો વિચાર કરે અને કોશિશ કરીને ખુદા સુધી પહોંચે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પાસે એક માણસ આવીને નસીહત કરવા કહ્યું, પ્યારા રસૂલ (સ.અ.વ.) ત્રણ વખત ફરમાવે છે કે શું તું મારી નસીહત ઉપર અમલ કરીશ, તે માણસ ત્રણેય વખત કબૂલ કર્યું, ત્યારે પ્યારા રસૂલ (સ.અ.વ.) ફરમાવે છે કે જયારે તમે કોઈ કામ કરવાનો પાકો ઈરાદો કરો તો પહેલા વિચાર કરો કે તેનો અંત સારો છે કે નહી?

⇨ જો તેનો અંત સારો હોય તો તે કામને અંજામ આપો અને જો ખરાબ હોય તો છોડી દો, (કાફી, ભા.૮, પે.૧૫૦)

⇨ આ વાત પણ કુરાને મજીદમાં બયાન

થઇ છે કે આકેબત (અંત) મુત્તકીન માટે છે. (સુ. આઅરાફ, આ.૧૨૮)

⇨ એટલે જો નેક હશો તો જ આકેબત સારી થશે, અને સાચી કામ્યાબી સારી આકેબતમાં છે.

⇨ અંતનું સારૂ હોવું, દીન અને ઈમાન સાથે દુનિયાથી જવું ઘણી અહેમીયત રાખે છે અને તેના માટે નબીઓ પણ દુઆઓ કરી છે.

⇨ કેવી રીતે આપણી આખેરત (અંત) સારી થાય?

⇨ તેના માટે ઈમામે જાફર સાદિક (અ.સ.)નું લખાણ પેશ કરૂં છું જેમાં ઈમામે ફરમાવ્યું છે.

⇨ ઈમામે અમુક લોકોને લખ્યું કે જો તમે તમારી આખેરત સારી કરવા ચાહો છો તો દુનિયાથી જતી વખતે એ હાલતમાં મૌત આવે કે તમે સૌથી મોટો અમલ

અંજામ આપી રહ્યા હોય, તો અલ્લાહના હકને મોટો સમજો, એ રીતે કે અલ્લાહે જે નેઅમતો આપી છે તેને અલ્લાહની નાફરમાનીમાં ખર્ચ ન કરો, અલ્લાહના હિલ્મ (સહનશીલતા)થી બેપરવાહ ન બની જાવ.

⇨ જે કોઈ અમારો ઝિક્ર કરે તથા અમારાથી મોહબ્બતનો દાવો કરે, તેનો એહતેરામ કરો, ચાહે તે સાચો હોય કે જૂઠો, એ કેવો છે તેના વિશે જોવાનું નથી તમને તમારી નિય્યત મુજબ અજર મળશે અને જો તે જૂઠો હશે તો તેના અમલ મુજબ તે ભોગવશે. (બિહારૂલ અનવાર, ભા.૭૦, પે.૩૫૧)

⇨ પ્યારા નબી (સ.અ.વ.)ની હદીસને ઈમામ જાફર સાદિક (અ.સ.) બયાન ફરમાવે છે કે જે માણસ પોતાની બાકીની જિંદગી નેક કામોમાં પસાર કરશે તો

અલ્લાહ તઆલા તેના જુના ગુનાહોની સઝા નહી કરે, અને જો બાકીની જિંદગીને ખરાબ કામોમા વિતાવશે તો ખુદા પહેલા અને પછીની જિંદગીના ગુનાહો વિશે પૂછપરછ કરશે.

⇨ એટલે માણસ જ્યારથી જાગી જાય અને પોતાની આખેરતને સુધારવા લાગે ત્યારે અલ્લાહ તેના જુના ગુનાહોને પણ માફ કરી દે છે.

⇨ જેટલી આપણે આ દુનિયાની ૮૦-૧૦૦ વરસની જિંદગી માટે ચિંતા કરીએ છીએ તેના કરતા વધારે આપણને આખેરતની જિંદગી માટે ચિંતા કરવી જોઈએ, તથા દુનિયાથી બાઈમાન રૂખસ્ત થવાની હંમેશા દુઆ અને કોશિશો કરતા રહેવું જોઈએ.

# હિકમત ૧૫૨

## ફના થવું

⇨ દરેક આગળ આવનાર માટે પાછું હટવાનું છે અને જે પાછું ગયું તે એમ છે કે જાણે હતું જ નહી.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં દુનિયાના ખતમ થવા ઉપર ઈશારો કરે છે કે જે જે નેઅમતો અને વસ્તુઓ મળી છે તે ફના થઈ જવાની છે. આ દુનિયાની જિંદગી, માલ, ઈઝ્ઝત, હોદ્દો, જવાની, ખુશી, સલામતી, તંદુરસ્તી વગેરે આ બધું હંમેશા રહેવાવાળું નથી, ફના થઈ જશે, ત્યારે ઈન્સાન માટે જરૂરી છે કે જે દુનિયા ફના થવા વાળી હોય તેનાથી દિલ ન લગાવે. કેમ કે તેની મજા યા ખુશી થોડાક સમય માટે હોય છે, અને આજનો ઈન્સાન આ થોડીક ખુશી મેળવવાં માટે રાત દિવસ મહેનત કરે છે જ્યારે કે તેને

ખબર છે કે આ બધી વસ્તુઓ ફના થવાની છે, આ બધુજ આ દુનિયામાં રહી જવાનુ છે અને આ દુનિયાથી ફક્ત કફન સિવાય બીજી કોઈ વસ્તું નથી લઈ જવાની. અને ઈન્સાન એ પણ જાણે છે કે નેકીઓ હંમેશા રહેવાની છે જેનાથી આ દુનિયા અને આખેરત આબાદ થશે અને તેનો બદલો હંમેશા માટે રહેશે તે છતાં તેના માટે આળસ કરે છે, આળસ કરવાનો અર્થ એ છે કે આખેરત ઉપર જેવું યકીન હોવું જોઈએ તેવું યકીન નથી.

⇨ ઈમામ (અ.સ.) આ કલામના બીજા ભાગમાં ફરમાવે છે કે જ્યારે નેઅમતો ઈન્સાનથી મોઢું ફેરવી લે છે ત્યારે નેઅમત સાથે સાથે જે એની ખૂબીઓ હતી તે પણ ખતમ થઈ જાય છે, જવાની ગઈ તો સાથે તાકત, ખુબસુરતી, સ્ફૂર્તિ તેમજ તેને લગતી બધી વસ્તુઓ ખતમ થઈ જાય

છે, એવી રીતે ખતમ થાય છે કે જાણે હતી જ નહી, માલ ખતમ થવાના સાથે તેને લગતી જેટલી ખુશીઓ અને ઓળખાણ હતી તે બધીજ ચાલી જાય છે, પરંતુ નેકીઓ અને કોઈ સાથે કરેલી ભલાઈ દુનિયાની વસ્તુઓની જેમ નથી કે તે ખતમ થઈ જાય, બલ્કે કુરાને મજીદમાં ખુદા ફરમાવે છે કે જે તમારા પાસે છે તે ખતમ થઈ જશે અને જે અલ્લાહ પાસે છે તે બાકી રહેશે. (સુરે નહલ આયત ૯૬) નેકીઓ અલ્લાહ પાસે પહોંચે છે જે હંમેશા માટે બાકી રહેશે.

⇨ હવે વિચારવાનું છે કે જે વસ્તુ ફના અને ખતમ થાય તેના માટે વધારે મહેનત કરવાની છે કે પછી જે વસ્તુ હંમેશા માટે રહે તેના માટે?

⇨ બીજી વસ્તુ ઈમામના કલામથી એ પણ સમજાય છે કે દુનિયાથી વધારે પડતું દિલ લગાવવાની જરૂરત નથી, અને જે

વસ્તું હાથથી ચાલી જાય તેના માટે અફસોસ કરવાની જરૂરત નથી, જે વસ્તું આપણા પાસે આવી છે તે એકને એક દિવસે જવાની જ છે, કુરાને મજીદ સુરે હદીદ આયત ૨૩માં ખુદા ફરમાવે છે કે જે વસ્તું હાથથી ચાલી જાય તેના પર અફસોસ ન કરો અને જે વસ્તું મળે તેના ઉપર ખુશ ન થાવ.

⇨ તે સિવાય એ પણ છે કે અગર કોઈ મુસીબતોમાં અને તકલીફોમાં ઘેરાય ગયો હોય તો નાઉમ્મીદ ન થવું જોઈએ એક સમય આવશે કે તે ખતમ થઈ જશે, જ.યુસુફ પયગંબર શરૂમાં કેટલી મુસીબતો ઉઠાવી અને આખીરમાં બાદશહત મળી, અને એ ખુશી મળવાની સાથે જ જૂની વાતો ખતમ થઈ ગઈ.

⇨ ઈન્સાન જેટલો અલ્લાહ ઉપર ભરોસો કરશે તેટલો જ દરેક હાલતમાં સુખી રહેશે.

# હિકમત ૧૫૩

## સબ્ર

⇨ સબ્ર કરનાર હંમેશા કામ્યાબ થાય છે, કદાચ કામ્યાબી હાંસિલ કરવા માટે સમય થોડોક લાંબો થઈ જાય.

⇨ ઈમામ (અ.સ.) નુરાની કલામમાં સબ્ર વિશે બયાન ફરમાવે છે કે સબ્ર અને કામ્યાબી આ બંને એવા સાથીઓ છે જે કોઈ દિવસ જુદા નથી થતા.

⇨ સબ્રનો સાચો અર્થ શું છે?

⇨ જો કોઈ મારે તો ચૂપ રહેવું.

⇨ જો કોઈ લૂંટી લે તો ચૂપ ચાપ માલ આપી દેવો.

⇨ જો કોઈ મુસીબત આવે તો ખામોશીથી ઈલાજ કરાવ્યા વગર બરદાસ્ત કરી લેવું, આનું નામ સબ્ર નથી.

⇨ જો આને સબ્ર માની લેવામાં આવે તો આ ઈન્સાનને કામ્યાબીની જગ્યા

નાકામી અપાવશે, ખુશીની જગ્યા મુસીબતો ઉભી કરશે.

⇨ તો પછી સબ્ર કઈ વસ્તુનું નામ છે?

⇨ સબ્ર એટલે મકસદ સુધી પહોંચવા માટે રૂકાવટો દૂર કરીને મજબૂતી સાથે ઉભુ રહેવું.

⇨ બીમારીઓ આવતી હોય, પરંતુ તેમાં સબ્ર એટલે તેનો મુકાબલો કરવો.

⇨ ચોર કે ડાકુઓ સામે હિંમત દેખાડવી.

⇨ મુસીબતોમાં નાઉમ્મીદ ન થવું અને તેનો મુકાબલો કરવાનું નામ સબ્ર છે.

⇨ જિંદગીમાં કાંટાઓ અને રૂકાવટને મહેનત સાથે દૂર કરવાનું નામ સબ્ર છે ભલે તેમાં કામ્યાબી મળવામાં મોડું થાય પણ કામ્યાબી જરૂર મળે છે.

⇨ જો કોઈનો ઈન્તેકાલ થાય તો તેના પછી હિમ્મત સાથે જિંદગીને આગળ વધારવાનું નામ સબ્ર કહેવાશે, ન કે

ખૂણામાં બેસીને ફક્ત રોવામાં આવે, રોવું ફિતરત છે, પરંતુ તેના સાથે સગાની જુદાઈ સાથે જીવતા શીખવું.

⇨ કુરાને મજીદ અને ઈમામોના કલામમાં સબ્રની ઘણી તાકીદ કરવામાં આવી છે અને તેની ફઝીલત બયાન થઈ છે.

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે સબ્ર કામ્યાબીની ચાવી છે.

⇨ ઈતિહાસ ગવાહ છે કે જે લોકો સબ્ર કરી તેઓ પોતાના મકસદ સુધી પહોંચી શક્યા અને કામ્યાબ થયા છે.

# હિકમત ૧૫૪

## ગુનેહગારનો ભાગીદાર

⇨ કોઈ કોમ (ગ્રુપ અથવા ભીડ)ના કામથી રાજી રહેનાર માણસ એવો છે કે જાણે તે પોતે તેના કામમાં ભાગીદાર હોય. અને ખરાબ કામમાં ભાગીદાર બનવાના બે ગુનાહ છે એક ખરાબ કામ કરવાનો, અને બીજો તેના ઉપર ખુશ રહેવાનો.

⇨ ઈમામ અલી (અ.સ.) આ હિકમતમાં ખાસ બતાવ્યું છે કે જે જેનો સાથ આપશે તે તેના જેવો ગણાશે, જે બુરાઈનો સાથ આપશે તે બુરાઈ કરનાર જ ગણાશે અને જે નેકીનો સાથ આપશે તે નેકી કરી હોય તેમ ગણાશે,

⇨ એટલે જે ગુનાહ કરે તે જ ફક્ત ગુનેહગાર નથી, યા જે નેકી કરે તે જ ફક્ત સવાબનો હકદાર નથી, બલ્કે જે

તેમના કામોથી રાઝી થઈ જાય તેમને પણ જઝા અને સઝા મળશે, જો લોકોમાં આવી માન્યતા/વિચારધારા સ્વીકારી લેવામાં આવે તો લોકો ગુનાહથી નફરત કરશે અને નેક કામોમાં સાથ આપશે.

⇨ લોકોને બુરાઈ તરફ જવા માટે સૌથી પહેલા તે બુરાઈનો વિચાર કરે છે અને પછી તેના તરફ આગળ વધે છે, આ જ કારણસર ઈમામ (અ.સ.) આ કલામથી બતાવ્યું કે ભલે તમે બુરાઈ ન કરતા હોવ, પરંતુ બુરાઈ કરનારના કામથી રાઝી રહેશો તો તમે પણ ગુનેહગાર છો,

⇨ જો કોઈ માણસે ગુનાહ કર્યો હોય, બીજો વ્યક્તિ કે જો કોઈના ખરાબ કામો પ્રત્યે દિલમાં રાજી રહે તો ધીમે ધીમે તેની વાતો અને કામો પણ તેના જેવા જ થઈ જશે.

⇨ ગુનેહગારોના ગુનાહ ઉપર રાજી ન

રહેવા બાબતે કુરાને મજીદ અને હદીસોમાં વારંવાર ઉલ્લેખ થયો છે, અને ગુનેહગારના ગુનાહ ઉપર રાજી રહેવું ગુનાહે કબીરામાં ગણવામાં આવ્યું છે. અને આવા લોકો ઉપર અલ્લાહનો અઝાબ નાઝિલ થયો છે, જ. સાલેહ નબી (અ.સ.)ની ઊંટણીને ફક્ત એક માણસે કતલ કરી હતી પરંતુ અઝાબ પૂરી કૌમ ઉપર આવ્યો કેમ કે કતલ કરનારના ગુનાહથી પૂરી કૌમ રાઝી હતી.

⇨ ઝિયારતે વારેસામાં આપણે પઢીએ છીએ કે અલ્લાહ લાનત કરે તેના ઉપર જેણે આપને કતલ કર્યા, જેણે આપ ઉપર ઝુલ્મ કર્યો, જેણે આપની આ મુસીબતો સાંભળીને રાજી થયો. આજના ઝમાનામાં પણ જે માણસ કરબલાની મુસીબતો ઉપર ખુશ થાય તે પણ ઈમામ હુસૈન (અ.સ.) અને શોહાદાએ કરબલાનો

કાતિલ ગણાશે અને ખુશ થનારને પણ અઝાબ મળશે.

⇨ આજના ઝમાનામાં પણ લોકો દબંગ, ગુંડાઓ અને સરકારમાં લાગવગવાળા લોકો કે જેઓ ગુનાહોમાં ડૂબેલા હોય છે તેમનાથી રાજી હોય છે તો જે રાજી છે તે પણ ગુનેહગાર ગણાશે, અથવા માલ અને દૌલત વધારે હોવાના લીધે લોકો તેમના ખરાબ કામોનો સાથ આપે છે અને હાંમાં હાં મેળવે છે, જે લોકો આ રીતે ગુનેહગારના ગુનાહનો સાથ આપે છે તેઓ એમ ન સમજે કે કઈ નથી કર્યું, જેટલો ગુનાહ ગુનેહગારને મળશે તેટલો ગુનાહ સાથ આપનાર અને રાજી રહેનારને પણ મળશે.

# હિકમત ૧૫૫

## વચન પુરૂ કરવું

⇨ વાયદા વચન (કૌલો કરાર) એવા સાથે કરો જે પોતાના વચનને વફા કરે.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં વચનની અહેમિયત બતાવે છે કે વચનને જે પુરૂ કરવાની મજબૂતી સાથે તાકત રાખતો હોય તેના વચનને કબૂલ કરો,

⇨ અને તેની વાતો ઉપર ભરોસો ન કરો જે વચનને પુરૂ ન કરે, અથવા વારંવાર જે વચનને તોડે,

⇨ જંગે જમલ પછી મરવાન બિન હકમ ઈમામ અલી (અ.સ.) પાસે આવીને કહે છે કે તમારો હાથ આગળ કરો હું તમારી બયઅત કરૂં, ઈમામે ફરમાવ્યું કે તારી બયઅતથી શું ફાયદો, કાલે (ઝાહેરી ખિલાફતના શરૂમાં) મારા સાથે તુંએ બયઅત કરી હતી અને પછી તોડી નાખી,

શું ફરીથી મારી બયઅત કરવા આવ્યો છે?! પછી ઈમામે હુકમ આપ્યો કે તેને આ બેઠકમાંથી બહાર કાઢવામાં આવે.

⇨ જે માણસ જ્યાં ફક્ત પોતાનો ફાયદો જોઈને વાતો બદલતો હોય તેના ઉપર કેવી રીતે ભરોસો કરી શકાય?

⇨ બીજી વસ્તુ એ પણ આ કલામમાં ઈમામ (અ.સ.) બયાન કરી રહ્યા છે કે જ્યારે કોઈ વચન બાંધે તો તેને શરતો સાથે મજબૂતીથી બાંધી દો જેથી તે વચનથી ફરી ન જાય, એટલે જો લખવાં જેવું હોય તો પાકું લખાણ લઈ લેવામાં આવે, ગવાહ રાખવામાં આવે જેથી પોતે વાતથી હટી ન શકે,

⇨ ઈમામ અલી (અ.સ.) જ.માલિકે અશ્તરને ફરમાવે છે કે જે જગ્યા તમારાથી દુરૂપયોગ થાય તેના સાથે કરાર ન કરો.

⇨ ત્રીજી વાત વચન માટે એ પણ છે કે

જ્યાર સુધી સામે વાળો વચનનો પાબંદ હોય તમે પણ પાબંદ રહો, આ તરફ સુરે તૌબા આયત ૭માં અલ્લાહ ફરમાવે છે કે જ્યાં સુધી તેઓ વાયદાને પુરો કરે તમે પણ વાયદાને પુરા કરવા પર પાબંદ છો. ત્યારપછી ૧૨મી આયતમાં ફરમાવે કે જો તેઓ વાયદો આપ્યા પછી પુરો ન કરે અને તમારા દીનની મજાક ઉડાવે તો તમે પણ તેમના સાથે મુકાબલો કરો કેમ કે હવે તેમના વચનની કોઈ હેસિયત નથી.

⇨ આ બંને આયતમાં વાયદાની પાબંદી ઉપર ભાર આપ્યો છે અને વાયદાને તોડવાની મઝમ્મત કરવામાં આવી છે.

⇨ જો બીજો વાયદાને તોડે તો કુરાન આટલુ સખત છે તો જે કોઈ મુસલમાન કે મોમીન વાયદાને તોડે તો કેટલી ખરાબ વસ્તું કહેવાય? એક હદીસમાં છે કે “જે વાયદાને પુરો નથી કરતો તેના પાસે દીન

નથી.''

⇨ વાયદા કોઈ પણ માણસને આપ્યો હોય તેને તોડવાની મનાઈ છે ચાહે મોમીન હોય યા ન હોય.

⇨ વાયદા પુરો કરવાથી માણસની ઈઝ્ઝતમાં વધારો થાય છે અને તેની વાત ઉપર લોકો ભરોસો કરે છે.

# હિકમત ૧૫૬
# કોની પેરવી કરવી

⇨ તમારા માટે જરૂરી છે કે તેમની પેરવી કરો અને (ઈતાઅત કરો) જો તમે તેની ઓળખાણ હાંસિલ ન કરી તો પણ તમને તેઓની ઈતાઅત ન કરવા માટે માફ કરવામાં નહી આવે. (એટલે કે જેમને ઓળખવું બધા માટે જરૂરી છે)

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં કોની પેરવી કરવી જોઈએ તેના તરફ ઈશારો કરે છે, ભલે તમે ન જાણતા હોવ કે જાણી જોઈને પેરવી ન કરી હોય તો માફ કરવામાં નહીં આવે.

⇨ સૌથી પહેલો દરજ્જો જેમની પેરવી કરવી જોઈએ તે અલ્લાહ (સુ.વ.ત.) છે. ત્યાર પછી નબી અને ખાસ આપણા છેલ્લા નબી હઝરત મોહંમદ (સ.અ.વ.) અને તેમના હકીકી જાનશીનો અને

માઅસૂમીન (અ.મુ.સ.) છે, જેમની પેરવી કોઈ પ્રકારની શરતો કે બહાના વગર વાજિબ છે.

⇨ કોઈ એમ નથી કહી શકતું કે હું જાણતો ન હતો એટલે પેરવી ન કરી, હું મારા કામમાં બહુજ મશગુલ હતો મને સમય ન મળ્યો કે પછી મને મારા માં-બાપ તાલીમ ન આપી, કોઈ પણ બહાનું નહી ચાલશે.

⇨ દરેક અક્કલમંદ માટે જરૂરી છે કે જે નેઅમતો આપનાર છે તેને ઓળખે અને અલ્લાહ તરફથી જે સહીહ રસ્તો દેખાડનાર નબીઓ અને તેમના બરહક જાનશીન ઈમામો છે તેમને ઓળખે.

⇨ ઓળખી લે તો તેમના કહેવા મુજબ ચાલે અમલ કરે.

⇨ અલ્લાહ કયામતમાં બંદાથી પૂછશે કે શું તને ખબર હતી?

➪ કહેશે કે હાં, અલ્લાહ ફરમાવશે કે તો પછી શા માટે જે જાણતો હતો તેના ઉપર અમલ ન કર્યો? જો બંદો કહેશે કે હું જાણતો ન હતો, તો કહેવામાં આવશે કે શા માટે ન શીખ્યો ? કે જેથી અમલ કર !

➪ જો માણસ શીખીને અમલ ન કર્યો તો પણ અને શીખ્યા વગર રહ્યો તો પણ, બંને હાલતમાં ગુનેહગાર રહેશે, અને તેમનું કોઈ પણ બહાનું કબૂલ કરવામાં નહીં આવે.

➪ કયામતના દિવસે બની શકે કોઈ વસ્તું વેચવામાં યા ખરીદવામાં ભૂલ થઈ ગઈ હોય તો તેની ભૂલ માનવામાં આવે પરંતુ જો અકીદા અને દીનની જરૂરિયાતમાં કોઈ કોતાહી કરી હશે તો તે ચલાવી લેવામાં નહી આવે.

➪ જરૂરી છે કે જે વસ્તુને ઓળખવી અને જાણવી જરૂરી છે તે ખુદા, રસુલ અને

ઈમામોને દલીલથી ઓળખે અને તેમના કહેવા મુજબ અમલ કરે જેથી આ દુનિયામાં હિદાયત મળે અને કયામતમાં તેના માટે આસાની થાય.

# હિકમત ૧૫૭
# હિદાયત

⇨ જો તમે સરખી રીતે જોઈ શકો તો હકીકત તમને બતાવવવામાં આવી ચુકી છે, જો તમે હિદાયત હાંસિલ કરવા ચાહો તો હિદાયત કરવામાં આવી ચુકી છે, અને જો સાંભળવા માંગતા હોય તો સંભળાવી દીધું છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં બયાન ફરમાવે છે કે અલ્લાહ તરફથી જે હિદાયત માટે જરૂરી વસ્તુઓ હતી તે બધી જ વસ્તુઓ બયાન થઈ ચુકી છે જો હવે કોઈ હિદાયત ન હાંસિલ કરે તો તેનો વાંક કહેવાશે, અલ્લાહ તરફથી ઈબ્રતના બનાવો, પહેલાની કૌમના કિસ્સાઓ બયાન કર્યા, આસમાની કિતાબો મોકલી, ૧,૨૪,૦૦૦ નબીઓ અને તેમના જાનશીન મઅસૂમ ઈમામોને

મોકલ્યા, અકીદા, અહેકામ, અખ્લાક તેમજ જે વસ્તુઓ જરૂરી હતી બધું જ તૈયાર કરીને આપ્યું જેથી નજાત હાંસિલ કરે જો બંદો હિદાયત ન મેળવે તો તેનું પોતાનું જ નુકસાન કરે છે.

⇨ કુરાને મજીદમાં સુરે અન્આમ આયત ૧૦૪માં અલ્લાહ આ તરફ ઈશારો ફરમાવે છે કે તમારા રબ તરફથી આંખો ઉઘડે તેવી દલીલો આવી ગઈ છે, હવે જે તેનાથી પોતાની આંખો ઉઘાડે (હિદાયત મેળવે) તેમાં તેનો જ ફાયદો છે અને જે તેનાથી આંખો બંધ કરી લે (હિદાયત હાંસિલ ન કરે) તેમાં તેનુંજ નુકસાન છે.

⇨ અને કુરાને મજીદમાં જે લોકો ગાફીલ છે અને હિદાયત હાંસિલ ન કરે તેઓને જાનવર તથા તેનાથી પણ વધારે ખરાબ ગણાવ્યા છે.

⇨ સુરે મુલ્કમાં છે કે દોઝખીઓ કહેશે કે

જો અમે સાંભળવાવાળા હોત અને વિચાર કર્યો હોત તો દોઝખમાં ન જાત.

⇨ આ બધી આયતોથી પણ સમજાય છે કે ખુદા પાસેથી બધી જ હિદાયતની સગવડો મોકલવામાં છે, ઈન્સાન પોતાના દિલની આંખને ખોલે અને અલક્કલને કામમાં લગાવે અને કાનને ખુલ્લા રાખે, અને તેનાથી સબક હાંસિલ કરે,

⇨ પોતાને જ વિચાર કરવાનો છે અને હિદાયત મેળવવાની છે.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છે હકીકતમાં આંધળો એ નથી કે જેમના પાસે આંખ ન હોય બલ્કે હકીકતમાં આંધળો એ છે કે જેના પાસે બસીરત ન હોય.

⇨ તે સિવાય પણ ઘણી દુઆઓમાં દિલના આંખોના નૂર અને સાંભળવાવાળા કાનનો ઉલ્લેખ છે.

⇨ ટૂંકમાં એટલું સમજી લઈએ કે અલ્લાહ તઆલા તરફથી નાની નાની વસ્તુથી લઈને મોટી મોટી મહત્વપૂર્ણ બાબતો માટે પણ હિદાયત હાંસિલ કરવાવાળા માટે હિદાયત મૌજુદ છે,

⇨ બસ જાહેરી આંખોના સાથે દિલની આંખોને ખોલીને જોવાની જરૂર છે.

# હિકમત ૧૫૮

# બુરાઈનો જવાબ

⇨ તમારા ભાઈને (જ્યારે તેનાથી કોઈ ભૂલ થાય તો) ભલાઈથી જવાબ આપીને શરમાવાની સજા આપો અને તેની બુરાઈને બક્ષિસથી દૂર કરો.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં આપસમાં લડાઈ ઝઘડા દૂર કરવાનો અણમોલ નુસ્ખો બતાવે છે, જો બુરાઈનો જવાબ બુરાઈ અથવા અપશબ્દોથી આપશો તો લડાઈ ઝઘડાનો દરવાઝો ખુલી જશે, પછી એક બીજાની ભુલો અને ખરાબીઓ લોકો સામે જાહેર થશે, અને જો બુરાઈ કરનાર સાથે નરમ અને મોહબ્બતથી વર્તાવ કરશો તો બુરાઈ કરનાર પણ પોતાનો ખરાબ સ્વભાવ બદલવા મજબુર થશે, અને તેને પોતાની ભૂલ ઉપર પસ્તાવો થશે.

⇨ આ વાત કુરાને મજીદની તે આયત વઝાહત કરે છે કે જેમાં ખુદા ફરમાવે છે "બુરાઈને નેકીથી દૂર કરો, તમે જોશો કે જેનાથી તમારી દુશ્મની હતી તે તમારો નજીકનો દોસ્ત બની ગયો છે."

⇨ ત્યારપછીની આયતમાં બયાન થાય છે કે આ રીતે કરવું બધાનું કામ નથી, "આવી આદત ફક્ત સબ્ર કરનારને મળે છે અને તેઓને મળે છે જેઓ નસીબવાળા છે." (સુરે ફુસ્સેલત આ.૩૪-૩૫)

⇨ કુરાને મજીદના પછી પયગંબર અને ઈમામોની જિંદગીમાં જોઈએ તો આવી સિરત અને અખ્લાક મળશે.

⇨ મક્કા ફતહ કર્યા પછી ઘણા મુસલમાન વાટ જોઈને બેઠા હતા કે હવે તો મૌકો મળ્યો છે, અને તમામ કાફીરોથી બદલો લેશું, અને બધાય કાફીરોથી મક્કાને પાક કરી લેશું, અમુક તો કહેવા

લાગ્યા હતા કે આજે તો બદલો લેવાનો દિવસ છે, પરંતુ રહેમતે ખુદાના મઝહર ખાતેમુન નબીયીન (સ.અ.વ.) એલાન કરાવ્યું કે જાવ તમે આઝાદ છો, અને આજનો દિવસ તો માફ કરવાનો દિવસ છે. નબી (સ.અ.વ.)ના આ વ્યહવારથી જેઓ દુશ્મન હતા તેઓ પાકા ચાહવાવાળા બની ગયા, અને ટોળે ટોળાં ખુદાના દીનમાં દાખલ થવા લાગ્યા.

⇨ ઈમામ અલી (અ.સ.)ની સિરતમાં પણ આવુજ દેખાય છે કે જંગે જમલમાં જયારે જીતી ગયા તો ન તો તેનો બદલો લીધો અને ન તો તેમનો માલ લશ્કરવાળો માટે લીધો, બલ્કે જે આ જંગને ભડકાવનાર અસલ નબી (સ.અ.વ.)ની પત્ની હતા તેમને પણ એહતેરામ સાથે મદીના પાછા મોકલાવ્યા.

⇨ આવા અખ્લાક ઔલાદે નબી

(અ.મુ.સ.) જે માસુમ ઈમામો (અ.મુ.સ.) છે તેઓમાં પણ મળે છે, જો નબી (સ.અ.વ.) અને ઔલાદે નબી (અ.મુ.સ.)માં આવા અખ્લાક હોય તો શું તેમના ચાહનારા અને માનવાવાળાઓમાં ન હોવા જોઈએ?

⇨ સાચી કામ્યાબી આ હસ્તીઓના કહેવા મુજબ અમલ કરવામાં જ છે, બાકી તો ફક્ત વહેમ અને ગુમાન છે.

# હિકમત ૧૫૯
# બદનામ જગ્યા

⇨ જે માણસ પોતાને એવા સંજોગોમાં મૂકે જેમાં તોહમત લાગી શકે છે. તો પછી જો લોકો તેના વિશે બદગુમાની કરે, તેઓની મલામત ન કરવી જોઈએ. (પોતેજ બુરૂ બોલવાનો મૌકો બદગુમાની ઉભી કરવા કોઈ વધારે કારણોની જરૂરત રહેતી નથી,

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં એજ જણાવે છે કે જો તમે કોઈ તોહમતની જગ્યાએ જાવ અને લોકો જો તમારા ઉપર તોહમત નાખે અથવા બદ ગુમાન થઈ જાય તો બીજાને કહેવા પહેલા પોતાને મલામત કરે. એટલે કોઈને એવો મૌકો પણ ન આપવો કે તે બુરૂ વિચારે.

⇨ મોમીન માટે પણ છે કે કોઈ વિશે ખોટું યા બુરૂ ન વિચારે સુરે હોજોરાત

આયત ૧૨માં અલ્લાહ ફરમાવે છે કે અય મોમીનો વધારે પડતા ગુમાનથી બચો કેમ કે અમુક ગુમાન ગુનાહ છે.

⇨ મુસલમાન ભાઈના કામને પોઝીટીવ/સકારાત્મક લેવા જોઈએ. એનો મતલબ એ નથી કે લોકોને તક આપો કે તે તમારા વિશે બુરૂ વિચારે, ગુનાહ કરવા જે પ્રમાણે હરામ છે એજ પ્રમાણે ગુનાહ માટે મૌકો તૈયાર કરવો પણ હરામ છે.

⇨ રિવાયત મળે છે કે એક વખત નબી (સ.અ.વ.) રસ્તામાં એક સ્ત્રી સાથે વાત કરી રહ્યા હતા અને ત્યાંથી એક સહાબી નીકળ્યા જે નબી (સ.અ.વ.)ને સ્ત્રી સાથે વાત કરતા જોઈ લીધા, નબી (સ.અ.વ.) તેને અવાજ આપીને બોલાવે છે અને કહે છે કે જોઈ લે આ કોઈ પારકી સ્ત્રી નથી આ મારી પત્ની છે. તે માણસે કહ્યું કે અય રસૂલેખુદા (સ.અ.વ.) શું મુમ્કીન છે

કોઈ તમારા વિશે બદગુમાની કરી શકે? નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે શૈતાન ઈન્સાનમાં એ રીતે ફરે છે જેવી રીતે રગોમાં ખૂન ફરે છે. (નબી સ.અ.વ.એ તરફ ઈશારો કરે છે જેમ ખૂન એક જગ્યાથી બીજી જગ્યા ફરે છે ખબર પણ નથી પડતી અને શરીરમાં પોતાનું કામ કરે છે એજ પ્રમાણે શૈતાન પોતાનું કામ કરે છે અને કોઈને ખબર પણ નથી પડતી.

⇨ પોતાને પણ કોશિશ કરવી જોઈએ કે કોઈને તોહમત અથવા બદઝન થવાનો મૌકો ન આપે.

⇨ એક બીજી હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.સ.)થી નકલ છે કે તોહમતની જગ્યાથી બચો, એટલા સુધી કે (જો તોહમતનો ખતરો હોય તો ) તમે રસ્તામાં તમારી માં સાથે વાતો પણ ન કરો કેમ કે બધા તેમને નથી ઓળખતા, (બિહાર,

ભા.૭૨, પે.૯૧)

⇨ જ્યાં ગુનાહ થતા હોય તેવી બદનામ જગ્યા ઉપર ન જવું, બદનામ લોકો સાથે ઉઠ બેસ ન રાખવી, અને કોઈને આપણા વિશે ખરાબ વિચારવાનો મૌકો ન આપવો જોઈએ.

# હિકમત ૧૬૦

## સત્તાનો દૂરઉપયોગ

⇨ જે સત્તામાં આવે છે તે દરેક ચીઝનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરવા લાગે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં ખાસ રોશની નાખે છે કે ઘણા લોકો એવા છે કે જ્યાર સુધી તેમના પાસે સત્તા ન હતી ત્યાર સુધી હકની વાતો, તરક્કી અને ભલાઈ માટે નવા નવા મશવેરા અને ઈન્સાફની વાતો કરે છે જેવી જ સત્તા હાથમાં આવી ગઈ એવું બધું જ ભુલાઈ જાય છે, ન કોઈની નસીહત સાંભળે છે, ન હકની વાતો પર અમલ કરે છે, દોસ્ત કે દુશ્મન કોઈ ઉપર રહેમ નથી કરતા, કોઈની સાચી વાત પણ કડવી લાગે છે, અને પોતાના મનની ચલાવ્યા કરે છે અને પ્રજા ઉપર ઝુલ્મ કરવાથી નથી અચકાતા.

⇨ અરબમાં એક કહેવત પણ છે કે "જે જીતે છે તે લૂંટે છે અને જે જીતે છે તે બીજાઓની મૂડીને લઈ લે છે." એટલે જેના પાસે સત્તા આવી જાય પછી લૂંટવાનું ચાલું કરી દે છે તે પછી નથી જોતો કે ગરીબનો માલ છે કે માલદાર નો, ફક્ત અને ફક્ત પોતાની તિજોરીઓ ભરવામાં રસ હોય છે, પોતાની મોટાઈ હાંકવામાં મજા આવે છે.

⇨ કુરાને મજીદ સુરે નમ્લ આયત ૩૪માં સબાની રાણી બિલકીસની વાત નકલ કરે છે કે બાદશાહ જયારે કોઈ આબાદીમાંથી પસાર થાય છે ત્યારે ફસાદ, તબાહી મચાવે છે, ઈઝ્ઝતવાળાઓને ઝલીલ કરે છે, હાં આ લોકો એવા જ છે.

⇨ ઈતિહાસ ગવાહ છે કે નવો હાકીમ હુકુમતના નશામાં કેટલો વિનાશ કરે છે, આ લોકો નાના લેવલમાં હોય તો તે

મુજબ તબાહી મચાવે છે જેમ કે ગામના લેવલે, યા જમાતના લેવલે, યા બીજી કોઈ સંસ્થાનો આગેવાન હોય તો તે મુજબ વિનાશ અને તબાહી મચાવે છે.

⇨ ઈતિહાસમાં છે કે અબ્દુલ મલીક ઈબ્ને મરવાન જે સવાર સાંજ મસ્જિદથી નીકળતો ન હતો, તેને મસ્જિદનું કબૂતર કહેવામાં આવતું, હુકુમત પહેલા મોટો ઈબાદત ગુઝાર અને ઝાહીદ હતો, જ્યારે એને ખબર આપવામાં આવી કે તારા પિતા મરી ગયા અને હવે હુકુમત તારા હાથમાં આવી ગઈ તો ઉભો થયો અને નઉઝુ બિલ્લાહ કુરાને મજીદને ફેંકીને કહે છે કે હવેથી મારી અને તારી વચ્ચે હંમેશા માટે જુદાઈ છે. અને પછી એ પોતાના ઝમાનાનો એક મોટો ઝાલીમ બાદશાહ બને છે.

⇨ તેના કાળા કરતૂતમાંથી એક એ છે કે

તેના ઝમાનામાં હજ્જાજ જે ખૂંખાર અને ઝાલીમ હતો તેને ગવર્નર બનાવે છે. જે બેગુનાહો પર ઝુલ્મ કરે છે, જેલમાં વગર વાંકે ધકેલવા, અને ખાસ ઔલાદે રસૂલેખુદા (સ.અ.વ.)ને કતલ કરતો, તે સિવાય કેટલાય ગુનાહોનો ભાગીદાર હતો, આની શિકાયત અબ્દુલ મલીક બિન મરવાનની પાસે પહોંચે છે તો તે હજ્જાજના વિરૂધ્ધ પગલું લેવાનું તો દૂરની વાત તેના કપાળ ઉપર ગુસ્સાની નિશાની નથી દેખાતી, ઝાલીમનો સાથ આપે છે, અને એજ અબ્દુલ મલીક ખિલાફતના મિમ્બર પર ચડીને કહે છે કે ખુદાની કસમ આજ પછી મને કોઈ પણ તકવા અને પરહેઝગારી માટે બોલાવશે તો તેને કતલ કરી નાખીશ.

⇨ આવા તો ઘણા લોકો ઈતિહાસમાં દેખાશે અને આજના ઝમાનામાં પણ

તમારા આજુબાજુ આવા લોકો હશે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં પોતાના ચાહવા વાળાઓને બતાવી રહ્યા છે કે જો તમને હુકુમત, મકામ, દરજ્જો યા કોઈ હોદ્દો મળી જાય તો ઝાલીમ ન બનવું જોઈએ, બલ્કે મઝલુમના મદદગાર બનવું જોઈએ.

# હિકમત ૧૬૧

## મશવેરો અને સલાહ સૂચન

⇨ જે ફકત પોતાની મરજી ચલાવે (બીજાઓથી મશવેરો, અને સલાહ ન લે) તે હલાક થશે, અને જે બીજાઓથી મશવેરો કરશે તે તેમની હોંશિયારીમાં ભાગીદાર બની જશે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં મશવેરાની અહેમિયત બતાવે છે. તે સિવાય પણ જગ્યાએ જગ્યાએ ઈમામ અલી (અ.સ.) નહજુલ બલાગાહમાં મશવેરા વિશે બયાન ફરમાવ્યું છે તેમાંથી એક જગ્યા જ્યારે જ.માલિકે અશ્તરને મિસરનો ગવર્નર બનાવે છે ત્યારે પણ ઈમામે મશવેરા વિશે નસીહત બયાન ફરમાવી છે.

⇨ કુરાને મજીદ સુરે શુરા આયત ૩૮માં

આપસમાં મશવેરા કરવાનો હુકમ આપ્યો છે.

⇨ જ.રસૂલેખુદા (સ.અ.વ.) સંપૂર્ણ અક્કલ રાખતા છતાં લોકોથી મશવેરો કરતા.

⇨ મશવેરાનો મોટો ફાયદો એ છે કે જે પોતાને ન દેખાતું હોય તે બીજાના મશવેરાથી ખબર પડી જાય છે, જેના કારણે મોટી ભૂલો કરવાથી બચી જાય છે.

⇨ ગોરરૂલ હેકમ કિતાબમાં ઈમામ અલી (અ.સ.)ની હદીસ છે કે દરેક અક્કલમંદ માટે જરૂરી છે કે બીજા હોંશિયાર માણસોથી મશવેરો લઈને પોતાના ઈલ્મમાં વધારો કરે. અને હોંશિયારોના ઈલ્મથી પોતાના ઈલ્મમાં વધારો કરે. (ગોરરૂલ હેકમ, પે.૫૫, હદીસ નં.૪૯૬)

⇨ ચોક્કસ બીજાઓના પાસેથી

અભિપ્રાય યા મશવેરો લેવાથી ઈલ્મમાં વધારો થાય છે જેના કારણે ઘણી એવી વસ્તુઓ જાણવા મળે છે જે અજાણ હતા.

⇨ મશવેરો સારા માણસ અને ઈલ્મ રાખતો હોય તેના પાસેથી લેવામાં આવે.

⇨ જો એવા પાસેથી મશવેરો લેશો કે જે ડરપોક હશે તો તે આગળ વધવાથી રોકશે,

⇨ જો કંજૂસ હશે તો કંજૂસાઈ કરાવશે જેના લીધે ઝિલ્લત ઉઠાવવી પડશે.

⇨ જો સારા માણસો અને એકદમ હોંશિયાર માણસો ન મળે તો પોતાના બરાબર યા પોતાનાથી નીચા હોય તે લોકોથી પણ મશવેરો લઈ શકો છો,

⇨ ઈમામ અલી રઝા (અ.સ.) પોતાના પિતા ઈમામ કાઝીમ (અ.સ.) વિશે ફરમાવે છે કે એક માણસ આવીને મારા પિતા વિશે કહ્યું કે તમામ અક્ક્લમંદોમાં કોઈ પણ તમારા જેવું હોંશિયાર નથી તે

છતાં ગુલામોથી મશવેરો કરો છો, અમુક લોકો કહેતા કે તમે પોતે આટલા હોંશિયાર છો તો ગુલામોથી મશવેરો શા માટે કરો છે? ઈમામ ફરમાવ્યું કે જો ખુદા ચાહે તો તેમની ઝબાન ઉપર મુશ્કેલીથી નીકળવાનો રસ્તો બયાન ફરમાવે છે. (બિહારૂલ અનવાર, ભા.૭૨, પે. ૧૦૧)

⇨ યાદ રાખવું જોઈએ કે કુરાને મજીદ અને માઅસૂમીન (અ.મુ.સ.)ની હદીસોમાં મશવેરો લેવાની ઘણી તાકીદ ફરમાવી છે અને પોતાની મનમાની કરવાની મનાઈ ફરમાવી છે.

# હિકમત ૧૬૨
# રાઝને છુપાવવું

⇨ જે પોતાના રાઝને છુપાવશે તે પોતાના ઈખતેયારમાં રહેશે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં ફરમાવે છે કે જો આપણા ભેદને બીજા જાણી લે તો બની શકે છે મોટી મુશ્કેલી ઉભી થાય ફિત્ના ફસાદ થાય, જેથી જ્યાર સુધી મુમ્કીન હોય પોતાના ભેદ બીજાને બયાન ન કરો, હમણાં તમારો દોસ્ત છે અને જો કાલે તમારો દુશ્મન બની જશે તો તમારા ભેદથી તમારો દુરૂપયોગ કરી શકે, ઈમામ (અ.સ.) બયાન ફરમાવે છે કે કોઈ તમને આવનાર સમયમાં નુકસાન ન પહોંચાડે તે વાત ધ્યાનમાં રાખીને તમારા ભેદની વાતને ભેદ જ રહેવા દો. જેમ કે મોમીન એવી જગ્યા રહેતો હોય

જ્યાં દુશ્મને અહલેબૈત (અ.મુ.સ.) રહેતા હોય અને નુકસાન પહોંચાડવાનો ડર હોય તો તેવી જગ્યા ઉપર પોતાના અકીદાને દુશ્મને અહલેબૈત (અ.મુ.સ.)થી છુપાવવું જેથી તે કોઈ પણ પ્રકારનું નુકસાન ન પહોંચાડી શકે.

⇨ ઈમામ અલી (અ.સ.) બીજી જગ્યાએ પણ રાઝને છુપાવવા વિશે નહેજુલ બાલાગાહમાં ફરમાવેલ છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) રાઝની વાતને રગોમાં દોડતું ખૂન કહ્યું છે કે જે ફક્ત પોતાની રગોમાં જ દોડતું હોય છે બીજાઓમાં એ નથી હોતું. (બિહારૂલ અન્વાર, ભા.૫૭, પે.૮૭૨)

⇨ ઘણી વખત રાઝને એટલા માટે પણ છુપાવવું જરૂરી છે કે તેનાથી સમાજમાં ઈખ્તેલાફ અને ખૂન ખરાબા ન થાય.

⇨ ઈમામ અલી (અ.સ.) એક જગ્યાએ

ફરમાવે છે કે દુનિયા અને આખેરતની ભલાઈ બે વસ્તુઓમાં છે રાઝને છુપાવવું અને નેક માણસોથી દોસ્તી કરવી, તમામ બુરાઈઓ બે વસ્તુઓમાં જમા છે રાઝની વાતોને ઝાહેર કરવી, ખરાબ માણસોથી દોસ્તી કરવી. (બિહારૂલ અનવાર, ભા.૭૨, પે.૭૧)

⇨ સવાલ ઉભો થાય છે કે રાઝ અથવા ભેદ કોનાથી છુપાવવા જોઈએ.

⇨ નીચે બતાવેલી અમુક જગ્યાએ રાઝને છુપાવવામાં આવે છે.

૧) જે સામે છે તે રાઝને સ્વીકારી શકે તેમ નથી.

⇨ અમુક હદીસો અને દુઆઓ વિશે છે કે બીજાઓ સુધી ન પહોંચવા દો. કેમ કે બીજા લોકો આને સ્વીકારી શકે તેવી માઅરેફત નથી રાખતા.

૨) ક્યારેક રાઝને છુપાવવાથી લોકોને

ફાયદો મળતો હોય, જેમ કે શબે કદ્રને છુપાવીને રાખી છે અને ઈમામ (અ.સ.)ના ઝહૂર અથવા કયામત જ્યાં સુધી શબે કદ્ર છુપી રહેશે અને લોકો પોતાને ત્રણ રાતના અલ્લાહની ઈબાદતમાં મશગુલ રહેશે.

૩) ક્યારેક એટલા માટે પણ રાઝને છુપાવવો પડે છે કે હસદ કરનારાઓના નુકસાનથી બચી શકાય. નબી (સ.અ.વ.) ફરમાવે છે કે તમારા કામોને છુપાવો કેમ કે દરેક નેઅમત માટે હસદ કરનાર હોય છે.

૪) ક્યારેક એટલા માટે છુપાવવાની જરૂરત પડે છે કે દુશ્મનને જો ખબર પડી જાય તો દુરૂપયોગ કરવાની શક્યતા હોય છે.

૫) લોકોને જો રાઝ ખબર પડી જાય તો વધારે આશાઓ રાખે છે. જેમકે કોઈ

પૈસાવાળો હોય અને તે પોતાને એટલા માટે છુપાવે કે લોકોને જાણ થશે તો વધારે પડતી આશાઓ લઈને આવી જશે. જેથી તેને હેરાન થવું પડશે.

૬) કામ કાજમાં હિંમત તૂટી જવાના ડરથી છુપાવે છે.

૭) લોકોની ઈઝ્ઝત જવાના ડરના લીધે છુપાવતા હોય છે.

૮) રિયા કારીથી બચવાં માટે જેમકે કોઇ નેકી કરી હોય અને જો લોકો સામે જાહેર થઇ જશે તો ખુલુસ ખતમ થઇ જવાના ડરથી છુપાવે.

૯) જલ્દબાઝી (ઉતાવળ)થી બચવા. જો જલ્દીથી રાઝ જાહેર થઇ જાય તો બની શકે છે મકસદ સુધી ન પહોંચી શકે.

૧૦) માણસોમાં ડર ન ફેલાય તે માટે રાઝ છુપાવવા પડે છે જો જાહેર થઇ જાય તો માણસમાં ડર બેસી જાય. જેમ કે કોઈમાં

મોટી બીમારી હોય તો બીમારથી છુપાવવામાં આવે છે જેથી બીમારીમાં વધારે પરેશાની ન વધે.

⇨ આ બધી વસ્તુઓથી ખબર પડે છે કે ઈમામ (અ.સ.)એ જે ફરમાવ્યું કે જે પોતાના રાઝને છુપાવશે ત્યાર સુધી પોતાના ઈખતેયારમાં રહેશે.

⇨ જ્યાર સુધી વાત આપણા સુધી છે ત્યાર સુધી કોઈ ચિંતા નથી, અને જેવી વાત જાહેર થઈ જાય તેવા જ બીજાના ઈખતેયારમાં આવી જાય છે.

# હિકમત ૧૬૩

## મોહતાજી

⇨ ગરીબી (મોહતાજી) મોટી મૌત છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ બાબતે જગ્યાએ જગ્યાએ બતાવ્યું છે.

⇨ હિકમત ત્રણમાં છે કે હોંશિયાર ગરીબ માણસની સારી દલીલ હોવા છતાં ઝબાન બંધ થઈ જાય છે.

⇨ એક જગ્યાએ હિકમત ૬પમાં છે કે ફકીર વતનમાં હોય તો પણ તે પારકો છે.

⇨ હિકમત ૨૭૩માં છે કે જ્યારે માલદાર કંજૂસાઈ કરે છે ત્યારે ફકીર અને મોહતાજ લોકો પોતાની આખેરતને દુનિયાના બદલામાં વહેંચી દે છે.

⇨ આ તમામ ઈમામ (અ.સ.)ના બયાનથી સમજાય છે કે ગરીબી અને મોહતાજી કેટલી ખતરનાક બલા છે

જેનાથી દુનિયા અને આખેરત બંનેમાં નુકસાન ઉઠાવવું પડે છે. અને ઈસ્લામ પણ ચાહે છે કે લોકોમાંથી ફકીરી દૂર થાય.

⇨ સમાજમાં ઘણી મુશ્કેલીઓ ફકીરીથી ઉભી થાય છે અને આખેરત પણ બરબાદ થઈ શકે છે. રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે ગરીબી માણસને કાફીર બનાવી શકે છે. (કાફી, ભા.૨, પે.૩૦૭)

⇨ ગરીબ માણસ અમુક મહિના કહેશે કે મારા નસીબ ખરાબ છે કે હું ગરીબ છું પરંતુ આહિસ્તા આહિસ્તા અકીદા અને અખ્લાકમાં પણ જાતજાતની ખોટી ખોટી વસ્તુઓ આવી જશે. અને ઝબાન ઉપર કુફ્રના શબ્દો આવી જશે. જ્યારે પોતાના બાલ બચ્ચાઓને ભૂખ્યા જોતો હોય, બધી કોશિશ કરવા છતાં જિંદગીની જરૂરતો પૂરી ન કરી શકે. તો આવા સમયે માણસના ઈમાનને બચાવવું મુશ્કેલ છે.

છેલ્લે જ્યારે ઈમાન કમઝોર થઈ જાય ત્યારે અલ્લાહ પણ નારાજ થઈ જાય છે. જેવું ઈમાન ગયું પછી તેના માટે ન કોઈ વસ્તું હલાલ રહે છે કે ન કોઈ વસ્તું હરામ. તેના લીધે સમાજનું પણ નુકસાન થાય છે.

⇨ ઈસ્લામ એ વસ્તુનો તદ્દન વિરોધ કરે છે કે કોઈ ફક્ત આખેરત માટે જ કામો અંજામ આપે, પરંતુ આ દુનિયામાં ઈઝ્ઝત સાથે જીવવા માટે કોશિશ ન કરે, એજ પ્રમાણે કોઈ દુનિયા માટે એટલી મહેનત કરે કે આખેરતને ભુલાવી દે.

⇨ લોકોથી ગરીબી, મોહતાજી દૂર કરવા ઉપર ઘણો ભાર આપ્યો છે, તેના માટે હલાલ રોઝી કમાવવી તેના માટે મહેનત કરવી અજરો સવાબ રાખે છે, બેકાર રહેવા વાળા જવાનની મઝમ્મત કરવામાં આવી છે, કામ કરનારની મજૂરી ન આપવું મોટો ગુનાહ ગણવામાં આવ્યો છે.

⇨ કામ કાજ કરવું મોટી ઈબાદત ગણવામાં આવી છે અને તે હાલતમાં થાકીને સુઈ જાય તો ઈબાદતનો સવાબ મળે છે, નબી (સ.અ.વ.) ફરમાવે છે કે અમુક ગુનાહ એવા છે કે નમાઝ રોઝા, ઝકાત, સદકા વગેરેથી તેનું નુકસાન દૂર કરી શકાતુ નથી, તો પૂછનારે પૂછ્યું તો કઈ વસ્તું કફફારો થઈ શકે? ફરમાવ્યું કામકાજની ચિંતા અને તેના માટે મહેનત કરવી અમુક ગુનાહોનો કફફારો છે. (બિહારૂલ અન્વાર, ભા.૭૦, પે.૧૫૭)

⇨ ગરીબીને દૂર કરવા માટે અલ્લાહે ઘણા વસીલાઓ (માધ્યમો) બનાવ્યા છે, જેમાં પાણી અને જમીન ખાસ છે, હદીસમાં છે કે જેના પાસે પાણી અને ઝમીન હોય તે છતાં જો ગરીબ રહે તો તેનાથી ખુદાની રહેમત દૂર થઈ જાય છે. (બિહારૂલ અન્વાર, ભા.૧૦૦, પે.૬૫)

➪ એટલે જેના પાસે ઓછામાં ઓછા કમાવવાના રસ્તા હોય તો પણ મહેનત કરીને પોતાની તથા બાલ બચ્ચાઓની રોઝી માટે કોશિશ કરવી જોઈએ કારણ કે હલાલ રોઝી કમાવવાનો પણ સવાબ છે.

➪ આજના ઝમાનામાં જે લોકો ગરીબ હતા, પરંતુ ઈઝ્ઝતની રોટી ખાતા હતા તેઓને પણ હલાલ રોઝી મેળવવામાં મુશ્કેલી થઈ રહી છે, આવા સંજોગોમાં જે લોકો હેસિયત રાખે છે અને બીજાઓને કામ ધંધા પર રાખી શકે છે તેઓને આગળ આવીને ગરીબીને દૂર કરવાની કોશિશ કરવી જોઈએ, આમાં ખાસ ખયાલ રાખવો કે ઈઝ્ઝતની કમાણી કરી શકે એવી સગવડ કરે, દરવાજા ઉપર ભટકે એવા ન બનાવે. બેશક કોઈ મોમીનને કામ પર લગાવવું અજરો સવાબ રાખે છે.

⇨ અને આવતી પેઢી ગરીબીથી ન પીડાય તે માટે તેઓને સારામાં સારી તાલીમ આપવી જોઈએ જેથી ઈમામ ઝમાના (અજ.)ની હુકુમતમાં બહેતરીન ખાદીમ બની શકે અને પોતાના કુટુંબનું પણ ભરણ પોષણ કરી શકે.

# હિકમત ૧૬૪
# હકને અદા કરવો

⇨ જે એવા લોકોના હકને અદા કરે કે જે તેના હકને અદા ન કરતો હોય તો તે (હક અદા ન કરનાર)ને પોતાનો ગુલામ બનાવી લીધો.

⇨ ઈમામ (અ.સ.) તે લોકો સાથે સારો વ્યહવાર કરવા માટે ફરમાવે છે જે લોકો સારો વ્યહવાર ન કરતા હોય, જે લોકો હક અદા ન કરતા હોય... જે માણસો આપણા હકને અદા કરે તેના હકને અદા કરવો જોઈએ. ફઝીલત એ છે કે જે મોઢું ફેરવે, જે હક અદા ન કરે, જે સારો રિશ્તો ન રાખે તેના સાથે સારો વ્યહવાર રાખવો. એક હદીસમાં બયાન છે કે જેને મુકમ્મલ અખ્લાક પણ કહેવાય છે, તે ત્રણ વસ્તુઓ છે,

⇨ જે તમારાથી રિશ્તો તોડે તેનાથી રિશ્તો જોડો.

⇨ જે તમારો હક અદા ન કરે તેને તેનો હક આપો.

⇨ જે તમારા સાથે નાઈન્સાફી કરે તેને માફ કરો.

⇨ આ હદીસમાં પણ ખાસ એ વસ્તું તરફ ધ્યાન આપ્યું છે કે જે ખરાબ કરે તેના સાથે સારૂ કરો.

⇨ જેમ જેમ બંદો બીજા ઉપર એહસાન કરશે તે પ્રમાણે તે માણસ તેનો ગુલામ બનતો જશે.

⇨ આ હિકમતમાં એક બીજી પણ ખાસ વસ્તું છે કે જેના સાથે એહસાન કરવામાં આવ્યો હોય તેને પણ એહસાન કરનારનો એહતેરામ જાળવી રાખવો જોઈએ.

# હિકમત ૧૬૫

## અલ્લાહની નાફરમાની

⇨ અલ્લાહની નાફરમાની (ગુનાહ) કરવામાં કોઈ મખ્લુકની પેરવી ન કરો.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમતમાં લોકોને બતાવી રહ્યા છે કે તમારો ગમે તે માણસ નજીકનો જ કેમ ન હોય જો તે અલ્લાહની નાફરમાની કરવાનું કહે તો તેની વાત ન માનો, સૌથી ઉપર અલ્લાહની વાતને રાખો, ઘણા લોકો સાથે સંબંધ સાચવવામાં અલ્લાહને ભૂલી જાય છે અને સગાંવહાલાંને ખુશ કરવા અલ્લાહને નારાજ કરે છે.

⇨ આ કલામમાં એ તરફ પણ ઈશારો છે કે દરેક કામ અલ્લાહના હુકમ મુજબ હોવું જોઈએ ભલે તે કામ ખુશીના પ્રસંગે હોય કે દુઃખના મૌકા ઉપર, જો તમે કોઈનું

કહેવું ન માન્યું અને અલ્લાહના હુકમનું પાલન કર્યું તો તે દોસ્ત, સગાંવહાલાં કે સમાજમાં રહેવાવાળા નારાજ થઈ જશે, પરંતુ યાદ રાખવું જોઈએ કે બધી જ વસ્તું અલ્લાહ પાસે છે, જન્નત દોઝખ, સઝા અને બદલો, ઈઝ્ઝત ઝિલ્લત, દુનિયા તથા આખેરત બધુજ અલ્લાહ પાસે છે તેથી જો બંદો નારાજ પણ થઈ ગયો તો તેની જગ્યા અલ્લાહ ભરી દેશે, જયારે અને જો ખુદા નારાજ થઈ જશે તો તેની જગ્યા કોઈ નહી ભરી શકે, જો કોઈ બંદાના કહેવાથી રહેમાન પરવરદીગારની નાફરમાની કરે તો સમજી લો કે તેનું ઈમાન કમઝોર છે.

⇨ ફકીહ પોતાના મસાઈલમાં એ પણ કહે છે કે માં બાપની ઈતાઅત ત્યાર સુધી છે જ્યાર સુધી અલ્લાહની નાફરમાની ન થઈ રહી હોય, અલ્લાહની વાતથી ન

ટકરાતી હોય, જો માં બાપના હુકમથી અલ્લાહની નાફરમાની થાય તો માં બાપના હુકમને ન માનવો જોઈએ.

⇨ અમુક લોકો આ હિકમતનો અર્થ આ રીતે પણ લખ્યો છે કે જો કોઈ માણસ અલ્લાહની નાફરમાની કરીને અલ્લાહ સુધી પહોંચવાની કોશિશ કરે તો નથી પહોંચી શકતો, જેમ કે કોઈ ગસ્બી ઘરમાં નમાઝ પઢે યા ગસ્બી પાણીથી વઝુ ગુસ્લ કરે અથવા હરામ માલથી અલ્લાહની રાહમાં ખર્ચ કરે. તો આ કામોથી બંદો અલ્લાહના નજીક નહી થઈ શકે.

⇨ ઈબ્ને અબીલ હદીદ જે એક મોટા સુન્ની આલીમ છે અને નહેજુલ બલાગાહની શરહ લખી છે, મુઆવિયા અને નબી (સ.અ.વ.)ના સહાબી શદ્દાદ ઈબ્ને કઈસનો બનાવ લખે છે કે મુઆવિયાએ શદ્દાદને કહ્યું કે અલી

(અ.સ.)માં જે કમી અને કોતાહીઓ છે તેને બયાન કરો.

⇨ શદ્દાદ કોતાહીઓના બદલે વખાણ કરે છે, અને તે વાતમાં આ જુમલો કહે છે કે અલ્લાહની નાફરમાની કરવામાં કોઈ મખલુકની પેરવી કરતા ન હતા. અને અંતમાં કહી દીધું કે ''અય મુઆવિયા જો કોઈ સાચું બોલે અને તેનાથી તને ગુસ્સો આવે તો સમજ કે તે તારૂ સારૂ સોચનાર છે, અને જો કોઈ ખોટી વાતો કરીને તને ખુશ કરે તો તે તારા સાથે ખયાનત કરે છે.'' મુઆવિયા તેની વાત રોકીને તેને ઈનામ આપે છે, કહે છે કે તું સખાવતના વખાણ કર્યા છે બોલ હું સખી છું કે નહી? શદ્દાદ : જો તું જાએઝ માલ આપે તો તું સખી કહેવાશે, અને જો મુસલમાનોનો માલ આપીને ખર્ચ કરતો હોય તો ઈસરાફ કહેવાશે અને કુરાનની આ આયતનો





www.hajinaji.com

હકદાર બનીશ, બેશક ઈસરાફ કરનારા શૈતાનના ભાઈ છે.

⇨ હંમેશા એ ધ્યાનમાં રાખવું કે અલ્લાહની નાફરમાની કરીને અલ્લાહને નારાજ તો નથી કરી રહ્યા?

⇨ જો અલ્લાહ રાજી હશે તો કોઈ નારાજ હોય તો પણ શું વાંધો? અને જો અલ્લાહ નારાજ હશે તો બધાય રાજી થઈ જાય તો શું ફાયદો?

# હિકમત ૧૬૬
# હકને મેળવવો

⇨ ઈમામ અલી (અ.સ.)થી કોઈએ પૂછ્યું કે તમે ઈમામતના હકને લેવા શા માટે ઉતાવળ ન કરી?

⇨ ઈમામ (અ.સ.) તેના જવાબમાં ફરમાવ્યું કે જો માણસ પોતાના હકને લેવા મોડું કરે તો તેમાં કાંઈ વાંધો નથી, ખરાબ તો એ છે કે બીજાના હકને છીનવી લે.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમતમાં સમજાવે છે કે જે લોકો હકને લઈ લીધો તે લોકોને શરમાવવું જોઈએ, ચોરને ચોરી કરીને શરમાવવું જોઈએ ન કે તેને જેનો હક (માલ) ચોરવામાં આવ્યો હોય.

⇨ ઈમામ અલી (અ.સ.)ની ઈમામતનો હક હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) પહેલેથી જ ગદીર અને તે સિવાય ઘણી જગ્યા

ઉપર બયાન કરી દીધો હતો. અને તેના વિશે બધા અસ્હાબ પણ જાણતા હતા કે અલી (અ.સ.) ખલીફા એ બિલા ફસલ છે.

➪ ઈમામ (અ.સ.) ઈમામતના હકને મુસલમાનોનો એક હક હોવાના લીધે લોકો સામે પેશ કર્યો, પરંતુ જેઓ વિરોધીઓ હતા તેઓ વાતને ન માની અને હકથી મહેરૂમ કર્યા.

➪ નબી (સ.અ.વ.) પોતાની જિંદગીના છેલ્લા સમયે ખિલાફત અને ઈમામતના મસઅલાને બયાન કરવા કાગળ અને કલમ માંગી તો એ લોકો જેમના ઈરાદા ખરાબ હતા તે લોકો એ ન આપી અને નબી (સ.અ.વ.)ને અપમાન જનક શબ્દો બોલ્યા.

➪ ઈમામ (અ.સ.) બયાન ફરમાવે છે કે જો મારૂ હક લેવા માટે મોડું કરવું તમારા

કહેવા મુજબ બરાબર ન હતું તો એવું નથી, બલ્કે એ લોકોનું હક ન આપવું ખોટું છે. (શું અલી અ.સ. નબી સ.અ.વ.ના જનાઝાને બીજા સહબીઓના જેમ છોડીને ખિલાફત માટે થયેલ મીટીંગમાં જાત? શું કોઈ મુસલમાનને નબી સ.અ.વ.ની મય્યત પડી હોય અને બીજા કામોમાં મશગુલ થવું શોભે ખરા? તો કેવી રીતે લોકો કહી દીધું કે તમે શા માટે મોડું કર્યા? જો મોડું પણ કર્યું હોય તો મઝલુમ તો મઝલુમ રહેશે અને ઝાલીમ ઉપર આંગળી ઉઠવી જોઈએ.)

⇨ જો એમ સવાલ કરવામાં આવે કે જો એ લોકો હક ન આપ્યો તો શું થયું અલી (અ.સ.)ને ખામોશ રહેવું જોઈતું હતું, એ લોકો માટે જવાબ છે કે ઈમામતનો હક કોઈ એક માણસનો ન હતો કે અલી (અ.સ.) ચૂપ બેસી રહે, બલ્કે આ તમામ





www.hajinaji.com

લોકોનો હક હતો, જો લોકો ઈમામને નહીં ઓળખે તો તેમની મૌત ઈસ્લામ પર નહી થાય તો ઈમામતનો મસઅલો તમામ લોકો માટે હતો જેને ઈમામે ઉઠાવ્યો હતો.

⇨ ઈમામ અલી (અ.સ.) ૨૮માં પત્રમાં આ હિકમતની જેમ જ મુઆવિયા ખરાબ શબ્દો લખે છે તો તેના જવાબમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે એ મુસલમાન માટે શરમની વાત નથી કે તે મઝલુમ હોય જ્યારે કે તે દીન ઉપર હોય અને યકીન સાથે ઈમાન રાખતો હોય.

⇨ કોઈ પણ પ્રકારનો હક છીનવી લેનાર માણસ ધિક્કારના પાત્ર છે, ઝાલીમ હંમેશા ઝલીલ અને બે ઈઝ્ઝતીના લાયક છે.

# હિકમત ૧૬૭
## સ્વાર્થી પણું

⇨ સ્વાર્થ (ખુદ પસંદી) પ્રગતિ કરવાથી રોકે છે.

⇨ ખુદપસંદી એટલે પોતાને બધા કરતા સારૂ સમજવું.

⇨ ઈમામ (અ.સ.) તે લોકોના વિશે ફરમાવી રહ્યા છે જે ફક્ત પોતાના કામ, પોતાની વાત, પોતાની ઝાતને પસંદ કરે છે. આવા માણસને લોકોમાં અને અલ્લાહના ત્યાં નાપસંદ કરવામાં આવે છે, અને ઘણી વખત ખુદપસંદી ઈબ્લીસના જેમ કાફીર બનાવી દે છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે અલ્લાહ જાણે છે કે સ્વાર્થ અને ખુદપસંદી કરતા મોમીન ગુનેહગાર બહેતર છે, (કેમ કે ગુનેહગાર પોતામાં

ખોટને ઓળખશે, અને ખુદાની બારગાહમાં જઈ તૌબા કરશે અને આગળ વધશે.) જો એવું ન હોત તો કોઈ દિવસ મોમીન ગુનાહ ન કરત. (કાફી, ભા.૨ પે.૩૧૩)

⇨ એક બીજી હદીસમાં છે કે ખુદપસંદ હલાક થશે. (કાફી, ભા.૨, પે.૩૧૩)

⇨ સ્વાર્થી પણું એવી મોટી અખ્લાકી બીમારી છે કે જેમાં સપડાયેલ (ફસાયેલ) પોતાના સિવાય બીજા કોઈના અમલ, કામ, કે બીજી રીતે પસંદ નથી કરતો. તેમાં મોટું નુકસાન એ થાય છે કે જો તેના ખરાબ કામો કે ખોટા અમલો હોય તો તે તેને પણ સારા સમજે છે, જેના લીધે તે આગળ નથી વધતો, આગળ તે વધી શકે જેને પોતાના અંદર ખોટ કે કમીનો એહસાસ થાય, અને ખુદપસંદમાં આ એહસાસ જ ખતમ થઈ જાય છે. જેથી ન

ગુનાહોની તૌબા કરે છે અને ન પોતાને સુધારવાની કોશિશ કરે છે, ખુદપસંદી, સ્વાર્થ તેના માટે મોટી બલા અને મુસીબત બને છે, છેવટે તૌબા કર્યા વગર આ દુનિયાથી જાય છે અને બની શકે તે ઈમાન વગર મરે.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છે કે ત્રણ માણસો હલાક થશેઃ

૧) કંજૂસાઈ કરનાર,

૨) પોતાની મનમાની કરનાર,

૩) ખુદપસંદ (વસાએલુશ શીઆ, ભા.૧, પે.૧૦૨)

⇨ આલીમો ખુદપસંદીની અમુક નિશાનીઓ બતાવી છે.

⇨ હકને કબૂલ ન કરવું.

⇨ લોકોને ઝલીલ સમજવું.

⇨ હોંશિયાર લોકોથી સલાહ મશવેરો ન કરવો.

⇨ પોતાના ઈલ્મ અને જાણકારી ઉપર ફખ્ર કરવો. પોતાની બડાઈ બયાન કરવી અને બીજાઓ ઉપર આંગળી ચિંધવી.

⇨ પોતાના ખાનદાન અને ખુબસુરતી ઉપર ઘમંડ કરવો.

⇨ મુત્તકી અને પારહેઝગાર આલીમોનો એહતેરામ ન કરવો અને બીજાઓ ભુલ સુધારે તો પણ ન સુધારવી અને ભૂલને વારંવાર કરવી.

⇨ સ્વાર્થી માણસની જયારે આ ખરાબીઓ વધી જાય છે ત્યારે જે વસ્તુઓ અલ્લાહ આપેલી છે તેના વિશે પણ કહેવા લાગે છે મારી મહેનત, મારી તંદુરસ્તી, મારી હોંશિયારી વગેરે, જાહેરમાં તો અલ્લાહ સામે સજદો કરે છે, પરંતુ દિલમાં જે ખુદપસંદીનો શૈતાન બેઠેલો છે તેના મુજબ કામો કરે છે.

⇨ યાદ રાખવું જોઈએ કે જ્યારે આવી

હાલત થાય ત્યારે પોતાની બીમારીનો ઈલાજ કરે નહીં તો દુનિયામાં અને આખેરતમાં હલાકત છે.

# હિકમત ૧૬૮
# મૌતની નજીક

⇨ મૌત નજીક છે અને દુનિયામાં લોકો સાથે રહેવાનો સમય ઓછો છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં બતાવે છે કે દરરોજ લોકોની અવર જવર જોઈ રહ્યા છો, દોસ્ત અને આજુબાજુના લોકોનું દુનિયાથી ખાલી હાથે જવું જોઈ રહ્યા છો, જેઓ દરેક રીતે સુખી હતા, માલો દૌલતના માલીક હતા, તેમજ જેમના નામનો ડંકો વાગતો હતો, પરંતુ આજે એટલા મોહતાજ છે કે ચાર માણસો ઉપાડીને વિરાન ઘર કબ્ર તરફ લઈ જઈ રહ્યા છે.

⇨ યાદ રાખવું જોઈએ કે મૌત નજીક છે આખેરત બિલકુલ સામે છે, ગફલતથી જાગીને આખેરતના ઘર માટે પોતાને

તૈયાર કરો જેથી ત્યાં આરામ મળી શકે.

⇨ ઈમામ અલી (અ.સ.) એક જગ્યાએ લોકોની હાલત બયાન ફરમાવે છે કે "મૌત જાણે બીજાઓ માટે છે અને જે લોકો મરીને જઈ રહ્યા છે એ લોકો મુસાફર છે અને બહુજ જલ્દી પાછા આવશે."

⇨ જેઓ ગાફિલ છે તેઓ છેલ્લા સમય સુધી તૈયારી નથી કરતા, અથવા આજ કાલ કરીને છેલ્લે સુધી ગફલતથી નથી જાગતા, આ તે લોકો છે જેમના નજીક આ દુનિયા જ બધી વસ્તું છે અને મરવા પછીની જિંદગીથી બેપરવાહ છે.

⇨ કાફીની એક રિવાયતમાં નબી (સ.અ.વ.)ના ખુત્બામાં બયાન છે કે પ્યારા નબી (સ.અ.વ.)ને કોઈ એ પૂછ્યું કે કયા મોમીન હોંશિયાર છે? નબી (સ.અ.વ.) ફરમાવે છે કે જે સૌથી વધારે મૌતને યાદ કરે અને સૌથી વધારે તેના

માટે તૈયારી કરે. (કાફી, ભા.૩, પે.૨૫૭)

⇨ આ રિવાયતમાં નબી (સ.અ.વ.)નો કહેવાનો અર્થ એ છે કે જ્યારે સૌને યકીન છે તો જે અક્કલમંદ હશે તે જ સૌથી વધારે અમલ, વાજિબાતની અદાયગી, નેકીઓ અને અલ્લાહના હુકમ ઉપર અમલ કરશે.

⇨ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે હું નવાઈ પામુ છું તેના ઉપર કે જે મૌતનો ઈન્કાર કરે છે જ્યારે કે રાત દિવસ પોતાના આજુબાજુ મય્યતોને જોવે છે, અજબ થાઉ છું તેના ઉપર કે જે આખેરતનો ઈન્કાર કરે જ્યારે કે આ દુનિયાને જોઈ રહ્યો છે. (આ દુનિયામાં ઘણી બધી નિશાનીઓ મૌજુદ છે) (કાફી, ભા.૩, પે.૨૫૮)

⇨ હદીસમાં મૌતને યાદ કરવું ઈબાદત ગણવામાં આવી છે, કેમ કે જે મૌતને યાદ કરશે તે પોતાને ગુનાહોથી બચાવશે

અને અલ્લાહની ઈતાઅત તરફ આગળ વધશે તેથી જ જરૂરી છે કે મૌતને નજીક સમજીએ અને દુનિયાની બધી જ વસ્તુઓ એક દિવસ છૂટવાની છે ફક્ત નેકીઓ સાથે આવશે તેને ધ્યાનમાં રાખીને દુનિયાથી એટલું દિલ ન લગાવીએ કે આખેરત ભુલાઈ જાય.

# હિકમત ૧૬૯

## સવારનું અંજવાળું

⇨ જેના પાસે આંખો છે તેના માટે સવારનું અંજવાળું રોશન છે.

⇨ ઈમામ (અ.સ.)ના આ નુરાની કલામ કોઈના સવાલના જવાબમાં મિસાલ આપીને સમજાવ્યું છે, કે જેના પાસે બસીરત છે તે હકને સારી રીતે ઓળખી લે છે. બસીરત રાખનાર માટે હક એવી રીતે ચમકે છે જેવી રીતે દિવસનું અંજવાળું રોશન હોય છે. જ્યારે તેની પાસે નિશાની આવી જાય છે ત્યારે તે જલ્દીથી હકને કબૂલ કરી લે છે.

⇨ હકના જુદા જુદા અર્થ બતાવ્યા છે જેમાં કુરાને મજીદ પણ લેવામાં આવ્યો છે જેમ અલ્લાહે ફરમાવ્યું છે "તમારા તરફ અલ્લાહ તરફથી નૂર અને રોશન કિતાબ

આવી છે.'' (સુરે માએદા, આયત ૧૫)

⇨ જેના પાસે જો કુરાને મજીદ હોય અને સહીહ વિચાર કરે તેને અહલેબૈત (અ.મુ.સ.)ને છોડીને બીજાઓ પાસે જવાની જરૂરત જ નહી પડે કેમ કે તેના પાસે કુરાનની વાતો છે જે અહલેબૈત (અ.મુ.સ.)ની તારીફ કરી રહ્યું છે.

⇨ કહેવાનો અર્થ એક જ છે જો જાહેરી આંખોની સાથે દિલની આંખો ખુલી હશે તો બધું જ દેખાશે.

# હિકમત ૧૭૦

## તર્કે ગુનાહ અને તૌબા

➪ ગુનાહ ન કરવા તૌબા કરવા કરતા સહેલું છે.

➪ ઈમામ (અ.સ.) ગુનાહને ન કરવા તરફ ધ્યાન દોર્યું છે કે પાછળથી તૌબા કે માફી માંગવાની જરૂરત જ ન રહે.

➪ ખબર નથી કે દુનિયા છોડવા પહેલા તૌબાની તૌફીક મળશે કે નહી?

➪ બીજી વસ્તું એ પણ છે જો કોઈ ગુનાહ કરવા પછી એમ સમજે કે પછી માફી માંગીશ તો પણ તૌબા જલ્દી ન કરવા બદલ ગાફિલ બની ગયો કહેવાશે.

➪ અને જો કોઈ ગુનાહ હકકુનાસ, વાજિબાતને કઝા કરવી, રોઝાનો કફફારો યા કઝા કરવું હોય તો પણ તેને ફરીથી અંજામ આપવું અઘરૂં કામ છે, ખબર નથી

પછી શક્તિ હશે કે નહિ, કોઈનો હક પાછા આપવાના સમયે પાછા આપવાની શક્તિ હોય કે ન પણ હોય?

⇨ તૌબા કોઈ કરી લે તો પણ સાથે નેક અમલ તો કરતા રહેવાનું છે. જેમ કે કુરાને મજીદમાં ૫ જગ્યા ઉપર તૌબા સાથે નેક અમલ કરવાનો હુકમ છે.

⇨ તે સિવાય પણ ગુનાહનું નુકસાન એ છે કે ગુનાહ કરનારની રૂહ ખરાબ થાય છે જે બહુજ મોટું નુકસાન છે.

⇨ અલ્લામા મજલીસી બિહારૂલ અન્વારમાં ઈમામ મુસા કાઝીમ (અ.સ.)થી નકલ કરે છે કે "તમારા માટે બયાન કરૂં છું કે જે કોઈ બીજા પાસેથી કર્ઝ ન લે તે આરામમાં છે, દુઃખી નથી રહેતો, અને જો કર્ઝ લે અને પાછળથી અદા કરશે તો પણ કહેવાશે કે તેના માથે કર્ઝ હતું, તેના જેમજ જે કોઈ ગુનાહ ન

કરે તે આરામથી રહેશે તેના કરતા કે જેઓ ગુનાહ કર્યા છે. ભલે પાછળથી ખુલુસ સાથે તૌબા કરે અને પાછો અલ્લાહ તરફ આવે. (બિહારૂલ અન્વાર, ભા.૭૫, પે.૩૦૭)

⇨ શરીરમાં અગર કોઈ જગ્યા તૂટી જાય અથવા ઝખમ આવે અને ત્યાર પછી તેનો ઈલાજ કરીને ઠીક કરવામાં આવે અને ઠીક થઈ પણ જાય તો પણ પહેલા જેવું ઠીક થતું નથી, કોઈ પ્રકારની ખોટ રહી જાય છે, એ પ્રમાણે આપણે વિચારીએ તો આપણી રૂહ પણ જ્યારે ગુનાહમાં ઘેરાય જાય છે તો તૌબા કરીને એક હદ સુધી ઠીક થાય છે સિવાય કે કોઈ ખાસ અલ્લાહનો લુત્ફો કરમ થઈ જાય. તેથી જ પાછળથી તોબ કરવા કરતા ગુનાહ ન કરવા આસાન છે.

⇨ કાફીમાં બની ઈસરાઈલનો એક

બનાવને બયાન કર્યો છે કે ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે “ બની ઈસરાઈલમાં એક આબીદ હતો જે કોઈ દિવસ ગુનાહ કર્યો ન હતો, આના લીધે ઈબ્લીસ બહુજ પરેશાન હતો, અને હંમેશા એ વિચારતો કે આને કઈ રીતે બહેકાવવામાં આવે, એક વખત પોતાના ચેલાઓને બોલાવીને કહ્યું કે તમારામાં કોણ છે જે આ આબીદને બહેકાવે?

⇨ તેમાંથી એક ચેલાએ કહ્યું કે હું તેને બહેકાવી શકું છું, પૂછ્યું કે કયા રસ્તાથી? નામહેરમ સ્ત્રીઓ વડે, શહેવત વડે. ઈબ્લીસ કહે છે કે તું નહી બહેકાવી શકીશ, કેમ કે તે શહેવતની લઝ્ઝત માણી જ નથી તો તારા કબઝામાં નહી આવે. બીજાએ કહ્યું કે હું તેને દારૂ અને તેની લઝ્ઝતોથી બહેકાવીશ, ઈબ્લીસે કહ્યું એનાથી પણ નહી બહેકાશે કેમ કે તેને દારૂની લઝ્ઝત

શું છે તે ખબર જ નથી.

⇨ ત્રીજો શૈતાન ઉભો થઈને કહે છે કે સરદાર હું આબીદને બહેકાવીશ, તું કયા રસ્તાથી બહેકાવીશ? હું તેને ઈબાદતના રસ્તાથી બહેકાવીશ, ઈબ્લીસ કહ્યું હા, તું બહેકાવી શકે છે, જા અને મારૂ કામ કરી આવ, શૈતાન આબીદ પાસે જઈને મુસલ્લો બિછાવે છે અને રાત દિવસ ઈબાદત કરે છે, ખાવા-પીવા માટે પણ રોકાતો નથી, જયારે આબીદની નજર તેના ઉપર પડે છે તો તે ઈબાદતમાં મશગુલ જ હોય છે, આબીદ પૂછે છે કે ભાઈ તારી ઈબાદત તો મારાથી પણ વધારે છે, એક બે વખત બોલાવે છે, પરંતુ શૈતાન તેના તરફ ધ્યાન જ નથી આપતો ફરીવાર બોલાવે છે તો શૈતાન કહે છે બોલ શું કામ છે?

⇨ આબીદ કહે છે કે તારી ઈબાદત તો

મારાથી પણ વધારે છે બતાવ એવું શું કર્યુ કે તું આટલી બધી ઈબાદત કરે છે?

⇨ શૈતાન : જ્યારથી હુંએ ગુનાહ કર્યો ત્યારપછી મને જ્યારે જ્યારે ગુનાહ યાદ આવે છે વધારે ઈબાદત કરવાની તાકત મળે છે.

⇨ આબીદ : જો એવુંજ હોય તો મને બતાવ જેથી હું પણ એ ગુનાહ કરૂં અને મને પણ ઈબાદત વધારે કરવામાં તાકત મળે.

⇨ શૈતાન : શહેરમાં ફલાણી જગ્યા એક ખરાબ સ્ત્રી છે ૨ દિરહમ તેને આપ અને ખરાબ કામ કરી લે.

⇨ આબીદ : મારા પાસે તો ૨ દિરહમ પણ નથી અને દિરહમ એટલે શું એ પણ ખબર નથી,

⇨ શૈતાન તેને ૨ દિરહમ આપે છે.

⇨ આબીદ ઈબાદતના લિબાસ પહેરીને

તે એડ્રેસ પૂછતો પૂછતો જાય છે લોકો સમજે છે કે સ્ત્રીને નસીહત કરવા આબીદ જઈ રહ્યો છે અને લોકો તેને રસ્તો બતાવે છે, જયારે આબીદ તે જગ્યા ઉપર પહોંચ્યો તો ૨ દિરહમ તે ખરાબ સ્ત્રીના સામે ફેંકે છે અને કહે છે કે તૈયાર થઈ જા, અને રૂમમાં ચાલ, તે સ્ત્રી જયારે આ આબીદનો પહેરવેશ અને ચહેરાને જોયો તો કહે છે તારા જેવો પહેરવેશ પહેરીને કોઈ માણસ હજું સુધી મારા પાસે નથી આવ્યો બતાવ બનાવ શું છે? (ઈબાદત ગુજારના લિબાસ પહેરેલ હતો)

⇨ આબીદે બધી વાત કહી સંભળાવી, ત્યારે તે સ્ત્રી કહે છે કે ગુનાહને ન કરવું તૌબા કરવા કરતા આસાન છે, અને જે લોકોને તૌબા કરવું નસીબ થાય જરૂરી નથી કે તેમાં તેને કામ્યાબી મળે. ત્યાર પછી તે સ્ત્રી કહે છે કે તારી વાતોથી એવું

લાગે છે કે જેણે તને આ વાત કરી છે તે શૈતાન હોવો જોઈએ તે આબીદ બનીને આવ્યો છે, જા, પાછો ચાલ્યો જા, હું તારી આ ઈચ્છા પૂરી નહિ કરૂં.

⇨ આબીદ હવે ગફલતથી જાગે છે અને પોતાની ઈબાદતની જગ્યા જાય છે તો ત્યાં તે શૈતાન ન હતો.

⇨ એજ રાત્રે તે ખરાબ સ્ત્રીને મૌત આવે છે અને તેના દરવાજા ઉપર લખાય જાય છે કે આની દફન કફનની તૈયારી કરવામાં આવે આ સ્ત્રી જન્નતી છે. જે લોકોની નજર તેના દરવાજા ઉપર લખાણ તરફ જતી, બધા જ એના કામોના લીધે હેરાન હતા અને કોઈ એ ધ્યાન ન આપ્યું અને ત્રણ દિવસ ઘરમાંજ મય્યત પડ્યું રહ્યું. અલ્લાહ તે ઝમાનાના નબી હ. મુસા અ. ઉપર વહી મોકલી કે જાવ ફલાણી સ્ત્રી ઉપર નમાઝ પઢો અને લોકોને કહો કે

તેઓ પણ નમાઝ પઢવા આવે, હું આ સ્ત્રીને માફ કરી છે અને જન્નત તેના માટે વાજિબ કરી છે, કેમ કે તે ફલાણા મારા બંદા આબીદને ગુનાહથી બચાવી છે. (બિહારૂલ અન્વાર, ભા.૮, પે.૩૮૪)

⇨ આ રિવાયતથી ઘણી વસ્તુઓ જાણવા મળે છે કે જો માણસ ઈબાદત ગુઝાર હોય તો સાથે એટલી સમજ શક્તિ પણ હોવી જરૂરી છે કે તે સારા અને ખરાબને પારખી શકે, ખરાબ સ્ત્રી પાસે સારા ખરાબને પારખવાની સુજબુજ હતી તેથી આબીદને ગુનાહથી બચાવી અને અલ્લાહ પણ તે નેકીના બદલામાં તે સ્ત્રીને માફ કરી.

⇨ યાદ રાખવું જોઈએ કે તૌબા પછી કરી લેશુંની નાદાનીથી ગુનાહ ન કરવા જોઈએ. જો ગુનાહ કર્યા તો તેની ખરાબ અસર આપણી દુનિયા અને આખેરતમાં પડે છે.

# હિકમત ૧૭૧
# જમવાની લાલચ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે ક્યારેક એવું પણ બને છે કે એક લુકમો ઘણા ઘણાબધા લુકમાઓને રોકી લે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ મુબારક કલામમાં લોકોની હાલતને બયાન ફરમાવે છે કે અમુક લોકો એટલું જમી લે છે કે પછી તેનું જમવાનું જ બંધ થઈ જાય યા ઓછું થઈ જાય છે. કેમ કે તેના પછી એવી બીમારી લાગી જાય કે ડોક્ટર તે વસ્તું ખાવાની મનાઈ કરે છે અને પછી જમવાનો સમય જ નથી આવતો. કોઈ પણ વસ્તુ, હદથી વધારે નુકસાનકારક હોય છે ભલે પછી તે જમવામાં હોય કે પછી બીજી વસ્તુઓમાં, દરેક વસ્તુમાં મધ્યમ રસ્તો સૌથી સારો હોય છે.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમત માં અરબની એક કહેવત બયાન કરે છે અને આ ત્યારે બોલાય છે જયારે કોઈ એકદમ ઈફરાંત કરે એટલે કે હદથી વધી જાય. જેમ કે બે દોસ્તમાં બહુજ વધારે દોસ્તી હોય અને પછી છુટા પડી જાય કે એક બીજાથી વાતોના વ્યહવાર પણ ન રહે. અથવા કોઈ ઈબાદત હદથી વધારે ઈબાદત કરે અને અમુક દિવસ પછી કંટાળી જાય અને બિલકુલ ઈબાદત ને તર્ક કરે. એટલે હદથી વધારે કોઈ પણ વસ્તું માણસને નુકસાન પહોંચાડે છે.

⇨ આ હિકમતના જેમ ઈમામ (અ.સ.)નો એક કલામ છે કે થોડાક સમયની શહેવત (વાસના) લાંબા સમય માટે ગમ અને પરેશાનીનું કારણ બને છે. (કાફી, ભા.૨, પે.૪૫૧)

⇨ આ કલામમાં પણ થોડાક સમયનો

ગુનાહના લીધે માણસ લાંબી મુદ્દત સુધી દોઝખની સજાનો હકદાર બને છે, ગુનાહનો સમય બહુજ ઓછો પરંતુ સજાની મુદ્દત હંમેશા માટે અથવા બહુજ લાંબા સમય સુધી રહે છે.

⇨ આ કલામથી જાણવા મળે છે કે માણસને એવું કામ ન કરવું જોઈએ કે થોડા સમયની લઝ્ઝત હંમેશા માટે માણસને તે વસ્તુંથી દૂર કરી નાખે.

અનુક્રમણિકા

# હિકમત ૧૭૨
## નાદાનીનું નુકસાન

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: લોકો જે વસ્તુને નથી જાણતા તેના દુશ્મન બની જાય છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં સમજાવે છે કે જેઓ કોઈના દુશ્મન બને છે તેનું મૂળ કારણ પોતામાં રહેલી જે જેહાલત છે જેના લીધે દુશ્મન બની જાય છે, પોતે જ્યારે નથી જાણતો ત્યારે તે વસ્તુનો વિરોધ કરવા લાગે છે અને દુશ્મન બની જાય છે.

⇨ બીજી વસ્તું ઈન્સાન અજાણતા ઉતાવળો ફેસલો કરવાના લીધે દુશ્મન બને છે કેમ કે જે વસ્તું ન સમજાય તેના વિરૂધ્ધ જલ્દીથી ફેસલો કરીને તેનો દુશ્મન બની જાય છે.

⇨ તે સિવાય જોઈએ કે જેહાલત નાદાની

અંધારાના જેમ છે જેમાં માણસ દરેક વસ્તુને શકની નજરે જોવે છે અને તેને દુશ્મન સમજી લે છે.

⇨ ઘણી જગ્યા આપસમાં દુશ્મનીનું કારણ અણસમજ તેમજ સાચી વાતને ન જાણવું છે. સગપણ સાચવવામાં હોય કે પછી દોસ્તી સાચવવામાં, દુશ્મની પૈદા થવાનું કારણ સહીહ રીતે વાતને ન સમજવું છે, જ્યારે આવો સમય આવે ત્યારે બીજાઓની વાતો ઉપર ભરોસો કરવા કરતા આપસમાં બેસીને વાતને સમજી લેવી જોઈએ.

⇨ આ વાત કુરાને મજીદ પ્રમાણે છે જેમાં અલ્લાહ ફરમાવે છે "તેઓ જેને જુઠલાવ્યા તેના વિશે અજાણ હતા." (સુરે યુનુસ, આ.૩૯) એટલે જ્યારે જાહીલ હતા તેના કારણે જુઠલાવ્યા.

⇨ ઈમામ અલી (અ.સ.) એક હદીસમાં

ફરમાવે છે કે જે વસ્તુને ન જાણતા હોવ તેનાથી દુશ્મની ન કરો કેમ કે ઘણી વસ્તુઓ એવી છે જેને તમે નથી જાણતા. (ગોરરૂલ હેકમ, પે.૪૬)

⇨ કુરાનમાં જ.મુસા અને જ.ખીઝરના બનાવમાં સમજાવ્યું છે કે કેવી રીતે જ.મુસા જ.ખીઝરના કામોમાં ન જાણવાના લીધે વાંધો ઉઠાવે છે, જ. ખીઝર એક હોડીમાં કાણું પાડે છે, તો જ.મુસા વિરોધ કરવા લાગે છે. એક જવાનને કતલ કરે છે, એક પડતી દીવારને સરખી કરે છે. જ. મુસા વિરોધ કરે છે પરંતુ જ્યારે જ.ખીઝર વાતનો ખુલાસો કરે છે તો માની લે છે.

⇨ ટૂંકમાં એમ સમજીએ કે જે વસ્તું વિશે ન જાણતા હોય તેના વિશે વિરોધ કરવાનાં બદલે પહેલા સરખી રીતે તેના વિશે માહિતી લઈ લેવી જોઈએ, જેથી ઉતાવળો ફેસલો કરીને પસ્તાવવું ન પડે.

# હિકમત ૧૭૩
# મશવેરો કરવો

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ જે બીજાઓના મશવેરાને આવકારે છે તે ભૂલ થવાની જગ્યાઓને ઓળખી લે છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામ માં મશવેરાની અહેમિયત બતાવે છે. તે સિવાય પણ જગ્યાએ જગ્યાએ ઈમામ અલી (અ.સ.) નહેજુલ બલાગાહમાં મશવેરા વિશે બયાન ફરમાવ્યું છે તેમાંથી એક જગ્યાએ જ્યારે જ.માલિકે અશ્તરને મિસરનો ગવર્નર બનાવે છે ત્યારે પણ ઈમામે મશવેરા વિશે નસીહત બયાન ફરમાવી છે.

⇨ કુરાને મજીદ સુરે શુરા, આયત ૩૮માં આપસમાં મશવેરા કરવાનો હુકમ આપ્યો છે.

⇨ જ.રસૂલેખુદા (સ.અ.વ.) સંપૂર્ણ અક્કલ રાખવા છતાં લોકોથી મશવેરો કરતા.

⇨ મશવેરાનો મોટો ફાયદો એ છે કે જે પોતાને ન દેખાતું હોય તે બીજાના મશવેરાથી ખબર પડી જાય છે, જેના કારણે મોટી ભૂલો કરવાથી બચી જાય છે.

⇨ ગોરરૂલ હેકમ કિતાબમાં ઈમામ અલી (અ.સ.)ની હદીસ છે કે દરેક અક્કલમંદ માટે જરૂરી છે કે બીજા હોંશિયાર માણસોથી મશવેરો લઈને પોતાના ઈલ્મમાં વધારો કરે. અને હોંશિયારોના ઈલ્મથી પોતાના ઈલ્મમાં વધારો કરે. (ગોરરૂલ હેકમ, પેજ.૫૫, હદીસ નં.૪૯૬)

⇨ ચોક્કસ બીજાઓના પાસેથી અભિપ્રાયયા મશવેરો લેવાથી ઈલ્મમાં વધારો થાય છે જેના કારણે ઘણી એવી

વસ્તુઓ જાણવા મળે છે જે અજાણ હતા.

⇨ મશવેરો સારા અને જાણકાર માણસ પાસેથી લેવામાં આવે.

⇨ જે લોકોથી સલાહ મશવેરો કરીને તેના ઉપર વિચાર કરે તો તેનાથી ઓછી ભૂલો થાય છે.

# હિકમત ૧૭૪
# દુશ્મન ઉપર કામ્યાબીનો રસ્તો

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ જે માણસ અલ્લાહ ખાતર પોતાના ગઝબને વધારે તે બાતિલના બહાદુરોને કતલ કરવા ઉપર શક્તિ રાખે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ હિકમતમાં દુશ્મન ઉપર કામ્યાબીનો રાઝ બયાન ફરમાવે છે, દુશ્મન સામે લડવા માટે બે વસ્તુ હશે તો ચોક્કસ કામ્યાબી મળશે,

૧– સરખી તૈયારી

૨– ખુલુસે નિય્યત અને અલ્લાહ ઉપર ભરોસો

⇨ અલ્લાહ ખાતર ગઝબનો મતલબ છે કે દુશ્મનના મુકાબલામાં દરેક રીતે તૈયારી કરતા રહેવું, પાકો ઈરાદો રાખવો તેમાં





www.hajinaji.com

કોઈ પ્રકારની કમી ન આવે. કોઈના કહેવાથી નહિ, બલ્કે અલ્લાહની મરજી સાથે હોવી જોઈએ.

⇨ આ વસ્તુને કુરાન આ રીતે બયાન ફરમાવે છે કે "દુશ્મનના મુકાબલા માટે તમારાથી જે કઈ થઈ શકે તે તાકતને તૈયાર કરો." (સુ. અનફાલ, આ. ૬૦)

⇨ બીજી જગ્યા ઉપર ખુદા ફરમાવે છે "ક્યારે પણ સુસ્તી ન કરો, પરેશાન ન થાવ, તમે મહાન છો જો તમે મોમીન હોવ તો." (સુ. આલે ઈમરાન, આ.૩૦)

⇨ જો ઈમાનની દૌલત હોય તો તેનાથી મહાન કોઈ વસ્તું નથી,

⇨ ગઝબ અને ગુસ્સો ખરાબ વસ્તું છે કેમ કે માણસ ગુસ્સાની હાલતમાં હકથી દૂર થઈ જાય છે, અને હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે "ગુસ્સો તમામ બુરાઈની ચાવી છે" પરંતુ

જો અલ્લાહ ખાતર ગુસ્સો હોય તો તે વ્યાજબી કહેવાય. જેમ કે સમાજમાં ખરાબીઓને દૂર કરવા, કોઈ કમજોરનો હક અપાવવા, ગફલતને દૂર કરવા, ફિત્ના ફસાદને દૂર કરવા... આવી જગ્યાએ ગુસ્સો કરવો જરૂરી બની જાય છે.

⇨ જે રીતે જ.મુસા પોતાની કૌમ ઉપર ગુસ્સો કર્યો.

⇨ ઈમામ અલી (અ.સ.) માલે ગનીમતની વહેંચણી કરવામાં ઘણા સખત હતા, જે અમુક જંગજુઓને ન ગમ્યું અને નબી (સ.અ.વ.) પાસે આવીને શિકાયત કરી, નબી (સ.અ.વ.) લોકોને ભેગા કરવાનો હુકમ આપ્યો અને અવાજ બુલંદ કરવામાં આવી કે 'અય લોકો અલી (અ.સ.) વિશે શિકાયત ન કરો, કેમ કે તેઓ અલ્લાહના કામમાં સખત છે દીનના કામમાં નહિ ચલાવી લે.' જયારે નબી

(સ.અ.વ.)ની આ વાતને સાંભળી તો લોકો ખામોશ થઈ ગયા, અને સમજી ગયા કે અલી (અ.સ.)નું આ કામ અલ્લાહ ખાતર છે. (બિહારૂલ અન્વાર, ભા.૨૧, પે.૩૮૫)

⇨ મશહૂર હદીસમાં છે કે નબી (સ.અ.વ.) એક વખત લોકોથી પૂછ્યું કે કયું ઈમાન સારૂ છે?

⇨ લોકોએ કહ્યું અલ્લાહ તઆલા અને તેના રસુલ (સ.અ.વ.) બહેતર જાણે છે, તેમાંથી અમુકે કહ્યું નમાઝ, ઝકાત, રોઝા, હજ અને ઉમરા તેમજ અમુકે જેહાદ કહ્યું.

⇨ પ્યારા નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે તમે જે બોલ્યા તે બધું ફઝીલતમાં આવે છે પરંતુ મારો જે મકસદ હતો તે પૂરો નથી થયો, પછી ફરમાવ્યું કે મજબૂત ઈમાન એ છે કે જેમાં અલ્લાહ ખાતર દોસ્તી અને અલ્લાહ ખાતર દુશ્મની

રાખવામાં આવે. (કાફી, ભા.૨, પે.૧૨૫)

⇨ બિહારૂલ અન્વારની એક રિવાયતમાં છે કે અલ્લાહે જ.મુસા (અ.સ.)થી પૂછ્યું કે તમે મારા માટે કયું કામ કર્યુ?

⇨ જ.મુસા (અ.સ.) જવાબ આપ્યો અય અલ્લાહ નમાઝ પઢી, રોઝા રાખ્યા, સદકો આપ્યો, તારો ઝિક્ર કર્યો, અલ્લાહે ફરમાવ્યું કે અય મુસા! નમાઝ તો તારા ઈમાનની નિશાની છે, રોઝા તો જહન્નમની આગ સામે ઢાલ છે, સદકા અને ઈન્ફાક તો મહેશરમાં છાંયડો હશે, ઝિક્રે ખુદા તો નૂર હશે, મને એ બતાવો કે મારા માટે કયું કામ કર્યું છે? જ.મુસા (અ.સ.)એ ફરમાવ્યું તું જ મને બતાવ કે એ કયું કામ છે?

⇨ અલ્લાહે ફરમાવ્યુંઃ કે શું તમે કોઈની સાથે મારા ખાતર દોસ્તી કે દુશ્મની કરી છે ? અહીંયા જ.મુસા (અ.સ.)ને ખબર

પડી કે બહેતરીન અમલ અલ્લાહ માટે કોઈ સાથે દોસ્તી અને અલ્લાહ ખાતર કોઈ સાથે દુશ્મની કરવી છે. (બિહારૂલ અન્વાર, ભા.૬૬, પે.૩૫૨)

⇨ જો મોમીનોના અમલ ફક્ત અને ફક્ત અલ્લાહ માટે હોય તો અલ્લાહની મદદ તેના સાથે હોય છે. ભલે પછી જંગે બદર હોય કે જયા ઓછા હતા છતાં વધારે ઉપર ફાવી ગયા, યા લેબનાનમાં હિઝબુલ્લાહ જેઓ ઓછા હોવા છતાં ઈઝરાયેલ અને અમેરિકા સામે જંગ જીતી ગયા.

⇨ જો ઈમાન હોય તો કોઈ ન હરાવી શકે છે કે ન ડરાવી શકે છે.

# હિકમત ૧૭૫
# ડરનો ઈલાજ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: જયારે કોઈ વસ્તુથી વધારે ડર લાગે તો તેમાં કૂદી જાવ, કેમ કે ડરથી બચવાની તકલીફ ડર કરતા વધારે છે.

⇨ ઈમામ (અ.સ.) જે લોકો ડરપોક છે તેમના દિલમાંથી ડર કાઢવાનો ઈલાજ દેખાડે છે. અને આ જોવામાં આવ્યું છે કે માણસ કોઈ વસ્તુનો ડર, પરેશાની અને તકલીફનું વિચારીને બેચેન થતો હોય છે અને જ્યારે તેમાં કુદે છે ત્યાં એમ લાગે છે કે જેને હું ડર સમજતો હતો તેમાં તો ડરવા જેવું કઈ નથી, જેમ કે ખરાબ અખ્લાક યા ખોટી આદતોને છોડવી હોય તો એમ લાગશે કે મારાથી આ આદત છોડવી મુશ્કિલ છે, પરંતુ જ્યારે છોડવાની કોશિશ

કરે તો એમ લાગે છે કે આ કામ તો આસાન હતું અને આ કામ તો મારે પહેલા કરવા જેવું હતું, આ તો એક ઉદાહરણ હતું, પરંતુ આપણી જિંદગીમાં આવો સમય જગ્યાએ જગ્યાએ આવતો હોય છે. એજ પ્રમાણે કોઈ બીમારીમાં ઓપરેશન કરવું વગેરે ભારે અને મોટું લાગતું હોય, પરંતુ જયારે ઓપરેશન થઈ જાય તો આસાની લાગે છે, બાળકો ભણવા માટે કોઈ વિષય અઘરો લાગતો હોય, પરંતુ જ્યારે તેને સમજવા બેસે તો આસાન લાગે છે.

⇨ શેખ સાઅદી ગુલીસ્તાન કિતાબમાં એક ખુબસુરત વાર્તા લખે છે, એક વખત રાજા પોતાના ગુલામ સાથે હોડીમાં મુસાફરી માટે નીકળ્યો, રસ્તામાં જ્યારે પાણી વધારે દેખાયું તો તે ગુલામ ડરના લીધે રાડો પાડવા લાગ્યો, લોકો

સમજાવતા રહ્યા પરંતુ તેનો અવાજ બંધ ન થતો,તે ગુલામ પહેલી વખત બેઠો હતો તેથી તેને ડર લાગતો હતો. રાજા અને બીજા લોકો પણ કંટાળી ગયા હતા, લોકોમાં એક હોંશિયાર માણસ હતો તે રાજા પાસેથી રજા લીધી કે હું આનો ઈલાજ કરૂં જો તમને કઈ વાંધો ન હોય તો રાજા ગુલામના કકળાટ થી કંટાળી ગયો હતો તેથી ખુશી ખુશી રજા આપી, તે હોંશિયાર માણસ બીજાઓના મદદથી તે ગુલામને વહેતા પાણીમાં પગ પકડીને ઉંધો લટકાવી દીધો, ક્યારેક આગળ તો ક્યારેક પાછળ એમ ફેરવતો રહ્યો, ગુલામ વધારે જોર જોરથી રાડો નાખવા લાગ્યો કે બચાવો બચાવો, અમુક સમય પછી જ્યારે તેને પાણીમાંથી કાઢ્યો તો તે ગુલામ ચૂપ ચાપ શાંતિથી ખૂણામાં બેસી ગયો. રાજા અજબ થઈને પૂછ્યું કે આમાં





www.hajinaji.com

શું રાજ છુપાયું છે કે તે ચૂપ થઈ ગયો. હોંશિયાર માણસે કહ્યું કે આ ગુલામ પાણીમાં ડૂબવાના પ્રસંગને કોઈ દિવસ એહસાસ કર્યો ન હતો તેના દિલમાં મોટો ડર હતો, બીજી વસ્તું કે તેને હોડીની સલામતીની કદર ન હતી. સલામતીની તેને કદર હોય છે જે મુસીબતમાં રહ્યો હોય. જ્યારે આ દરિયાની મુસીબત અંદર પડીને એહસાસ કર્યો તો તેને લાગ્યું કે ખરેખર હોડીમાં સલામતી જ સલામતી છે.

⇨ આપણી જિંદગીમાં પણ કંઈક એવુજ બનતું હોય છે કે ફક્ત દૂરથી જાણ્યું હોય, પરંતુ એહસાસ ન થયો હોય તો ફક્ત ડરતા હોય છે જેના લીધે મોટા મોટા કામોમાં રૂકાવટ આવે છે, અને કામ્યાબ નથી થતો.

⇨ ઉપરના બયાનનો મતલબ બિલકુલ એ નથી કે માલુમાત હાંસિલ કર્યા વગર

પોતાને ખતરામાં નાખે, બલ્કે નાના નાના ડર જે તરક્કી હાંસિલ કરવામાં રૂકાવટ બને છે તેને પોતાના અંદરથી આ મુજબ દૂર કરી શકાય જેથી આગળ વધી શકાય.

# હિકમત ૧૭૬
## સરદારની સિફત

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ હુકુમત ચલાવવા માટે મોટું (વિશાળ) દિલ હોવું જરૂરી છે.

⇨ જે કોઈ હુકુમત મેળવવાં ચાહે તે પછી માદ્દી હોય કે રૂહાની, તેના સામે ઘણા પડકાર હોય છે, સૌથી પહેલા તેના નજીકનાં આજુ બાજુના લોકો વિરોધ કરવા લાગે છે, બીજી તરફ લોકોની વધારે પડતી આશાઓના લીધે વિરોધનો સામનો કરવો પડે છે, તે સિવાય પણ અચાનક આવનારી મુસીબતો તે પોતાના સલાહ મશવેરા આપનારાના લીધે હોય કે તેમની ખયાનત (ઘોટાળા) ના લીધે હોય, બધાય માટે હાકીમને બહાદુરી સાથે મોટું દિલ રાખવું પડે છે.

⇨ મોટું ઉદાહરણ નબી (સ.અ.વ.)ની જિંદગી છે, જ્યારે મક્કાને ફતહ કર્યું ત્યારે જેઓ નબી (સ.અ.વ.)ને તકલીફો આપવામાં એક તક પણ છોડી ન હતી અને દરેક રીતે તકલીફો આપી હતી, તે અલ્લાહ તરફથી મહાન નબી (સ.અ.વ.) મક્કામાં વિજય થયા તો સહાબા કહેવા લાગ્યા કે હવે તો જૂનો પુરે પૂરો બદલો લેશું, ત્યારે નબી (સ.અ.વ.) એમ નથી કહેતા કે હાં આપણે બદલો લઈશું, ત્યારે ફરમાવે છે કે આજે તેઓથી બદલો નહીં, બલ્કે દયા કરવાનો સમય છે.

⇨ આને કહેવાય મોટું દિલ રાખવું, અને નબી (સ.અ.વ.) બતાવ્યું કે હુકુમતમાં બદલાની ભાવના ન હોવી જોઈએ, બલ્કે હુકુમત ચલાવવા માટે માફીની સિફત હોવી જોઈએ, અને પ્યારા નબી (સ.અ.વ.) માફી આપવાનું એલાન ફરમાવે છે.

➪ બાર ઈમામો (અ.મુ.સ.) પણ નબી (સ.અ.વ.)ના રસ્તા ઉપર મુકમ્મલ ચાલી ને બતાવ્યું કે મોટું દિલ રાખીને લોકોની મોહબ્બત હાંસિલ કરી શકાય છે.

➪ ઈમામ અલી (અ.સ.) પોતાના કાતિલ સાથે પણ જે મોહબ્બત ભર્યો વર્તાવ કર્યો છે તે બધાય જાણે છે.

➪ અલ્લામા મજલીસી બિહારૂલ અન્વારમાં ઈમામ અલી (અ.સ.)ની ખવારીજ સાથે વાતચીતમાં લખે છે કે એક વખત મસ્જિદમાં એક ખારજી દાખલ થાય છે જોવે છે કે ઈમામ અલી (અ.સ.) પોતાના સાથીઓ સાથે બેઠા છે, તે નારો બુલંદ કરીને કહે છે કે ''હુકમ ફક્ત ખુદા માટે છે ભલે મુશરીકને ખરાબ જ કેમ ન લાગે, (તેના કહેવાનો મકસદ એ હતો કે તમે લોકોના ફેંસલાને કબૂલ કર્યો છે એટલે તમે શિર્કના રસ્તાને અપનાવ્યો છે)''





www.hajinaji.com

લોકોએ જયારે તેના તરફ જોયું તો ફરીથી એજ રીતે બુલંદ અવાજથી કીધું, ઈમામ અલી (અ.સ.) તેના તરફ જોયું તો ત્રીજી વખત પણ એજ રીતે અવાજ બુલંદ કરી, હવે ઈમામ અલી (અ.સ.) તેના તરફ નજર કરી ને જવાબ આપ્યો કે ‘‘અલીને હુકમ ફક્ત ખુદા માટે જ હોય તેમાં કોઈ વાંધો નથી.’’ પછી ફરમાવ્યું: ‘‘હું તારા વિશે અલ્લાહના હુકમની વાટ જોવું છું.’’ (બિહારૂલ અન્વાર, ભા.૩૩, પે.૩૪૪)

⇨ ઉપરના બંને બનાવથી એક ખાસ વસ્તુ જાણવા મળે છે કે મોટું દિલ રાખવું એટલે સહીહ જગ્યા ઉપર નરમી અને સખતી બંને હોવી જોઈએ જેથી સામેવાળાની ઈસ્લાહ થઈ શકે, મોટું દિલ રાખવાનો અર્થ એ ન હોવો જોઈએ કે સામે વાળાને ભૂલો કરવાની વધારે હિમ્મત મળે.

# હિકમત ૧૭૭

## બુરાઈને દૂર કરવાની રીત

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: ખરાબ માણસને ઠપકો નેક લોકોને સારો બદલો આપીને આપો. (જેથી બુરાઈથી રોકાય જાય)

⇨ ઈમામ અલી (અ.સ.) ખરાબીને રોકવાનો રસ્તો દેખાડે છે.

⇨ બુરાઈને રોકવાના ઘણા રસ્તા છે તેમાંથી ત્રણ રીત આપણી સામે બયાન કરૂં છું.

૧) હદ જારી કરવામાં આવે (શરીયતના કાનૂનો મુજબ નક્કી થયેલ સજા આપવી) કુરાને મજીદમાં અને હદીસોની કિતાબોમાં વિસ્તારથી બયાન કરવામાં આવેલ છે કત્લની સજા, ચોરના હાથ કાપવાની સજા, તોહમત, ઝીના વગેરે...

અનુક્રમણિકા

૨) ખરાબ માણસની ખરાબીને દૂર કરવાની બીજી રીત છે કે તેના સાથે નેકી કરવામાં આવે જેથી તે શરમમાં અને શરમમાં બુરાઈને છોડી દે, આ વસ્તું તરફ કુરાને મજીદમાં છે કે "ખરાબીને નેકીથી દૂર કરો તમે જોશો કે તમારા અને તેના વચમાં જે દુશ્મની હતી તે મજબૂત દોસ્તીમાં બદલી જશે." (સુ. ફુસ્સેલત, આ.૩૪)

૩) ખરાબ લોકોની ખરાબી દૂર કરવાની ત્રીજી રીત જે ઈમામ (અ.સ.) આ હિકમતમાં બયાન ફરમાવી છે, નેક લોકોની ઈઝ્ઝત કરો, તેમના નેકીના વખાણ કરો, તેમની નેકીનો સારો બદલો આપો. આ રીત મુજબ દુનિયામાં અમલ થાય છે જેમકે ઈલ્મમાં આગળ આવનારને, સારી કિતાબ લખી હોય, વિદ્યાર્થી હોય તો સારા માર્કસ મેળવેલ

હોય યા બીજી કોઈ રીતે સારી કારકરદગી કરી હોય તો તેમને સારૂં ઈનામ વગેરે આપવામાં આવે છે, અથવા સમાચારમાં નામ આપીને તેમના નામને રોશન કરવામાં આવે છે, યા કોઈ મેડલ વગેરેથી સન્માન કરવામાં આવે છે. આ કરવાથી જે લોકો પાછળ રહી ગયા હોય, અથવા કોઈ પણ છેત્રમાં જે લોકોને સારા કામ કરવામાં આળસ થતી હોય તો તેઓ સારૂ ઈનામ જોઈને પોતાની આળસને દૂર કરે, તેમજ મહેનત કરીને પોતાને આગળ લાવે.

⇨ એક વિચારવા અને અમલ કરવા જેવી વાત છે કે ઉપર બયાન કરેલ વસ્તુઓ વિશે આજના ઝમાનામાં લોકો સારા સારા ઈનામ આપે છે, પરંતુ સારા અખ્લાક, સારા ઈમાનદાર માણસની હિમ્મત વધારવા માટે, અને ખરાબ લોકોની

ખરાબીને દૂર કરવા બદલ કોઈ પણ જગ્યાએ ન તો ઈનામ આપવામાં આવે છે કે ન તો તેમની નેકીની કદર કરવામાં આવે છે, અમુક જગ્યાએ તો નેક અને સારા માણસને બેઈઝ્ઝત સમજવામાં આવે છે જે ઘણી અફસોસની વાત કહેવાય, જો મુત્તકી અને પરહેઝગાર જવાન, બુઝુર્ગ કે ભાઈ બહેનોની કિંમત કરવામાં આવે તો બાકીના જે લોકો ખરાબ અને ખોટા રસ્તા તરફ જઈ રહ્યા છે તેઓને ખરાબ રસ્તાથી બચાવી શકાય છે.

અનુક્રમણિકા



www.hajinaji.com

# હિકમત ૧૭૮
# દિલની સફાઈ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: બીજાના દિલમાંથી કિન્નો અને બુરાઈના મૂળને કાઢવા માટે પહેલા પોતાના દિલમાંથી તેને નીકાળી દો.

⇨ ઈમામ અલી (અ.સ.) આ હિકમતમાં એકબીજા પ્રત્યે ખરાબ નિય્યત, ખરાબ વિચાર, હસદ, દુશ્મની વગેરેને કાઢવાનો રસ્તો બતાવે છે કે જો તમે કોઈથી દિલમાં કિન્નો, દુશ્મની, હસદ... રાખશો તો તે પણ તમારા માટે એ મુજબ જ રાખશે, પોતાના દિલથી બુરાઈને દૂર કરીને સામેવાળાના દિલથી બુરાઈને ખતમ કરો, કેમ કે દિલ દિલનો અરીસો છે, જો તમારા દિલમાં બુરાઈનો કાટ નહી હોય તો તેના દિલથી પણ બુરાઈ ખતમ થઈ જશે,

એટલે પહેલા પોતે નેકી ઉપર અમલ અને બુરાઈને દૂર કરો.

⇨ જો તમારે જોવું હોય કે સામેવાળો તમારાથી કેટલી મોહબ્બત રાખે છે તો પહેલા પોતાના દિલમાં જોવો કે તેના પ્રત્યે કેટલી મોહબ્બત છે?

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) પાસે એક માણસ આવે છે અને કહે છે કે મારો દોસ્ત મને કહે છે કે હું તારાથી મોહબ્બત કરૂં છું તો કેવી રીતે ઓળખવું કે તે સાચું બોલે છે કે ખોટું? ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે પહેલા પોતાના દિલને પૂછ અને જો તું એનાથી મોહબ્બત કરે છે તો તે પણ તારાથી થી મોહબ્બત કરે છે. (ઉસૂલે કાફી, ભા.૨, પે.૬૫૨)

⇨ ઈમામ સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે જો તમારે જોવું હોય કે અલ્લાહના નજીક તેનો શું મરતબો છે તો

તે જોવે કે અલ્લાહનો મરતબો પોતાના નજીક કેટલો છે, કેમ કે અલ્લાહ તેના બંદાનો મરતબો એજ મુજબ રાખે છે કે જેટલો અલ્લાહનો મરતબો બંદો પોતાના દિલો જાનમાં રાખે છે. (બિહારૂલ અનવાર, ભા.૭૧, પે.૧૫૬)

⇨ આઠમાં ઈમામ અલી ઈબ્ને મુસા (અ.સ.)ને એક ચાહવા વાળાએ (ઈબ્ને હજમ) પૂછ્યું કે મૌલા મારી જાન કુરબાન થાય હું જાણવા ચાહું છું કે તમારા સામે મારો શું મરતબો છે? ઈમામ (અ.સ.) ફરમાવ્યું કે તું તારામાં નજર કર કે મારો મરતબો તારી નજીક કેમ છે. (મીઝાનુલ હિકમત, ૩૧૪૯)

⇨ અહીંયા એ વધારી દઉં કે તમામ મોમીનો અલ્લાહ તઆલા, રસુલ (સ.અ.વ.) અને અહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બતનો દાવો કરે છે, તો શું અલ્લાહ

તઆલા, રસુલ (સ.અ.વ.) અને અહલેબૈત (અ.મુ.સ.) પણ આપણાથી મહોબ્બત કરે છે? તેનો જવાબ સાવ સહેલો છે અને તે આપણા દિલને પૂછીએ કે કેટલી અને કેવી મોહબ્બત કરીએ છીએ.

# હિકમત ૧૭૯

## જીદ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ જીદ અને હઠધર્મીના લીધે સાચા મતથી દૂર થઈ જવાય છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં જીદ અને હઠધર્મીના નુકસાન તરફ ધ્યાન દોરે છે કે જીદનું મોટું નુકસાન એ છે કે તે સાચા મત સુધી નથી પહોચી શકતો, કેમ કે જીદ્દી માણસ બીજાની વાતને નથી સાંભળતો અને ન બીજા કોઈના સલાહ સૂચનને કબૂલ કરે છે, તેથી તેને ઘણા નુકસાન ઉઠાવવા પડે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે જીદ જેવી ખરાબીથી બચો કેમ કે તેનાથી જંગ, લડાઈ અને ઝઘડા ઉભા થાય છે. (ગોરરૂલ હેકમ, ૧૦૬૫૭)

⇨ જીદના લીધે ઘણા ઘરવાસ તૂટે છે, દોસ્તી ખતમ થઈ જાય છે, આપસમાં દુશ્મની અને એકબીજા પ્રત્યે નફરત અને બદગુમાની પૈદા થાય છે, જાણી લો કે જેટલો બહારનો દુશ્મન નુકસાન નથી પહોંચાડતો તેનાથી વધારે જીદના લીધે નુકસાન પહોંચે છે.

⇨ હદીસોમાં જીદની ઘણી મઝમ્મત કરવામાં આવી છે, નબી (સ.અ.વ.) ફરમાવે છે નેકીના લીધે નેક કામની આદત થાય છે અને ખરાબીના લીધે જીદ અને હઠધર્મી આવે છે. (ગોરરૂલ હેકમ, ૧૦૬૩૭)

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે જીદ્દી માણસ દુનિયા અને આખેરતમાં નુકસાન ઉઠાવે છે. (ગોરરૂલ હેકમ, ૧૦૬૪૦)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે

છે કે મોમીનમાં છ સિફતો નથી હોતી, કમજોરી, કંજૂસાઈ, જીદ, જૂઠ, હસદ અને બીજા ઉપર ઝુલ્મ કરવો. (બિહારૂલ અન્વાર, ભા.૬૯, પે.૨૦૯)

⇨ મરજીદના અમુક કારણો છે.

⇨ પોતાની ઝાતથી વધુ પડતી મોહબ્બત જેના લીધે ઘમંડી બની ગયો હોય, હસદ, કંજૂસાઈ, નાદાની, તાઅસ્સુબ (પક્ષપાત), પોતાની ભૂલને સમજીને પાછું ન ફરવાની હિંમત...

⇨ કુરાને મજીદમાં ઘણા ઉદાહરણ મળે છે જે ખોટી જીદના લીધે હલાક થયા, ફિરઓન શું નોતો જાણતો કે ખુદા મહાન અને બુઝુર્ગ છે, જાણતો હતો, પરંતુ ન માન્યો તેથી હલાક થયો.

⇨ અરબના લોકો નબી (સ.અ.વ.)ને ઓળખતા હતા, પરંતુ પોતાના બાપ દાદાઓ જે ખોટા રસ્તા ઉપર હતા તે

જિદને વળગી રહ્યા અને કૂફ્ફારે કુરૈશ બનીને હલાક થયા.

⇨ સારા કામમાં અડગ રહેવું સારી વસ્તું છે, પરંતુ ખોટા રસ્તા અને ખોટા વિચારો ઉપર જીદ્દી બનીને બાકી રહેવાથી દુનિયા અને આખેરતમાં હલાકત છે.

# હિકમત ૧૮૦

# લાલચ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: લાલચ હંમેશાની ગુલામી છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં ફરમાવે છે કે લાલચ માણસને કામોમાં ગુલામ બનાવી દે છે, લાલચ એટલે બીજાના હાથમાં જે છે તેની વધારે પડતી ઉમ્મીદ રાખવી અને તે મેળવવા માટે હદ દરજ્જા પોતાની હલકાઈ બેઈજ્જતી કરાવી.

⇨ ઈમામ (અ.સ.) લાલચને હંમેશાની ગુલામી કહેલ છે જેનો મતલબ છે કે લાલચી કમઝોર, ડરપોક, જેની કોઈ કિંમત નથી હોતી, જેટલું આકા કહે તે મુજબ જ કરતો હોય છે, પોતાના ઉપર ભરોસો નથી હોતો, બીજાના કહેવા મુજબ જ

ચાલે.

⇨ લાલચના મુકાબલામાં જે સારી સિફ્ત છે તે બીજાઓથી ઉમ્મીદ ન રાખવી, એટલે સંતોષ.

⇨ ઈમામ બાકિર (અ.સ.) ફરમાવે છે કે તે માણસ કેટલો ખરાબ છે જેને તેની લાલચ જગ્યાએ જગ્યાએ ભટકાવે, તે કેટલો ખરાબ માણસ છે જે તે વસ્તુને અપનાવે જે તેને ઝલીલ કરે છે. (કાફી, ભા.૨, પે.૨૩)

– ઈમામે સજ્જાદ (અ.સ.) ફરમાવે છે કે તમામ ખૂબીઓ લોકોથી ઉમ્મીદ ન રાખવામાં છે. (ઉમ્મીદ ફક્ત ખુદાથી રાખે) (કાફી, ભા.૨, પે.૧૪૬)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.)થી કોઈએ પૂછ્યું કે કઈ વસ્તુથી દિલમાં ઈમાન બાકી રહે છે? તો જવાબમાં ફરમાવ્યું કે તકવા. અને કઈ વસ્તુથી માણસના

દિલમાંથી ઈમાન નીકળી જાય છે? ફરમાવ્યું લાલચ. (કાફી, ભા.૨, પે.૩૨૦)

⇨ લાલચથી એટલું મોટું નુકસાન થાય છે કે દિલમાંથી સૌથી મોટી દૌલત ઈમાન પણ ખતમ થઈ જાય છે, અલ્લાહ ઉપરથી ભરોસો ખતમ થઈ જાય છે,

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી એક હદીસ નકલ છે કે લાલચ હોંશિયારો અને આલીમોના દિલમાંથી ઈલ્મ ખતમ કરી દે છે. (મીઝાનુલ હિકમત, ૧૧૧૮૯)

⇨ જાણીતું છે કે જ્યારે કોઈ લાલચી હશે તો તેની વિચારસરણી આઝાદ નહી રહે, બીજાના કહેવા મુજબ વિચારશે અને તેના નતીજામાં તેનું ઈલ્મ અને હિકમત ખતમ થઈ જશે.

⇨ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના સાથીઓમાંથી અબુ અય્યુબ ખાલીદ ઈબ્ને ઝૈદ નબી (સ.અ.વ.)ને અરજ કરી

કે અય અલ્લાહના રસુલ (સ.અ.વ.) મને ટૂંકમાં કંઈક નસીહત કરો જેથી હું તેને યાદ રાખું.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવ્યું, હું તને પાંચ વસ્તુની સિફારીશ કરૂં છું.

૧) લોકો પાસે જે વસ્તું છે તેની ઉમ્મીદ ન રાખો, અને આ સાચી અમીરી (તવંગરી) છે.

૨) લાલચથી બચો કેમ કે તે મોહતાજી અને ફકીરી છે.

૩) નમાઝને એવી રીતે પઢો કે જાણે આ તમારી છેલ્લી નમાઝ છે અને દુનિયાને છોડીને જઈ રહ્યા છો.

૪) એવી વસ્તુઓ કરવાનું ટાળો કે જેના લીધે તમને માફી માંગવી પડે,

૫) જે વસ્તુ પોતાના માટે પસંદ કરો તે બીજા મુસલમાન માટે પણ પસંદ કરો.

(બિહારૂલ અન્વાર, ભા.૭૦, પે.૧૬૮)

⇨ લાલચ બહુજ મોટી બલા છે જેના લીધે માણસ ઝલીલ થઈ જાય છે, જેનાથી આઝાદી ખતમ થઈ જાય છે અને બીજાનો હંમેશા માટે ગુલામ બની જાય છે, લાલચીનું કોઈ દિવસ પેટ નથી ભરાતું.

# હિકમત ૧૮૧
# બેદરકારી

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: બેદરકારીનું ફળ (પરીણામ) પસ્તાવો અને દૂરઅંદેશી (નિશ્ચય)નું ફળ સલામતી છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં કઈ વસ્તુથી પસ્તાવો અને કઈ વસ્તુથી સલામતી મળે છે બયાન ફરમાવ્યું છે.

⇨ હોંશિયાર અને અક્કલમંદ કોઈ પણ નાની એવી બેદરકારીને નાની નથી સમજતો, કેમ કે ક્યારેક એ નાની એવી બેદરકારી મોટી એવી મુશ્કેલીઓ ઉભી કરે છે, આપણે જોયું છે કે શરૂઆતમાં બીમારી નાની હતી, પરંતુ જ્યારે તેના વિશે બેદરકારી કરી તો તે ભયંકરરૂપ ધારણ કરી લે છે, મેદાને જંગમાં નાની એવી બેદરકારીના લીધે જંગ હારી જવાય છે,



www.hajinaji.com

ઈમ્તેહાનમાં નાની એવી ભૂલના લીધે માણસ બીજાઓથી પાછળ રહી જાય છે,

⇨ કુરાને મજીદમાં અલ્લાહે ફરમાવ્યું છે કે તમારા રબ તરફથી તમારા ઉપર જે બહેતરીન કિતાબ નાઝિલ થઈ છે તેના મુજબ ચાલો, એના પહેલા કે તમારા ઉપર અચાનક અઝાબ આવી જાય અને તમને ખબર પણ ન હોય. (સુરે ઝોમર, આ.૫૫)

⇨ બેદરકારીથી માણસ અઝાબે ખુદાનો હકદાર બને છે આ આયતમાં માણસને હંમેશા કુરાન ઉપર ચાલવાનું કહેવામાં આવ્યું છે જેથી ગફલતમાં ન પડ્યો રહે. અને પછી બેદરકારીના લીધે અફસોસ કરવો પડે.

⇨ બેદરકારીના મુકાબલામાં દૂરઅંદેશી આવે છે જેનો અર્થ થાય છે કે માણસ કામોને પ્લાનિંગ સાથે વ્યવસ્થિત કરે, તેમાં

માણસની કામ્યાબી સમાએલી છે,

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કોઈ પણ કામ કરવા પહેલા લાંબો વિચાર કરો જેથી પસ્તાવાથી બચી શકો. (બિહારૂલ અન્વાર, ભા.૬૮, પે.૩૩૮)

⇨ બેદરકારીથી માલ, શરીર, કામકાજ, કુટુંબ, સમાજ તેમજ આખેરતનું નુકસાન થાય છે, હોંશિયાર માણસ એ છે કે જે પોતાના દીન અને દુનિયાના નુકસાનથી બચે.

# હિકમત ૧૮૨

## બોલવું અને ચૂપ રહેવું

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: સારી (હિકમતભરી) વાતો માટે ચૂપ રહેવામાં કોઈ ભલાઈ નથી, જે રીતે નકામી (જેહાલતની) વાતો કરવામાં કોઈ ભલાઈ નથી.

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં ક્યારે ચૂપ રહેવું અને ક્યારે બોલવું તેના વિશે એક જ વાક્યમાં બયાન ફરમાવી દીધું, જો વાત હિકમત અને હોંશિયારીવાળી હોય તો વાત કરો એવી વાત કરવામાં ફઝીલત છે અને ન કરવામાં ખોટ છે જેથી બીજા લોકો સુધી સારી વાતો પહોંચે, અને જો વાત નકામી અને જેહાલતવાળી હોય તો ન કરવામાં ફઝીલત છે અને એવી વાતો કરવામાં ખોટ

છે.

⇨ બોલવા અને ચૂપ રહેવા વિશે ઘણી હદીસો છે.

⇨ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)થી પૂછવામાં આવ્યું કે બોલવું સારૂ કે ચૂપ રહેવું?

⇨ ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે બંને આફતો છે, પરંતુ જો બોલવાથી કોઈ નુકસાન ન થતું હોય તો બોલવું ચૂપ રહેવા કરતા બહેતર છે.

⇨ અય ફરઝંદે રસૂલેખુદા (સ.અ.વ.) કેવી રીતે ?

⇨ ફરમાવ્યું કે અલ્લાહે પયગંબરો અને તેમના વસીઓને ખામોશી સાથે નથી મોકલ્યા, બલ્કે તેઓને મોકલ્યા છે કે તેઓ લોકો સાથે વાતચીત કરે (અલ્લાહનો પયગામ પહોંચાડે) પછી ઈમામ (અ.સ.)એ હદીસ ફરમાવી કે જ્યારે ચૂપ

રહેવાની ફઝીલત બયાન કરશો બોલવા ઉપર તો કોઈ દિવસ બોલવાની ફઝીલતને ચૂપ રહેવા ઉપર બયાન નહી કરી શકો. (બિહારૂલ અન્વાર, ભા.૬૮, પે.૨૭૪)

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) બાપ દાદાઓથી અને ઈમામ અલી (અ.સ.)થી ફરમાવે છે કે તમામ ખૂબીઓ ત્રણ વસ્તુમાં છે નજર, ખામોશી અને બોલવામાં. તે દરેક નજર કે જેમાં ઈબ્રત ન હોય તે નકામી છે, દરેક ખમોશી કે જેમાં વિચાર ન હોય તે ગફલત છે, અને દરેક કલામ કે જેમાં યાદે ખુદા ન હોય તે નકામું છે.

⇨ પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું કે તે લોકો ખુશ નસીબ છે કે જેમનું જોવું ઈબ્રત, જેમના ચૂપ રહેવામાં વિચાર, અને જેમનું બોલવું અલ્લાહની યાદ હોય. (બિહારૂલ અન્વાર, ભા.૬૮, પે.૨૭૫)

⇨ બોલવું અને ચૂપ રહેવું બંનેની પોતાની

યોગ્ય જગ્યાએ ફઝીલત છે જો તેની શરતો મુજબ હોય તો, નહીં તો બોલવું અને ચૂપ રહેવું બંને નુકસાનકારક છે.

⇨ જ્યાં નેકીનો હુકમ આપવાનો હોય યા બુરાઈથી રોકવું હોય, યા જ્યાં ગવાહી આપવી જરૂરી હોય ત્યાં બોલે તો ફઝીલત છે અને ન બોલે તો ગુનાહે કબીરા ગણાશે.

⇨ જો માણસને ક્યાં બોલવું અને ક્યાં ન બોલવું અને શું બોલવું એ આવડી જાય તો તે કામ્યાબ થઈ જાય છે અને કોઈ દિવસ ઝલીલ નથી થતો.

# હિકમત ૧૮૩

## હક અને ગુમરાહી

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ જયારે બે જુદા જુદા રસ્તા તરફ બોલાવવામાં આવે તો તેમાંથી એક જરૂર ગુમરાહીનો રસ્તો હશે.

⇨ ઈમામ (અ.સ.) નુરાની કલામમાં બતાવે છે કે જો એવા બે રસ્તા તરફ બોલાવે જે બંને એક બીજાના વિરૂધ્ધ હોય તો બંને સાચા નથી હોય શકતા, બલ્કે એક સત્ય હશે તો બીજો બાતિલ, બંને હક નથી થઈ શકતા.

⇨ અમુક લોકો ઈમામ અલી (અ.સ.)ના રસ્તાને અને અમુક લોકો તેમના સાથે જેઓ જંગ લડી તેમના રસ્તાને સાચો ગણે છે, એટલે બંને સાચા ગણે છે, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે એક સાચો હશે તો

બીજો બાતિલ, બંને કોઈ દિવસ સાચા નથી થઈ શકતા.

⇨ જયારે અમુક મુસલમાનને ઈમામ અલી (અ.સ.) સામે જંગ લડવાવાળા જમલવાળા, સિફ્ફીન અને નહેરવાળા વિશે પૂછવામાં આવે છે કે આ ત્રણ જંગો જે ઈમામ અલી (અ.સ.)ના વિરૂધ્ધ લડવામાં આવી તેમાંથી કોણ હક રસ્તા ઉપર હતું અને કોણ નાહક? જવાબમાં કહે છે કે બંને ગિરોહ હક ઉપર હતા, આ કેવી રીતે બની શકે? જયારે કે બંને તરફ હજારો અસ્હાબ અને મુસલમાનોનું ખૂન વહ્યું, જો બંને હક ઉપર હોય આ ખૂન ખરાબાનો જવાબદાર કોણ? ત્યારે ખામોશ થઈ જાય છે, આ એવી કડવી સત્યતા છે કે જો બંનેમાંથી કોઈ એકને નાહક અને બાતિલ કહે તો તે દોઝખી બની જશે, અને જો દોઝખી બની જશે

તો સહાબા ખતરામાં આવી જશે.

⇨ જયારે કે સાચું એ છે કે ઈમામ અલી (અ.સ.) હક ઉપર છે અને તેમના વિરૂધ્ધ વાળા બાતિલ રસ્તા ઉપર હતા. અલ્લાહના પ્યારા રસુલ (સ.અ.વ.) ફરમાવ્યું છે કે અલી હક સાથે છે અને હક અલી સાથે, અય અલ્લાહ હકને ત્યાં રાખ જ્યાં અલી હોય.

⇨ જો માણસ સાચી હદીસો અને ઈતિહાસનું વાંચન કરે તો કોઈ દિવસ અલી (અ.સ.)ની મોહબ્બત અને વિલાયતથી મોઢું નથી ફેરવી શકતો.

⇨ દાવો જરૂર કરે છે કે અમે અલી (અ.સ.)ને માનીએ છીએ, પરંતુ હકીકતમાં માનવું એને કહેવાશે કે જે રીતે ગદીરે ખુમમાં પ્યારા નબી (સ.અ.વ.) સવા લાખના મજમામાં એલાન ફરમાવ્યું હતું.

⇨ એટલે નબી (સ.અ.વ.) પછી તરતજ લોકોના આકા, સરદાર અને હાકીમ ઈમામ અલી (અ.સ.) છે, અને ઈમામ અલી (અ.સ.)ને એવી રીતે કબૂલ કરવું જે રીતે પ્યારા નબી (સ.અ.વ.) ફરમાવ્યું છે તો આખેરતમાં સાચી કામ્યાબી તેના સાથે છે અને તેના આમાલ અલ્લાહની બારગાહમાં કબૂલ કરવામાં આવે છે.

# હિકમત ૧૮૪
# યકીન

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: જ્યારથી મને હક દેખાડવામાં આવ્યો છે ત્યારપછી ક્યારેય શક નથી કર્યો.

⇨ દરેક વસ્તુના દરજ્જાની જાણકારી હોવી જોઈએ જેથી તેના સુધી પહોંચી શકાય, ભલે દરજ્જા સુધી પહોંચવાના રસ્તા જુદા જુદા હોય, જે રસ્તાથી શક દૂર થાય અને યકીન પાકું થાય તે રસ્તો સૌથી બહેતરીન છે.

⇨ તાલીમ આપનાર એક સામાન્ય માણસ હોય શકે, અને ક્યારેક ઈમામે માઅસૂમ (અ.મુ.સ.) અને નબી (સ.અ.વ.) પણ હોય શકે. જો સામાન્ય માણસ કોઈ વસ્તુની તાલીમ આપશે તો તેમાં શક અને શંકા બાકી રહી શકે છે,

પરંતુ જો ઈમામે માઅસૂમ (અ.મુ.સ.) યા નબી (સ.અ.વ.) તાલીમ આપે તો તેમાં કોઈ પણ પ્રકારનો શક બાકી રહેતો નથી.

⇨ ઈમામ અલી (અ.સ.) અને બીજા માઅસૂમ ઈમામો (અ.મુ.સ.)ને દુનિયામાં કોઈથી શીખવાની જરૂરત રહેતી નથી, અગર કોઈ વસ્તુ શીખે છે તો તે ફક્ત અને ફક્ત માઅસૂમ (અ.મુ.સ.)થી, આ કલામમાં ઈમામ (અ.સ.)એ જે બયાન ફરમાવ્યું તેનો મતલબ એક એ પણ છે કે નબી (સ.અ.વ.) પાસેથી જે તાલીમ હાંસિલ કરી તેમાં કોઈ દિવસ શક નથી કર્યો, દરેક વસ્તુમાં યકીનની મંઝિલ ઉપર હતા.

⇨ શક તે લોકો કરે છે જેઓ પોતાના નફસના તાબેદાર હોય, દુનિયાના માલથી મોહબ્બત રાખતા હોય જેના ઓછા યા વધવાથી ઈમાન ઓછું થતુ યા વધતું હોય

અને શક થવા લાગે. ઈમામ અલી (અ.સ.) એ હસ્તી છે કે જેમનું યકીન બુલંદ દરજ્જાનું છે કે ખુદ મૌલા અલી (અ.સ.) ફરમાવે છે કે જો મારા સામેથી બધા હિજાબ હટાવી દેવામાં આવે તો પણ મારા યકીનમાં થોડોક પણ વધારો નહી થાય. ઈમામ (અ.સ.) તમામ હકીકત સુધી પહોંચ્યા છે કે તેમના યકીનમાં કોઈ પ્રકારનો વધારો ઘટાડો નથી થઈ શકતો.

⇨ હવે આપણા ઈમાન અને યકીન તરફ નજર કરીએ તો દરરોજ કોઈને કોઈ રીતે અકીદામાં નવા નવા શક નાખવામાં આવે છે અને તેમાં અહમ રોલ સોશિયલ મીડિયા નિભાવી રહ્યું છે, જો આજના સમયમાં સાચી દલીલ સાથે ઈમાન હાંસિલ કરવામાં નહીં આવ્યું હોય તો જે રીતે તોફાની હવામાં જેમ ઝાડ આમ તેમ થયા કરે છે તે મુજબ આપણું અને

આપણા બચ્ચાઓનું ઈમાન થઈ જશે અને છેલ્લે શકની હાલતમાં મૌત એટલે કાફીર બનીને દુનિયાથી રવાના થાશુ, આપણી જિંદગીમાં સૌથી વધારે આપણા ઈમાનને અહેમિયત આપવામાં આવે, બધા લોકોના મોઢાની વાતો અથવા દરેક સોશિયલ મીડિયાની વાતો ઉપર ભરોસો ન કરો ફક્ત એ લોકોની વાતોનો ભરોસો કરો જેના વિશે યકીન હોય કે આ સાઈટ અથવા આ માણસ જે બોલી રહ્યો છે તેમાં અલ્લાહનો ખૌફ છે અને અહલેબૈત (અ.મુ.સ.)ની વાતો બયાન કરે છે, જો કોઈ વાત અથવા માણસ ઉપર થોડોક પણ શક હોય ભલે પછી તેની વાતો સારી જ કેમ ન હોય, તો પણ તેના તરફ ધ્યાન ન આપો, કેમ કે બની શકે છે કે કોઈ વખત તેની સારી વાતોમાં એવી વાત નાખી દે જેનાથી તમારા દિલમાં

શક આવી જાય અને જે સૌથી કિંમતી ખઝાનો ઈમાનનો છે તે બરબાદ થઈ જાય.

⇨ દીની કિતાબો અથવા દીની વેબસાઈટ તેમજ સારા આલીમોની વાતો સાંભળવાથી ઈમાન અને યકીનમાં વધારો થાય છે.

# હિકમત ૧૮૫
## સાચું બોલવું

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ કોઈ દિવસ ન તો હું ખોટું બોલ્યો અને ન તો મને ખોટી ખબર આપવામાં આવી, (જે નબી સ.અ.વ. મને ખબર આપી છે તે બધી જ સાચી અને સહીહ છે) ન તો હું ક્યારેય ગુમરાહ થયો અને ન મારા થકી કોઈ ગુમરાહ થયું છે.

⇨ ઈમામ (અ.સ.)ના આ કલામ અમુક વખત બયાન ફરમાવ્યો છે તેમાંથી એક બનાવ આ મુજબ છે.

⇨ એક માણસ જેનું નામ ઝૂસદીયહ મુખદજ હતું, જ્યારે નબી (સ.અ.વ.) જંગમાંથી મળેલો માલને આપસમાં વહેંચી રહ્યા હતા ત્યારે આવીને ગુસ્સામાં કહે છે કે ઈન્સાફ સાથે લોકોમાં વહેંચણી

કરો, નબી (સ.અ.વ.) ફરમાવ્યું કે તારા પર અફસોસ છે જો હું ઈન્સાફ નહી કરૂં તો પછી કોણ ઈન્સાફ કરશે, ત્યાર પછી સુરે તૌબાની આયત ૫૮ નાઝિલ થઈ, જેમાં ફરમાવવામાં આવ્યું કે તમારા વચમાં એવા લોકો પણ છે જેઓ માલ વહેંચવા ઉપર મેણાં મારે છે અને જો તેમાંથી તેમને આપવામાં આવે તો ખુશ થઈ જાય છે અને જો તેમને ન આપો તો નારાજ થઈ જાય છે (ભલે તેઓનો હક ન હોય).

⇨ હાજર લોકોમાં ઉમર ઈબ્ને ખત્તાબ નબી (સ.અ.વ.)થી રજા માંગી કે એને કતલ કરી દઉં, પરંતુ નબી (સ.અ.વ.) રજા ન આપી, અને ફરમાવ્યું કે આને છોડો આવનાર સમયમાં આના ચાહવા વાળા હશે જે જાહેરમાં નમાઝ રોઝા કુરાન બધું કરતા હશે પરંતુ દીને ખુદા (ઈસ્લામ)થી એવી રીતે નીકળી જશે જેવી

રીતે તીર કમાનથી નીકળી જાય છે.

⇨ ઈમામ અલી (અ.સ.) પોતાના ચાહવાવાળાઓને જંગે નહરવાન પહેલા ખબર આપી હતી કે તે માણસ આ જંગમાં છે, અને આમાં તે કતલ થશે, જંગ પછી લોકો આવ્યા અને કહે છે કે તેનું શરીર કતલ થયેલાઓમાં નથી દેખાતું, ત્યારે ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું કે ન તો હું ક્યારેય ખોટું બોલ્યો અને ન તો મને ખોટી ખબર આપવામાં આવી. ત્યારે એક માણસ આવી ને કહે છે કે અય અમીરૂલ મોમેનીન તેની લાશ મળી ગઈ, ઈમામ (અ.સ.) તરતજ સજદામાં જઈને અલ્લાહનો શુક્ર કરે છે.

⇨ ઈમામ અલી (અ.સ.)નો આ કલામ બીજી જગ્યા ઉપર પણ બયાન થયો છે જ્યારે નબી (સ.અ.વ.)એ ઈમામ અલી (અ.સ.)ને ગયબી ખબરો આપતા, અને

ઈમામ અલી (અ.સ.) યકીન સાથે નબી (સ.અ.વ.)ની વાતોને સમય સમય ઉપર બયાન કરતા, ત્યારે જો કોઈ એ વાતને ન માનતું તો ઈમામ (અ.સ.) આ ફરમાવતા, કોઈ દિવસ ન તો હું ખોટું બોલ્યો અને ન તો મને ખોટી ખબર આપવામાં આવી, (જે નબી સ.અ.વ. મને ખબર આપી છે તે બધી જ સાચી અને સહીહ છે).

⇨ ઈમામ (અ.સ.)ની આ વાત પછી કોઈએ પૂછ્યું કે શું મૌલા તમે ઈલ્મે ગૈબ રાખો છો? ઈમામ મુશ્કેરાઈને ફરમાવ્યું આ ઈલ્મે ગૈબ નથી, બલ્કે તે ઈલ્મ છે કે જે ઈલ્મના માલીક (નબી સ.અ.વ.)એ શીખવ્યું છે. (નહેજુલ બલાગાહ, ખુત્બા નં.૧૨૮)

# હિકમત ૧૮૬
# ઝાલીમનો પસ્તાવો

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે ઝુલ્મની શરૂઆત કરનાર કયામતના દિવસે પસ્તાઈને પોતાના હાથને દાંતથી કરડશે.

⇨ ઈમામ (અ.સ.)નો આ કલામ કુરાને મજીદ સુરે ફુરકાન આયત ૭૨થી લેવામાં આવ્યો છે, જેમાં છે કે તે દિવસે ઝાલીમ અફસોસના લીધે પોતાના હાથોને કરડતો હશે અને કહેશે કે કાશ કે રસુલ (સ.અ.વ.)નો રસ્તો અપનાવ્યો હોત.

⇨ આમાં પોતાના હાથને કરડવાનો અર્થ છે કે તે બહુજ પસ્તાશે. જેના લીધે પોતાના ચહેરા અને શરીર ઉપર હાથ મારશે. આ પસ્તાવો પોતે જે બીજા ઉપર ઝુલ્મ કર્યો છે તેના લીધે હશે, જો તેના સામેવાળો ઝુલ્મનો જવાબ આપે તો તે

ઝુલ્મ નથી, પરંતુ ખયાલ રાખવો કે ઝાલીમ કરતા વધવું ન જોઈએ, નહી તો ઝાલીમ બની જશે.

⇨ ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ફરમાવે છે કે બંને માણસોમાં જે પહેલા ઝુલ્મ કરે તેનો અને બીજાનો ગુનોહ ઝાલીમ ઉપર છે જ્યારે કે તે બીજો તેનાથી (જવાબ આપવામાં) વધી ન જાય. (કાફી, ભા.૨, પે.૩૨૨)

⇨ ઝાલીમના ઝુલ્મ ઉપર પસ્તાવા વિશે માઅસૂમીન (અ.મુ.સ.)થી ઘણી હદીસો બયાન થઈ છે, હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે ઝુલ્મનો અંત પસ્તાવવું છે. (મુસ્તદરકુલ વાસયેલ, ભા.૧૨, પે.૯૯)

⇨ અમુક ઝાલીમોને ઝુલ્મ કર્યા પછી પસ્તાવો પણ નથી થતો તો એ લોકોને ભલે આ દુનિયામાં પસ્તાવો ન થાય,

પરંતુ જયારે આખેરતમાં ખુદાની બારગાહમાં ઉભો રહેશે ત્યારે પસ્તાવવું પડશે.

⇨ ઈમામ અલી (અ.સ.)નું એક બયાન છે કે જે દિવસે અલ્લાહ ઝાલીમને તેના ઝુલ્મની સજા આપશે તે મઝલુમ ઉપર કરેલા ઝુલ્મ કરતા વધારે સખ્ત હશે.

⇨ કયામતમાં આમાલની તસ્વીર બનાવવામાં આવશે ત્યારે ઝાલીમનો ઝુલ્મ તેના માટે અંધારૂ હશે.

⇨ ઝુલ્મ એ ગુનાહ છે કે જેની સજા આ દુનિયામાં ઝાલીમને મળીને રહેશે. ઈમામ બાકિર (અ.સ.) ફરમાવે છે જે કોઈ પણ ઝુલ્મ કરશે ખુદા તેનો બદલો તેની જાન અને માલથી લેશે. (કાફી, ભા.૨, પે.૧૨)

⇨ નબી (સ.અ.વ.)ની આ હદીસથી ખતમ કરૂં કે જે નેકીનો બહુજ જલ્દી સવાબ મળે છે તે બીજાઓ સાથે નેકી

કરવું છે અને જે ગુનાહથી જલ્દી સજા મળે છે તે બીજાઓ ઉપર ઝુલ્મ કરવો છે. (બિહારૂલ અન્વાર, ભા.૬૯, પે.૧૯૫)

# હિકમત ૧૮૭
# દુનિયાની બેવફાઈ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે દુનિયાથી જલ્દી રવાના થવાનું છે.

⇨ ઈમામ (અ.સ.) આ હિકમતમાં દુનિયાની બેવફાઈ અને જલ્દી પસાર થવા તરફ ઈશારો કરે છે,

⇨ દુનિયા એટલી જલ્દી પસાર થાય છે કે બાળકો જવાન અને જવાનો ઘરડા/બુઢા થઈ જાય છે અને ઘરડા કબર સુધી પહોંચી જાય છે, રાજા મહારાજા હોય કે વિશાળ અને મોટા સત્તાના માલીક હોય બધુજ ક્યારે ખતમ થઈ જાય છે તેની ખબર પણ નથી પડતી, હોંશિયાર માણસ આવી બેવફા દુનિયાથી દિલ નથી લગાવતો અને ક્યારેય ગાફિલ નથી રહેતો.

⇨ કુરાને મજીદમાં દુનિયાની જિંદગીની મિસાલ આ રીતે આપી છે કે જેવી રીતે આસમાનથી પાણી વરસે પછી ઝમીન ઉપર ઘાસ અને વનસ્પતિ ઉગે છે અમુક સમય પછી તે સુકાઈ જાય છે અને પછી હવા તેને ચારો તરફ ફેલાવી દે  છે, અને અલ્લાહ દરેક વસ્તું ઉપર શક્તિ ધરાવે છે. (સુરે કહફ, આ.૪૫)

⇨ આ આયતમાં છે કે દરેક વસ્તુનો અંત છે અને એવી ખતમ થાય છે કે તેમનું નામો નિશાન પણ બાકી નથી રહેતું.

⇨ દુનિયાની લાંબી ઉંમર છતાં પણ જો આખેરતથી સરખાવવામાં આવે તો બહુજ ટૂંકી લાગે છે.

⇨ કયામતના દિવસે ગુનેહગારને પૂછવામાં આવશે કે ઝમીન ઉપર કેટલું રહ્યા તો કહેશે કે એક દિવસ યા તેનાથી પણ ઓછું. હાં તમે ઓછું રોકાણા છો

કાશ કે તમે ત્યારે સમજી લીધુ હોત, શું તમે એમ સમજ્યા હતા? કે અમે તમને બેકાર પૈદા કર્યા છે અને પાછા અમારી તરફ પાછા નહી આવો? (સુરે મોમેનુન, આ.૧૧૨-૧૧૫)

⇨ આ આયતો અને બીજી હદીસોથી આપણને જાણવા મળે છે કે અસલી રહેઠાણ આ દુનિયા નથી, બલ્કે અહીંયા રહીને અલ્લાહની પેરવી કરીને આખેરતમાં પહોંચવાનું છે.

⇨ આ દુનિયા પલ ભરથી વધારે નથી, હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે દુનિયા પલ ભરની છે તેને ખુદાના હુકમ પ્રમાણે પૂરી કરો. (બિહારૂલ અન્વાર, ભા.૭૪, પે.૧૬૬)

⇨ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) દુનિયા વિશે ફરમાવે છે કે સૂર્ય જે જગ્યા ઉપર રોશની ફેલાવે છે (એટલે પૂરી

દુનિયા) તે પૂર્વ અને પશ્ચિમ, દરિયા, જંગલ અને પહાડો ઉપર હોય છે તે બધુજ અલ્લાહના દોસ્તોના નજીક એક પસાર થવાવાળા છાંયાથી વધારે બીજું કઈ નથી. (બિહારૂલ અન્વાર, ભા.૧, પે.૧૪૪)

⇨ છાંયડો જ્યારે સાંજ હોય છે જલ્દીથી ખતમ થઈ જાય છે, દુનિયાની ઉંમર પણ એ મુજબ જલ્દીથી ખતમ થાય છે.

⇨ બધાય જાણે છે કે દુનિયા બેવફા, પસાર થવા વાળી, દુનિયામાં કોઈ બાકી નથી રહ્યું, તે છતાં લોકો આ દુનિયા માટે એવી રીતે મહેનત કરે છે કે જાણે હંમેશા રહેવાનું હોય, અને આખેરત જ્યાં હંમેશા રહેવાનું છે તેના માટે મહેનત જે કરવી જોઈએ એટલી નથી કરતા, શા માટે? એક મોટું કારણ છે કે જેવું આખેરત ઉપર યકીન હોવું જોઈએ એવું યકીન નથી, અને જો યકીન છે તો પછી આ ગફલત શા માટે?

# હિકમત ૧૮૮

## હલાકત

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે જે માણસ હકના વિરૂધ્ધ ઉભો થશે તે હલાક થશે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં તેનાથી વાત કરી રહ્યા છે જે હકના વિરૂધ્ધ ઉભો છે, ઈમામ (અ.સ.) હક વિશે નહેજુલ બલાગાહમાં જગ્યાએ જગ્યાએ ફરમાવ્યું છે કે ક્યારે પણ તમે હકના વિરૂધ્ધ ઉભા ન થાવ, કેમ કે હક કુદરતી રીતે નાહકને પછાડી દેશે, જો થોડાક સમયમાં એવું નહી બને તો લાંબા સમયમાં જરૂર નાહક હારશે, ઈતિહાસમાં અને ખાસ કરીને ઈસ્લામના ઈતિહાસમાં જોવા મળશે કે જેઓ હકના વિરૂધ્ધ ઉભા થયા તેઓ કેવી રીતે હાર્યા છે.

⇨ હકનો સાચો અર્થ એ છે કે જેમાં હકીકત અને સચ્ચાઈ હોય, અને જેમાં સચ્ચાઈ હોય છે તેનો એક અલગ અસર હોય છે જેના લીધે હક નાહક ઉપર ગાલીબ આવી જાય છે, અને નાહક હલાક થઈ જાય છે.

⇨ જે લોકો હકના સામે ઉભા થાય છે અને ખાસ કરીને ઈમામે માઅસૂમ (અ.મુ.સ.)ના સામે ઉભા થયા તેઓ ચોક્કસ હલાક થશે, એટલે એમની આખેરત ખરાબ થશે, તો જેઓ નાહક રસ્તા ઉપર હોય અથવા તેમને નાહકનો સાથ આપ્યો હોય તેઓને પોતાની આખેરત માટે ચિંતા કરવી જોઈએ,

⇨ સુરે અંબિયા આયત ૧૮માં આના તરફ ઈશારો છે કે અમે હકથી નાહકને ખતમ કરીશું અને નાહક નાબૂદ થઈ જશે,

⇨ અહીંયા હકથી શું મુરાદ છે?





www.hajinaji.com

⇨ હકથી મુરાદ અલ્લાહની ઓળખાણ, ઈસ્લામ, કુરૂએ દીન, અહલેબૈત (અ.મુ.સ.), અલ્લાહના હકો, લોકોના હકો વગેરે... જે આ લોકોના વિરૂધ્ધ આવશે તે નાહક અને બાતિલ કહેવાશે જે હલાક થશે.

⇨ ચાહે દીનના કામોમાં કે દુનિયાના કામોમાં જે જગ્યા હક હોય તેનો સાથ આપવો અને જ્યાં ઈચ્છાઓના તાબેદાર, અલ્લાહના એહકામને ખુલ્લમ ખુલ્લા અનાદર કરતા હોય તેમનો કોઈ દિવસ સાથ ન આપવો. નહીં તો બાતિલના તરફદારોમાં ગણાશો.

# હિકમત ૧૮૯
# સબ્ર અને ઉતાવળ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે જેને સબ્ર (ધીરજ) નજાત ન આપે તેને ઉતાવળ હલાક કરી નાખે છે.

⇨ માણસની જિંદગી મુસીબતો અને તકલીફોથી ભરેલી છે તેમાંથી કોઈને છુટકારો નથી, આવા સંજોગોમાં બે રસ્તા છે એક ધીરજ અને શુક્રનો કે ખુદાથી નજાતનો રસ્તો તલબ કરે, અને પોતાની તકલીફોને ઓછી કરે, બીજુ મુસીબતોમાં ફરિયાદ અને વાવયલા કરે, તેમ કરવાથી શારીરિક અને માનસિક નુકસાન થાય છે તેમજ બીમારીઓ વધી જાય છે, અમુક વખત વ્યાધિ (ટેન્શન) અને વ્યાધિમાં મૌત સુધી પહોંચી જાય છે, અને અલ્લાહના ત્યાં શુક્ર ન કરનારાઓમાં

શામીલ થઈ જાય છે, દરેક અક્કલમંદ માણસ સબ્રના રસ્તાને અપનાવે છે જેથી તેને સબ્રનો બદલો અને સબ્રની બરકતો મળે.

⇨ કુરાને મજીદ અને હદીસોમાં જયારે ફાયદા યા નુકસાનની વાત આવે ત્યારે તે દુનિયા અને આખેરત બંનેને સામે રાખીને હોય છે અને તેમાં પણ ખાસ આખેરતનું વધારે ઘ્યાન રાખવામાં આવે છે.

⇨ સબ્ર વિશે આયતો અને હદીસોમાં ઘણી ફઝીલત બયાન થઈ છે. અને બેસબરીની મઝમ્મત કરવામાં આવી છે.

⇨ ઈમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે અમારા શીઆ મુસીબત ઉપર સબ્ર કરે તો ખુદા તેને હઝાર શહીદોનો બદલો આપશે. (બિહારૂલ અન્વાર, ભા.૧૮, પે.૯૪)

⇨ બીજી હદીસમાં ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કોઈ એવો મોમીન નથી જેને બલાઓ ન ઘેરે, અને તેના (દૂર થવા માટે) ઈન્તેઝાર કરવો બલાથી પણ વધારે સખત છે, જે કોઈ બલા ઉપર સબર કરશે તો ખુદા તેની બલાને દૂર કરશે અને જે બલા અને મુસીબત ઉપર સબર નહી કરે તો એક પછી એક બલાઓ આવતી રહેશે જ્યાર સુધી સબ્ર ન કરે. (બિહારૂલ અનવાર, ભા.૬૮, પે.૯૪)

⇨ જે લોકો મુસીબતો ઉપર સબ્ર નથી કરતા તેમના માટે ઈમામ અલીયુન નકી (અ.સ.) ફરમાવે છે કે મુસીબત સબ્ર કરનાર માટે એક હોય છે સબ્ર ન કરનાર માટે બે થઈ જાય છે. (બિહારૂલ અન્વાર, ભા.૯૭, પે.૪૪૧)

⇨ સબર ન કરનાર માટે મુસીબત બે એ રીતે થઈ જાય છે કે તેને શારીરિક અને





www.hajinaji.com

માનસિક બંને રીતે અનેક તકલીફો આવે છે.

⇨ મુસીબત અને તકલીફો ઘણી ખરી આપણા અમલ (કરતુતો)ના કારણે હોય છે તો તે સમયે અલ્લાહ સામે ગુનાહોની માફી માંગે અને મુસીબતો ઉપર સબ્ર કરે, તે સિવાય અલ્લાહના દોસ્તોની જિંદગીમાં આવેલી મુસીબતો તરફ નજર કરે અને દિલને સુકુન પહોંચાડે. અને ઈમામ અલી (અ.સ.)ના આ કલામ તરફ વિચાર કરે જેમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે દરેક મુસીબતનો અંત છે. (બિહારૂલ અનવાર, ભા.૭૫, પે.૭૯)

⇨ યાદ રાખવું જોઈએ કે મુસીબત હંમેશા નથી રહેવાની એકને એક દિવસ મુસીબત ખતમ થશે માટે મુસીબતને દૂર કરવા કોશિશ કરે અને અલ્લાહ ઉપર ભરોસા તથા સબ્ર સાથે આગળ વધે.

# હિકમત ૧૯૦

# ખિલાફત

➪ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે અજબ છે કે સહાબી હોવાના કારણે ખલીફા બની શકાય છે, પરંતુ સહાબી અને રિશ્તેદાર બંને હોવાના કારણે ખલીફા ન બની શકાય!?

➪ સય્યદ રઝી (ર.અ.) અમુક શાયરી જે ઈમામ અલી (અ.સ.)થી બયાન કરવામાં આવી છે જેનો તરજુમો આ મુજબ છે.

➪ જો શુરાના લીધે (અબુબકર) લોકો ઉપર હુકુમત કરવાના માલીક બની ગયા તો એ કેવી રીતે બની શકે? જ્યારે કે મશવેરો આપનારા (હું અને બની હાશીમ અને બીજા લોકો) જેમાં ગાયબ હતા. અને જો નબી (સ.અ.વ.)ના સંબંધ ન લીધે તમારા હરીફથી આગળ વધી ગયા હોવ તો બીજા પણ તમારાથી વધારે નબી

(સ.અ.વ.)ની જગ્યાના વધારે હકદાર અને સંબંધી હતા.

⇨ આ કલામમાં ઈમામ અલી (અ.સ.) અબુબકર અને ઉમરને કહી રહ્યાં છે, જ્યારે અબુબકરે ઉમરને કહ્યું કે તમે તમારો હાથ આગળ કરો જેથી હું તમારી બયઅત કરૂં, ત્યારે ઉમરે કહ્યું કે તમે તો નબી (સ.અ.વ.) ના હંમેશા આજુબાજુ રહેતા તમે હાથ આગળ કરો જેથી હું બયઅત કરૂં (શરહે નહેજુલ બલાગાહ, ભા.૧૮, પે.૪૧૬) આ વાતનો જવાબ ઈમામ અલી (અ.સ.) આપી રહ્યા છે કે જે નબી (સ.અ.વ.)ના આજુબાજુ વધારે રહ્યો હોય અને સંબંધમાં નજીક હોય તો બીજાઓ પણ એવા છે જે તમારાથી વધારે બહેતર તથા હકદાર છે.

⇨ ઈમામ અલી (અ.સ.) તેઓની દલીલને રદ કરતા ફરમાવે છે કે જે તમે

કહો છો તે બરાબર નથી, બલ્કે નબી (સ.અ.વ.)ની જગ્યા ઉપર બેસવાવાળામાં નબી (સ.અ.વ.) જેવું ઈલ્મ, અખ્લાક વગેરે ખૂબીઓ હોવી જોઈએ અને તે રીતે સંબંધ હોય કે સાથે રહેવાવાળો હોય આ બંને સિફતોમાં મારાથી વધારે બીજો કોઈ ખલીફા બનવાનો હકદાર નથી.

⇨ ઈમામ (અ.સ.) ખુત્બા નં.૬૭માં આ તરફ ઈશારો ફરમાવે છે કે તેઓ ઝાડથી દલીલ આપી, પરંતુ ફળને છોડી દીધું.

⇨ આ કલામની ખાસ અહેમિયત તે લોકો માટે છે જેઓ કહે છે કે ઈમામ અલી (અ.સ.) પોતાના હક વિશે કઈ બોલ્યા જ નથી અને ખલીફાઓની ખિલાફત કબૂલ કરી લીધી હતી, બલ્કે ઈમામ અલી (અ.સ.) પોતાના હકને લેવા માટે પૂરતી કોશિશ કરી હતી.

# હિકમત ૧૯૧

# દુનિયાની હાલત

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ દુનિયામાં માણસ એવો છે કે જેની તરફ મૌતના તીર નિશાનો લગાવીને ઉભા છે, એવો હલાક થવા વાળો છે કે મુસીબતો તેની પાછળ દોડી રહી છે, જેમાં દરેક ઘૂંટ અને લુકમો ફસાઈ રહ્યો છે, બંદાને કોઈ નેઅમત ત્યારસુધી નથી મળતી જ્યાર સુધી બીજી નેઅમત જુદી ન થાય, જિંદગીનો દિવસ ત્યારસુધી નથી વધતો જ્યાર સુધી તેની જિંદગીનો એક દિવસ ઓછો ન થાય.

⇨ આપણે મૌતના સામે ઉભા છીએ અને આપણા જીવ મૌતના નિશાના ઉપર છે, આવા સંજોગોમાં આપણા હંમેશા બાકી રહેવાની ઉમ્મીદ કેવી રીતે રાખી

શકાય? જ્યારે કે રાત દિવસ કોઈ ચીજને બનાવતી અથવા જમા કરતી નથી કે સિવાય કે તેને તોડી પાડવા અથવા વેરવિખેર કરવામાં આગળ વધે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) દુનિયાની બેવફાઈ અને તેની ફના થવા તરફ ઈશારો કરે છે.

⇨ ઈન્સાન તરફ મૌત નિશાનો લગાવીને ઉભી છે, એટલે દુનિયામાં ચારો તરફ એટલી મુસીબતો અને તકલીફો છે કે જેના લીધે નથી ખબર કઈ મુસીબતના લીધે જિંદગી ખતમ થઈ જાય.

⇨ દુનિયાની દરેક ખુશી સાથે ગમ લાગેલો છે, દુનિયાની લઝ્ઝતો સાથે મુસીબતો છે, સારા ખાવા પીવા સાથે ઝહેર અને કામ્યાબી સાથે નાકામી જોડાયેલી છે, જે આટલી મુસીબતો અને તકલીફોનું ઘર હોય શું અક્કલમંદ

માણસનો તે મકસદ હોવો જોઈએ? કે પછી તે જિંદગી કે જ્યા કોઈ તકલીફ કે પરેશાની ન હોય, તેવું ઘર આખેરત હોવો જોઈએ? બેશક આખેરત મકસદ હોવો જોઈએ. કુરાને મજીદ સુરે અન્કબુત આયત ૬૪માં ફરમાવે છે કે આખેરત ની જિંદગી સાચી જિંદગી છે જો તમે જાણતા હોવ તો.

⇨ સુરે ફાતિર આયત ૩૪-૩૫માં આખેરતની ખૂબી બતાવી છે કે જ્યા કોઈ પ્રકારનો ગમ નથી...

⇨ દુનિયાની હકીકતમાં એક વસ્તુ એ છે કે નેઅમત મળે કે જાય, દુઃખ, સાથ નથી છોડતો.

⇨ નેઅમત ન હોય તો તકલીફ થાય છે અને તમન્ના કરે છે કે મળી જાય, અને જ્યારે નેઅમત મળી જાય ત્યારે તેને સાચવવાની અને તરબીયતની તકલીફ,

જેમ કે અગર ઔલાદ ન હોય તો તેનું દુઃખ અને જો ઔલાદ આવી જાય તો તેની સહીહ તરબીયતની ચિંતા, માલ દૌલત ન હોય તો તેની તમન્ના અને આવી જાય તો ચોર ડાકુઓથી બચાવવાની કોશિશ, એવું જ઼ દરેક નેઅમત મળવા સાથે છે, સુખ સાથે દુઃખ લાગેલું છે, આ દુનિયામાં પુરેપુરૂ સુખ કોઈને નસીબ નથી થતું, પરંતુ આખેરતનું સુખ આ દુનિયા જેવું નથી બલ્કે તેના સુખ અને આરામમાં કોઈ પ્રકારનું દુઃખ નથી હોતું, દુનિયાનું સુખ હંમેશા માટે નથી હોતું હમણાં જો સુખ હોય તો અમુક સમય યા વરસ પછી તે ગમ બની જાય છે, આખેરતનું સુખ થોડાક સમય માટે નથી હોતું, બલ્કે હંમેશા માટે હોય છે. ઈમામ અલી અ. આ હિકમતમાં દુનિયાની બેવફાઈ તરફ ઈશારો ફરમાવે છે કે એક

વસ્તું મળે તો બીજી રવાના થઈ જાય છે. કોઈ પાસે માલો દૌલત છે તો ઔલાદ નથી, કોઈ પાસે માલો દૌલત હોય તો ઔલાદના ઠેકાણા નથી...

⇨ માણસની જિંદગીનો જો એક વરસ વધે છે તો એક ઓછો પણ થઈ જાય છે, દરેક દિવસ જિંદગીનો અલ્લાહ તરફથી મોટી નેઅમત છે તેનાથી પૂરતો લાભ ઉઠાવવો જોઈએ, પરંતુ જયારે એક દિવસ ઓછો થઈ ગયો એનો અર્થ છે કે મૌત તરફ એક દિવસ આગળ વધી રહ્યા છે, ઈમામ અલી (અ.સ.) બીજી જગ્યાએ હિકમતમાં ફરમાવે છે કે માણસનો દરેક શ્વાસ તેની ઉંમર ખતમ થવા તરફ આગળ વધનાર એક પગલું છે.

⇨ ઘણા લોકો આ વસ્તુથી ગાફેલ છે તેથી જિંદગીના કિંમતી સમયને વેડફી નાખે છે, આ વસ્તુને કુરાને મજીદમાં સુરે





www.hajinaji.com

અસ્રમાં ફરમાવવામાં આવેલ છે.

⇨ જિંદગીના સમયને ખતમ થવું આપણા હાથમાં નથી ચાહે આપણે ચાહિયે કે ન ચાહિયે તે સમય તો પૂરો થવાનો જ છે, પરંતુ તે સમયને સારો ઉપયોગ કરીને આખેરત કમાવવી તે આપણા હાથમાં છે.

⇨ ટૂંકમાં સમજીએ કે આ દુનિયાથી સબક હાંસિલ કરવાનો છે કે ઝોહદ અને સંતોષી બને, લાલચ અને દુનિયાની ખોટી લઝ્ઝતોને તર્ક કરે, આ દુનિયામાં રહીને હંમેશાની જિંદગી આખેરતની કામ્યાબી હાંસિલ કરવાની છે.

# હિકમત ૧૯૨
# બીજાના ખઝાનચી

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: અય આદમના ફરઝંદ ! તારા ખોરાક કરતા જે કઈ વધારે ભેગું કર્યુ છે તે બીજા માટે ભેગું કર્યુ છે.

⇨ ઈમામ (અ.સ.)નો આ કલામ આજના સમય માટે જોઈએ તો તે દરેક માટે છે જે માલ જમા કરવા સવાર સાંજ દોડી રહ્યા છે, જેમાં ન તો પોતાનો કોઈ ખયાલ છે કે ન હલાલ અને હરામનો, ન બીજાના હકનો ખયાલ છે કે ન અલ્લાહ રસુલ (સ.અ.વ.) અને ઈમામો (અ.મુ.સ.)ના હકોનો, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે પોતાનું ફક્ત તેજ છે જેટલું જમવા પીવા પહેરવા તેમજ જિંદગીની જરૂરતો પૂરી કરવા ખર્ચ કર્યુ છે બાકી તો

બધુજ પાછળ રહી જવા વાળાઓ માટે છે જતા જતા ફક્ત એક કફન મળશે અને બાકી માલના માલીક બીજા બની જશે.

⇨ જે લોકો ફક્ત માલ ભેગો કરે છે તેઓ માટે ઈબ્ને અબીલ હદીદ આ કલામની તફસીરમાં એક સાચો બનાવ બયાન કરે છે, અબ્દુલ્લાહ ઈબ્ને અહતમ બીમાર થયા તો હસને બસરી તેના ઘરે તેને જોવા ગયા ત્યાં જોયું કે અબ્દુલ્લાહ બીમારીમાં બિસ્તર ઉપર છે, પરંતુ તેમની નજર ખૂણામાં રાખેલી એક બંધ પેટી ઉપર છે, હસને બસરીને જોઈને કહે છે કે આ પેટીને જુવો છો જેમાં એક લાખ દિરહમ ભેગા કર્યા છે, જેમાંથી હું ન તો ઝકાત આપી અને ન તો તેનાથી સિલેરહેમ કર્યો, હસને બસરી પૂછ્યું કે એક લાખ દિરહમ શા માટે ભેગા કર્યા છે? અબ્દુલ્લાહ કહે છે કે અચાનક આવનારી મોટી મુસીબતો માટે,

ભાઈઓ છોડી દે ત્યારે કામ આવે અને જો કોઈ ઝાલીમ રાજા આવે તો આપણા પાસે હોય તો કામ લાગે. (એટલે અચાનક આવનારા બનાવો માટે) બસ આટલુ કહીને થોડીક વારમાં દુનિયાથી ચાલ્યો ગયો, હસને બસરીને તેના ઉપર ઘણો અફસોસ થયો તેના જનાઝામાં શરીક થયો, જયારે અબ્દુલ્લાહની દફન ક્રિયા થઇ ગઈ તો તેના ઉપર અફસોસ કરતા કહ્યું કે આ તે છે જેના ઉપર શૈતાને કાબૂ મેળવ્યો હતો, અને શૈતાને આને ઝમાનાની તકલીફ, ભાઈઓની બેવફાઈ અને ઝાલીમના ઝુલમના ડરથી બહેકાવ્યો હતો, તેમજ અફસોસ કરતો કરતો દુનિયાથી ગયો, તેના માલથી ન ઝકાત, ન સિલેરહેમ અને ન બીજી કોઈ નેકી કરી શક્યો, મરનારના વારિસોને કહ્યું કે અય વારસદારો આ માલને રાખી લો, પરંતુ

ધ્યાન રાખજો કે આ માલને તમે હલાલમાં ખર્ચ કરજો એવું ન બને કે તમારા માટે અઝાબનું કારણ બને, આ તે માણસનો માલ છે જે દરિયા, જંગલ અને દૂર દૂર જગ્યાઓની મુસાફરીની તકલીફ વેઠીને માલને નાહક રસ્તાથી ભેગો કર્યો, હકદારોના હકનો ખયાલ ન રાખ્યો, જે પોતાની જિંદગીને સખતીમાં રાખી, પરંતુ માલ વાપરવામાં કંજૂસાઈ કરી, માલને ભેગો તો કર્યો, પરંતું પોતાના ઉપર ખર્ચ ન કર્યો તેનું નુકસાન મરણ પછી ભોગવશે, આને કયામતમાં સૌથી વધારે ત્યારે અફસોસ થશે કે જયારે પોતાના માલથી કરેલી નેકીઓનો અજર બીજાના આમાલનામામાં જોશે, અલ્લાહે આપેલી રોઝીમાં તુંએ કંજૂસાઈ કરી અને અલ્લાહના રસ્તામાં ખર્ચ ન કર્યો, બીજાઓ માટે ભેગો કર્યો કે તે અલ્લાહ

માટે ખર્ચ કરે, આ એવો અફસોસ છે કે જેની ભરપાઈ બીજી કોઈ વસ્તુંથી નથી થઈ શકતી. (શરહે નહજુલ બલાગાહ, ઈબ્ને અબીલ હદીદ, ભા.૧૯, પે.૧૦)

⇨ હસને બસરીએ આ નસીહતને ઈમામ અલી (અ.સ.)થી શીખી છે, ઈમામ (અ.સ.)થી કોઈએ પૂછ્યું કે કયામતમાં સૌથી વધારે કોણે અફસોસ થશે તો ઈમામે આ રીતે ફરમાવ્યુંઃ જે માણસ પોતાના માલથી કરેલી નેકીઓનો અજર બીજાના નામએ આમાલમાં જોશે, માલ જમા કરવા બદલ તેને દોઝખમાં નાખવામાં આવશે અને બીજાને તે માલથી કરેલી નેકીના લીધે જન્નતમાં મોકલવામાં આવશે. (બિહારૂલ અનવાર, ભા.૭૦, પે.૧૪૨)

⇨ માલને ભેગો કરવો અને લોકોના હકો ને અદા ન કરવા તેવો માલ આખેરતમાં

અફસોસનું કારણ બનશે,

⇨ ઘણા લોકો આખેરતનો વિચાર કર્યા વગર માલ ભેગો કરવામાં લાગેલા છે. માલ ભેગો કરવાનું એક કારણ એ છે કે મારા પછી મારી ઔલાદનું શું થશે, આ વિચારનો અર્થ છે કે અલ્લાહ પ્રત્યે બદગુમાન છો, જો અલ્લાહ તમને રોઝી આપી શકે છે તો તમારી ઔલાદને પણ રોઝી આપશે, ઈમામ અલી (અ.સ.) માલિકે અશતરને પત્ર લખ્યો તેમાં ફરમાવે છે કે કંજૂસાઈ, ડર, લાલચ અને તેના જેવી સિફતો ખુદા પ્રત્યે બદગુમાનીના લીધે હોય છે.

# હિકમત ૧૯૩

## મન લાગવું

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: દિલોમાં શોખ (ઉત્સાહ) અને અણગમો હોય છે તે શોખથી કોઈ કામ માટે આગળ વધે છે અને અણગમાથી કોઈ કામ કરવાથી અટકી જાય છે. દિલો ઉપર જબરદસ્તી કરવાથી તે નાસમજ બની જાય છે.

⇨ આ હિકમતમાં ઈમામ (અ.સ.) ઈન્સાનની જુદી જુદી હાલત તરફ ઈશારો કરે છે કે ક્યારે માણસ કોઈ કામને ઉત્સાહ અને મનથી કરે છે તો ક્યારે તેને કામ કરવામાં કંટાળો આવે છે, જેમ કે ઈબાદત, દુઆ વગેરેમાં જ્યારે મન લાગે, દિલ તેના તરફ તૈયાર હોય ત્યારે બહેતરીન રીતે અંજામ આપવામાં આવે છે, અને જયારે

મન ન હોય ત્યારે કંટાળો આવે છે અને મજા નથી આવતી.

⇨ માણસના શરીરના જેમ રૂહની હાલત પણ બદલતી રહે છે, જો શરીર થાકેલું કે કમજોર હોય તો કામ કરવામાં મજા નહી આવે અને તે કામ સરખું પુરૂ પણ નહી થાય, અને જો શરીર તંદુરસ્ત હોય તો જે કામ કરશે તે કામમાં મન પણ લાગશે અને સરખી રીતે પુરૂ પણ થશે. એજ પ્રમાણે માણસની રૂહ પણ છે જે ક્યારેક બીમાર તો ક્યારેક તંદુરસ્ત, જ્યારે તંદુરસ્ત હોય ત્યારે ઈબાદત અને બીજી નેકીઓ કરવામાં મજા આવે છે અને તે રૂહાની બુલંદ દરજ્જા સુધી પહોંચી જાય છે અને જો બીમાર અને કમઝોર હોય તો રૂહાની મરતબા સુધી પહોંચવામાં થાક લાગે છે ઈબાદત, દુઆ કે મુનાજાતમાં દિલ નથી લાગતું.

⇨ અમુક માણસોને જ્યારે તેમના અંદર સુકુન નથી દેખાતું તો હરામ કામોમાં સુકુન શોધવા જાય છે જેમ કે મ્યુઝિક વગેરે... પરંતુ એ લોકોને યાદ રાખવું જોઈએ કે જે માણસને જાએઝમાં સુકુન ન મળે તેમને હરામ કાર્યોમાં સુકુન નથી મળી શકતું. જો હરામમાં સુકુન મળતું હોત તો અલ્લાહ તે વસ્તુઓને હરામ ન બનાવત.

⇨ ઈસ્લામમાં સુકુન તેમજ તાજગી માટે અમુક વસ્તુઓ બતાવી છે, નમાઝ પહેલા વઝુ કરવું જેમાં કોગળા અને નાકમાં પાણી નાખવું, કુરઆન અને અઝાનને સારા અવાઝથી સાંભળવું, કુરઆન પઢવું, જુમ્મા અને જમાઅત, રાત્રે વહેલા સુવુ અને સવારે વહેલા ઉઠવું, સુન્નત નામઝો પઢવી... આ કામો કરવાથી માણસમાં તાજગી રહે છે અને તેને સુકુન મળે છે.

⇨ વાજીબ કામોમાં દિલ લાગે કે ન લાગે

તેને સમય ઉપર અંજામ આપવાના છે, જો તેને દિલ લગાવીને પઢશું તો તેનો લાભ વધારે મળશે. જયારે નેકી કરવા માટે દિલ તૈયાર હોય ત્યારે જરૂર અંજામ આપો જેથી તેનો વધારે લાભ મળે.

⇨ દુનિયાના કામોમાં પણ જે પોતાના કામોને મનથી દિલ લગાવીને કરે છે તે પોતાના મકસદમાં કામ્યાબ થાય છે, અને જે આળસ અને બેદિલી સાથે કરે તે મકસદમાં કામ્યાબ નથી થતો.

# હિકમત ૧૯૪

## બદલો લેવાથી બચો

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ મને ગુસ્સો આવે, તો મારા ગુસ્સાને ક્યારે ઉતારૂ? શું ત્યારે કે જયારે મારામાં બદલો લેવાની શક્તિ ન હોય અને કહેવામાં આવે કે સબ્ર કરો ? યા બદલો લેવાની શક્તિ હોય ત્યારે માફ કરવામાં આવે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ નુરાની કલામમાં બદલો ન લેવા અને સબર અને માફી આપવા તરફ દાવત આપે છે, માણસને જ્યારે કોઈ ગુસ્સો અપાવે યા કોઈ નુકસાન કરે તો તેના વિરૂધ્ધ બે વસ્તું થઈ શકે ગુનો કર્યો હશે તેના ઉપર ગુસ્સો આવશે, યા ગુસ્સો નહી આવે, જો ગુસ્સો આવે તો તેનાથી બદલો લેવાની આગ ભડકશે, આવી જગ્યાએ શું કરવું તેના તરફ

ઈમામ ઈશારો કરીને ફરમાવે છે કે જો તમારામાં બદલો લેવાની શક્તિ હોય તો તેને માફ કરી દો એ તમારા માટે બહેતર છે. અને આ પ્રકારના સબ્રને બહેતરીન સબ્ર અને માફી કહેવાય, જો સામે એવો માણસ હોય તેનાથી બદલો પણ ન લઈ શકતા હોય ત્યારે ચુપચાપ સબ્ર કરી લો તેમાં કોઈ ખૂબી નથી તે તો મજબૂરી છે.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં લોકોને એક બીજાથી બદલો ન લેવા તરફ ધ્યાન ખેંચી રહ્યા છે કેમ કે બદલો લેવાથી ઘણી વખત નાની વસ્તું મોટી બનીને મોટી જંગનું રૂપ ધારણ કરી લે છે જેના પછી ઘણી જિંદગી અને કુટુંબ કબીલા હલાક થઈ જાય છે અને તે અપાસમાં મનદુઃખ નસલ દર નસલ ચાલ્યા કરે છે, તેથી બદલો લેવા કરતા માફી આપવી બહેતર છે, અને આ વસ્તું ઈમામોની જિંદગીમાં દેખાય

છે તેમના સાથે ખરાબ કરનારને ભલાઈ અને સારા અખ્લાકથી દૂર કરે છે,

⇨ જંગે જમલમાં ઈમામ અલી (અ.સ.)નું લશ્કર કામ્યાબી મેળવી ત્યારે તેમના માટે માફીનો હુકમ આપ્યો, તે જંગનું અસલ મૂળ જ. આએશા ને એહતેરામ સાથે મદીના મોકલી આપ્યા.

⇨ અમ્ર બીન આસ મેદાને સિફ્ફીનમાં લડાઈ દરમિયાન પોતાને બચાવવાં માટે કપડાં ઉતારી લીધા જેથી ઈમામ અલી (અ.સ.) તેને છોડી દે, ઈમામ ત્યારે તેને છોડી દીધા,

⇨ બીજું તો ઠીક, પરંતુ પોતાના કાતિલ અબ્દુલ રહમાન ઈબ્ને મુલજીમ મુરાદી વિશે વસિયત કરી કે જો હું જીવતો રહ્યો તો મારે તેની સાથે શું કરવું તે મારા ઉપર છે, પણ જો તમે માફ કરો તો બહેતર છે જો જરૂરી લાગે તો એક વાર ના બદલામાં

ફક્ત એક જ વાર કરજો.

⇨ શું આજે કોઈ છે જે આ મુજબ માફી પોતાના દુશ્મન અને ખાસ પોતાના કાતિલ વિશે આવી મહેરબાની રાખે. અલ્લાહ તરફથી મોકલેલ પયગંબર અને ઈમામો પહેલા પોતે સારી વાતો ઉપર અમલ કરે છે અને પછી લોકોને તાલીમ આપે છે જેથી લોકો તેના ઉપર અમલ કરીને અલ્લાહના નેક બંદા બને અને શૈતાની સિફતો થી દૂર રહી શકે.

⇨ માફ કરવું જન્નતીઓની સિફત છે, ઈસ્લામમાં માફ કરવા ઉપર ઘણો ભાર આપ્યો છે. કુરાને મજીદની આયતો અને હદીસોમાં ઘણી જગ્યાએ બયાન થયું છે, હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી બયાન છે કે કયામતમાં એલાન થશે કે જેના માટે ખુદા તરફથી બદલો મળવાનો છે તેઓ જન્નતમાં જાય, કહેવામાં આવશે તેઓ

કોણ છે તો જવાબ મળશે કે જેઓ લોકોને માફ કર્યા છે તેઓ વગર હિસાબે જન્નતમાં દાખલ થાય. (મજમઉલ બયાન, ભા.૧૦, પે.૩૭૯)

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે માફ કરવું અખ્લાકનો તાજ છે. (શરહે ગોરરૂલ હેકમ, પે.૫૨૦)

⇨ માફી આપવી શું દરેક જગ્યા ઉપર જરૂરી છે?

⇨ જે જગ્યાએ માફ કરવાથી સામે વાળો દુરૂપયોગ ન કરે, તેને ગુનાહો કરવાની હિમ્મત ન આવે. હદીસમાં ઈમામ અલી (અ.સ.) પણ ફરમાવે છે કે માફી તેને આપવામાં આવે કે જે પોતાના ગુનાહોને કબૂલ કરીને શરમિંદા થાય ન કે તે(ની ગુનાહ કરવાની હિંમત)માં વધારો થાય. (બિહારૂલ અનવાર, ભા.૭૫)

# હિકમત ૧૯૫
# દુનિયાની અવકાત

➪ ઈમામ અલી (અ.સ.) એક જગ્યાથી પસાર થયા જયા કચરાના ઢગલાના બાજુમાં નજાસત હતી, ત્યારે ઈમામે ફરમાવ્યું કે આ તે છે જેના સાથે કંજૂસોએ કંજૂસાઈ કરી હતી,

➪ એક બીજી રિવાયતમા છે કે ઈમામે આ રીતે ફરમાવ્યું,

➪ આ તે (નજાસત) છે કે જેને હાંસિલ કરવા માટે ગઈકાલે હરીફાઈ કરતા હતા.

➪ ઈમામ અલી (અ.સ.) આ બયાનમાં લોકોને કંજૂસાઈથી રોકે છે અને સમજાવે છે કે જે ખોરાકને તમે સૌથી સારો લઝ્ઝતવાળો સમજતા હતા, પેટમાંથી બહાર નીકળવા પછી કેટલો ગંદો અને ખરાબ હોય છે, તેથી માણસને દરેક

વસ્તુની શરૂઆત અને અંત ઉપર વિચાર કરવો જોઈએ, અને જયારે કોઈ કબ્રસ્તાનથી પસાર થાવ ત્યારે વિચાર કરો કે કાલે જે ખુશ્બુ લગાવીને હરતા ફરતા હતા કબ્રમાં તેઓના શરીરમાંથી કેવી બદબુ આવી રહી છે, વિચાર કરો કે આ દુનિયાની માદ્દી જિંદગીની ઠાઠ માઠ, શેહવતથી ભરેલી જિંદગી ખતમ થઈ ગઈ અને બસ હવે તેના કરેલા અમલના હિસાબે કબ્રમાં પડેલો છે, અને એહસાસ કરતો હશે કે શા માટે દુનિયામાં ગુનાહોમાં ડૂબેલો રહ્યો.

⇨ ઈબ્ને અબીલ હદીદ પોતાની કિતાબ શરહે નહજુલ બલાગાહમા હદીસ લખે છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ઝહાક ઈબ્ને અબી સુફયાન કેલાબીથી ફરમાવે છે કે શું તું સારો ખોરાક ખાય છે પછી દૂધ કે પાણી પણ પીવે છે?

⇨ કહ્યું હાં, યા રસુલલ્લાહ.

⇨ પછી ફરમાવ્યું કે અંતમાં તે ખોરાકનું શું થાય છે?

⇨ તે જવાબ આપ્યો કે આપ તેના વિશે બહેતર જાણો છો,

⇨ રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે અલ્લાહ દુનિયાને શબાહત આપી (સરખામણી કરી) છે તે (નજાસત)થી જયા ખોરાકનો અંત થાય છે. (એટલે આ દુનિયા તે નજાસત જેવી છે જે નજાસત જોયા પછી લોકો દૂર ભાગે છે.)

⇨ કુરાને મજીદમાં તેની તરફ સુરે અબસ આયત ૨૪માં ઈશારો થયો છે.

⇨ આ વસ્તુ દુનિયા હલકી હોવા બાબતેનું બયાન છે, અવલિયાએ ખુદા પણ હલકી દુનિયા વિશે જાત જાતના બયાન આપેલા છે.

⇨ અલ્લામા મજલીસી બિહારૂલ

અનવારમાં ઈમામ જાફરે સાદિક (અ.સ.)થી હદીસ બયાન કરી છે કે એક સહાબી હફ્સ બિન ગેયાસથી ફરમાવ્યું કે દુનિયા મારી નજરમાં મુર્દાના જેમ છે જયારે મજબૂરી હોય ત્યારે જ તેને વાપરૂં છું. પછી ફરમાવ્યું કે અય હફ્સ ! બેશક અલ્લાહ જાણે છે કે બંદા કયા કામો કરશે અને તેમનો અંત કેવો થશે

⇨ પરંતુ બંદા ગુનાહ કરે છે ત્યારે ખુદા તરતજ સઝા નથી આપતો, બલ્કે બરદાસ્ત કરે છે, પછી ઈમામ સુરે કસસ આયત ૩૮ પઢે છે આખેરત તેના માટે છે કે જેઓ ન ઘમંડ કરે છે અને ન તો ઝમીન ઉપર ફિત્ના ફસાદ ફેલાવે છે અને સારો અંત તો મુત્તકીઓ માટે છે. ત્યાર પછી ઈમામ (અ.સ.) રોવા લાગ્યા, પછી ફરમાવ્યું આ આયત હોવાને કારણે બધી ઉમ્મીદો ખતમ થઈ ગઈ. (બિહારૂલ

અનવાર, ભા.૭૫, પે.૧૯૩)

⇨ ઈમામ હસન મુજતબા (અ.સ.) જોનાદા બિન અબી ઉમય્યાથી ફરમાવ્યું, દુનિયાને એક મુર્દા જેવું સમજ, તેમાંથી જેટલી જરૂરત છે તેટલું જ લે, જો હલાલ હશે તો ઝોહદ ઈખ્તેયાર કરીશ અને જો હરામ હશે તો તેને હાંસિલ કરવામાં કોઈ ગુનાહ નહિ થાય કારણકે જરૂરત પૂરતું જ હાંસિલ કર્યું છે અને જો ખુદા તરફથી અઝાબ પણ હશે તો તે આસાન અને થોડોક હશે. (બિહારૂલ અનવાર, ભા.૪૪, પે.૧૩૯)

⇨ ઈમામની વાતમાં તે દુનિયાની મઝમ્મત કરવામાં આવી છે જેના મળવા પછી માણસ અલ્લાહ તથા લોકોના હકને અદા ન કરે, અથવા તેને હાંસિલ કરવામાં હરિફાઈ કરવામાં આવે, પરંતુ જો પોતાની મોહતાજી દૂર થવા માટે, ઈઝ્ઝતવાળી

જિંદગી વીતાવવા માટે દુનિયા હાંસિલ કરવામાં કાંઈપણ વાંધો નથી. ઉલ્ટું તે વખાણવાને લાયક છે.

# હિકમત ૧૯૬
## ઈબ્રત

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: તમારો તે માલ બેકાર નથી ગયો જે માલથી તમને ઈબ્રત અને નસીહત મળે.

⇨ ઘણી વખત માણસને માલ કે અન્ય વસ્તુઓનું નુકસાન થાય છે તેના બદલામાં ઘણું શીખવા મળે છે, અનુભવ થાય છે, અને ઘણી નસીહતો મળે છે, ઈમામ (અ.સ.) ફરમાવે છે કે ભલે તમારો જાહેરમાં થોડો માલ ગયો હોય પરંતુ તમે જે શીખ્યા તે માલ કરતા ઘણું વધારે છે તેના ઉપર અફસોસ ન કરવો જોઈએ, બલ્કે તેની નસીહત અને સબકથી આગળ ચેતીને ચાલવું જોઈએ.

⇨ જે મુસીબતથી નસીહત મળે તેને અલ્લાહની રહેમત સમજવી જોઈએ, અને

જો મુસીબત ગુનાહથી દૂર ન કરે અને પરવરદિગારથી નજીક ન કરે તો તે મોટી મુસીબત છે.

⇨ અને જો કોઈ મુસીબત ઉપર સબ્ર અને શુક્ર કરે તો તેને શુક્ર ગુજારોનો સવાબ મળે છે.

⇨ એક બીજી હદીસમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે જે માલ તારો ચાલ્યો ગયો અને તેનાથી નસીહત મેળવી હોય તો હકીકતમાં તે નથી ગયો, બલ્કે તેના બદલ શુક્ર કરવો જોઈએ. (ગોરરૂલ હેકમ, હ.૮૪૦૪)

⇨ આ દુનિયા ઈબ્રતની જગ્યા છે તેમાંથી હોંશિયાર માણસ સબક હાંસિલ કરે છે અને બાકીના જોઈને પસાર થઈ જાય છે.

# હિકમત ૧૯૭
## રૂહની તાજગી

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: શરીરના જેમ આ દિલ (રૂહ) પણ થાકે છે, જયારે એવું બને ત્યારે સારા સારા હિકમતના બયાનની તલાશ કરો.

⇨ આ હિકમતમાં ઈમામ (અ.સ.) તે છુપા રાઝ વિશે બયાન ફરમાવ્યું છે કે જેના વિશે દરેક માણસ ઝબાન નથી ખોલતો કેમ કે તેના વિશે બધા જાણતા નથી અને તે રૂહ છે.

⇨ માણસ ત્યારસુધી જીવતો છે જ્યાર સુધી શરીરમાં રૂહ હોય છે, શરીર જેમ બીમાર પડે છે અને થાક અનુભવે તે પ્રમાણે રૂહ પણ થાક અનુભવે છે, આજના પ્રગતિ શીલ ઝમાનામાં સાઈન્સ શરીરની બીમારી અને થાક દૂર કરવા માટે

ઘણી બધી દવાઓ અને ઉપાયો કર્યા છે, પરંતુ રૂહને તંદુરસ્ત બનાવવા માટે કોઈ રસ્તો નથી કાઢી શક્યા, ઈમામ (અ.સ.) રૂહ તંદુરસ્ત અને તાજી રહે તેના માટે ફરમાવે છે કે સારી વાતો, સારા કલામ જેમાં હિકમત ભરી વાતો હોય તેને સાંભળવામાં આવે, ઈલ્મ, ઈબાદત અને અલ્લાહની ઈતાઅતથી થાક દૂર થાય છે તેમજ રિવાયતોમાં મુસાફરી કરવાથી અને જાએઝ મજાકથી પણ રૂહમાં તાજગી આવે છે.

⇨ નબી (સ.અ.વ.) ફરમાવે છે કે ત્રણ વસ્તુ માણસની શખ્શીયતની નિશાની છે,

૧) બીજા ઉપર માલ ખર્ચવો

(મોહતાજ અને જરૂરતમંદની જરૂરત પૂરી કરીને સુકુન મળે છે)

૨) સારા અખ્લાક

(સારા અખ્લાકથી દરેક સાથે પેશ



અનુક્રમણિકા

આવો ચાહે કોઈ અમીર હોય કે ગરીબ, નાના હોય કે મોટા, પોતાના હોય કે પારકા...)

3) એવો મઝાક જેમાં ગુનાહ ન હોય. (બિહારૂલ અનવાર, ભા.૭૩, પે.૧૧૩)

⇨ મઝાક એવો હોય જેનાથી કોઈને તકલીફ અને નુકસાન ન પહોંચે અને એક દમ વધારે પણ ન હોવો જોઈએ જેનાથી એકબીજાનો એહતેરામ ખતમ થઈ જાય, ખુદા માટે તેમજ કોઈ માટે ગુસ્સાનું કારણ પણ ન બને...

⇨ જંગલમાં રહેનાર અરબ નબી (સ.અ.વ.) પાસે આવીને તોહફો આપે છે, પછી કહે છે કે મને તે તોહફાની કિંમત આપો, નબી (સ.અ.વ.) તેની આ વાત સાંભળીને હસવા લાગ્યા. નબી (સ.અ.વ.) ક્યારેક ગમગીન થતા તો કહેતા કે તે અરબ ક્યાં છે? કાશ કે તે મારી

પાસે આવે. (કાફી, ભા.૨, પે.૬૬૩)

⇨ એવી મજાક જેનાથી ખુશી થાય અને તેમાં કોઈની બેઈઝ્ઝતી ન થતી હોય અને કોઈ પ્રકારનો ગુનાહ પણ ન થતો હોય તે સારી વસ્તું છે.

# હિકમત ૧૯૮

## હકના લિબાસમાં બાતિલ

⇨ ઈમામ અલી (અ.સ.) ખારજીઓનો નારો ‘‘લાહુકમ ઈલ્લા લિલ્લાહ’’ સાંભળ્યો તો ફરમાવ્યું કે વાત સાચી છે પરંતુ તેનો અર્થ ખોટો લીધો છે.

⇨ ઈમામ (અ.સ.)ના કલામ વિશે બયાન કરવા પહેલા એ જાણવું જરૂરી છે કે ઈમામે આ બયાન ક્યારે ફરમાવ્યું? ઈમામ (અ.સ.) જંગે સિફ્ફીનથી પાછા ફર્યા હકમૈનનો બનાવ બની ગયો ત્યાર પછી મસ્જિદમાં ખુત્બો પેશ કરી રહ્યા હતા તે દરમિયાન ખૂણામાંથી એક માણસ ‘‘લાહુકમ ઈલ્લા લિલ્લાહ (અલ્લાહના હુકમ સિવાય કોઈનો હુકમ નથી)’’નો નારો બુલંદ કર્યો, પરંતુ ઈમામ ખામોશ રહ્યા અને કોઈ જવાબ ન આપ્યો, થોડીક

વાર પછી બીજા ખૂણાથી આ નારાનો અવાજ આવ્યો ઈમામે તેના તરફ કોઈ ધ્યાન ન આપ્યું, જ્યારે જોયું કે ઈમામ તરફથી કોઈ જવાબ નથી તો છેલ્લે તે સભામાં જેટલાં ખવારીજ હતા બધા સાથે મળીને ''લાહુકમ ઈલ્લા લિલ્લાહ (અલ્લાહના હુકમ સિવાય કોઈનો હુકમ નથી)''નો અવાજ બુલંદ કર્યો, ત્યારે ઈમામ (અ.સ.) ફરમાવ્યું આ વાત હક છે પરંતુ તેનો અર્થ બાતિલ લેવામાં આવ્યો છે.

⇨ હું ત્રણ વસ્તું તમારા માટે રાખું છું

૧) જ્યાર સુધી તમે અમારા સાથે છો ત્યાર સુધી મસ્જિદમાં અવર જવર અને અમારા સાથે નમાઝ પઢવું બંધ નહી કરાવું.

૨) જયાર સુધી અમારા સાથી છો બયતુલ માલથી તમારો ભાગ બંધ નહી

કરૂં.

3) જો તમે જંગને શરૂ નહી કરો તો અમે પણ તમારી સાથે જંગ નહી કરીએ.

⇨ પછી ઈમામે ફરમાવ્યું અલ્લાહની કસમ હું ગવાહી આપું છું કે સાચા નબી (સ.અ.વ.) એ મને રૂહુલ અમીન ફરિશ્તાથી જે ખબર મળી તે આપી છે કે એક ટોળું તમારામાંથી થોડાક કે વધારે મારા સામે જંગ કરશે અને તેમની મૌત મારા હાથે થશે. (શરહુલ અખબાર, ભા.૨, પે.૯)

⇨ ખવારીજે કુરાને મજીદની આયતને ખોટી જગ્યાએ લાગુ પાડી છે અને ઈમામ (અ.સ.) તેઓને સમજાવ્યા, પરંતુ ઈમામ (અ.સ.)ની વાત ન માની અને ગુમરાહ થઈ ગયા.

⇨ ઈમામ સામે જંગે નહેરવાન કરી પ્યારા નબી (સ.અ.વ.) બતાવ્યા પ્રમાણે ઈમામ

અલી (અ.સ.)ના હાથે તેઓ કતલ થયા.

⇨ ઈમામ (અ.સ.)ની વાત ન માનવના લીધે દુનિયામાં મૌત અને આખેરતમાં જહન્નમી બન્યા.

⇨ સાચી કામ્યાબી ઈમામ (અ.સ.)નું માનવું અને તેમની પેરવી કરવામાં છે.

# હિકમત ૧૯૯
# ભીડ વિશે

⇨ ઈમામ અલી (અ.સ.) બજારમાં લાગતી ભીડ વિશે ફરમાવે છે કે આ તે લોકો છે કે જ્યારે ભીડ રૂપે આવે ત્યારે ચારે તરફ છવાઈ જાય છે અને જ્યારે ભીડથી જુદા થઈ જાય ત્યારે તેમને કોઈ ઓળખતું નથી.

⇨ એક બીજી રિવાયત પ્રમાણે ઈમામ ફરમાવ્યું કે જ્યારે ભીડ સાથે હોય ત્યારે લોકોને નુકસાન પહોંચાડે છે અને જ્યારે એકલા હોય ત્યારે બીજાઓ માટે ફાયદાકારક હોય છે.

⇨ લોકોએ પૂછ્યું કે ભીડના નુકસાનને તો અમે જાણીએ છીએ પરંતુ એકલા હોય તો ફાયદો કેવી રીતે પહોંચાડે?

⇨ ઈમામે ફરમાવ્યું કે લોકો પોતપોતાના

કામો કરવા લાગે  જેથી લોકોને ફાયદો પહોંચે, જેમ કે કડિયો પોતાના કામ કરીને, રોટી બનાવનાર રોટી બનાવીને, કપડાં વણનાર પોતાનું કામ કરીને. (હકીકતમાં આ લોકો પોતાના કામો કરીને લોકોને ફાયદો પહોંચાડે છે. જો કામ બંધ હોય તો ઈકોનોમી–આર્થિક કામકાજો ઠપ થઇ જાય જેનું નુકસાન સરકાર અને વસ્તી બધાને થાય છે.)

⇨ ભીડ જે કોઈના ઉશકેરવાના લીધે જમા થાય તેના નુકસાન વિશે ઈમામ ફરમાવે છે ભીડમાં લોકો અક્કલથી કામ નથી લેતા જે ભડકાવે તેના મુજબ વિરોધીઓને નુકસાન પહોંચાડે છે તેઓ એ નથી જોતા સારૂ કરીએ છીએ કે ખરાબ, કોઈની જાન જાય છે કે કોઈનું માલી નુકસાન? આવી ભીડ સમાજ અને દેશ તેમજ બધા માટે નુકસાનકારક છે.

➪ લોકોના ત્રણ પ્રકાર છે

૧) જે લોકો અક્કલમંદ અને હોંશિયાર જે બીજાઓના કહેવામાં નથી આવતા.

૨) નેક સ્વભાવ અને સારા અખ્લાકવાળા જે ખરાબ લોકોનો સાથ નથી આપતા.

૩) જે લોકો સારા ખરાબનું વિચાર નથી કરતા અને તેઓની તરબીયત સારી નથી હોતી, લોકોના કહેવામાં આવીને પોતાનું અને બીજાનું નુકસાન કરી બેસે છે.

➪ આ પ્રકારના લોકો માટે ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે કે તેઓ અહમક (કમઅક્કલ) છે દરેક અવાજ આપનારની પાછળ વગર મક્સદે દોડવા લાગે છે જે તરફ પવન હોય તે તરફ દોડવા લાગે છે આ લોકો ઈલ્મના નૂરથી ફાયદો નથી ઉઠાવ્યો અને ન મજબૂત સહારાથી પનાહ મેળવી છે. (હિકમત ૧૪૭) આ ત્રીજા પ્રકારના લોકો દુશ્મનના હથિયાર બની

જાય છે અને ફિત્ના ફસાદ કરનારા પોતાના ફાયદા માટે આવા કમઅક્કલ (મૂર્ખ) લોકોનો ઉપયોગ કરે છે જેનું બહુજ મોટું નુકસાન બધાને ઉપાડવું પડે છે.

⇨ અક્કલમંદ બનીને દરેક સારા બોલવાવાળા પાછળ કે પછી દીન અને સમાજમાં ભાગલા પાડવા વાળા પાછળ ન દોડવું જોઈએ, બલ્કે જે દીને ખુદા અને સમાજને નુકસાન પહોંચાડે તેનાથી દૂર રહીને પોતાની એક જવાબદારી પૂરી કરવી જોઈએ.

# હિકમત ૨૦૦
# તમાશો જોનાર

⇨ ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે: જયારે આપની પાસે એક મુજરિમ ગુનેહગારને લાવવામાં આવ્યો, જેનો તમાશો ઘણા લોકો જોવા આવ્યા ત્યારે આપે ફરમાવ્યું: એ ચહેરાઓ પર ફટકાર છે જેઓ ફક્ત બુરાઈના પ્રસંગે જોવા મળે છે.

⇨ આ એક એવો કલામ છે જે આગળ બયાન કરેલ હિકમતને સંપૂર્ણ કરે છે, જયારે એક ગુનેહગાર મુજરિમને ઈમામ પાસે સઝા માટે લઈને આવ્યા, ત્યારે ઘણા બધા તમાશો જોવા માટે હાજર થઈ ગયા ત્યારે ઈમામે આવા લોકોને ખિતાબ કરીને ફરમાવ્યું કે આવા ચહેરા ઉપર ફટકાર અને અફસોસ છે જે ફક્ત બુરાઈની જગ્યાએ

જોવા મળે છે.

➪ હા, આ એક સાચી હકીકત છે, અને આવી વસ્તુ દરેક સમાજમાં જોવા મળે છે અને અત્યારના સમયમાં પણ આપણે જોઈએ છીએ કે જયારે બે માણસો ઝઘડો કરે ત્યારે લોકો તમાશો જોવા આવી જાય છે, બે પડોશી ઝઘડે ત્યારે લોકો સાંભળવા પહોંચી જાય છે, આજના મોબાઈલના જમાનામાં તો મોટી મુસીબત એ છે કે લોકો વિડિઓ બનાવવા લાગે છે પરંતુ કોઈ સમાધાન નથી કરાવતું, કોઈ તેઓને ચુપ નથી કરાવતું કેમકે લોકોને આવા તમાશા જોવા ગમે છે.

➪ ઈમામ (અ.સ.) આવા લોકો ને ફટકાર લગાવે છે અને તેમની ઉપર અફસોસ કરે છે અને કહે છે કે હું આવા લોકોથી નફરત કરૂ છું.

➪ આ હદીસની વિગત આ રીતે

કિતાબમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ઈમામ (અ.સ.) જયારે બસરામાં હતા ત્યારે એક માણસે દારૂ પીધુ તેની ઈમામ (અ.સ.)ને જાણ થઈ, તેથી ઈમામેં હુકમ આપ્યો કે આને તેના ગુનાહની સઝા બદલ ચાબુકો મારવામાં આવશે, આ વાતની જયારે લોકોને ખબર પડી તો લોકોની ભીડ ભેગી થઈ ગઈ, ત્યારે ઈમામ (અ.સ.) કંબર કે જે ઈમામ (અ.સ.)ના સહાબી હતા, તેમને પૂછ્યું કે આ લોકો કેમ ભેગા થયા છે? કંબર જવાબ આપ્યો કે આ લોકો ગુનેહગારનો તમાશો જોવા આવ્યા છે ત્યારે ઈમામ (અ.સ.) તેમની સામે જોઈને ફરમાવે છે, આ લોકો ઉપર અફસોસ છે અને આ લોકોને મારાથી દુર કરો.

⇨ ઈમામની સરકાર ચલાવાની રીત અને બીજા બાદશાહ કે નેતાની હુકુમત

કરવાની રીતમાં ઘણો ફર્ક છે, આવા સમયે લોકોને આવી વસ્તુથી ઈબ્રત હાંસિલ કરવી જોઈએ, ઈમામ (અ.સ.)એ ફરમાવવા માંગે છે કે કોઈનો તમાશો ન જોવો,

⇨ અને આજના હુકુમતવાળા પૈસા આપીને ભીડ ભેગી કરે છે અને તમાશા માટે લોકોને બોલાવે છે તે બિલકુલ ખોટી રીત છે તે ઈમામ (અ.સ.) સમજાવવા માંગતા હતા.

# હિકમત ૨૦૧
# હિફાઝત કરનાર ફરિશ્તા

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: દરેક ઈન્સાનની બે ફરિશ્તાઓ હિફાઝત કરે છે (ધ્યાન રાખે છે) પણ જયારે મોતનો સમય આવે છે ત્યારે બંને સાથ છોડીને ચાલ્યા જાય છે જાણે કે તે બંને ફરિશ્તા મોત સુધી જ ઢાલ બનેલ હતા. (ધ્યાન રાખવાવાળા હતા).

⇨ આ નુરાની કલામ ઈમામ (અ.સ.)એ વાત તરફ ધ્યાન દોરે છે કે ઈન્સાન એ વસ્તુ થી ગાફિલ છે કે તેનું બે ફરિશ્તાઓ ધ્યાન રાખે છે બધીજ પરેશાની અને બલાથી બચાવીને રાખે છે અને જયારે તેની મોત નો સમય આવે છે ત્યારે તે બંને ચાલ્યા જાય છે.

⇨ હદીસ અને કુરાનમાં ઈન્સાનની મોતના બે પ્રકાર બયાન થયા છે.

૧) અચાનક મોત જેમ કે એક્સિડન્ટ, ધરતીકંપ અથવા અલ્લાહના અઝાબના લીધે બધાની મૌતનું સાથે આવવું અને આખી કોમનું મરી જવું.

૨) જયારે ઈન્સાન ને ખબર હોય છે કે હવે સકરાત નો સમય છે તેને ખબર છે કે બસ હવે તેને મરવાનું છે અને તે કઈ નથી કરી શકતો.

⇨ આ બંને ફરિશ્તાઓ બચપણથી લઈને આખરી સમય સુધી બધીજ જગ્યા ઉપર આપણી હિફાઝત કરે છે કયારેય કોઈ પરેશાની તકલીફ બીમારી આવે છે તો આ બંને ફરિશ્તાઓ ઢાલ બની જાય છે અને આપણું ધ્યાન રાખે છે.

⇨ આ હદીસ કુરાને મજીદની આયત સુરે રઅદ આયત ૪ નો મતલબ સમજાવી

રહી છે તેમાં પણ આવી વાત બયાન થઈ છે (બેશક જો તેઓ (ફરિશ્તાઓ) ન હોત તો બચપણથી લોકો તકલીફ અને પરેશાનીમાં ઘેરાયેલા રહેત, પરંતુ અલ્લાહની મહેરબાનીના લીધે તેઓ સહીહ સલામત છે)

⇨ અને ઈમામ (અ.સ.)ના ફરમાન મુજબ જો હદીસ અને કુરાનની આયત બંને એક જેવી હોય તો સમજવું કે હદીસ બિલકુલ બરાબર છે અને જો હદીસ અને કુરાનમાં તફાવત દેખાય, એક બીજાની વિરૂદ્ધ હોય  તો તે હદીસ બરાબર નથી તેમ સમજવું જોઈએ.

⇨ બીજી એક હદીસમાં ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) હજી વધારે ચોખવટ સાથે સમજાવે છે:

⇨ તે ફરિશ્તાઓ અલ્લાહના હુકમથી ઈન્સાનનું ધ્યાન રાખે છે જે જગ્યા ઉપર

તેની ઉપર દીવાર પડવાની હોય અથવા કોઈ અચાનક તકલીફ આવવાની હોય અને જો તેની મોતનો સમય ન આવ્યો હોય તો તે ફરિશ્તાઓ તેને બચાવી લે છે અને જો તેની મોત નો સમય આવીજ રીતે અચાનક નક્કી થયેલ હોય તો તે ફરિશ્તાઓ ત્યાંથી હટી જાય છે અને તે આ હાદસા (અકસ્માત)માં મરી જાય છે, આ બે ફરિશ્તા રાત દિવસના અલગ અલગ હોય છે. (તફસીરે બુરહાન, ભા.૩, પે.૨૩૫)

⇨ અહિંયા એક વાતનો ઝિક્ર કરવો જરૂરી છે કે જયાં સુધી આપણે કોઈ પણ ખતરાથી બચી શકતા હોય ત્યાં સુધી બચવું જરૂરી છે, એમ નહી કે મોત આવાની છે ચાલો ગાડી જલ્દી ચલાવીએ, એ બિલકુલ યોગ્ય અને બરાબર નથી, જો આ રીતે કરશે તો તેને આત્મહત્યા

કહેવાશે, આપણે ધીમે ધીમે ગાડી ચલાવી શકતા હતા તો પણ ન ચલાવી અને મરી ગયા, આ દાખલારૂપે છે, આવીજ રીતે બધી વસ્તુમાં જેટલું આપણે ધ્યાન રાખી શકતા હોય રાખવું જોઈએ. અલ્લાહે આપેલી જિંદગી એક અમાનત છે તેનો દરેક રીતે ખયાલ રાખવો આપણી જવાબદારી છે.

# હિકમત ૨૦૨

## તલ્હા અને ઝુબૈરને જવાબ

⇨ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છેઃ જયારે તલ્હા અને ઝુબૈરે માંગણી કરી કે અમે બયઅત કરીએ છીએ, પરંતુ અમને ખિલાફતમાં ભાગ આપવો પડશે, તો આપ (અ.સ.) જવાબમાં ફરમાવે છેઃ ના, હરગિઝ નહિ (ખિલાફતમાં તમારો કઈ હિસ્સો નથી) તમે ખિલાફતને મજબૂત કરવામાં તથા જરૂરતના સમયે મદદ કરવામાં મારી સાથે રહો.

⇨ તલ્હા અને ઝુબૈર જયારે મૌલા અલી (અ.સ.) પાસે બયઅત કરવા આવે છે ત્યારે ઈમામ કહે છે મને ડર લાગે છે કે તમે બયઅત તોડી નાખશો?

⇨ તે બંને કહે છે, ના બિલકુલ ડરવાની જરૂરત નથી, તે મુમ્કીન નથી કે અમે બયઅત તોડીએ, પછી ઈમામ ફરમાવે છે અલ્લાહ આ વાત ઉપર હાજીર નાઝીર છે, થોડાક સમય પછી આ બંને ઈમામ પાસે આવે છે અને કહે છે કે ઉસ્માનની ખિલાફતમાં અમારી ઉપર ખુબજ ઝુલ્મ થયો છે અને તે હંમેશા બની ઉમીય્યાનો સાથ આપતો હતો, તો હવે તમારા હાથમાં ખિલાફત છે તેથી તેમાં અમુક હિસ્સો અમને આપો, તે વખતે ઈમામ ફરમાવે છે હું વિચારીને જવાબ આપીશ, પછી જયારે તે બીજી વખત પૂછવા આવે છે ત્યારે ઈમામ જવાબ આપે છે કે હું મારી સાથે તેમને ભાગીદાર બનાવીશ જે દીનમાં પાક્કો હોય અને અમાનતદાર હોય.

⇨ હકીકતમાં તે બંનેને કુફા અને

બસરાની હુકુમત જોઈતી હતી અને અંદર ખાને બંને મુઆવીયાથી મળી ગયા હતા અને આ ત્રણ જણા મળીને અડધી મુસ્લિમ હુકુમત ઉપર કબ્ઝો કરવા માંગતા હતા, કુફા બસરા મળીને ઈરાક ઉપર અને શામ તો મુઆવિયાના હાથમાં હતું એટલે મુઅવિયા આ બંનેને પત્ર લખે છે જેમાં ઝુબૈરને ખલીફા નું નામ આપી અને તેના નામ ઉપર શામમાંથી બયઅત લીધી છે, અને તે કહે છે હું મુઆવિયા તમને ખલીફા સમજું છું તે કહીને ઈમામ સામે જંગનું એલાન કરવાનું કહે છે, પહેલા તો તે લોકો ઈમામ પાસે હુકુમત માંગી ઈમામે ન આપી, પછી એ લોકો જંગ જમલ કરીને ઈમામ પાસેથી હુકુમત હાંસિલ કરવાની કોશિશ કરી જેમાં તે નાકામ રહ્યા અને મુઆવિયા તો પહેલેથી આ બંનેની સાથે હતો આવી રીતે તેઓ હુમુક્તમાં કબ્ઝો

કરવાની ઈચ્છા ધરાવતા હતા.

⇨ ઈમામને આ વાતની જાણકારી હતી એટલે ઈમામ ફરમાવ્યું હતું કે તમે અમાનતમાં ખયાનત કરવાના છો એટલે તેમને આ હુકુમતમાં ભાગીદારી નહિ મળે.

# હિકમત ૨૦૩

## ખુદા થી ડર, અને મોત

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: અય લોકો ! ખુદાથી ડરો કે જો તમે બોલો છો તો તે તમારી વાતોને સાંભળે છે અને જે તમારા દિલમાં રાખો છો તે વાતોને જાણે છે (તેનાથી કોઈ પણ ભેદ છુપો નથી) અને મોતની તરફ આગળ વધી રહ્યા છો, જો તમે તેનાથી ભાગવા ચાહો તો પણ તે તમારા સુધી પહોંચી જશે અને જો તમે રોકાઈ જશો તો પણ તે તમને પકડી લેશે અને જો તમે મૌતને ભૂલી જશો તો તે તમને યાદ રાખશે.

⇨ આ નુરાની બયાનમાં મૌલા અલી (અ.સ.) બે વાતનો ઝિક્ર કરે છે,

⇨ એક અલ્લાહ જે બધીજ વસ્તુ ની



અનુક્રમણિકા

www.hajinaji.com

જાણકારી રાખે છે, અને બીજી વસ્તુ મોત જે આવવાની છે ચાહે મોત માટે તૈયાર હોય કે ન હોય.

⇨ અય લોકો અલ્લાહથી ડરો, જો તમે કશું પણ બોલો છો તો તે તમારી વાતને સાંભળે છે, અને જો તમે તમારા દિલમાં કઈ છુપાવીને રાખ્યું છે ભલે બીજા કોઈને ખબર ન હોય તો પણ અલ્લાહ તમારા તે ભેદને જાણે છે.

⇨ કુરાનમાં આવ્યું છે કે અલ્લાહ તમારા ગળાની રગ કરતા પણ વધારે નજીક છે, તો સમજવા જેવી વાત એ છે કે બધાજ કરતા વધારે અલ્લાહ આપણાથી નજીક છે, જેને આપણે ભૂલી જઈએ છીએ, પરતું અલ્લાહ નથી ભૂલતો, હંમેશા આપણી સાથે રહે છે, આપણે અલ્લાહને યાદ કરીએ કે ન કરીએ, અલ્લાહ બધીજ વસ્તુની ખબર રાખે છે, અને કયામતના

દિવસે આમાલના વિશે પૂછવામાં આવશે જો કોઈ પણ કામ છુપાવવા માંગશું તો પણ અલ્લાહ સામે જાહેર થઈ જશે. તેથી યાદ રાખવું જોઈએ કે અલ્લાહથી કોઈ પણ વસ્તુ છુપી નથી, આપણે બીજી વસ્તુઓ ને તો યાદ રાખીએ છીએ કે પરતું અલ્લાહને ભૂલી જઈએ છીએ.

⇨ કુરાન મજીદ સુરે મુજાદેલા આ.૭માં અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છે ( શું તમે નથી જાણતા? જે વસ્તુ જમીન અને આસમાનમાં છે તે બધીજ વસ્તુની અલ્લાહ જાણકારી રાખે છે, અને જયારે ત્રણ લોકો આપસમાં વાતો કરો છો તો ચોથો અલ્લાહ હોય છે, અને જયારે પાંચ લોકો આપસમાં ગુફ્તગુ કરે છે તો છઠ્ઠો અલ્લાહ હોય છે તમે વધારે હોય કે ઓછા હોય એ તમારી સાથે છે, પછી ભલે તમે કોઈ પણ જગ્યા ઉપર કેમ ન હોવ, અને

કયામત ના દિવસે એ તમારા અમાલને તમારી સામે લઈ ને આવશે કેમકે અલ્લાહ બધીજ વસ્તુનો જાણકાર છે)

⇨ એવીજ રીતે મોત ના વિશે કુરાનમાં આવ્યું છે સુરે જુમ્મા આ.૮માં (કહોઃ એ મોત કે જેના થી તમે ભાગો છો આખીર કાર એ તમને મળવાની છે અને પછી તમને અલ્લાહની બારગાહમાં પેશ કરવામાં આવશે જે તમારી બધી છુપી અને જાહેર વાતોને જાણે છે અને તમને જાણકારી આપવામાં આવશે કે તમે દુનિયામાં શું કરતા હતા.)

⇨ આનાથી ખબર એ પડે છે કે જેની પાસે સારૂં ઈમાન અને સારો અકીદો હોય છે તે હમેશા અલ્લાહને યાદ રાખશે અને મોતને કદી પણ ભૂલશે નહિ શૈતાનની વાતોમાં નહિ આવે ગુનાહ નહિ કરે.

⇨ મોત પછી કયામત ના દિવસે જે પણ

કઈ નાના મોટા કામ કર્યા હશે તેનો બદલો મળશે, જો હંમેશા બધાજ સારા કામ કર્યા હશે તો કઈ વાંધો નહિ આવે, અને જો કોઈ એક નાનો એવો ગુનોહ કર્યો હશે ભલે પછી કોઈને પરેશાન કર્યા હશે તો તેની સજા પણ મળશે.

# હિકમત ૨૦૪

## નાશુક્રી

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: ખબરદાર ! જો કોઈ સારા કાર્યનો શુક્રિયા અદા ન કરે તો તેણે ભલાઈનું કામ કરવામાં નાઉમેદ ન થઈ જા / ઠંડો ન પડી જા, બની શકે તમારો શુક્રિયા એ લોકો અદા કરે જે તમારી ભલાઈનો લાભ ન ઉઠાવ્યો હોય, અને જેટલા પ્રમાણમાં નાશુકરી કરનારે તમારો હક બરબાદ કર્યો છે, તેના કરતા વધારે આ કદર કરનારના આભારથી તમારો હક અદા થઈ જશે, ''અને ખરેખર અલ્લાહ નેક કામ કરનારને પસંદ કરે છે.''

⇨ આ હદીસમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે કે તમે લોકોની મદદ કરતા હોવ, જરૂરત વખતે કામ આવતા હોવ લોકો ચાહે

તમારો શુક્રિયા અદા કરે કે ન કરે, તમો તમારૂ આ સારૂં કામ કરતા રહો, અને લોકોથી કઈ પણ આશા ન રાખો, અને કયારેક એવું પણ બને છે કે જેની પાસેથી તમો શુક્રિયાની આશા નથી રાખી એ તમારો આભાર માને, અને તે આભાર અદા ન કરનાર કરતા પણ વધારે હોય છે, આ ભાઈ તમને માન અને ઈઝ્ઝત આપશે જેની સાથે તમે નેકી પણ નથી કરી. અને સૌથી મોટો ફાયદો એ છે કે અલ્લાહ નેકી કરનારને ખુબજ વધારે પસંદ કરે છે અને દોસ્ત રાખે છે.

⇨ લોકોના બે પ્રકાર છે.

⇨ એક એ લોકો જે આશા તો રાખે છે એમની સાથે નેકી કરવામાં આવે, પરતું જયારે તેમની સાથે નેકી કરવામાં આવે છે ત્યારે તેઓ આભાર અને શુક્રિયા અદા નથી કરતા, નેકી કરનારની કદર નથી

કરતાં, અને કહે છે કે હજી વધારે મળ્યું હોત તો કેવું સારૂં હતું, અથવા તેઓ એમ કહેતા હોય છે કે આની કરતા બીજી કોઈ વસ્તુ મળી હોત તો કેવું સારૂં થાત, યા એમ કહે છે કે તે ભાઈ નેકી કરી તેમાં નવીન શું છે તેમની તો જવાબદારી હતી કે તે નેકી કરે વગેરે... અને મદદ કરનારનો શુક્રિયા અદા નથી કરતા.

⇨ બીજું ગ્રુપ એ છે કે જે નેકીનો શુક્ર કરે છે ચાહે તમે એમની સાથે નેકી કરો અથવા બીજા કોઈ સાથે નેકી કરો તે તમારા વખાણ કરે છે અને આભાર માને છે, અને બીજા લોકોને એમ કહે છે કે ફલાણા ભાઈ કેવા સારા છે જે લોકોની મદદ કરે છે... કેવું સરસ મજાનું દાન કરે છે, તેમનો અખ્લાક કેવો સારો છે, બધાને ફાયદો પહોંચાડે છે... પોતાના સગા સબંધીઓનું ધ્યાન રાખે છે આવા સારા લોકો આજના

સમયમાં ક્યાં જોવા મળે છે!

⇨ ઈન્સાનને નેકી કરતુ રહેવું જોઈએ, જયારે પણ કોઈ ઈન્સાન નેકી કરે છે તો તેને અલ્લાહ તરફથી આ કામની તોફીક મળે છે એમ સમજી ને કરે, નહિ તો આ દુનિયામાં કેટલાય માલદાર પડ્યા છે જેને નેકી કરવાનો મોકો નથી મળતો. અને પછી જયારે કોઈ ઈન્સાન નેકી કરે છે તો અલ્લાહ કહે છે હું નેકી કરનારને દોસ્ત રાખું છુ, એનો મતલબ અલ્લાહ તમને દોસ્ત રાખે છે.

⇨ તો નેકી કરતા રહો લોકોને ફાયદો પહોંચાડતા રહો કોઈ તમારો આભાર માને કે ન માને અલ્લાહ તમને ચાહે છે.

⇨ નેકી એટલે એ દરેક કામ જેનાથી બીજા લોકોને દુનિયા અથવા આખેરતમાં ફાયદો પહોંચે, ખાલી પૈસાની મદદ જ નેકી ન કહેવાય, એ બધીજ વસ્તુ જે

સામેવાળી વ્યક્તિને ફાયદો પહોંચાડે તેને નેકી કહેવાય.

⇨ બધાજ કરતા વધારે જો નાશુક્રી થઈ હોય તો નબીઓની સાથે ખાસ કરીને આપણા છેલા નબી (સ.અ.વ.)ની સાથે અને આપણા ઈમામો (અ.મુ.સ.)ની સાથે, આ બધીજ મહાન હસ્તીઓએ લોકોની કેટલી બધી મદદ કરી, પરતું લોકોએ શું કર્યું તે આપણે બધાને ખબર છે, તો પણ આ મહાન હસ્તીઓએ પોતાના કાર્યને બંધ કર્યું નહિ, બલ્કે વધારેમાં વધારે લોકોની મદદ કરી.

⇨ આપણને સબક મળે છે કે લોકો આપણી કદર કરે કે ન કરે, આભાર વ્યક્ત કરે કે ન કરે, નાનું દિલ કરવાની જરૂરત નથી, અલ્લાહના ત્યાં આપણી મહેનતનો અજર રાખેલો છે. અને અલ્લાહ બંદાઓ કરતાં વધારે સારો અજર આપનાર છે.

# હિકમત ૨૦૫
# ઈલ્મનું ઝર્ફ (વાસણ) વિશાળ છે

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: દરેક વાસણ કે તેમાં જે રાખવામાં આવે તેનાથી સમાવેશની જગ્યા ઓછી થતી જાય છે, પરંતુ ઈલ્મનું વાસણ (ઝર્ફ) જેમાં ઈલ્મ આવે તેમ વિશાળ થતું જાય છે. (એટલે ઈલ્મ હાંસિલ કરવાની લાયકાત વધતી જાય છે.)

⇨ ઈમામ (અ.સ.)ના આ નુરાની કલામમાં ફરમાવે છે કે જે પણ વાસણમાં આપણે ખાવાનું બનાવીએ તેમાં અમુક પ્રમાણ સુધીજ જગ્યા હોય છે, જો વધારે ખાવાનું બનાવવું હોય તો વાસણ મોટું લાવવું પડે છે, અહીંયા ઈમામ એ ઝર્ફની

વાત કરે છે જેને દુનિયામાં લોકોએ બનાવ્યું છે પછી તે વાસણ હોય અથવા વાસણ જેવી બીજી કોઈ વસ્તુ જેને લોકોએ બનાવેલ છે તેમાં એક ખાસ મહેદુદ જગ્યા હોય છે, ભલે પછી માણસ ગમે તેવી ટેક્નોલોજી બનાવી દે તો પણ તે મહેદુદ જ હોય છે જેમ કે કોમ્પ્યુટર હોય કે મોબાઈલ, તેમાં અમુક જીબીની જગ્યા હોય, તેમાં એટલી જ વસ્તું ડાઉનલોડ થશે જેટલી જગ્યા હશે, પરંતુ જયારે ઈલ્મ અને જ્ઞાન તમારા દિલ અને દિમાગમાં નાખશો ત્યારે તેમાં દિલ અને દિમાગમાં જગ્યા ઓછી નહી થાય, બલ્કે તેમાં વિશાળતા આવતી જાય છે, તમે જેટલું પણ ઈલ્મ હાંસિલ કરતા જાવ કોઈ દિવસ તમારૂ દિલ અને દિમાગ ભરાતું નથી, એટલે તો કહેવામાં આવે છે કે જેની પાસે ઈલ્મ હોય તે કદી પણ ઉતાવળ નથી

કરતો, અને બધીજ વસ્તુનો સરખો અને યોગ્ય જવાબ આપે છે, અને જયારે કોઈ ઈલ્મ શીખે છે ત્યારે ઈલ્મના એક દરવાજામાંથી ઘણા બધા દરવાજા ખુલતાં જાય છે અને ધીમે ધીમે તે એક ઈલ્મમાંથી ઘણું બધું ઈલ્મ પ્રાપ્ત કરી લે છે.

⇨ બીજી એક હદીસમાં રસૂલેખુદા (સ.અ.વ.) ઈલ્મનું મહત્વ બયાન કરે છે ‘‘બે પ્રકારના ભૂખ્યા લોકો છે અને તેમનું પેટ ક્યારેય ભરાતું નથી. એક, ઈલ્મને શીખવાવાળા અને બીજા દુનિયા અને માલ હાંસિલ કરનાર.’’ (બિહારૂલ અનવાર, ભા.૧, પે.૧૮૩)

⇨ ઈન્સાન પાસે જેટલું પણ ઈલ્મ આવે તેનું મન ભરાતું નથી, તે હજી વધારે ઈલ્મ હાંસિલ કરવા માંગે છે અને ઈન્સાનની કામ્યાબી એમાં જ છે કે તે હંમેશા ઈલ્મ હાંસિલ કરતો રહે, અને ઈલ્મ હાંસિલ

કરવાનો કોઈ ખાસ સમય નથી હોતો.

⇨ હજી એક હદીસમાં રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે ઈલ્મ હાંસિલ કરો પછી ભલે ચીન જવું પડે, મતલબ જો તમારા ગામમાં તમને ઈલ્મ ન મળતું હોય તો તમે મુસાફરી કરો અને ઈલ્મ હાંસિલ કરવા જાવ, આ ઈલ્મનું મહત્વ બતાવે છે કે બધી વસ્તું મૂકીને પણ ઈલ્મ હાંસિલ કરવા જાવ.

⇨ ઈલ્મ તમારી દુનિયા પણ સુધારે છે અને આખેરત પણ, અને ઈલ્મ હાંસિલ કરવાનો મકસદ પોતાની હિદાયત અને તેનાથી અલ્લાહ તઆલા, રસુલ (સ.અ.વ.) અને ઈમામો (અ.મુ.સ.) સુધી પહોંચવું હોવું જોઈએ.

# હિકમત ૨૦૬

# સહનશીલતા

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: સહનશીલને તેની સહન શક્તિનો સૌથી પહેલો બદલો એ મળે છે કે જાહિલોના મુકાબલામાં લોકો તેના મદદગાર બની જાય છે.

⇨ આ નુરાની કલામમાં ઈમામ અલી (અ.સ.) સહન કરનારને શું બદલો મળે છે તે સમજાવે છે, કે જો સહનશીલતા/ધીરજથી કામ લેશો તો જાહિલના મુકાબલામાં લોકો તમારી મદદ કરશે.

⇨ જાહિલ ઈન્સાન પોતાને ઉચ્ચ સમજીને લોકોની સામે પોતાની મોટાઈ બતાવવાના ચક્કરમાં બદનામ થઈ જાય છે, પરંતુ હોંશિયાર માણસ આવું નથી

કરતો, હોંશિયાર માણસના સાથે જો કોઈ ખરાબ વ્યહવાર કરે તો ધીરજ રાખે છે અને તેને સહન કરે છે જેના કારણે તે બીજાઓની સામે મઝલૂમ બની જશે, ત્યારે તેની મદદ કરવા માટે લોકો તરતજ તૈયાર થઈ જશે, અને જાહિલના કામોનો વિરોધ થશે. આ જ કારણસર જરૂરી છે કે જાહિલથી બચીને રહેવું અને તેના મુકાબલામાં સહનશીલતા બતાવવી, અને આ ધીરજ/સબ્ર મોટી શક્તિ બની જાય છે.

⇨ સવાલ છે કે જાહિલથી કેવી રીતે બચીને રહેવું ?

૧) જાહિલ લોકોને જવાબ ન આપો કેમકે એ તમારી વાત ને સમજશે નહિ, એક હદીસમાં રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે જાહીલોથી મોઢું ફેરવી લો.

૨) જાહિલોની સાથે કદી પણ વાતાઘાટ

અને ચર્ચા ન કરો તેમની સામે સબ્ર કરો.

➪ સબ્ર કરવાનો ફાયદો :

સબ્ર કરવાથી એક મોટો ફાયદો એ થાય છે કે ઈન્સાન ગુસ્સાથી બચી જશે, અને ગુસ્સો કરવાથી જે શરીરમાં નુકસાન થાય છે તેનાથી બચી શકાશે, તેમજ ગુસ્સામાં અક્કલ ખોઈ બેસે છે તેના લીધે ઘણા ગુનાહ કરી બેસે છે તેનાથી પણ બચી જશે, ગુસ્સાના સમયે ખોટા ઈલ્ઝામ અને તોહમત લગાવવા લાગે છે, તો જ્યારે ગુસ્સો જ નહી કરે તો આ તમામ ખરાબીઓથી બંદો બચી જશે.

➪ ઈમામ અલી (અ.સ.) બીજી એક હદીસમાં બહાદુર ઈન્સાનની નિશાની બયાન ફરમાવે છે. "બહાદુર ઈન્સાન એ છે જે સબ્રની શક્તિ સાથે જાહીલની સામે ઉભો રહીને જીત હાંસિલ કરે છે." (ગોરરૂલ હેકમ, પે.૨૮૫)

# હિકમત ૨૦૭

## સબ્ર હાંસિલ કરવાની રીત

➪ સબ્ર ન કરી શકતા હોય તો સહનશીલતા માટે પોતાને મજબુર કરો એટલે જાહેરમાં સહનશીલ ઈન્સાન જેવો અમલ કરવાની કોશિશ કરો.

➪ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: જો તમે ખરેખર સહનશીલ અને સબ્ર કરનાર નથી તો પણ પોતાને સહનશીલતા જેવો અમલ કરો, કેમકે ભાગ્યે જ એવું બનતું હોય છે કે કોઈ ઈન્સાન કોઈ કોમ અને જમાત ની નકલ કરે અને તે તેઓમાં ન ભળે.

➪ આ કલામ ૨૦૬ નંબર ની હિકમત સાથે જોડાયેલું છે અને આગળના કલામને સંપૂર્ણ કરે છે જો તમે સબ્ર ન કરી શકતા

હોય તો જાહેરમાં સબ્રથી કામ કરનાર જેવા વર્તનની કોશિશ કરો, કેમકે કોઈ ઈન્સાન સુધરવા માંગે તો પહેલા ધીમે ધીમે કોશિશ કરે અને જયારે તે સહનશીલતાની કોશિશ કરશે તો ધીમે ધીમે તેમાં સહનશીલતા આવી જશે અને તે ઈન્સાન સબ્ર કરનાર બની જશે, આ હદીસ માં શીખવાડવામાં આવ્યું છે તમે કેવી રીતે પોતાને સુધારી શકો છો,જયારે ઈન્સાનને ગુસ્સો આવે ત્યારે તે પહેલા અંદરથી બેકાબૂ થવા લાગે છે તેમ છતાં કોશિશ કરીને પોતાને કાબૂમાં રાખે, તો ધીમે ધીમે સુધરી શકે છે અને આ રીતે પહેલી વખત તેને અઘરૂં લાગશે પણ જો તે ધીમે ધીમે આવી રીતે કોશિશ કરીને પણ પોતાને કાબૂમાં રાખશે તો તે પોતાને બદલી શકશે, અને ગુસ્સા ઉપર કાબૂ મેળવી શકશે.

⇨ અને સબ્ર કરવા માટે અને સહનશીલ

ઈન્સાન બનવા માટે બીજો એક રસ્તો બતાવવામાં આવ્યો છે કે આપણે આલીમો અને ઈમામો (અ.મુ.સ.)નો ઈતિહાસ વાંચીએ એટલે ખબર પડે કે તેઓ લોકોની સાથે કેવી રીતે વર્તાવ કરતા અને સબ્રથી કામ લેતા.

⇨ એક નાનો એવો કિસ્સો, એક વખત રસૂલેખુદા (સ.અ.વ.) પાસે એક અરબી શખ્સ આવે છે અને રસુલ (સ.અ.વ.)ની જે અબા હતી તેને રસુલના ગળામાં બાંધે છે અને એવી રીતે ખેચે છે કે રસુલ (સ.અ.વ.)નું ગળું લાલ થઈ જાય છે અને પછી રસુલ (સ.અ.વ.)ને કહે છે તમારી પાસે જે વસ્તુ છે એમાંથી મને આપો, તો રસુલ (સ.અ.વ.) પહેલા તો તેની સામે હસે છે કે આવી રીતે પણ કોઈ માંગતું હોય ભલા, તેમ સમજાવા ચાહે છે અને પછી તેને અમુક વસ્તુ આપીને મદદ કરે

છે, તો અહિંયા રસુલ (સ.અ.વ.)એ કેવા સારા અખ્લાકથી તેની મદદ કરી જયારે આપણી કોઈ સાથે આવું કરે તો આપણો દેખાવ અને હાવ ભાવ કેવો થઈ જાય છે આતો નબી (સ.અ.વ.)નો વર્તાવ કેવો સારો સહનશીલતાવાળો હતો.

⇨ મર્હુમ શૈખ મુફીદ પોતાની કિતાબ અમાલીમાં ફરમાવે છે કે એક વખત મૌલા અલી (અ.સ.) જોવે છે કે કંબર કે જે આપ હઝરતના એક સહાબી હતા તેને કોઈ ગાળો આપે છે, જનાબે કંબર ચાહતા હતા તેને જવાબ આપે ત્યારે ઈમામ (અ.સ.) તેમને મનાઈ કરે છે અને ફરમાવે છે, અય કંબર! સબ્ર કરો; ગાળો બોલવા વાળાને જવા દો તેને જવાબ ન આપો તો અલ્લાહ ખુશ થશે અને શૈતાન પશેમાન થશે. આવી રીતે તમે તમારા દુશ્મનથી બદલો લો.

⇨ જો આપણે ચાહતા હોઈએ કે એક ઈમાનદાર, સબ્ર કરનાર સહનશીલ ઈન્સાન બનીએ તો બધા કરતા પહેલા જરૂરી છે કે એક સારા અને ઈમાનદાર અને અલ્લાહના દોસ્ત ઈન્સાન બનીએ.

⇨ અલ્લાહ આપણને બધાને સબ્ર અને સહનશીલતા અતા કરે... ઈલાહી આમીન

# હિકમત ૨૦૮

# નફસનો હિસાબ કિતાબ

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છેઃ જે શખ્સ પોતાનો દરરોજ હિસાબ કરશે તે નફામાં રહેશે, અને જે ગફલતમાં હશે તે નુકસાનમાં રહેશે, જે અલ્લાહનો ડર રાખશે (અઝાબથી) સુરક્ષિત રહેશે, અને જે ઈબ્રત હાંસિલ કરશે તે બસીરત મેળવશે અને જે બસીરત મેળવશે તે હકીકતને સમજી લેશે, અને જે હકીકતને સમજશે તે ઈલ્મવાળો બની જશે.

⇨ આ કલામ કે જે ઈમામનો બહેતરીન કલામ છે તેની અંદર ૬ વસ્તુ બયાન કરવામાં આવી છે જેમાં ત્રણ વસ્તુ બિલકુલ અલગ અલગ છે અને બીજી ત્રણ વસ્તુ એકબીજાથી જોડાયેલી છે.

⇨ હિસાબ કિતાબ બધાજ લોકો કરતા જ હોય છે કોઈ ભણવા પઢવામાં ટાઈમ ટેબલ બનાવીને વ્યવસ્થિત પોગ્રામ બનાવે છે, તો કોઈ ધંધા માટે દરરોજ આવક જાવકનો હિસાબ રાખે છે, મતલબ કે આ દુનિયાના કામો હિસાબ કિતાબથી ચાલે છે, અને આ હિસાબ કિતાબનો ફાયદો એ છે કે માણસ નુકસાનથી બચે છે, અને પોતાના ફાયદામાં વધારો કરે છે.

⇨ જે માણસ દુનિયાની જિંદગીમાં હિસાબ કિતાબ અને સિસ્ટમ સાથે ચાલશે તેને જ ફાયદો થશે, જો કોઈ સિસ્ટમ અને ટાઈમ ટેબલ વગર પોતાની જિંદગી આગળ વધારવા માંગશે તો તે સરખી રીતે આગળ નહિ વધી શકે.

⇨ જેવી રીતે દુનિયામાં કામ્યાબી માટે હિસાબ કિતાબ અને સિસ્ટમવાળી

જિંદગીની જરૂરત છે, એજ પ્રમાણે આખેરતની કામ્યાબી માટે આ દુનિયામાં હિસાબ કિતાબની જરૂરત રહેશે.

⇨ ઈમામ મુસા કાઝીમ (અ.સ.) ફરમાવે છે જે કોઈ દરરોજ પોતાનો હિસાબ ન કરે તે અમારામાંથી નથી, જો નેકી કરવાની તૌફીક મળે તો તેને ખુદા પાસે નેકી વધારવાની તૌફીક તલબ કરે અને ખુદાનો શુક્ર કરે, જો બુરાઈ કરી હોય તો અલ્લાહ પાસે ઈસ્તેગફાર અને તૌબા કરે. (બિહારૂલ અનવાર, ભા.૬૭, પે.૭૨)

⇨ હકીકતમાં જે લોકો દરરોજ પોતાનો હિસાબ કરે છે તેઓ જ કામ્યાબી મળવે છે.

⇨ ઈમામ અલી (અ.સ.) આ કલામમાં બીજું અમન અને શાંતિ મેળવવા માટે ફરમાવે છે કે અલ્લાહથી ડરે.

⇨ લોકો આરામ અને સુકુનની જિંદગી

જીવવા માટે શું શું કરે છે! તે આપણે બધા જાણીએ છીએ, પરતું ઈમામ (અ.સ.) ફરમાવે છે જો આરામ અને સુકુન અને સુરક્ષિત જિંદગી જોઈતી હોય તો અલ્લાહથી ડરો, અને કોઈ પણ એવું કામ ન કરો જેના થકી અલ્લાહ સામે શરમિંદા થવું પડે.

⇨ અલ્લાહથી ડરવાનો મતલબ છે કે અલ્લાહના અદલો ઈન્સાફથી ડરો.

⇨ આ વિશે ઈમામ સાદીક (અ.સ.) જનાબે લુકમાને તેમના દીકરાને જે વસિયતો કરી છે તેમાંથી એક બયાન કરે છે કે અય બેટા ! અલ્લાહથી એ રીતે ડર, કે જો તારા નેક અમલ તમામ ઈન્સાન અને જિન્નાતના નેક અમલ બરાબર હોય તો પણ તું એવું વિચાર કે અમુક અમલ એવા હશે જેના થકી અલ્લાહ તને અઝાબ આપી શકે છે, અને અલ્લાહની રહેમતથી

એટલી આશા રાખ કે જો તારા ખરાબ અમલ તમામ ઈન્સાન અને જિન્નાતના ખરાબ અમલ જેટલાં હશે તો પણ અલ્લાહ તેની રહેમતથી માફ કરી શકે છે. (કાફી, ભા.૨, પે.૬૭)

⇨ આગળ ઈમામના કલામમાં ઈબ્રત હાંસિલ કરવા માટે ફરમાવ્યું છે, ઈન્સાનને પોતાની જિંદગીમાં બોધ અને ઈબ્રત હાંસિલ કરતા રહેવું જોઈએ, જે ઈન્સાન ગુજરી ગયેલા સમયથી ઈબ્રત હાંસિલ નહિ કરે તો તે હોંશિયાર ઈન્સાન નથી, હોંશિયાર ઈન્સાન હંમેશા સમયની સાથે બોધ હાંસિલ કરે છે અને જે બોધ હાંસિલ કરે છે તે ઈલ્મ અને જ્ઞાન પણ હાંસિલ કરે છે.

# હિકમત ૨૦૯

# આખરી જમાનો

⇨ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છેઃ આ દુનિયા એવી રીતે મહેરબાની સાથે અમારી તરફ આવશે જેવી રીતે એક સરકશ ઊંટણી પોતાની સરકશી પછી મહેરબાની સાથે પોતાના બચ્ચા તરફ આવે છે.

⇨ (ત્યાર પછી આપે આ આયતની તિલાવત ફરમાવી)

⇨ અમે ચાહીએ છીએ કે એ લોકો ઉપર એહસાન કરીએ જેઓને જમીન ઉપર નબળા બનાવવામાં આવ્યા છે અને તેઓને આગેવાન બનાવીએ તેમજ તેઓને -આ જમીન- ના માલિક બનાવીએ.

⇨ આ નુરાની હદીસ અહલેબૈત (અ.મુ.સ.) અને તેમને માનવાવાળાને સંબોધીને ફરમાવવામાં આવી છે, એક દિવસ બધીજ વસ્તુ તમારી પાસે આવી જશે.

⇨ જયારે ઊંટણી દૂધ દેવા લાગે છે અને બચ્ચાને જન્મ આપે છે ત્યારે લોકો તે ઊંટણી પાસે દૂધ કાઢવા જાય છે અને તેને તે ગુસ્સો કરીને લોકોને ભગાડી દે છે અને પછી જયારે તે પોતાના બચ્ચા પાસે જાય છે તો પ્યાર અને મોહબ્બતથી પેશ આવે છે અને તેની ઉપર મહેરબાની કરે છે.

⇨ એવીજ રીતે આ દુનિયા પણ અમારી પાસે આવી જશે અત્યારે આ દુનિયા ભલે અમારી પાસે નથી, પરંતુ એક દિવસ જરૂર આ દુનિયા અમારી પાસે આવશે અને અમારા દુશ્મનો અલ્લાહની મદદથી

ઝલીલ થશે, એક દિવસ એવો આવશે કે આ દુનિયાની હુકુમત સારા અને સાલેહ લોકોના હાથમાં હશે.

⇨ અને કુરાનમાં પણ આ વાતનો ઝિક્ર થયેલ છે જયારે જનાબે મુસા (અ.સ.) અને ફિરઓનનો કિસ્સો વાંચીએ છીએ તેમાં આપણે પઢીએ છીએ કે જનાબે મુસાના સાથીઓ કે જે કમઝોર અને નબળા હતા તો પણ ખુબજ મોટા ફિરઓનના લશ્કર સામે જીતે છે અને હુકુમત જનાબે મુસા (અ.સ.)ના હાથમાં આવી જાય છે.

⇨ આ આયત ફક્ત તે સમય માટે નથી, બલ્કે બધા જમાના માટે છે જયારે ઝાલિમનો ઝુલ્મ હદથી વધી જાય ત્યારે એક વખત એવો પણ આવશે કે નબળા અને કમઝોર લોકોને હુકુમત આપવામાં આવશે જે નેક અને સાલેહ બંદાઓ હશે.

⇨ આ આયત હઝરત મહદી (અ.સ.)ની હુકુમત ઉપર દલીલ છે ગયબત પછી ઈમામ ઝમાના (અ.સ.) પાસે હુકુમત આવશે, જયારે ઈમામ ગયબતમાં હશે ત્યારે લોકો ઉપર ઝુલ્મ ખુબજ વધી જશે અને લોકો અલ્લાહ પાસે દુઆ માંગશે કે અય અલ્લાહ અમારી મદદ કર કે ઝુલ્મ બહુજ વધી ગયો છે, તારી આખરી હુજજતને મોકલ અને પછી ઈમામ ઝમાના (અ.સ.)નો ઝહુર થશે અને આ દુનિયા તેના હકદારને મળી જશે.

⇨ કુરાને મજીદની બીજી એક આયત માં સુરે નુર આયત ૫૫ માં બયાન કરવામાં આવ્યું છે (અલ્લાહ એ લોકોની સાથે વાયદો કર્યો છે જેઓ ઈમાન લાવ્યા છે અને નેક અને સાલેહ બંદાઓ છે તેઓને જમીન ઉપર એવી રીતે ખલીફા અને આગેવાન બનાવશે જેવી રીતે પહેલાના

લોકોને બનાવ્યા હતા અને તેઓના દીનને બધા ઉપર ગાલિબ કરી દેશે કે જેને બધા માટે પસંદદીદા બનાવ્યો હતો અને તેઓના ડરને સુખ અને શાંતિ માં બદલી નાખવામાં આવશે, અને બધા લોકો ફક્ત મારી ઈબાદત કરશે અને કોઈ પણ શિર્ક કરવાવાળું નહિ હોય, અને તે પછી પણ કોઈ કાફિર થઈ જાય તો બેશક તે લોકો ફાસિક અને બદકીરદાર લોકો છે)

# હિકમત ૨૧૦
# આખરી મંઝીલ

➩ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: અલ્લાહથી ડરો એ શખ્સની જેમ કે જેણે અલ્લાહની પેરવી કરવા માટે કમર કસી લીધી અને પોતાને (માદ્દી વસ્તુઓથી) બચાવતો હોય અને સખતીથી બચવાની કોશિશ કરતો હોય, અને બસીરત સાથે અલ્લાહના રસ્તામાં કદમ ઉપાડતો હોય, પોતાના અમલના ડરના લીધે જલ્દીથી (મગફેરતે ઈલાહી) તરફ આગળ વધતો હોય, અને અસલ ઘર (આખેરત) માટે ફિક્રમંદ હોય.

➩ ઈમામ (અ.સ.) આ હદીસમાં તકવા અને પરહેઝગારી વિશે ફરમાવે છે જો કોઈ ઈન્સાનને મુત્તકી બનવું હોય તો પોતાને

ગુનાહોથી બચાવે અને વાજિબાતને સમયસર અંજામ આપે, એના માટે પૂરતી કોશિશ કરે.

⇨ આ હિકમતમાં ઈમામ (અ.સ.) તકવા માટે પાંચ વસ્તુ બતાવી છે.

૧) અલ્લાહના હુકમ ઉપર ચાલવા માટે મક્કમતાથી કમર કસી લે, કોઈ પણ સંજોગોમાં અલ્લાહના હુકમ ઉપર પોતાની ઈચ્છાને આગળ ન રાખે.

૨) દુન્યવી અને માદ્દી વસ્તુઓથી પોતાને પોતાને બચાવે, એવી જગ્યા ઉપર જવાથી પોતાને રોકે જે જગ્યા જવાથી આખેરત ભુલાઈ જાય અને ગુનાહમાં પાડવાનો ખતરો હોય.

૩) બસીરત અને ચાલાકીથી અલ્લાહના રસ્તામાં આગળ વધે શૈતાન તેને બેહકાવી ન શકે તેનું પૂરેપૂરું ધ્યાન રાખે.

૪) પોતાના ખરાબ અમલ વિશે ડરતો

રહે જો ગુનાહ થશે તો અલ્લાહ તરફથી સઝા મળશે અને તે ગુનાહોની માફી માંગવા માટે અલ્લાહની બારગાહમાં તૌબા કરે.

૫) હંમેશા આખેરતની આરામદાયક જિંદગી માટે ફિકરમંદ હોય, જો આખેરતમાં હંમેશા આરામવાળી જિંદગી જોઈતી હોય તો અલ્લાહે જે વસ્તુની મનાઈ કરી છે તેનાથી બચે અને જે કામો કરવાનો હુકમ આપ્યો છે તે અંજામ આપવા જોઈએ.

⇨ રસૂલેખુદા (સ.અ.વ.) તકવા વિશે ટૂંકમાં આવી રીતે ફરમાવે છે અલ્લાહની કદી પણ નાફરમાની ન કરવી અને હંમેશા અલ્લાહને યાદ કરતા રહેવુ તેને કદી પણ ન ભૂલવું.

⇨ અને ઈમામ જાફરે સાદીક (અ.સ.) ઉપર દર્શાવેલ હદીસની જેમ જ ફરમાવે

છે, પરંતુ બે શબ્દો વધારે કહે છે કે અલ્લાહનો શુક્ર પણ અદા કરે અને નાશુક્રી ન કરે, તે હકીકી મુત્તકી અને પરહેઝગાર છે. (વસાએલુશ શિઆ, ભા.૧૫, પે.૨૩૫)

⇨ જે મુત્તકી અને પરહેઝગાર હોય છે તેની દુનિયા સારી હોય કે ન હોય, પરંતુ તેની આખેરત જરૂર સારી હોય છે તેની આખરી મંઝીલ (આખેરત) જરૂર સારી હોય છે.

# હિકમત ૨૧૧
# અમુક સારી નસીહતો

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સ્લામ ફરમાવે છે: સખાવત આબરૂની હિફાઝત કરે છે, અને સહનશીલતા મૂર્ખ માટે મોઢાની પટ્ટી છે, માફી આપવી સફળતાની ઝકાત છે, જે ગદ્દારી કરે તેને ભૂલી જવું તેની માટે બહેતરીન બદલો છે, મશવરો કરવો એ ખુબજ સારો રસ્તો છે, જે પોતાના મતને મહત્વનો સમજીને લોકોની જરૂરત નથી તેમ સમજી લે તેને પોતાને ખતરામાં નાખી દીધો, સબ્ર મુસીબતો અને દુર્ઘટનાઓનો સામનો કરે છે, બેતાબી અકસ્માતો માટે મદદગાર છે, બહેતરીન તવંગરી આશાઓથી હાથ ઉઠાવી લેવું છે, ઘણા લોકોની અક્કલ તેની ઈચ્છાઓની



અનુક્રમણિકા

www.hajinaji.com

ગુલામ હોય છે, અનુભવોને જાળવી રાખવું એક એક પ્રકારની કામ્યાબી છે, દોસ્તી અને મોહબ્બત એક રીશ્તેદારી છે, અને જે તમારાથી નારાઝ થઈ જતો હોય તો તેની ઉપર યકીન અને ભરોસો ન કરવો.

⇨ આ નુરાની કલામમાં ઈમામ દુનિયા અને આખેરતને બહેતરીન બનાવવી હોય તો શું શું કરવું જોઈએ તેવી ઈમામ (અ.સ.) આ હદીસમાં ૧૩ વાતો બયાન ફરમાવી છે.

⇨ આપણા રસૂલ (સ.અ.વ.) અને ઈમામ (અ.સ.) જેવી રીતે આપણી આખેરત સારી કરવા માંગે છે એવીજ રીતે તેઓ ચાહે છે કે દુનિયામાં પણ તેમના ચાહવાવાળા એક સારી જિંદગી ગુજારે, જો દુનિયામાં સારી જિંદગી ગુજારવી હોય તો આ તમામ વસ્તુઓ ઉપર અમલ કરશે

તો તેની દુનિયા પણ સારી બની શકે અને દુનિયાની તમામ પરેશાનીઓ અને બલાઓથી બચી શકશે,

⇨ દુનિયામાં બહેતરીન અખ્લાક અને સારી જિંદગી ગુજારવી હોય તો અહલેબૈત (અ.મુ.સ.)ની સિરત ઉપર ચાલવું જોઈએ કેમકે અખ્લાકની બહેતરીન જિંદગી અહલેબૈત (અ.મુ.સ.)ના ઘરેથી મળશે.

૧) જે દાન અને બક્ષીશ કરે છે તેની ઈઝ્ઝતમાં વધારો થાય છે, તેમજ દુનિયા અને આખેરત બંનેમાં ફાયદો થાય છે, અને જે કંજૂસ હોય છે તેને દુનિયામાં કોઈ ઓળખતું નથી અને કયામતના દિવસે હિસાબ પણ સખત દેવો પડશે.

૨) બેવકૂફ અને પાગલ લોકોની સામે સબ્ર કરવું અને સહનશીલતા દેખાડવી બહેતરીન જવાબ છે કેમકે જો તમે તેની સામે જવાબ આપશો તો બીજી દસ વસ્તુ

સાંભળવી પડશે.

૩) માફી આપવી તે સારામાં સારૂં કામ છે અને માફી એ વસ્તુને કહેવાય કે આપણે તેને બધીજ રીતે જવાબ આપી શકતા હોય પણ અલ્લાહના ખાતર તેને માફ કરી આપીએ, જો આપણે કઈ કરી ન શકતા હોય અને કહીએ કે માફ કરી દીધા તેને માફી ન કેહવાય, માફી આપવું ઝકાત આપવા બરાબર છે એટલે કે રાહે ખુદામાં કોઈ ગરીબનું ભરણ પોષણ કરવું.

૪) જે તમારી સાથે ખરાબ વર્તાવ કરે, ગદ્દારી કરે, તેને ભૂલી જવું જ બહેતરીન બદલો છે, જો કોઈ ઈન્સાન આ વાતને યાદ રાખે તો પછી તેનો બદલો લેવા માટે જાતજાતના વિચાર કરશે અને તે મનમાં જ પરેશાન રહેશે, જેના નતીજામાં બીમાર થઇ જશે એટલે બહેતરીન રસ્તો તે વાતને ભૂલી જવામાં છે.

૫) મશવેરો હિદાયત છે એટલે કે એ ખુબજ સાચો અને સારો રસ્તો છે જે ઈન્સાન સલાહ લે છે તે ગુમરાહ નથી થતો અને ઠોકર નથી ખાતો,

૬) જે ફક્ત પોતાની વાત અને ઝાતને મહત્વની સમજે છે તે પોતાને બરબાદ કરી દે છે, તે પોતાના માલ, ઈઝ્ઝત, આબરૂ બધીજ વસ્તુ ખતરામાં નાખે છે અને કોઈ પણ એક ખોટો ફેસલો બધુજ બરબાદ કરી દે છે.

૭) સબ્ર સાથે મુસીબત અને પરેશાનીઓ સાથે લડાઈ કરે છે, ઈન્સાનની જિંદગીમાં ડગલે અને પગલે પરેશાનીઓ અને તકલીફો આવે છે સબ્ર ન કરવાના કારણે તેને વધારે અને બમણી તકલીફો ઉપાડવી પડશે એટલે જો ઈન્સાન સબ્ર કરશે તો તે વધારે પડતી પરેશાનીઓથી બચી શકશે,

૮) જલ્દી જલ્દી કામ કરવું આતૂરતા

દેખાડવી બેતાબીથી કામ આગળ વધારવું તે અણગમતા અકસ્માતો માટે મદદગાર છે અને આવા બનાવોની અસરને કારણે લાંબુ જીવન પણ ટૂંકુ થઈ જાય છે.

૯) બહેતરીન દૌલત આશાઓ અને તમન્નાઓથી બચીને રહેવામાં છે, જેની આશાઓ વધારે હોય છે તેને બીજા પાસે હાથ લંબાવો પડે છે, ભીખ માંગવી પડે છે, જો ઈન્સાન પોતાની આશાઓને કાબૂમાં નહી રાખે તો તેનું મન કોઈ દિવસ ભરાવવાનું નથી.

૧૦) ઘણા બધા લોકોની અક્કલ ગુલામો અને નોકરો જેવી છે, જેની ઈચ્છાઓ અમીરોની નીચે દબાએલી છે, અલ્લાહે ઈન્સાનને બે તાકત આપી છે,એક અકકલ કે જે સારી અને ખરાબ વસ્તુને પારખી શકે છે, અને બીજી મનની ખ્વાહીશ અને ચાહત, જો ઈન્સાન અક્કલથી કામ લેશે


અનુક્રમણિકા
www.hajinaji.com

તો તે કોઈ દિવસ કોઈનો ગુલામ નહિ બને, કેમકે શું સારૂં અને શું ખરાબ તેને ખબર છે અને જો ઈન્સાન મનની ચાહત ઉપર ચાલશે તો તે હંમેશા બીજાનો ગુલામ બની જશે.

૧૧) અનુભવોને જાળવી રાખવા એ એક બહેતરીન તોફીક છે જેની બધાને આવડત નથી હોતી, અનુભવ એ વસ્તુને કહેવાય કે ઈન્સાન જે પોતાની અને બીજાની જિંદગી જોઈને શીખ્યો હોય.

૧૨) દોસ્તી અને મોહબ્બત એક રિશ્તેદારી છે, ઈસ્લામ દોસ્તી અને મોહબ્બતનો દિન છે, ઈસ્લામ લોકોની સાથે મોહબ્બત અને દોસ્તીનો પયગામ આપે છે અને જે ઈન્સાન પાસે દોસ્ત હોય છે તે કદી કોઈ વસ્તુમાં એકલો અને તન્હા નથી રહેતો.

૧૩) જે તમારાથી નારાઝ થઇ જતો હોય

તો તેની ઉપર કદી પણ યકીન અને ભરોસો ન કરવો. કેમકે તેનું દિલ મરેલુ હોય છે અને બસ તે એ વાત ની રાહ જોતો હોય છે કે તે શું ભૂલ કરે અને હું તેનાથી નારાજ થઈ જાવ આવા લોકો ઉપર કોઈ દિવસ ભરોસો ન કરવો જોઈએ.

# હિકમત ૨૧૨
# ખુદપસંદી

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલયહિસ્સલામ ફરમાવે છે: માણસની ખુદપસંદી (આપ વખાણ) પોતાની અક્કલથી ઈર્ષા કરનારાઓમાંથી એક છે.

⇨ ઈમામ (અ.સ.) આ નુરાની કલામમાં ઈર્ષાળુની એક ઓળખાણ બતાવે છે, જે ફક્ત પોતાને અને પોતાના કામોને જ પસંદ કરતો હોય, તેની અક્કલમાં ઈર્ષા ભરાય ગઈ હોય છે અને તેના આ કામથી તેની પાસેથી અક્કલ ખતમ થઈ જાય છે જેથી તે ભૂલો કરવા લાગે છે અને બીજા લોકો તેનાથી નફરત કરવા લાગી જાય છે, છેલ્લે તેના ઘર વાળા પણ આ કામના લીધે પરેશાન રહે છે અને કોઈ પણ આવા

ખુદપસંદ ઈન્સાનને પસંદ નથી કરતું.

⇨ આવા લોકો જાહિલ અને નાદાન હોય છે, કેમેક તેની પાસે અલ્લાહે આપેલ બધીજ વસ્તુ છે, પરંતુ તેનો ઉપયોગ ફક્ત પોતાના મત મુજબ જ કરે છે, અને આવા ઈન્સાન ધીમે ધીમે પોતાને જ કમજોર બનાવતા જાય છે.

⇨ અને છેલ્લે એક નાનો એવો કિસ્સો જેમાં જનાબે ઈસા (અ.સ.) ફરમાવે છે મે અલ્લાહની ઈજાઝતથી બીમારોને શિફા આપી, મુર્દાઓને જીવતા કર્યા, પરંતુ નાદાનોનો ઈલાજ ન કરી શક્યો,

⇨ તો એક ભાઈ પૂછ્યું! આ નાદાન લોકો કોણ છે?

⇨ જવાબમાં આપે ફરમાવ્યું નાદાન લોકોની એક નિશાની એ છે કે તે ખુદપસંદ અને મત મુજબ જ અમલ કરતા હોય છે, જેથી તે એવું વિચારે છે કે બધાજ

વખાણ ફક્ત મારા માટે હોવા જોઈએ, અને બધીજ વસ્તુ ફક્ત મારા પાસે હોવી જોઈએ, અને બીજા કોઈ પાસે કઈ પણ ન હોવું જોઈએ.

⇨ અને એક હદીસમાં છે કે જે લોકોમાં આ બીમારી હોય તેનો કોઈ ઈલાજ નથી.

# હિકમત ૨૧૩

# સબ્રથી કામ લેવું

⇨ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: તકલીફ આવે તો આંખ બંધ કરી તેને ભૂલી જાવ અને તેને મહત્વ ન આપો નહિ તો કોઈ દિવસ ખુશ નહી રહી શકો.

⇨ જો જિંદગીમાં આરામ સુખ શાંતિ અને ખુશી જોતી હોય તો જે પરેશાની દુ:ખ અને તકલીફ આવે તેને મામુલી સમજીને ભૂલી જાવ,

⇨ આ દુનિયા છે અને ઈન્સાન દુનિયાની કોઈ પણ એક વસ્તુમાં પરેશાન હશે જ, કોઈના બચ્ચાઓ માથાભારે, કોઈને દોસ્ત સારા નહી મળે, કોઈને રિશ્તેદારો સાથે વાંધો હશે, કોઈને ગામના લોકો સાથે નહી બનતું હોય વગેરે વગેરે... તો જો ઈન્સાન

આ બધીજ પરેશાની અને તકલીફમાં સબ્રથી કામ નહિ લે અને તકલીફ જોઈને બેકાબૂ થઈ જતો હશે તે ક્યારેય ખુશ નહિ રહી શકે, જો ઈન્સાન આ દુનિયાની પરેશાનીમાં સબ્ર અને સહનશીલતાથી કામ નહિ લે તો દુનિયામાં જીવી નહી શકે, જો દુનિયામાં જીવવું હોય અને ખુશહાલ જિંદગી બસર કરવી હોય તો બધી તકલીફોને ભૂલી જાય અને ખુશી ખુશી જિંદગી ગુજારે.

⇨ અને આ પરેશાનીને ધ્યાનમાં ન લેવાનો બીજો રસ્તો એ છે કે અલ્લાહે જે નઅમતો આપી છે તેને ધ્યાનમાં રાખીને શુક્ર અદા કરે, જો ઈન્સાન ખાલી પરેશાની ને ધ્યાનમાં રાખીને ખુદાની નાશુક્રી કરશે તો તે ઈન્સાનની જિંદગીની સાથે આખેરત પણ ખરાબ થઈ જશે, તેથી ઈન્સાનને કોશિશ એ કરવાની કે તે

દુનિયાની બધીજ પરેશાનીને ભૂલી અલ્લાહ ને યાદ કરે અને અલ્લાહ પાસે પરેશાની દુર કરવાની દુઆ કરે, અલ્લાહ જરૂર તેની મદદ કરશે, કેમકે કે દરેક વસ્તુનો રસ્તો અલ્લાહ પાસે છે.

# હિકમત ૨૧૪
# નરમ મિજાઝ

➪ હઝરત અમીરૂલ મોમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે: જે ઝાડની લાકડી નરમ હોય છે તેની ડાળીઓ ભરાવદાર હોય છે. (એટલે માણસ નરમ દિલ હોય તો સારૂં)

➪ આ હદીસમાં દોસ્તો કેવી રીતે વધારવા તેનો એક સારો તરીકો બતાવવામાં આવ્યો છે, જો ઈન્સાનનું દિલ નરમ હોય તો તેના દોસ્ત અને ચાહવાવાળા વધારે હોય છે, જયારે એક વૃક્ષની લાકડી નરમ હોય છે ત્યારે તેની ડાળીમાં કેવા સરસ મજાના ભરાવદાર ફૂલ અને પાંદડા જોવા મળે છે, ઈન્સાનની મિસાલ પણ એક ઝાડ જેવી છે, જો તે નરમ સ્વભાવ રાખે અને ગુસ્સાને

પોતાનાથી દુર રાખે અને તેની જગ્યાએ લોકોથી મોહબ્બત ભર્યો વર્તાવ કરે તો તેની આજુ બાજુ ઘણા બધા લોકો તેનો સાથ આપવા વાળા હશે અને જો કોઈ ઈન્સાન તીખા મિજાઝ અને ગુસ્સા વાળો હશે તો તેના રિશ્તેદાર પણ તેનો સાથ નહિ આપે અને તેનાથી દુર રહેશે.

⇨ ઈમામ અલી (અ.સ.) એક બીજી હદીસ માં ફરમાવે છે ; લોકોના સાથે નરમીથી પેશ આવો અને હસતા ચહેરે લોકો સાથે મુલાકાત કરો.

⇨ એવીજ રીતે એક બીજી હદીસમાં રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે; શું હું તમને એક એવી વસ્તુની જાણકારી આપું કે જેના થકી તમારા માટે કયામતના દિવસે જહન્નમની આગ હરામ થઈ જાય?

⇨ તો સહાબી કહ્યું હા, પછી રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું : જે માણસ

બીજા લોકો માટે નરમ વર્તાવ કરશે અને કડક કાર્યવાહીથી દુર રહેશે તે જહન્નમમાં નહિ જાય (બેહારૂલ અનવાર, ભા.૭૨, પે.૫૧)

⇨ નરમ મિજાઝની સામે તીખો મિજાઝ આવે છે તીખા મિજાઝ રાખવા વાળા લોકો માટે પણ અહિયા એક હદીસ બયાન કરૂં છું હઝરત અલી (અ.સ.) ફરમાવે છેઃ તીખા મિજાઝવાળા લોકોની જિંદગી સખ્ત અને પરેશાનીમાં હોય છે અને તેની રૂહ પણ અઝાબમાં રહે છે. (ગોરરૂલ હેકમ, હ.૫૭૦૨)

⇨ નબી (સ.અ.વ.)નો મિઝાજ પણ નરમ હતો જેના લીધે લોકો આહિસ્તા આહિસ્તા નબી (સ.અ.વ.)ના મોહીબ બનતા ગયા, અને ઈસ્લામને અપનાવતા ગયા,

⇨ ઈસ્લામની તાલીમ નરમ સ્વભાવ રાખવો અને ખોટી સખ્તીથી દૂર રહેવું છે.

અનુક્રમણિકા



www.hajinaji.com

# હિકમત ૨૧૫
# મતભેદ

⇨ ઈમામ અલી (અ.સ.) ફરમાવે છેઃ મતભેદથી નિર્ણયશક્તિ અને આયોજન નાબૂદ થાય છે.

⇨ ઈમામ (અ.સ.) આ કલામમાં આપસમાં ખોટા ઈખતેલાફથી જે નુકસાન થાય છે તેના તરફ ઈશારો ફરમાવે છે.

⇨ દરેક માણસ જાણે છે કે મતભેદ અને ઈખ્તેલાફ કૌમની નાબૂદીની નિશાની છે અને આપસમાં હળીમળી અને એકતા સાથે રહેવું કામ્યાબીની નિશાની છે.

⇨ ઘણા લોકો પોતાના સ્વાર્થ માટે અથવા પોતાના વિચારોથી જુદી વાત હોવાના લીધે ઈખ્તેલાફ કરીને આયોજનને બરબાદ કરી નાખે છે જેનું મોટું નુકસાન બધાને ઉઠાવવું પડે છે. જેવી રીતે જંગે

સિફફીનમાં લડાઈ એકદમ છેલ્લા મરહલા ઉપર હતી અને જંગ જીતવાની તૈયારી હતી ઘણા લોકો જંગ ચાલું રાખવાના પક્ષમાં હતા, પરંતું અમુક જાહીલ અને નાસમજ લોકોના વિરોધના લીધે જંગ બંધ કરવી પડી જેના લીધે મુસલમાનોને ઘણું સહેવું પડ્યું.

⇨ ઈતિહાસમાં એક મોટી ઘટના મળે છે જેનું નુકસાન આજ સુધી મુસલમાન ભોગવી રહ્યા છે જો એમ કહેવાય તો ખોટું નથી કે જેના લીધે હજારો બેગુનાહ માર્યા જાય છે. તે બનાવ પ્યારા નબી (સ.અ.વ.)ની જિંદગીના છેલ્લા વખતનો હતો જયારે નબી (સ.અ.વ.) કલમ અને દવાત (શાહી) માંગી, જેમાં નબી (સ.અ.વ.) ઈમામ અલી (અ.સ.)ને પોતાના પછી જાનશીન હોવાનો ઉલ્લેખ કરવા માંગતા હતા જે પહેલા પણ વારંવાર

બયાન ફરમાવ્યું હતું. પરંતુ એક માણસ (બીજો ખલીફા)એ નબી (સ.અ.વ.)ની વાતનો વિરોધ કર્યો જેના લીધે નબી (સ.અ.વ.)ના પાસે મોટો હંગમો થયો અને નબી (સ.અ.વ.)ના એહતેરામનો પણ ખયાલ ન રાખ્યો. આ વિશે સહીહ બુખારીમાં પણ ઉલ્લેખ કર્યો છે.

⇨ ઉપરની વાતોથી જાણી લીધું કે જ્યા પણ ખોટી રીતે મતભેદ થાય છે તેનું નુકસાન ઉઠાવવું પડે છે, જો સમાજના કલ્યાણ અને કામ્યાબી માટે મતભેદ થતો હોય તો તે આગળ વધવા માટે હોવો જોઈએ ન કે લોકોને પછાડવા માટે.